Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગીત રત્નાકર.

(ભાગ ૨)

રચયિતા,

સ્વ૦ પ્રસિદ્ધવક્તા અજિતસાગરસૂરિ.

સંયોજક,

મુનિ હેમેન્દ્રસાગરજી.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीअजितसागरसूरिग्रन्थमालाग्रन्थांक १९.

ગીત રત્નાકર.

(ભાગ—૨)

રચયિતા,

સ્વ૦ પ્રસિદ્ધવક્તા અજિતસાગરસૂરિ.

છપાવી પ્રસિદ્ધકરનાર,

શ્રી બુદ્ધિસાગરસૂરિજૈનજ્ઞાનમંદિર

(વીજાપુર—ગુજરાત)

સં. ૧૯૯૧ પ્રથમાવૃત્તિ. ઈ. સ. ૧૯૩૪.

પ્રત ૧૦૦૦

કિંમત ૦-૪-૦

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુદ્રકઃ—

શાહ ગુલાબચંદ લલ્લુભાઇ શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ,

દાણાપીઠ—ભાવનગર.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિવેદન.

પરમ પૂજ્ય શ્રી આચાર્ય પ્રવર શ્રી અજિતસાગર-સૂરિજીના નામથી ગુજરાતી સાક્ષર વર્ગ હવે અજાણ નથી. તેઓએ સાદી અને નિર્મળ ભાષાદ્વારા ગદ્યના અને પદ્યના ગ્રન્થો બનાવીને ગુર્જર ભાષાની સેવા બજાવી છે. તેમણે ગીતરત્નાકર, કાવ્યસુધાકર, ગીતપ્રભાકર અને અન્ય ગ્રન્થો બનાવી ગુજરાતના ચરણે મુકતાં જ સજ્જનોએ તે ગ્રન્થોની પ્રશંસા કરી છે. આથી સંવત ૧૯૮૫ની સાલમાં આસો શુદી ૭ ના દિવસે આચાર્ય પ્રવરનું અવસાન થયું છે. છતાં તેમના લખેલા અને અધુરા રહેલ છાપવા ગ્રન્થો પ્રજાની સેવા કરે એ હેતુથી બહાર પાડવા અમારા હૃદયને પ્રેરણા થઇ છે.

ચૈત્યવંદન-સ્તવનાદિસંગ્રહ રૂપ આ ગીતરત્નાકરનો બીજો ભાગ છે. આચાર્ય મહારાજનાં કાવ્યોની આલોચના ઘણા પેપરોમાં સાક્ષરોની કલમથી થઇ ગઇ છે એટલે અમે આ સંગ્રહ વિષે વધુ લખતા નથી.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ જરૂર વાચકવૃન્દ આ સ્તવનો વાંચી પ્રમોદિત થશે એટલું જ નહી પણ એકાન્તે પ્રભુ પ્રતિમા સાનિધ્યમાં પ્રભુપ્રાર્થના નિર્મળ ભાવે કરશે ને તે દ્વારા આત્મશાંતિનો સાક્ષાત્કાર કરશે. અને આત્મ શાંતિ એ સર્વ ધર્મનો છેવટ સિદ્ધાંત છે.

વાસના એવી છે કે આકાશ પુરાય ત્યારે વાસના ધરાય. પણ એ જ વાસના પ્રભુના સાક્ષાત્કાર પછી પ્રશાંત થાય છે અને આત્મા કૃતકૃત્ય થાય છે. સંત–આત્મવિદ્યા નિષ્ઠ મહાત્માઓની વાણી દ્વારા આત્માનુભવ કરી અક્ષય શાંતિ પ્રાપ્ત કરીએ તોજ માનવજન્મ સાર્થક કર્યો ગણાય. મહારાજશ્રીના ગુણાનુરાગી તેમના શિષ્ય રત્ન મુનિરાજ શ્રી હેમેન્દ્રસાગરજી પોતાના ગુરૂશ્રીનું અધુરૂં કાર્ય પૂર્ણ કરવા ઉત્સાહ ધરાવે છે. અને સમભાવથી, ઉત્તમ ચારિત્રથી, ઉત્તમ ઉપદેશથી જૈન અને જૈનેતર સજ્જનોમાં શુભ પ્રીતિ મેળવી શક્યા છે. એમને અધ્યાત્મ જ્ઞાન પ્રિય છે, જગત્ ક્લેશથી તેઓશ્રી દૂર છે, તેઓને કાવ્ય પર પ્રીતિ છે અને તેઓ કાવ્ય પણ સુંદર બનાવી શકે છે. એમનાં કાવ્યો પણ આમાં સામેલ કર્યાં છે. બાણભટ્ટે કાદંબરી કરી અને એવો અન્યોઽ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રન્થ તેમના પુત્રે પૂર્ણ કર્યો તેવીજ રીતે મહોપાધ્યાય શ્રી ભાનુચંદ્રગણિએ કાદંબરી પર ટીકા લખીને તે અધુરી રહેતાં તેમના મુખ્ય શિષ્ય મહોપાધ્યાય શ્રી સિદ્ધિચંદ્રગણિએ તેને પૂર્ણ કરી એનું નામ સાક્ષર પરંપરા–એવી રીતે અધ્યાત્મજ્ઞાનદિવાકર શ્રીમદ્ બુદ્ધિ-સાગરજીસૂરીશ્વરજી આત્મજ્ઞાન પરિપૂર્ણ કાવ્યો લખતા, ત્યાર પછી શ્રી પ્રસિદ્ધ વક્તા અજિતસાગરસૂરિજી સાહિત્યકાર થયા અને ત્રીજી પેઢીયે પણ મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી કાવ્યો લખે અને પ્રજાને પ્રબોધ આપે તે ઘણી ખુશી થવા જેવી વાત છે.

અત્રેના જ્ઞાનમંદિરમાં ભાગ લેનારા વિજાપુર વાસી ભાઈ શા. મણિલાલ ચુનીલાલના ચિરંજીવી પુત્ર રતિ-લાલ કાળધર્મ પામ્યા. તેમના શ્રેય સ્મરણ માટે આ સ્તવન–સંગ્રહની સો ચોપડી મફત વહેંચવા ઉદારતા બતાવી છે તે માટે તેમનો અમે આભાર માનીએ છીએ.

અન્ય ગ્રહસ્થો પણ એવી રીતે આવાં પારમાર્થીક પુસ્તકોનો પ્રચાર કરવા પ્રેરાશે એવી અમે આકાંક્ષા રાખીયે છીએ.

ધર્મપ્રચાર માટેજ આ પુસ્તકની બર્ચામણી કરતાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ અમોએ ઓછી કિંમત રાખી છે. બીજા ગ્રન્થો પ્રેસમાં છે તે જ્યારે છપાશે ત્યારે નિવેદન કરવામાં આવશે.

વિ૦ નોંધ.

પ્રાંતીજ, શ્રી અજિતસાગરસૂરિ શાસ્ત્રસંગ્રહ તરફથી છપાયલાં પુસ્તકોમાંથી ચંદ્રરાજ ચરિત્ર તથા અજિતસેન ચરિત્ર (સંસ્કૃત) ની ૨૦૦) નકલો પ્રાંતીજથી અમદાવાદ ખાતે શેઠ ભોળાભાઇ વિમળભાઇ હસ્તે આંબલીપોલના ઉપાશ્રયે ભેટ તથા વેચાણ માટે આપવામાં આવી હતી. તેમાંની ૫૪) ભેટ આપતાં ચંદ્રરાજ ચરિત્રની ૩૫) અને અજિતસેન ચરિત્રની ૧૧૧) કોપી હાલ ભોળાભાઇ હસ્તક છે. તથા શાસ્ત્રસંગ્રહ તરફથી છપાયલાં ગીતરત્નાકર (આવૃતિ બીજી) અને શ્રીકુમારપાળ ભૂપાલ ચરિત્ર (ભાષાંતર) ની પ્રતો પણ શેઠ ભોળાભાઇ હસ્તક ભેટ તથા વેચાણ થતાં તેમાંથી વધેલી ગીતરત્નાકરની ૫૨૫) અને શ્રી કુમારપાલ ચરિત્રની ૮૪) નકલો પણ તેમના હસ્તક છે. તે તેમણે વિજાપુરના બુ. સૂ. જૈન જ્ઞાનમંદિરને

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુપ્રત કરવા મુનિરાજ શ્રીહેમેંદ્રસાગરજીના કહેવાથી કબૂલ કરેલું છે. તેઓ મુંબાઇથી અમદાવાદ આવશે ત્યારે શ્રી જ્ઞાનમંદિરને સુપ્રત કરશે એની અમે નોંધ લઇએ છીએ.

આ ગીતરત્નાકર ભાગ ૨ જાનું સંશોધન મુનિરાજ શ્રી હેમેન્દ્રસાગરજીએ કર્યું છે. તથા તેમાં સાક્ષરવર્ય મહોપાધ્યાય શ્રીમત્ સિદ્ધિમુનિજીએ તથા મુનિશ્રી પ્રિયંકરવિજયજીએ વખતો વખત જે કંઇ (પ્રુફ્આદિમાં) મદદ કરી છે તે માટે અમે તેઓશ્રીઓનો આભાર માની વિરમીએ છીએ.

વિજાપુર.
તા. ૧૯–૧૧–૩૪
બુદ્ધિ સં. ૧૦

શ્રી બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાનમંદિર (વિજાપુર.)

ઓનરરી સેક્રેટરીઓ,

ભોગીલાલ અમથાલાલ વખારીયા.
અમૃતલાલ ડાહ્યાભાઇ દેશાઇ (વકીલ).

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સદ્ગુરૂના ચરણે

સદ્ભાવ પુષ્પાંજલી.

(હરિગીત)

સાહિત્યની વેલ્લી તણું, પાલન તમે પુષ્કળ કર્યું,
પ્રતિપળ સલિલ સીંચ્યા કર્યું,નિર્મળપણે લાલન કર્યું;
એ વેલ્લીને પુષ્પો ઉગ્યાં, છંદો રૂપી પત્રો તથા,
લીધાં ન દીધાં તે સમે, પોતે પધાર્યા સ્વર્ગમાં. ૧

અજિતાબ્ધિ! એવા આપને, પુષ્પો મૃદુલ સાદર કર્યા,
એ દેવનાં કુલ દેવને, આપી હૃદય મ્હારાં ઠર્યાં;
ગુરૂદેવ જાણ્યા આપને, મ્હારૂં સમર્પણ પૂર્ણ હો,
સત્પાત્ર જાણ્યા આપને, મ્હારૂં સમર્પણ યોગ્ય હો.૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

તમ પ્રેમથી તમ યજ્ઞ આ, મ્હારો ગણ્યો તે પૂર્ણ હો,
વિરહાશ્રુ પૂરણ અંજલી, અર્પી પ્રભુજી ! પૂર્ણ હો,
જે કંઈ અહીં સદ્‌ગંધ છે, તે આપનો છાનો નથી,
જે કંઈ અહીં માધૂર્ય છે, તે આપનૂં છાનૂં નથી.૩

જે કંઇ અહીં સૌન્દર્ય છે, તે આપની સ્મૃતિમાંહિ છે,
જે કંઇ અહીં છે મૃદુલતા, તે આપની મતિમાંહિ છે;
રત્નો તણા વ્યાપારીને, કિંમત બધી રત્નો તણી,
કિંમત બધી છે આપને, આ આપના પુષ્પો તણી.૪

બાણે રચી કાદંબરી, સાહિત્યનું જે શૃંગ છે,
અધુરી રહી પૂર્વાર્ધમાં, તે પ્રાપ્ત કીધું સ્વર્ગને;
એ ભાવ જાણે કોણ એ, અફ્રશોશ કેરી વાતમાં,
પુત્રે કરી છે પૂર્ણ તો ખ્યાતિ હજી છે વિશ્વમાં. ૫

એમજ તમારા ભાવને સંપૂર્ણ સાદર નવ કર્યો,
ભેદ્રૂ તણા એ ભેદને છે, જાણવા સામર્થ્ય કયાં ?
પણ આપની કરૂણાવડે, ફળ પુષ્પ હું સાદર કરૂં,
ઓ! અજિતસાગર? આપવણ,શું અન્યને ચરણે ધરૂં.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુજ ભાર મેં હલકો કર્યો, સંકષ્ટને હલકૂં કર્યું,
ઔદાસ્ય મનમાં નવ ઘટે, ફળ માલીને અર્પણ કર્યું;
એવીજ મ્હારી છે સ્થિતિ, ગુરૂદેવનાં પુષ્પો બધાં,
ગુરૂદેવને અર્પણ કરી, અળગી કરી શિરની વ્યથા.૭

થાને પ્રસન્ન તદા મ્હને, આશીષ સુંદર આપજો,
અંતરતણાં પડ ભેદવા, બળ હૃદયમાંહી સ્થાપજો;
વિરહે ભર્યો પ્રેમે ભર્યો, સ્મૃતિ લાવી સુંદર મૂર્તિની,
મુજ વાકય પુષ્પની અંજલી,ચરણે ધરી છે આપની.૮

વ્હાલાં તમારાં બાળને, ત્યાં યાદ સ્વર્ગે લાવજો,
સેવા બને જન કોઈની, એ રાહ શુભ બતલાવજો;
પ્રેમે નમન ચરણે નમન,સ્વીકારજો શિષ્યો તણા,
પર ભાવ સુખ કે દુઃખના, સમજાવજો જે આપણા ૯

આપનો—

અંતેવાસી-હેમેન્દ્ર.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષયાનુક્રમ.

વિષય.	પૃ.
ચોવિશ જિન ચૈત્યવંદન (સ્તુતિ) ...	૨થી૩૧
શ્રી સીમંધર જિન ચૈત્યવંદન ...	૩૨
શ્રી સિદ્ધગિરિ ચૈત્યવંદન	૩૪
શ્રી પુંડરીક ગણધર ચૈત્યવંદન ...	૩૫
શ્રી ચોવિશ જિન સ્તવન (ચોવિશી)	૩૬થી૬૪
શ્રી સીમંધર જિન સ્તવન	૬૫
શ્રી સિદ્ધગિરિ સ્તવન	૬૬
શ્રી પુંડરીક ગણધર સ્તવન	૬૮
એકાદશી તિથિનું સ્તવન	૬૯
બીજી ચોવિશી	૭૧થી૧૦૨
શ્રી મહાવીર જિન સ્તવન	૧૦૪
શ્રી ચોવીશ જિન સ્તવન	૧૦૫
શ્રી ચોવિશ જિન સ્તુતિઓ ...	૧૦૭થી૧૩૫
શ્રી આદિજિન સ્તવન	૧૩૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી અજિતજિન સ્તવન	...	...	૧૩૭
શ્રી સંભવજિન સ્તવન	...	...	૧૩૮
શ્રી ચંદ્રપ્રભજિન સ્તવન	...	...	૧૩૯
શ્રી વાસુપૂજ્યજિન સ્તવન	...	...	૧૪૧
શ્રી વિમળજિન સ્તવન	...	...	૧૪૨
શ્રી ધર્મજિન સ્તવન	...	...	૧૪૩
શ્રી શાંતિજિન સ્તવન	...	...	૧૪૫
શ્રી કુંથુજિન સ્તવન	...	...	૧૪૮
શ્રી નેમિજિન સ્તવન	...	...	૧૫૦
,, ,, ,,	...	...	૧૫૧
શ્રી પાર્શ્વજિન સ્તવન	...	...	૧૫૨
શ્રી પાર્શ્વનાથ પ્રાર્થના	...	...	૧૫૩
શ્રી પાર્શ્વનાથ સ્તવન	...	...	૧૫૫
,, ,, ,,	...	...	૧૫૬
શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રાર્થના	...	...	૧૫૭
શ્રી સેરીસરા પાર્શ્વનાથ સ્તવન		...	૧૫૯
શ્રી પાર્શ્વનાથ સ્તવન	...	...	૧૬૦
શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્તવન		...	૧૬૨
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન		...	૧૬૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન	...	૧૬૫
,, ,, ,, પ્રાર્થના	...	૧૬૬
શ્રી મનમોહન પાર્શ્વજિન સ્તવન	...	૧૬૭
શ્રી મહાવીરજિન સ્તવન ...	...	૧૬૯
,, ,, ,, ...	...	૧૭૦
શ્રી મહાવીર પ્રભુ પ્રાર્થના ...	...	૧૭૧
શ્રી મલ્લિનાથ જિન સ્તવન ...	...	૧૭૩
શ્રી કેસરીયાનાથ જિન સ્તવન	...	૧૭૪
શ્રી મધુપુરી પદ્મનાથ જિન સ્તવન	...	૧૭૫
શ્રી જગવલ્લભ પાર્શ્વજિન સ્તવન	...	૧૭૭
આવો પ્રભુજી આવો (પ્રાર્થના)	...	૧૭૮
જોયું જોયું જગત્ બધું જોયું	...	૧૭૯
પ્રભુ મૂર્તિ મહારા મનમાં વસી	...	૧૮૦
શ્રી બીજ તિથિ સ્તવન ...	...	૧૮૧
શ્રી પંચમી સ્તવન	...	૧૮૨
શ્રી અષ્ટમી તિથિ સ્તવન ...	...	૧૮૩
શ્રી આદિજિન સ્તુતિ ...	...	૧૮૫
શ્રી અનંતનાથજિન સ્તુતિ ...	...	૧૮૫
શ્રી સીમંધર જિન સ્તુતિ ...	...	૧૮૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સિદ્ધગિરિ સ્તુતિ	...	...	૧૮૭
શ્રી પ્રભુ સ્તુતિ	...	...	૧૮૮
,, ,, ,,	...	...	૧૮૯
શ્રી પ્રભુ પ્રાર્થના	...	...	૧૯૦
શ્રી ચારૂપ શામળા પાર્શ્વજિન સ્તવન		...	૧૯૨
શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન		...	૧૯૪
,, ,, ,, ,,		...	૧૯૬
શ્રી પાર્શ્વજિન સ્તવન	...	...	૧૯૮
,, ,, ,,	...	...	૧૯૯
શ્રી પંચાસરા પાર્શ્વનાથ સ્તવન		...	૨૦૧
શ્રી ભટેવાજી પાર્શ્વજિન સ્તવન		...	૨૦૩
શ્રી મલ્લિનાથ સ્તવન	...	...	૨૦૪
શ્રી નેમનાથ સ્તવન	...	...	૨૦૭
શ્રી નેમજીને રાજુલની વિનતી		...	૨૦૮
શ્રી ઘડર શાંતિનાથ જિન સ્તવન		...	૨૦૯
શ્રી શીતલજિન સ્તવન	...	...	૨૧૧
શ્રી ધર્મ જિનેશ્વર સ્તવન	...	...	૨૧૨
શ્રીપંચાસરા પાર્શ્વ–સ્તવન	...	...	૨૧૩
શ્રી આદિ જિન સ્તવન	...	...	૨૧૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ભીલડીયા પાર્શ્વજિન સ્તવન		...	૨૧૬
શ્રી શંત્રુજ્ય મહિમા ગર્ભિત સ્તવન		...	૨૧૭
શ્રી સિદ્ધગિરિ	,,	...	૨૧૯
શ્રી સિદ્ધાચલ	,,	...	૨૨૦
શ્રી આદિજિન	,,	...	૨૨૨
શ્રી સિદ્ધગિરિ	,,	...	૨૨૪
શ્રી કુંથુજિન	,,	...	૨૨૭
શ્રી મલ્લિજિન	,,	...	૨૨૮
શ્રી ગિરનાર મંડન નેમજિન	,,	...	૨૨૯
શ્રી અજરા પાર્શ્વનાથ	,,	...	૨૩૧
શ્રી મહુવા મંડન મહાવીરજિન	,,	...	૨૩૨
શ્રી ઘોઘા મંડન પાર્શ્વજિન	,,	...	૨૩૪
શ્રી અમિઝરા પાર્શ્વનાથ	,,	...	૨૩૫
શ્રી મહાવીર	,,	...	૨૩૭
શ્રી પ્રભાસમાં ચંદ્રપ્રભુ	,,	...	૨૩૮
શ્રી ગિરનાર	,,	...	૨૪૦
શ્રી સમેતશિખર	,,	...	૨૪૨
શ્રી કેસરીયાનાથ	,,	...	૨૪૪
શ્રી તારંગા તીર્થ	,,	...	૨૪૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સિદ્ધાચલ	સ્તવન	...	૨૪૭
શ્રી ભોયણીમલ્લિજિન	,,	...	૨૪૯
શ્રી પાનસર મહાવીર	,,	...	૨૫૧
શ્રી આબુ ઉપર નેમજિન	,,	...	૨૫૩
શ્રી પંચાસરા પાર્શ્વજિન	,,	...	૨૫૫
શ્રી આદિજિન	,,	...	
(ગીતરત્નાકરની ચોવિશી)		૨૫૭થી૨૯૬	

મુનિ શ્રી હેમેન્દ્રસાગરજીના સ્તવનો

ચૈત્યવંદન		...	૨૯૮
શ્રી આદિશ્વરજિન	સ્તવન	...	૨૯૯
શ્રી નેમિનાથજિન	,,	...	૩૦૧
શ્રી પાર્શ્વનાથજિન	,,	...	૩૦૨
શ્રી મહાવીર પ્રભુ	,,	...	૩૦૪
શ્રી શાંતિનાથજિન	,,	...	૩૦૫
શ્રી શાંતિનાથજિન	,,	...	૩૦૬
એ જૈનનું કર્તવ્ય છે		...	૩૦૭
મહાવીર જયંતિ ગીત		...	૩૦૯
મહાવીર સ્મરણ		...	૩૧૧

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાવીર જયંતી		...	૩૧૩
મહાવીર પ્રભુ	સ્તવન	...	૩૧૫
મહાવીર પ્રભુ	,,	...	૩૧૭
પેથાપુર સુવિધિનાથ જિન	,,	...	૩૧૮
પ્રાંતિજ ધર્મનાથ જિન	,,	...	૩૨૦
ચંદ્રપ્રભુજીનું	,,	...	૩૨૧
શ્રી વાસુપૂજ્ય (વરસોડાના)	,,	...	૩૨૨
શ્રી સાણંદ પદ્મ પ્રભુ	,,	...	૩૨૩
વરસોડા મંડન વાસુપૂજ્ય	,,	...	૩૨૫
શ્રી વિજાપુર મંડન ચિંતામણિ પાર્શ્વનાથ	,,	...	૩૨૬
ભોયણીમંડન શ્રીમલ્લિનાથ	,,	...	૩૨૭
શ્રી પાનસરા મહાવીર	,,	...	૩૨૮
નેમિનાથજિન	,,	...	૩૨૯
શ્રી માતરમંડન સુમતિનાથ	,,	...	૩૩૦
ફલોધીમંડન શ્રી પાર્શ્વનાથજી	,,	...	૩૩૧
ફલોધીમંડન શ્રી શીતલનાથજીકા	,,	...	૩૩૨
શ્રી બુદ્ધિસાગસૂરીશ્વર જયંતી	ગીત	...	૩૩૩
શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વર જયંતી	,,	...	૩૩૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભજન (જીયા ભોળે)		...	૩૩૬
મહુવામંડન શ્રી મહાવીરજિન	,,	...	૩૩૭
વિજાપુર શ્રી શાંતિનાથ	,,	...	૩૩૮
માણસા મંડન શ્રી ઋષભદેવજિન	,,	...	૩૩૯
ગિરનાર મંડન નેમિનાથ	,,	...	૩૪૦
જૈની જીવન		...	૩૪૨
શ્રી મહાવીરજિન	સ્તવન	...	૩૪૩
શ્રી મહાવીરજિન	,,	...	૩૪૪
શ્રી આદિનાથ પ્રભુનું	,,	...	૩૪૫
શ્રી પદ્મ પ્રભુ (મહુડાનું)	,,	...	૩૪૬
વરસોડાના વાસુપૂજ્ય સ્વામી		...	૩૪૭
વિજાપુર પાર્શ્વચિન્તામણિ	સ્તવન	...	૩૪૮

શ્રી બુદ્ધિસાગરસૂરિજીના સ્તવનો

શ્રી મલ્લિનાથ	સ્તવન	...	૩૪૯
શ્રી સિદ્ધાચલ ગિરિ	,,	...	૩૫૧
શ્રી કેસરીયાજીનું	,,	...	૩૫૨
શ્રી તારંગા તીર્થ સ્તવન ...		...	૩૫૪
શ્રી નવપદ ઓળીનું સ્તવન ...		...	૩૫૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વર્ધમાન આંબિલ તપસ્તવન		...	૩૫૬
શ્રી પ્રભુ મહાવીરનું દીવાળી સ્તવન		...	૩૫૮
બીજનું	સ્તવન ...	...	૩૫૯
પાંચમનું	,, ...	...	૩૬૧
અષ્ટમીનું	,, ...	...	૩૬૨
એકાદશીનું	,, ...	...	૩૬૨
જ્ઞાનપદ	,, ...	...	૩૬૩
શ્રુતપદ	,, ...	...	૩૬૪
વીરવિહાર	,, ...	...	૩૬૬
વીરપ્રભુ	,, ...	...	૩૬૭
,,	,, ...	...	૩૬૯
શ્રી મહાવીર જિન	,, ...	...	૩૭૦
પ્રભુ મહાવીરની પ્રાર્થના		...	૩૭૧
શ્રી ગૌતમ સ્વામીનું સ્તવન		...	૩૭૨
,, ,, ,, ,,		...	૩૭૪

સ્તુતિઓ.

ઋષભદેવ	સ્તુતિ	...	૩૭૫
શાંતિનાથ	,, ...	...	૩૭૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાર્શ્વનાથ સ્તુતિ ૩૭૭
પ્રભુ મહાવીર ,, ... ૩૮૦
આંબિલતપની ચાર સ્તુતિની એક સ્તુતિ ... ૩૮૧
મહાવીર સ્તોત્રમ્ ૩૮૧
ભજન સજ્ઝાયો ૩૮૨
વૈરાગ્યની સજ્ઝાય ૩૮૩
અધ્યાત્મપદ ૩૮૫
પજુસણની ગહુંલી ૩૮૯
ચોમાસું કરવા ગુરૂ પધારે તે વખતે
ગાવાની ગહુંલી ... ૩૯૦
ઓળીની ગહુંલી ૩૯૧
દીવાળીની ગહુંલી ૩૯૨
શ્રી સિદ્ધાચળ દુહા ૩૯૩
શ્રી વીરકૂમારનું હાલરડું ૩૯૫
પ્રાર્થના મંગલમ્ ૩૯૮

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

जैनाचार्यश्रीमद्–अजितसागरसूरिरचित.

स्तवनादि संग्रह.

चैत्यवंदन.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીઆદિજિન-ચૈત્યવંદન. (૧)

હરિગીત.

જય નાભિ નંદન ધર્મ મંડન,
આદિ દેવ જિનેશ્વરં;
જય જ્ઞાન અંજન નર નિરંજન,
નાથ નિર્મળ સુખકરં.
વિનિતા નગરના નાથ છો,
મરૂદેવીના સતપુત્ર છો;
જય પ્રાણ પ્યારા વિશ્વ ન્યારા,
તાત ગુણમણિ સૂત્ર છો. ॥ ૧ ॥
જય. વૃષભ લાંછન નાથજી,
ઉત્તમ ગુણોની ખાણ છો;
મન વચનથી પર વસ્તુના,
હે શ્રી જિનેશ્વર ! જાણ છો;
ચોરાશી લક્ષ ગિરાજીયા,
પૂર્વો સુધી હે સિદ્ધજી !
સૂરિ અજીત ભાવે ભણે,
છો ભક્તિગમ્ય પ્રસિદ્ધજી. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીઅજિતજિન-ચૈત્યવંદન. (૨)

હરિગીત.

જય અજીત નાથ જિનેશ્વરા,
અમને અજીત સુખ આપજો;
અમ હૃદયમાંહિ પધરાજતી,
મતિ પાપ કેરી કાપજો.
વનિતા તણા તો રાય છો,
જીતશત્રુ નૃપના બાળ છો;
વિજયા વિજયવતી માત છે,
ષટ્ શત્રુ કેરા કાળ છો. ॥ ૧ ॥
લાંછન બિરાજે હસ્તિનું,
સુર નર તમોને સેવતા;
પ્રભુ ! દેવના પણ દેવ છો,
સેવે સદા સહુ દેવતા.
વળિ દેહ સાડા ચારસો,
શુભ ધનુષ કેરું પ્રમાણ છે;
અજિતસૂરિના પ્રભુ આપ ચરણે,
કોટિ કોટિ પ્રણામ છે. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીસંભવજિન-ચૈત્યવંદન. (૩)

હરિગીત.

શ્રાવસ્તીૅ નગરીના ધણી,
ભગવાન્ સંભવ નાથ છો;
જીતારિ નૃપના પુત્ર છો,
મુનિસૂરિ જનોના સાથ છો.
સેના સુભાગી માત છે,
લાંછન બિરાજે અશ્વનું;
વળિ સાઠ લક્ષજ પૂર્વનું,
આયુષ્ય શુદ્ધ છે આપનું. ॥ ૧ ॥
ધનુ ચારસોનું માન છે,
અધ્યાત્મ એક જ ધ્યાન છે;
શિવ રમણીૅના રસિયા તથા,
મુનિ હૃદયમાંહી માન છે.
અજીતાણિધસૂરિ યાચતા,
કર આપનો શિર સ્થાપજો;
શ્રી જૈન કેરા સંઘમાં,
વૈરાગ્ય ભાવે વ્યાપજો. ॥ ૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીઅભિનંદનજિન-ચૈત્યવંદન. (૪)

હરિગીત.

અભિનંદનને અભિનંદિયે,
પદ કમળ પ્રેમે વંદિયે;
કરી સ્મરણ આત્મા રામનું,
અતિ હર્ષ સહ આનંદિયે.
નંદન છો સંવર ભૂપના,
શિવ નગરનાં સુખ માગિયે;
કપિ લાંછને પ્રમુદિત મને,
આલ્હાદથી અનુરાગિયે. ॥ ૧ ॥
સિદ્ધારથા હે માવડી ?
તુજ પુત્રને શત ધન્ય છે;
વિનિતા પુરી ? તુજ વસિતને,
સો સો વખત અતિ ધન્ય છે.
ત્રણસો ઉપર પચ્ચાશ ધનુ,
એવી સુખાવહ કાય છે;
પચ્ચાશ લખ આયુષ્ય છે,
સૂરિઅજીત ગુણ ગાય છે. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીસુમતિજિન-ચૈત્યવંદન. (૬)

હરિગીત.

જય સુમતિનાથ સુખાવહા,
જગ સુમતિનું વર્ષાવને;
અમ દેહમાં અમ સ્નેહમાં,
સંપૂર્ણ કરૂણા લાવને.
નૃપ **મેઘ** તાત સુહામણા,
ને **મંગળાશ્રી** માત છે;
એ પ્રાણ પ્યારા આપની,
મન વાણીથી પર વાત છે. ॥ ૧ ॥
લાંછન ગિરાજે ક્રૌંચનું,
ત્રણસેં ધનુષની કાય છે;
ભગવાન ભજતાં આપને,
સહુ દુઃખ અળગાં થાય છે.
આયુષ્ય શોભે સૃષ્ટિમાં,
ચાલિશ લખ પૂર્વો તણું;
એ નાથ ! ઝાલો હાથ મુજ,
વિનવે અજીતસૂરિ ઘણું. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીપદ્મપ્રભજિન-ચૈત્યવંદન. (૬)

હરિગીત.

કૌસંબી પુરના રાજ છો,
પ્રભુ પદ્મપ્રભ અધિરાજ છો;
ગુણ સિંધુ કરૂણા ઇંદુ છો,
ભગવાન ગરીબનિવાજ છો.
પ્રભુતા ભરેલી સુસૉંમા,
માતા પવિત્ર બિરાજતી;
સતકીર્તિ હે પ્રભુ આપની,
ઘેરી જગતમાં ગાજતી. ॥૧॥
આયુષ્ય છે ત્રિશ લાખ પૂર્વ,
હે નિરંજન નાથજી;
અઢૉંસો ધનુષની કાય છે,
હેતે હું જોડું હાથજી.
લાંછન બિરાજે કમળનું,
ભયહારિ છો ભક્તો તણા;
અજીતસૂરિ ઉચ્ચરે,
પ્રભુ પ્રાણથી પ્યારા ઘણા. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીસુપાર્શ્વજિન-ચૈત્યવંદન. (૭)

હરિગીત.

પૃથ્વી સમા સમતાભર્યા,
સુપાર્શ્વનાથ મહા પ્રભુ;
પૃથ્વી પ્રસૂના પુત્ર છો,
સ્નેહે સદા તમને નમું.
રાજા પ્રતિષ્ઠિત છે પિતા,
વારાણસી નગરી તથા;
વિશ લાખ પૂરવ આયખું,
સ્વસ્તિક લાંછન ધારતા. ॥ ૧ ॥
મણિ પાર્શ્વસ્પર્શે લોહને,
સુવર્ણ તેનું થાય છે;
ભજતાં પ્રભુજી આપને,
ભગવંત રૂપ થવાય છે.
બે શત ધનુષનો દેહ છે,
શિર છત્ર છો સેવક તણા;
સૂરિઅજીત પ્રણમે પ્રેમથી,
ચરણો સદા પ્રભુ આપના. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीचंद्रप्रभजिन-चैत्यवंदन. (૮)

હરિગીત.

હે ચંદ્રપ્રભ પ્રભુ ! આપના,
પદકમલમાંહિ પ્રણામ છે;
સંકષ્ટ જગનાં નષ્ટ કરવા,
સ્પષ્ટ તહારૂં નામ છે.
માતા તમારી **લક્ષ્મણા**ને,
ધન્ય કોટિક વાર છે;
મહસેન નૃપના લાડિલા,
મોક્ષાર્થિ શુભ અવતાર છે. ॥ ૧ ॥
લાંછન બિરાજે ચંદ્રનું,
ને ચંદ્રસમ શાંતિ ઘણી;
દશ લાખ પૂરવ આયુ છે,
ને ભાવના હિતકારીણી.
ધનુ દોઢસોની દેહ છે,
શિવ રમણી કેરા નાથ છો;
સૂરિઅજીત કેરા હૃદયમાં,
સાક્ષાત દીવ્ય સ્વરૂપ છો. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીસુવિધિજિન-ચૈત્યવંદન (૧)

હરિગીત.

પ્રણમું સુવિધિ નાથને,
નિધિ મોક્ષ કેરો માગવા;
મન ભાવના ઉભરાય છે,
હૃદયે સુવિધિ રાખવા.
સુગ્રીવ રાજ તાત છે,
અભિરામ **રામા** માત છે;
લાંછન મગરનું વિશ્વમાં,
વિપદા હરણ વિખ્યાત છે. ॥ ૧ ॥
શત ધનુષ કેરી કાય છે,
કાકંદી નગરી શોભતી;
આયુષ પૂરવ લક્ષ બે,
મન વૃત્તિ ચરણે થોભતી.
સુખડાં કરો દુઃખડાં હરો,
અમ જન્મને પાવન કરો;
સૂરિ અજીત એ ઇચ્છતા,
શિવ ભાવના સ્થાપન કરો. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીશીતલજિન-ચૈત્યવંદન. (૧૦)

હરિગીત.

ચંદન સમા શીતલ દિસો,
સુખકારી શીતલ નાથજી;
નંદા પવિત્રા માતને,
દૃઢરથ તમારા તાતજી.
નરદેવ ભદ્દિલ પુરના,
કરૂણાની દૃષ્ટિ રાખજો;
અમ જૈન કેરા સંઘનાં,
સહુ કષ્ટ કાપી નાખજો. ॥ ૧ ॥
આયુષ્ય એકજ લક્ષનું ને,
નેવું ધનુષ પ્રમાણ છે;
શ્રી વત્સ લાંછન શોભતું,
મુજ પ્રેમ સાથ પ્રણામ છે.
શીતલ કરો અમ આત્મને,
શીતલ કરો અમ કાયને;
સૂરિ અજિત વિનવે સદા,
શીતલ પ્રભુના પાયને. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૨

શ્રીશ્રેયાંસજિન-ચૈત્યવંદન. (૧૧)

હરિગીત.

અગિયારમા શ્રેયાંસ જિનવર,
શ્રેય સૌને આપતા;
નિજ ચરણ કેરા શરણના,
કલેશાદિ જગમાં કાપતા.
નૃપ વિષ્ણુ સુખકર તાત છે,
ને વિષ્ણુદેવી માત છે;
એંશી ધનુષની કાય છે,
સહુ શાસ્ત્રમાં પ્રખ્યાત છે. ॥ ૧ ॥
આયુષ લક્ષ ચોરાશીનું,
લાંછન લલિત તલવારનું;
પુરી સિંહ કેરા રાજવી,
લઉ વાર વારે વારણું.
અજીતસૂરિ વિનવે,
ષટ્ શત્રુને સંહારજો;
સંભાળ લેજો દાસની,
વિપદા સમગ્ર વિદારજો. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીવાસુપૂજ્યજિન-ચૈત્યવંદન. (૧૨)

હરિગીત.

ચંપા પુરીના રાજ રૂડા,
પ્રભુ વાસુપૂજ્ય પરાક્રમી;
આનંદિયે અંતર વિષે,
પદ કમળમાં પ્રેમે નમી.
કુળ ચન્દ્રનું અજવાળીયું,
માતા જયા શુભ નામ છે;
હે મહિષ લાંછન જિન વરા,
મુજ વારવાર પ્રણામ છે. ॥ ૧ ॥
સીતેર ધનુષ પ્રમાણ છે,
આયુષ્ય બહોતેર લક્ષનું;
સમતા ધરી મમતા હરી,
અતિ જ્ઞાન કેવળ પક્ષનું.
સૂરિ અજીતના અંતર વસો,
પળવાર દૂરે નવ બસો,
નિજ બાળ જાણી આપનો,
થઇ જનક હૈડામાં હસો. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીવિમલજિન-ચૈત્યવંદન. (૧૩)

હરિગીત.

કંપિલપુરે પ્રભુ વિમળજી,
વસિયા જનમ ધારણ કરી.'
સદ્બોધ આપી સૃષ્ટિમાં,
મતિ મોહની મારણ કરી.
સુખદાઇ શામા માતની,
કુક્ષી શોભાવી નાથજી !
કૃતવર્મ કુળ દીપાવિયું,
લાંછન છે શૂકરનું હજી. ॥ ૧ ॥
લખ સાઠનું આયુષ્ય છે,
જગ સર્વ કેરા સેવ્ય છો.'
શ્રી મુનિવરોના હૃદયનું,
સાચેજ સાચું ધ્યેય છો.
શ્રી અજીતસૂરિ વિનવે,
હે વિમળ નાથ ! શિરોમણિ;
અનુરાગીના ભય ભાગીને,
થાશો ખુશી નિજ જન ગણી. ॥૨॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીઅનંતજિન-ચૈત્યવંદન. (૧૪)

હરિગીત.

સ્વામી અનંતી સિદ્ધિના,
ભગવંત નાથ અનંત છો;
નગરી અયોધ્યામાં વસ્યા,
નિશ્ચય વડે નિશ્ચિંત છો.
નૃપ સિંહ કેરા તનુજ છો,
ગુણધામ તારણ તરણ છો;
ત્રિશ લક્ષ વર્ષનું આયખું,
શિવ શાંતિ કારણ શરણ છો. ॥૧॥

સુજસા પવિત્રા માત જિનવર,
વિશ્વમાં જય જય થતે;
કાયા ધનુષ પચ્ચાશની,
તવ ભક્તિ મુજ મનમાં હતે.
અજીતસૂરિ આપના,
પદકમળને વંદન કરે;
લાંછન સિંચાણાનું મધુર,
નિજ ભક્તની હરકત હરે. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીધર્મજિન-ચૈત્યવંદન. (૧૬)

હરિગીત.

જય ભાનુ નંદન દુઃખ નિકંદન,
ધર્મનાથ મહા પ્રભુ;
ભવ સિંધુ પાર ઉતારવા,
મુજ આત્મ અર્થ સદા નમું.
સુવ્રત ભરેલી સુવ્રતા,
માતા મહા સુખકારીં છે;
દશ લક્ષ વર્ષનું આયખું,
નિજ દાસના દુઃખહારીં છે. ॥ ૧ ॥
વપુ ધનુષ પીસ્તાલિસ તાણું,
ને રત્નપુરના રાજ છો;
જય વજ્રલાંછન ધર્મ મંડન,
પ્રણુતના શિરતાજ છો.
છે નામ સુંદર ધર્મ તો,
વળી ધર્મ રૂપે આવનો;
શ્રી અજીતસૂરિ કારણે,
સ્તુતિ લક્ષમાંહી લાવનો. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીશાંતિજિન-ચૈત્યવંદન. (૧૬)

હરિગીત.

જય શાંતિ જિનવર સોળમા,
અચિરા તણા સુત આપ છો;
નૃપ વિશ્વસેન તણા તનય,
નિશ્ચય વડે નિષ્પાપ છો.
ઓ ભવ્યજન! વંદન કરો,
પ્રભુ કલ્પવૃક્ષ સમાન છે;
લાંછન બિરાજે મૃગતણું,
વય લક્ષ વર્ષ પ્રમાણ છે. ॥ ૧ ॥

નગરી મનોહર હસ્તિના,
પ્રભુ સર્વ સદ્‌ગુણ ખાણ છો;
ચાલીશ ધનુષની કાયને,
પ્રેમી તણા તો પ્રાણ છો.
વપુ ચંદ્ર સમ શીતલ અતિ,
જિનધર્મના પ્રતિપાળ છો;
શ્રી અજીતસૂરિ વિનવે,
ભગવાન દીન દયાળ છો. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીકુંથુજિન-ચૈત્યવંદન. (૧૭)

હરિગીત.

ગજપુર નગર કેરા ધણી,
શ્રી માત કુખે અવતર્યા;
નૃપ સૂર કેરા નંદના,
ભંડાર શિવ સુખના ભર્યા.
કાયા ધનુષ પાંત્રીશની,
ને છાગનું લાંછન દીપે;
હરકત બધી હરવા બદલ,
નિજ દાસના હૈડે હસે. ॥ ૧ ॥

ગુણધામ કુંથુનાથસ્વામી,
અનાથ કેરા નાથ છે;
અમ જીવન કેરી દોરડી,
કુંથુ પ્રભુના હાથ છે.
ત્રણ બિંદુ પંચાણું ઉપર,
આયુષ્ય અતિ ઉદાર છે;
સાગર અજીત સૂરિ તણા,
હૈડા વિષે શુભ હાર છે. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીઅરજિન-ચૈત્યવંદન. (૧૮)

હરિગીત.

રાજા સુદર્શનના તનય,
ભગવાન શ્રી અરનાથ છો;
ત્રિભુવન વિષે પરિપૂર્ણ,
હે પરમેશજી પ્રખ્યાત છો.
સુખ કંદ ભવ્ય જનો તણા,
માતા તમ્હારાં દેવી છે;
પ્રભુ આપ કેરી વાણીને,
સુર નર બધાયે સેવી છે. ॥ ૧ ॥
ત્રિશ ધનુષ કેરો દેહ ને,
લાંછન સુનંદાવર્ત્તનું;
આયુષ હજાર ચોરાશીનું,
પુર નાગપુર છે આપનું.
પ્રભુ અજર છો પ્રભુ અમર છો,
દેજો અચળ ગતિ જિનવરા;
સૂરિ અજીતના ઉરવસી,
થાજો સદાયે સુખકરા. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમલ્લિજિન-ચૈત્યવંદન. (૧૯)

હરિગીત.

મિથિલા નગરના રાજવી,
જય મલ્લિનાથ મહાબલી;
માતા પુનીત પ્રભાવતી,
ભગવંત ગુણનિધિ કેવલી.
પાપો ટળે પ્રભુ જાપથી,
શુભ સ્મરણથી સુખ સાંપડે;
નૃપ કુંભ નંદન સેવથી,
મુજ ભાવના અધિકી વધે. ॥ ૧ ॥
લાંછન કળશનું શોભતું,
તુજ નામ જગમાં ઓપતું;
દુઃખ જન્મને મૃત્યુ તણું,
તુજ સ્મરણથી નથી કોપતું.
વર્ષ પંચાવન હજાર,
વય ભોગવી આ સૃષ્ટિમાં;
વિનવે અજીતસાગર સૂરિ,
રહેજો વિમળ મુજ દૃષ્ટિમાં. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमुनिसुव्रतजिन-चैत्यवंदन. (२०)

હરિગીત.

મુનિશ્રી સુવ્રતનાથ નિત્યે,
રાજ્યગ્રહીના છો ધણી;
લાંછન બિરાજે કૂર્મનું,
ભક્તિ ગમી છે આપની.
પદ્મા પવિત્રા માત છે,
ને તાત ભૂપ સુમિત્ર છે;
મુજ હૃદયમાં હરખે ભર્યું,
પ્રભુ આપ કેરૂં ચિત્ર છે. ॥ ૧ ॥
વિશ ધનુષ કેરી કાય ભજને,
સર્વ સંપદ થાય છે;
હજાર ત્રિશ વર્ષો જીવ્યા,
દિલ દેખીને હરખાય છે.
શ્રી અજીતસૂરિ ઇચ્છતા,
પળવાર અળગા નવ થજો;
દારિદ્ર્ય દુઃખ તુજ સ્મરણથી,
કાળા સમુદ્ર વિષે જજો. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીનમિજિન-ચૈત્યવંદન. (૨૧)

હરિગીત.

મિથિલા પુરીના રાજવી,
વપ્રા તણા તો લાડિલા;
સુત વિજય નૃપના છો તમે,
દિલમાં દયાધન સાંભળ્યા.
અવરનું શું કામ મ્હારે,
આપનું મુખ નામ છે;
નીલ કમલનું લાંછન ભલું,
કેવલ સ્મરણ સુખધામ છે. ॥ ૧ ॥
પંદર ધનુષનો દેહ શોભે,
સ્નેહ વાધે આપમાં;
પ્રભુ આપ ચરણે આવીને,
જન નવ પડે કદી પાપમાં.
નમિનાથ આપો આશરો,
વય વર્ષ દશ હજારનું;
વિનવે અજીતસાગર સૂરિ,
આપો અચળ સુખ મોક્ષનું. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીનેમિજિન-ચૈત્યવંદન. (૨૨)

હરિગીત.

બાવીશમા શિવસુખ ભર્યા,
નિર્મોનૉ નેમિ નાથજી;
જપ તપ ભજન દીક્ષાવડે,
સંસારની દુખધા તજી.
રાજા સમુદ્ર વિજય તણા,
સત્પુત્ર શોભ્યા સર્વદા;
માતા શિવા કુખ જન્મોને,
અળગી કરી છે આપદા. ॥ ૧ ॥
આયુષ્ય વર્ષ હજારનું,
છે શંખ લાંછન સ્વામોજી;
તહારૂં ભજન કરવા પછી,
પાપો બળે છોને ઘોજી.
શોભ્યાજ સૌરીપુર વિષે,
ભગવાન બ્રહ્મચારી ભલા;
વિનવે અજીતસાગર સૂરિ,
આપો સદા સુખની કળા. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીપાર્શ્વજિન-ચૈત્યવંદન. (૨૩)

હરિગીત.

શ્રી પાર્શ્વ જિન શુભ નામ છે,
અક્ષય સુખોના ધામ છે;
અંતર તણા અભિરામ છે,
વામા તનય ગુણ ગ્રામ છે.
નૃપ અશ્વસેન પિતા તથા,
લાંછન ભુજંગ ઉદ્દામ છે;
નવ હાથ કેરી કાય ને,
ભકતો તણા આરામ છે. ॥ ૧ ॥
કાશી તણા વાસી અને,
યમ યાતનાઓ ત્રાસીઁ છે;
શત એકનું આયુષ્ય છે,
શિવ સૌખ્યના ઉલ્લાસીઁ છે.
પ્રેમી તણા તો પ્યાસીઁ છે,
અરિ સર્વનાજ ઉદાસીઁ છે;
અચ્યુત અને અવિનાશીઁ છે,
સૂરિ અજીતના સુખરાશિ છે. ॥૨॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમદ્દાવીરજિન-ચૈત્યવંદન. (૨૪)

હરિગીત.

સુત ભૂપસિદ્ધારથ તણા,
મહાવીર નામે વંદિયે;
સમરણ કરી સ્નેહે ભર્યા,
અંતર વિષે આલ્હાદિયે.
છે ધન્ય ત્રિશલા માતને,
ને ધન્ય ક્ષત્રિય કુંડને;
મૃગરાજ લાંછન ચરણમાં,
કાપે પ્રબળ તમ ઝુંડને. ॥ ૧ ॥
બ્હોતેર વર્ષ બિરાજીયા,
સહુ સૃષ્ટિમાંહી છાજીયા;
ડંકા દશે દિશમાં અહો,
મહાવીર કેરા ગાજીયા.
મુજ જ્ઞાન છે મુજ ધ્યાન છે,
કાયા સુભગ કર સાત છે;
સંઘ ચતુર્વિધ સ્થાપિયો,
ત્રણ લોકમાં વિખ્યાત છે. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમીં રસ સમર્પો સૃષ્ટિમાં,
અમીં રસ સમર્પો આત્મમાં;
અમીં રસ સમર્પો પ્રાણમાં,
અમીં રસ સમર્પો વૃષ્ટિમાં.
સઘળા જીવો સુખિયા રહે,
પરમાર્થના પથને ચહે;
મહાવીરના શુભ ચરણમાં,
સૂરિ અજીત સુખડાં લહે ॥ ૩ ॥

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૭

શ્રીઆદિજિન-ચૈત્યવંદન.

દોહા.

પ્રથમ નમું પ્રેમે કરી, આદિ દેવ અરિહંત;
ઋષભ જીનેશ્વર શ્રીપ્રભુ, મનહર મૂર્ત્તિ મહંત.૧

દર્શનથી દુઃખો ટળે, સમરણથી સુખ થાય;
ભવતારણ ભગવાન્ છો, સમરથ શ્રીજિનરાય. ૨

સુરતરૂ કેરી છાય છો, નાભિ રાયના નંદ;
મરૂદેવી માતા તણા, શુભસુત પરમાનંદ. ૩

પૂર્વ પુણ્ય અતિ હોય તો, ભક્તિ તમ્હારી થાય;
પામે પ્રાણી મોક્ષને, નરક વિષે નવ જાય. ૪

ધનુષ પાંચશત કાય છે, લાંછન વૃષભ વિશાળ;
ચોરાશી લખ પૂર્વનું, અજીત આયુ પ્રતિપાળ.૫

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૮

શ્રીશાંતિજિન-ચૈત્યવંદન.

દોહા.

શાંતિનાથ પ્રભુ સોળમા, વિશ્વસેનના પુત્ર;
માતા અચિરા ગુણવતી, સમર્યે સુખમય સૂત્ર. ૧

વર્ષ લક્ષ આયુષ્ય છે, મૃગ લાંછન સુખકાર;
સકલ સુમંગલ ખાણ છો, મુનિવરના સરદાર. ૨

ચાલીશ ધનુષ પ્રમાણનો, દીવ્ય વિરાજે દેહ;
નગરી સુંદર હસ્તિના, પ્રતિ દિન ઉપજે સ્નેહ. ૩

અજીત નમે આનંદમાં, અજીત થવા જગમાંય;
આત્મ શાંતિને આપજો, બીજું ન માગે કાંય. ૪

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૯

શ્રીનેમિજિન-ચૈત્યવંદન.

દોહા.

નેમિનાથ બાવીશમા, ગુણ ગંભીર ભગવાન;
શિવાદેવી માતા શુભા, શિવ સુખ કેરી બાણ. ૧

આયુષ વર્ષ હજારનું, દશ ધનુષનો દેહ;
શોભે લાંછન શંખનું, જયકારી પ્રભુ જેહ. ૨

સૌરીપુર પત્તન ભલું, ઉત્તમ આતમ જિનંદ;
અખંડ અવનીના પતિ, સ્મરણ સદા સુખકંદ. ૩

અજીતતણા અંતર વિષે, આવો હે અલબેલ;
શિવસુખ નિર્મળ નીરની, સદા કરો રસરેલ. ૪

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૦

શ્રીપાર્શ્વજિન–ચૈત્યવંદન.

દોહા.

અશ્વસેનના સુત તમ્હેં, પાર્શ્વનાથ પરમેશ;
જન્મ્યા વામાની કુખે, દીપ્ય તમ્હારો દેશ. ૧

આશા પૂરો દાસની, તોડો ભવના ત્રાસ;
કલ્પ સમી કાશી વિષે, નિર્મલ આપ નિવાસ. ૨

અષ્ટ કર્મને કાપીને, શિવગતિ પામ્યા આપ;
સમરણ કરતાં સામટા, જાય ત્રિવિધ સંતાપ. ૩

આયુષ સો વર્ષો તણું, પ્રણતતણા પ્રતિપાલ;
અજીત હૃદય આરાધતાં, પ્રગટે મંગલ માલ. ૪

જય જય જય જિનવર પ્રભુ, પાર્શ્વનાથ પ્રિય પ્રાણ;
કૃપા કરી કરૂણા પતિ, આપો અનુભવ જ્ઞાન. ૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમહાવીરજિન-ચૈત્યવંદન.

હરિગીત.

ત્રિશલા તણા જાયા તમે,
સુત છો સિદ્ધારથના પ્રભુ;
સમરૂં સદા મહાવીરજી,
સુર નર તણા વંદિત વિભુ. ૧
લાંછન બિરાજે મૃગ તણું,
કાયા તથા કર સાતની;
અંતિમ જિનેશ્વર ઇષ્ટ છો,
દીપાવો કીર્તિ તાતની. ૨
બહોતેર વર્ષ બિરાજીયા,
શ્રીજૈન ધર્મ ધુરંધરા;
સૂરિ અજીત કેરા આતમના,
ભગવાન છોજી સુખકરા. ૩
હિંસા વિહોંન પથ આપનો,
વળી કલ્પ તરૂની છાંયડી;
નિજ પ્રણતકેરી પકડજો,
બળવંત બાપા બાંહ્યડી. ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીસીમંધરજિન-ચૈત્યવંદન.

શાર્દૂલ વિક્રીડિત.

હે સીમંધર સ્વામીં આપ ચરણે,
મ્હારા નમસ્કાર હો;
ને વ્હાલા પ્રભુ આપના સ્વરૂપમાં,
મ્હારો સદા પ્યાર હો;
જન્મ્યા નાથજી પુંડરીકિણીં વિષે,
શ્રેયાંસ નામે પિતા;
માતા સત્યકીં રાણીં ધર્મ ભરિતા,
સ્નેહાન્વિતા સુસ્મિતા. ૧
શ્રીકુંથુ અરનાથ અંતર વિષે,
ઉત્પન્ન છોજી થયા;
પામ્યા રૂકિમણીં નારીં તોય પ્રભુજી,
ના ડૂબ્યા વિશ્વે રહ્યા;
ઘાતી કર્મ તણો કર્યો ક્ષય અને,
વૈરાગ્ય પામી ગયા;
હે પ્યારા પ્રભુ દાસના દિલ વિષે,
રાખો ક્ષમા ને દયા. ૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોરાશી કરી શિષ્ય શ્રી ગણધરો,
સો કોટિ મુનીશ્વરો;
પામ્યા કીર્તિ અમાપ આપ જગમાં,
કષ્ટો અમારાં હરો;
કીધા છે દશલાખ કેવલિ જનો,
કીધો સમુદ્ધાર છે;
શ્રી સીમંધર સ્વામીજી અજિતનો,
સાચોજ આધાર છે ૩

વ્હાલા છો મુજને યથૈવ અધુના,
એવાજ વ્હાલા રહો;
શ્રી પેઢાલ અને પ્રભુ ઉદયના,
વચ્ચેજ સિદ્ધિ ગ્રહો;
પ્યારા હો મુજ અંતરે જગતને,
શાંતિ સુધા આપજો;
ને શાંતિભર હાથ આજ પ્રભુજી,
મ્હારા શિરે સ્થાપજો. ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીસિદ્ધગિરિ–ચૈત્યવંદન.

વસંતતિલકા.

કૈલાસ ! આપ ઉપરે, સહુ સિદ્ધ આવ્યા;
આત્મા તણાં અતીવ, ઉત્તમ લક્ષ લાવ્યા;
સૌરાષ્ટ્રમાં સુખદ, સ્થાન રૂપે બિરાજ્યા;
પાપાદ્રિ તસ્કર તણા, અરિ આપ ગાજ્યા. ૧
શુદ્ધ સ્વરૂપ કરીને, તમને ભજું છું;
તીર્થાધિરાજ નિરખી, દુઃખડાં તજું છું;
સંતો મહંત સઘળા, સ્તુતિ આદરે છે;
યોગીશ્વરો હૃદયમાં, સ્થિર થઇ સ્મરે છે. ૨
પાપો બધાં પરિહરું, તુજ કીર્તનેથી;
તાપો બધા પરિહરું, તુજ દર્શનેથી;
સૌખ્યો બધાં અનુભવું, તુજ સ્પર્શનેથી;
કષ્ટો બધાં પરિહરું, વિમળા મનેથી. ૩
તીર્થાધિરાજ ! મુજને, શુભ શાંતિ આપો;
ધર્માધિરાજ જગની, સહુ ભ્રાન્તિ કાપો;
મ્હારા વિશુદ્ધ મનમાં, ગિરિરાજ વ્યાપો;
સૂરિ અજીત વિનવે, શિર હસ્ત થાપો. ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીપુંડરીકગણધર-ચૈત્યવંદન.

હરિગીત.

પ્રભુ આદિનાથ તણા તમ્હે,
ગુણવંત ગણધર શુદ્ધ છો;
વળિ પુંડરીક શુભ નામ છે,
શુભ શાસ્ત્રમાંહિ પ્રબુદ્ધ છો;
વ્યાધિ વિદારો અમ તણી,
અનશન ઘણું વૃત્તો કીધાં;
મુનિ પાંચ કોટિ ઉદ્ધારિયા,
શિવ જ્ઞાનનાં નાણાં દીધાં. ૧
ચૈત્રી પૂનમના શુભ દિને,
ઉત્તમ પ્રભુ પદ પામિયા;
સુખકંદ પરમાનંદ સ્વામી,
સકળ દુઃખને વામિયા.
શુભ જૈન કેરા સંઘમાં,
સદ્ ધર્મનું બળ સ્થાપજો;
અજીતાબ્ધિ ને આત્મા તણો,
આનંદ નિર્મળ આપજો. ૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

स्तवनावली.

श्रीआदिजिन-स्तवन. (१)

सांभळजो मुनि संयम रागे--એ રાગ.

આદિ જીનેશ્વર ! અંતરજામી, પ્રાણ થકી છે પ્યારો રે, દર્શન કરતાં દુઃખ દૂર થાતાં, દેવનો દેવ અમ્હારો રે. આદિ-૧. કોમળ લોચન સંકટ મોચન, કોમળ નેત્ર પ્રકાશી રે; શિવ સુખ ધામી કરૂણાસાગર, સહુ સદ્ગુણના રાશિ રે. આદિ-૨. ચાતક સરખાં અમ ચિત્તડાંનો, સુભગ સરસ એ સ્વાતી રે; કરૂણામૃતનું પાન કરીને, શીતળ થાતી છાતી રે. આદિ-૩. કલ્પવૃક્ષ સમ કાયા શોભે, ભવનાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

કષ્ટો કાપે રે, ઉત્તમ અભિનવ આનંદસાગર, ઊર્ધ્વ ગતિને આપે રે. આદિ–૪. પ્રાણ થકી પ્રિય પાતળિયાજી ! નયનથી નવ રહેા ન્યારા રે; આપ ચરણ વિણ બીજે દેખ્યા, શિવ-સુખના ઊધારા રે. આદિ–૫. સ્વર્ગ તણાં સુખડાં નવ માગું, જગસુખ પણ નવ માગું રે; પુત્ર કલત્ર કશું નવ માગું, આપ ચરણ અનુરાગું રે. આદિ–૬. નાભિપુત્ર તીર્થંકર નિર્મળ, અજીત અગેાચર આવેા રે; મેાહ મમત માયાને કાપેા, મટે મૃત્યુનેા હાવેા રે. આદિ–૭.

શ્રીઅજિતજિન–સ્તવન. (૨)

રાગ ઉપરનેા.

અજીત જિનેશ્વર અંતરજામી, અરજ કરૂં શિર નામી રે; ભટકીને ભવવનમાંહીથી, શરણે વૃત્તિ જામી રે. અજીત–૧. સિંહ ભરખ શિયાળ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખાય તો, લાજ સિંહની જાશે રે; કુટિલ કર્મ મુજને સંતાપે, આપની હાંસી થાશે રે. અજીત–૨. આપ કૃપા સૂરજ ઊગે તો, અંધકાર સહુ ભાગે રે; એ જ આશ ઉરમાં રાખીને, સેવક શરણું માગે રે. અજીત–૩. શરણ પડ્યાની લજ્જા રાખો, બરદ પોતાનું પાળો રે; કૂડ કપટ અંતરના શત્રુ, તત્ક્ષણ હે પ્રભુ ટાળો રે. અજીત–૪. વાણીથી પર છો પ્રિયતમજી ! તો પણ ભજતી વાણી રે; એ અપરાધ વિદારી વ્હાલમ ! તારો નિજ જન જાણી રે. અજીત–૫. ઉભય હાથ જોડીને વિનવું, શુદ્ધિ શ્રીફળ આપું રે; અજીત સૂરિના હૃદયમંદિરે, સુખકારી પ્રભુ સ્થાપું રે. અજીત–૬. અજીત તમો થઈ બેઠા જઈને, અજીત અમોને કરજો રે; અજીત સૂરિને બાંધવ કરવા, અજીત અરજ ઉર ધરજો રે. અજીત–૭.

———

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીસંભવજિન-સ્તવન. (૩)

પ્રભુસંગાથે બંધાણી મ્હારી પ્રીતડીરે-એરાગ

સખી સંભવ જીનંદ પ્રભુ આપણા રે, સુખસાગર સ્વરૂપમાં સોહામણા રે. સખી-૧. સખી કોમળ પંકજ સમ નેણ છે રે, રૂડી સાવસ્તી નગરી અરૂં રહેણ છે રે. સખી-૨ મન માન્યું છે સંભવ કેરા રૂપમાં રે, કેમ પડીયે હવેથી પાપકૂપમાં રે. સખી-૩. દામ ધામ સર્વ નાથને ઓવારિયે રે, નરનેનાર બધાં નરક નિવારિયે રે. સખી-૪. આપણ એમનાં સંભવનાથ આપણા રે, એની ભક્તિના આનંદમાં નથી મણા રે. સખી-૫. પૂર્ણ કામ છે ને અંતના આરામ છે રે, મનવૃત્તિ મ્હારી એમાં આઠે જામ છે રે. સખી-૬. સૂરિ અજીતનો નાથ અલબેલડો રે, સુંદર શાંતિનો સાગર પ્રભુ છેલડો રે. સખી-૭.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪૦

શ્રીઅભિનંદનજિન-સ્તવન. (૪)

રાગ ઉપરનો.

સખી આજ મ્હારે આંગણે આનંદ છે રે, અણધાર્યો આવ્યો ઘેર અભિનંદ છે રે. સખી –૧. સખી પૂર્વ કેરાં પુણ્ય ફળ્યાં સામટાં રે, મ્હારા ભવનાં દારિદ્રય દુઃખડાં મટ્યાં રે. સખી –૨. સખી નાથ કેરી વાત હું તે શું કહું રે, કોટિ કામ રૂપ જોઇને ભેસી રહું રે. સખી–૩. સખી આનંદની આજ મ્હારે હેલ છે રે, બહુ નામોં કેરી ધીંગી મળી ભેલ છે રે. સખી –૪. આતમ દીવડેથી આરતી ઉતારિયે રે, જનમ મૃત્યુ કેરી વિપદા વિદારિયે રે. સખી–૫. પ્રેમ પુષ્પ કેરી માલિકા પ્હેરાવિયે રે, લક્ષિત નાથજીને લક્ષમાંહિ લાવિયે રે. સખી–૬. સૂરિ અજિતનો સ્વામોં સુખકાર છે રે, મ્હારી અંત કેરી વેળાનો આધાર છે રે. સખી–૭.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીસુમતિજિન-સ્તવન. (૬)

જાણી જાણી મ્હેતો જાણી રે-એ રાગ.

કોઇ રૂઠીને શું કરશે રે, સાચા સુમતિજી ભજતાં; આતમા મ્હારો કેમ ડરશેરે, સાચા- ટેક. લોકની લજ્જાને અળગીજ રાખું, વૃત્તિ મ્હારી સ્થિર કરશેરે સાચા-૧. સન્મતિ આપે ને દુર્મતિ કાપે, અભર ભરણ સુખ ભરશેરે. સાચા-૨. પ્રેમના પીંજર માંહીં પુરાણી, પ્રભુ પ્રભુ વાણી ઉચ્ચરશેરે. સાચા-૩. એક અગોચર અદ્વૈત આતમ, વિશ્વનાં પર સુખ વરશેરે. સાચા-૪. જોબન તન ધન એનેજ માટે, વિષયોના ભાવ વિસરશેરે. સાચા-૫. પાપ પ્રલય થાશે કોટી જનમનાં, ભવસાગર જીવ તરશેરે. સાચા-૬. અજીતનો સ્વામીજી અંતર-જામી, હરકત ભવ તણી હરશેરે. સાચા-૭.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી પદ્મપ્રભજિન-સ્તવન. (૬)

જાણી જાણી મ્હેં તો જાણી રે-એ રાગ.

પદ્મ સમા પ્યારા પદ્મ પ્રભુજી, પેખી પરમ સુખ લઇએરે; ચાલો દર્શન જઇએ. એ ટેક. પદ્મ સમાં પ્યારાં લોચન લાગે, દુઃખડાં બીજા કોને કહીએરે. ચાલો૦ ૧ ચંદ્ર સમી ફૂડી શીતળ છાયા, દીનતા વિસારી દઇએરે, ચાલો૦ ૨. કલ્પ તરૂ કેરો આશ્રય ત્યાગી, કંટકમાં કેમ રહીએરે. ચાલો૦ ૩. અરજ ગુજારીયે અંતર કેરી, સ્વામીજી ! આપના છઇએરે. ચાલો૦ ૪. વસમી વખતની છો વ્હાર અમ્હારી, ગુણ-નિધિના ગુણ ગાઇએરે. ચાલો૦ ૫. ચિત્ત-દાનું ચંદન પ્રેમનાં પુષ્પો, પૂજી અને ખુશી થઇએરે. ચાલો૦ ૬. અજીતનો વ્હાલમ અંતરજામી, જ્ઞાન ગંગામાંહી નહીયેરે. ચાલો૦ ૭.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સુપાર્શ્વજિન-સ્તવન. (૭)

રાગ-હોરી.

નવ જાશોરે નવ જાશો, સ્વામી સુપાર્શ્વ જિનંદ; અંતરમાંહીથી વેગળા નવ જાશો. એ ટેક. શાંત સુધારસ આપતા સાચા સ્વામી, હાંરે સાચા સ્વામીરે સાચા સ્વામી; મ્હને આપો આનંદ, વિપદ સમાના વ્હાલીડા. નવ૦૧. અલખ નિરંજન આપ છો ગુણધામી, હાંરે ગુણધામીરે ગુણધામી; સત્ય ચિત્ત આનંદ, અળગી કરોને આપદા. નવ૦ ૨. પરમ પુરૂષ પરમાતમા પ્રાણપ્યારા, હાંરે પ્રાણપ્યારારે પ્રાણપ્યારા; નથી આદિ કે અંત, અંત સમય માંહી આવજો. નવ૦ ૩. પાપ વિમોચન પ્રિયતમ જાણ્યા સારા, હાંરે જાણ્યા સારારે જાણ્યા સારા; જાણે મહિમા મહંત, અરજીને લક્ષમાં લાવજો. નવ૦૪ સાધી સ્વારથ સિદ્ધલોકમાં જઈ બેઠા, હાંરે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

જઇ બેઠારે જઈ બેઠા; એવા ચતુર સુજાણ, કપટની આંટી કાપજો. નવ૦ ૫. અજીતસાગર-સૂરિ વીનવે આજે તમને, હાંરે આજે તમનેરે પ્રભુ તમને; દેજો ચરણોનું ધ્યાન, આપનો કર શિર થાપજો. નવ૦ ૬.

શ્રી ચંદ્રપ્રભજિન-સ્તવન. (૮)

અલબેલીરે અંબેમાત-એ રાગ.

જય ચંદ્રપ્રભ મહારાજ, ગુણ ગંભીર ગાઉં; મુજ શિર કેરા છો તાજ, હૈડે હરખાઉં. એ ટેક. ચરણ કમળનો સેવક સમજી, સ્વામી હ્યો સંભાળરે; વિશ્વ વિષે વિખ્યાત થયા છો, પ્રેમી તણા પ્રતિપાળ. ગુણ૦ ૧. ચંદ્રસમા ઉજ્વળ મુખ વાળા, ચંદ્ર સરીખા શાંતરે; ચંદ્ર નામ ચારૂ ધરનારા, ભાંગો ભયની ભ્રાંત. ગુણ૦ ૨. સદ્‌ગુણ સઘળા આપ તણા છે, હું અવગુણની ખાણરે; ણિરૂઢ આપનું અવલોકીને, દ્યો ઉત્તમ વરદાન.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુણ૦ ૩. બંસીનો જેમ નાદ સુણીને, ડોલે મણિધર નાગરે; મુજ અરજીથી એવા ડોલો, ધરી મુજપર અનુરાગ. ગુણ૦ ૪. ચંદ્ર જોઇને કુમુદો ખીલે, ગરજે સાગર નીરરે; એમ જીવન તમને જોઉં છું, ભવ તારણ રણધીર. ગુણ૦ ૫. પતિ પરદેશ ગયા છે એની, સતી અવલોકે વાટરે; એમ વાટ અવલોકું આપની, અળગા કરો ઉચ્ચાટ. ગુણ૦ ૬. સાચી બેલ અમ્હારી માનું, સાચા છો સરદાર રે; અજીતસાગર વિનવે એવું, જય પ્રભુ શિવ સુખકાર. ગુણ૦ ૭.

શ્રી સુવિધિજિન-સ્તવન. (૯)

સ્નેહ ધામ સૂનાં સૂનાંરે-એ રાગ.

આવો આવો સુવિધિનાથ આંગણે, મ્હારા મનના માનેલા મ્હાવરે; સ્નેહ ધર્મ સાચા કરોરે. એ ટેક. ચંદન ચઢાવું મ્હારા ચિત્તનાં, દીવ્ય આવ્યો અમૂલો દાવરે. સ્નેહ ધર્મ૦ ૧.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

હૈડા કેરોરે ચારૂ ચોક છે, પ્રેમ પુષ્પની આવે મીઠી બાસરે. સ્નેહ ધર્મ૦ ૨. પ્રાણ થકી પ્યારા મ્હારા પ્રીતમા, આપો અનુભવ હુલ્લાસરે. સ્નેહ ધર્મ૦ ૩. પુણ્ય ઉદય થયાં કંઈ પૂર્વનાં, મ્હારે પાકી બંધાણી પ્રીતરે. સ્નેહધર્મ૦ ૪. કૂવે ઉતારી વર્ત કાપવો, સાચા સ્નેહીની એવી નથી રીતરે. સ્નેહધર્મ૦ ૫. ચકોર જુવે છે જેમ ચંદ્રને, એમ આપને નિહાળું મ્હારા નાથરે. સ્નેહધર્મ૦ ૬. વારે વારે તો લઉં વારણાં, મ્હારો હેત કરી આલો હાથરે. સ્નેહધર્મ૦ ૭ કુમુદને વ્હાલો જેવો ચંદ્રમા, વળી લોભીને વ્હાલા દામરે. સ્નેહધર્મ૦ ૮ અજીતને એવા હૈયાહાર છો, આપો અંતરમાંહી આરામરે. સ્નેહધર્મ૦ ૯

શ્રી શીતલજિન-સ્તવન. (૧૦)

સ્નેહ ધામ સૂનાં સૂનારે-એ રાગ.

રોકડ નાણું શીતળનાથજી, ચાલે ચક્કી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણે નવખંડરે; પ્રેમ ભર્યું પાનું પડયું રે. એ ટેક. અમૃત પીધું છે પુરા પ્રેમથી, દૂર્યો પાપ તાપ કેરો દંડરે. પ્રેમ૦ ૧ સ્નેહનાં ઉદ્યાનવૃક્ષ સિચવા, મ્હારો વ્હાલો થયા છે મેઘરે. પ્રેમ૦ ૨ પુણ્ય કેરાં પાણી ભરી રાખવા, એ તો સાવ સોના કેરી દેઘરે. પ્રેમ૦ ૩ નંદા રાણીનો જાયો લાડીલો, રૂડા દૃઢરથ રાજવીનો લાલરે. પ્રેમ ૪૦ બનવાની હતી તે બની ગઈ, હવે જખ મારે છે ક્રૂડો કાળરે. પ્રેમ૦ ૫ જોગને જગન સાચા જાગીયા, મ્હને પાકી પડી છે પતીજ રે. પ્રેમ૦ ૬ ઉગે નહીરે પાપ વેલડી, બળ્યાં સઘળાં સંતાપ કેરાં બીજરે. પ્રેમ૦ ૭ બીલી કુમુદ કેરી પાંખડી, ઉગ્યો શીતળનાથ રૂપી ચંદરે. પ્રેમ૦ ૮ અંતરજામી અજીત સૂરિનો, ઉગ્યો અંતર ભૂમિમાં આનંદરે. પ્રેમ૦ ૯

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શ્રેયાંસજિન-સ્તવન. (૧૧)

તેરી યાદી હરદમ દમ આયા કરે-એ રાગ.

તહારી પ્રીતિ અખંડ નિભાવ્યા કરૂં, તહારો સ્નેહ અખંડ સંભાર્યા કરૂં. એ ટેક. પ્રભુજી સૂર્ય હૃદય માંહી બની વાસ કરો, સુખદ જ્ઞાન કેરો આત્મમાં પ્રકાશ કરો; ત્યારે અંબુજ રૂપે હું આવ્યા કરૂં. તહારી૦ ૧ પ્રભુજી હૃદય ગગનમાંહી કદી ચંદ્ર થશો, શ્રેયાંસ શ્રેયસ કિરણ ઉદય કરી હૈડે હસો; ત્યારે કુમુદના રૂપે ચલાવ્યા કરૂં. તહારી૦ ૨ પ્રભુજી પ્રાણ પ્યારા તહોય તેથી પ્યારા ગણું, સ્વામીજી સકળ જગત સુખ થકી સારા ગણું; તહારા ચરણોની રેણુ ઉઠાવ્યા કરૂં. તહારી૦ ૩ બન્યો ત્રિષ્ટકેરા તાપે હવે પાય પડયો, સકળ કોર્ટ તજી ખાસ અદાલતે અડયો; હું તો દાસનો દાસ કહાવ્યા કરૂં. તહારી૦ ૪ મ્હારી વાણીમાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવીને હવે નાથ વસો; મ્હારા હૃદયમાં આવીને ઘડી હાથ હસો; એવી અજીત હું વિનત વહાવ્યા કરું. તહારો૦ ૫

શ્રી વાસુપૂજ્યજિન-સ્તવન. (૧૨)

તેરી યાદી હરદમ દમ આયા કરે-એ રાગ.

વાસુપૂજ્યજી વાત વિચારો હવે, અરજી અંતરમાંહી ઉતારો હવે એટેક. આવે શરણ તેની વીરજન વ્હાર કરે, થઈને દાસ તહારા ચરણમાંહી વૃત્તિ ઠરે; ક્રૂડા કાળના મુખથી ઉગારો હવે. વાસુ૦ ૧ જે જે સિંહ ભક્ષ શીયાળ ના જાય લઈ, જે જે અમૃત પીને પ્રાણી મરી જાય નહીં; વ્હાલા ભવજળ પાર ઉતારો હવે. વાસુ૦ ૨ વિષયવાસનાથી જીવ આ ઘેરાઇ ગયો, જગત કષ્ટ રૂપી સિંહથી હેરાઇ ગયો; વ્હાલા બાળક ને ન વિસારો હવે. વાસુ૦ ૩ કોમળ ભાવવાળાં શાસ્ત્ર સંત મુખે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુણ્યાં, કોમળ નેત્ર પ્રણત દાસ પ્રતિપાળ સુણ્યા; મોહન સેવક જાણી ન મારો હવે. વાસુ૦ ૪ સૂરિ અજીતને અંતરે છે આશ તહારી, રાખો ટેક નિજ દાસને ઉગારનારી; સ્વામી વિષય વિકાર વિદારો હવે. વાસુ૦ ૫

શ્રી વિમલજિન-સ્તવન. (૧૩)

બનઝારા-રાગ.

સ્વામી વિમળ જિનંદ અમ્હારો, મ્હારી નાવડી પાર ઉતારો. એ ટેક. ભવ સાગર પાણી ભારી, એમાં એકજ સાહ્ય તમ્હારી; વાયુ વિષયના વ્હાય છે વારો. સ્વામી૦ ૧ મોહ સ્વરૂપી મઘર રહે છે, મુસાફરને અતિ દુઃખ દે છે; એનો નાથજી ત્રાસ વિદારો. સ્વામી૦ ૨ કેમ આજ થયા છો નમેરા, દીધા દોષ એનેકે ઠેરા; નથી સુણતા ન દેતા હુંકારો. સ્વામી૦ ૩ જો નામ વિમળ ધરી રાખો, તો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિમળ મ્હને કરી નાખેા; મેાહ મમતા મ્હારા પ્રભુ! મારેા. સ્વામી૦ ૪ જઈ દૂર વસ્યા ઘણા દેશે, મ્હારી લાજ હવે કેમ રહેશે; દીવ્ય દેશી દેખાડેા કિનારેા. સ્વામી૦ ૫ સ્વામી અજીતનમ અંતરજામી, પાતળિયાજી પૂરણ કામી; ત્યાં આવવા હક્ક છે અમ્હારેા. સ્વામી૦ ૬

શ્રી અનંતજિન-સ્તવન. (૧૪)

બનઝારા-રાગ.

સ્વામી અનંતને સુખ છે અનંતુ, જેવેા ગગન વિહારી ઇન્દુ. એ ટેક. એને ઋદ્ધિ ખિરાજે અનંતી, એને સિદ્ધિય પણ જયવંતી; શું જાણી શકે જગ જંતુ. સ્વામી૦ ૧ એના ચરણેામાં કેાટિક કાશી, જાય જન્મ મરણ દુઃખ નાશી; પ્રભુ સાગર જગ સુખ ખિન્દુ. સ્વામી૦ ૨ એની કલ્પતરૂ સમ કાયા, એની લાગી અહેાનિશ માયા; પ્રભુ ઉત્તમ પટ જગ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

તંતુ. સ્વામી૦ ૩ કોના બીજાને શરણે જાવું, જ્ઞાન ગંગામાં નિત્યે ન્હાવું; વ્હાલાં ચરણ કમળને હું વંદુ. સ્વામી૦ ૪ એ ગુણસાગર સુખરાશી, એ શિવસુખ કેરો વિલાસી; મ્હારૂં મનડું એ ચરણે વસંતુ. સ્વામી૦ ૫ સ્વામી અજીતનો અંતરજામી, ધીંગા દેશ તણો છે ધામી; સદા મુખ પંકજ છે હસંતુ. સ્વામી૦ ૬

શ્રી ધર્મજિન-સ્તવન. (૧૬)

વૈદરભી વનમાં વલવલે--એ રાગ.

ધર્મ જિનેશ્વર આપની, મ્હને લાગી લગન; શીતળ છાયામાં આવીને, પૂરૂં માન્યું છે મન. ધર્મ૦ ૧ જગની જંજાળ વિભેદીને, ધારૂં ઘટમાંહી ધ્યાન; વાણી શકે શું વર્ણવી, દીવ્ય રૂપનું ગાન. ધર્મ૦ ૨ વિશ્વ સમગ્રમાં આથડ્યો, ઘણું રઝળ્યો છું રાન; આપ ચરણ વિના અન્યમાં, નથી શાંતિ નિદાન.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મ૦ ૩ જોગ જગન નથી જાણતો, નથી શાસ્ત્ર અભ્યાસ; જપ તપ વૃત્ત જાણું નહી, નવ જાણું સંન્યાસ. ધર્મ૦ ૪ એક જ આશ્રય આપનો, જાણી વસ્તુ મહાન; જગનાં ઔષધ તેને શું કરે, પીધું અમૃત પાન. ધર્મ૦ ૫ આદિત્ય આગળ આગિયા, કેમ પૂરે પ્રકાશ; એમ જ આપ વિના ફરે, ઉર બીજે ઉદાસ. ધર્મ૦ ૬ અજીતસાગર કેરા સ્વામી છો, ધીંગા બેલી છો ધર્મ; કાળ કરાળ તે શું કરે, હવે શું કરે કર્મ. ધર્મ૦ ૭.

શ્રી શાંતિજિન-સ્તવન. (૧૬)

વૈદરભી વનમાં વલવલે—એ રાગ.

શાંતિના સાગર સ્વામીજી, વ્હાલા શાંતિ જિનંદ; શાંતિ અખંડિત આપને, ઉપજાવી આનંદ. શાંતિ૦ ૧ ભ્રમર કમળ તણો ભોગી છે, એમાં બૂડે છે પ્રાણ; આપ ચરણ રૂપી પંકજે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મન ભ્રમર સુજાણ. શાંતિ૦ ૨. શાંતિ માગું મ્હારા નેત્રમાં, માગુ વાણીમાં શાંતિ; હૃદયમાં શાંતિ સમર્પજો, ભાગી ભય કેરી ભ્રાંતિ. શાંતિ૦ ૩. ભવ દુઃખ વારણ ભ્રાત છો, સાચા શાંતિ છો તાત; કરૂણા કરો નિજ બાળ પર, વિનવું જોડી બે હાથ. શાંતિ૦ ૪. શાંતિ નથી ત્યાંહી શું કરે, કોટિ કીધેલાં કર્મ; શાંતિ નથી તેને શું કરે, કોટિ ધારેલા ધર્મ. શાંતિ૦ ૫. અખંડ આનંદ તહારા આંગણે, રમો જ્ઞાનનો રાસ; નિત્ય નવો નવો ઓપતો, હૈડા માંહી ઉલ્લાસ. શાંતિ૦ ૬. આપના ગુણ રૂપ જળ વિષે, મન મ્હારૂં છે મીન; અજીતસાગર કેરી વિનતી, પ્રેમપંથે પ્રવીણ. શાંતિ૦ ૭.

શ્રી કુંથુજિન-સ્તવન. (૧૭)

રાગ—ગરબો.

જય જય કુંથુ જિનેશ્વર નાથ કે, હૈડે

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાર છો રે લોલ; વ્હાલા પ્રણત તણા પ્રતિપાળ કે, શિવ સુખકાર છો રે લોલ. ૧. રાખું મનના મંદિરમાંહિ કે, જવા નહિ દઉં રે લોલ; પ્રભુ તુજ રૂપ અતીવ અનુપ કે, જોઈ મોહી રહું રે લોલ. ૨. પ્રભુની વદન કમળ છબી જોઈ, મદન ઝાંખો પડે રે લોલ; કોમળ પંકજ સરખાં નેત્ર કે, કથતાં ન આવડે રે લોલ. ૩ વૈરી થાય સમગ્ર પ્રપંચ કે, તોયે નવ તજું રે લોલ; પૂરા ભાવ ભજનની સાથ કે, કોયું કાળજું રે લોલ. ૪. આવન ગરૂડ તણું જ્યાં થાય કે, પન્નગ શું કરે રે લોલ; સમરણ આપ તણું જ્યાં થાય, ત્યાં પાપો શું કરે રે લોલ. ૫. રાખું નેત્રકમળની માંહી કે, થનથન નાચવું રે લોલ; મ્હારા મોહનવરની આગળ, નિશ્ચય જાચવું રે લોલ. ૬. હરખે હૈડા-માંહી અજીત, પ્રભુ તુજ આશરે રે લોલ; થાને કામદુધા સમનાથ કે, ચરણે શીર ધરે રે લોલ. ૭.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી અરજિન-સ્તવન. (૧૮)

મુજ ઉપર ગુજરી—એ રાગ.

સુણો સુણો અરજ અવિનાશ. નાથ અર સ્વામી; છો શાસ્ત્ર વિષે વિખ્યાત, નથી કંઈ ખામી. સુણો૦ ૧. હું છોડી જગત જંજાળ, શરણમાં આવ્યો; વળી દાસ તણો પણ દાસ, આજ કહેવાયો. સુણો૦ ૨. આ નાશવંત છે લોક, આપ અવિનાશી; તુજ ભજનિક જનને સ્હેજ, મુક્તિ છે દાસી. સુણો૦ ૩. નવ સ્વાર્થી થાતા નાથ, સિદ્ધ રૂપ થઈને; હો નિઃસ્વાર્થી ભગવાન, દાસ નિજ કહીને. સુણો૦ ૪. જેમ અગર ચંદનનું વૃક્ષ, કરે તરૂ ચંદન; તુજ રૂપ થવાને કાજ, કરું છું વંદન. સુણો૦ ૫. મુજ દોરી જીવનની નાથ, રાખજો કરમાં; પછી કદી પડે નહિ દાસ, દોષના ડરમાં. સુણો૦ ૬. મુજને છે મોટી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

આશ, મદદ છે તુહારી; સૂરિ અજીતસાગરના નાથ, જાઉં બલીહારી. સુણો૦ ૭.

શ્રી મલ્લિજિન-સ્તવન. (૧૯)

મુજ ઉપર ગુજરી-એ રાગ.

હે મલ્લિ જિનેશ્વર દાસ, અરજ ઉચરે છે; તુજ દેખી નૈાતમ રૂપ, પાર ઉતરે છે. હે મલ્લિ૦ ૧. નિદ્રામાં આવેા સ્વપ્ન, જાગ્રત રહેજો; મુજ બાળક જનને બાપુ, ગેાદમાં લેજો. હે મલ્લિ૦૨ નવ જાણું કરણાકરણ, ધર્મ નવ જાણું; નવ જાણું જ્ઞાનાજ્ઞાન, મર્મ નવ જાણું. હે મલ્લિ૦ ૩. નિત્ય આવી સાંજ સવાર, મદદમાં રહેજો; મુજ ઊર્ધ્વ માર્ગની શાન, કરણમાં કહેજો. હે મલ્લિ૦૪ નિર્દોષ બાળક એક, હુંફ માતાની; અજ્ઞાનીનેા ઉદ્ધાર, કરે છે જ્ઞાની. હે મલ્લિ૦ ૫. એા! ગુણના સાગર નાથ, પૂર્ણ હું સાચેા; મુજ પકડેા આવી હાથ, પડું નહી પાછેા. હે મલ્લિ૦૬.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂરિ અજીત તણા પ્રતિપાળ, મલ્લિ પ્રભુ મ્હોટા; નવ જગમાં દેવ્યા કયાંઈ, જીવણ ! તુજ જોટા. હે મલ્લિજી૦ ૭.

શ્રી મુનિસુવ્રતજિન-સ્તવન. (૨૦)

શી કહું કથની મ્હારી રાજ--એ રાગ.

કોણ કહે ઉપકારી રાજ, મુનિસુવ્રત પ્રભુ તમને. એ ટેક. સ્વાર્થી જનો તો સ્વાર્થને ભાળે, પરહિત પર ઉપકારી; મુજ પર જો પરમાર્થ ન કરશો, શરણની આસ ધુવારી રાજ. કોણ૦૧. કલ્પવૃક્ષની છાયામાં જતાં, આવે ન કષ્ટનો આરો; શો મહિમા તો કલ્પ તરૂનો, આપ એ વાત વિચારો રાજ. કોણ૦૨. આદિત ઉગે વિશ્વ વિષે ને, અળગું ન થાય અંધારૂં; શો મહિમા તો સૂરજ કેરો, વાત એ કેમ વિસારૂં રાજ. કોણ૦૩. પાણી પીધાં જ્યારે પ્યાસ મટે નહી, પછી તે શાનું પાણી; આપના ભજને ભય નવ ભાગે,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછી શાના તમે જ્ઞાની રાજ. કોણ૦૪. સુવ્રત આપો કુવ્રત કાપો, અભય હસ્ત શિર થાપો; મ્હારા જીવનના અંતર બાહેર, વ્હાલમ વરજી વ્યાપો રાજ. કોણ૦ ૫. અંતર કેરી આંટી ઉઘાડો, સંશય સર્વ સંહારો; જેવો તેવો પણ આપ તણો છું, સેવક સહજ તમ્હારો રાજ. કોણ૦૬. અજીત સાગરના અંતરજ્ઞામી, મુજ હિત માટે ગાજો; સ્નેહ સિંહાસનમાંહી પધારી, બહુ નામીજી ગિરાજો રાજ. કોણ૦૭

શ્રીનમિજિન-સ્તવન. (૨૧)

શી કહું કથની મ્હારી રાજ-એ રાગ.

સુણો નમિ જિનેશ્વર સ્વામી રાજ, હેતે અરજ અમ્હારી, એ ટેક. જન્મ મરણનાં જોખમ પામી, શરણ તમ્હારે આવ્યો; કરૂણા સાગર નટવર નાગર, લક્ષ તમોમાં લાવ્યો રાજ. હેતે૧ આનંદ કેરા નાથ ઉજાગર, શિવપુર કેરા વાસી;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોભ ક્ષોભ મુજ નાશ કરોજી, આપનો હું વિશ્વાસી રાજ. હેતે૦૨. ભવ વનમાં ભટકણ છે ભારી, નીકળવા નથી બારી; દીન બંધુ મ્હને પ્રાણ થકી છે, મૂર્ત્તિ તમ્હારી પ્યારી રાજ. હેતે૦૩. બુદ્ધિ ન માગું શક્તિ ન માગું, ન માગું કોઈ આસક્તિ; એકજ અંતર માંહી હું માગું, ભાવ સંગાથે ભક્તિ રાજ. હેતે૦૪. પત રાખોને પાતળિયાજી, નિજ મ્હોટાઇ વિલોકો; કરૂણા થાતાં આપ ચરણની સમાઇ જાશે શોકો રાજ. હેતે૦૫. હેઠું નાંખે નહી હરિયલ પંખી, કાષ્ટને પકડે કરથી; આપ ચરણને હે અલબેલા, ધર્યા હૃદયમાંહી ધરથી રાજ. હેતે૦૬. ના તલસાવો મદદે આવો, કરૂણા જળ વરસાવો; અજીત સાગરના અંતરજામી, લાખેણો આપો લ્હાવો રાજ. હેતે. હેતે૦ ૭.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી નેમિજિન-સ્તવન. (૨૨)

ઓધા અમ્હને તો હરિ—એ રાગ.

નેમિનાથ સ્વામી સદા સારા; અંતર-માંહી વસો મ્હારા. એ ટેક. અંતર મ્હારા સાથે નવ ધરશો, રસે રૂપે આત્મ સ્વરૂપ કરશો; વ્હાલા મ્હને વ્હાલી કરી વરશો. નેમિ૦ ૧. શરણ એક આપ તણું મ્હારે, ઇચ્છું નહીં અન્ય કદી ક્યારે; ધારણ ધીર હૈડું નવ ધારે. નેમિ૦ ૨. ચરણરજ કેરી હું છું દાસી, કૃપા જળ કેરી પૂરી પ્યાસી; બનો મ્હારા હૈડાના ઉલ્લાસી. નેમિ૦ ૩. કોટી કામ-દેવ રૂપે વારૂં, એકી ટસે રૂપ હૃદય ધારૂં; મોહન તમ્હે હૈડું હર્યું મ્હારૂં. નેમિ૦ ૪. પૂરવ કેરી સગાઈ છે સાચી, માટે તમ્હને રહું છું અભુ રાચી; રીઝવું નાથ જીવ વિષે જાચી. નેમિ૦૫. મ્હારૂં મન આપને અર્પણ છે, મ્હારૂં તન એમ સમર્પણ છે; જોગન

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ સદ્ય સમર્પણ છે. નેમી૦ ૬. રાજુલ રાણી એ રીતે અરજ કરે, આંખડલી માંહીથી આંસુ ખરે; અજીત નેમિ દેખીને આતમા ઠરે. નેમિ૦૭.

શ્રીપાર્શ્વજિન-સ્તવન. (૨૩)

મ્હારા મનના માલિક—એ રાગ.

મ્હારી અરજ સુણો અવિનાશી રે, પ્રભુ પાર્શ્વ સદા સુખરાશી. એ ટેક. પ્રીતમ આપનું ખરદ વિચારો, જોશો ન અવગુણ ધારી; પ્રભુચરણની સેવા પ્યારી, છું વ્હાલ-મજી વિશ્વાસી રે. પ્રભુ૦ ૧. સતી નારીની લાજ લુંટાતાં, પત પતિની જાશે; જગમાંહી હાંશી થાશે, મ્હને એક તમ્હારી આશી રે. પ્રભુ૦ ૨. ક્રોધી કુટિલ કપટી છું તોયે, ત્રિભુ-વન સ્વામી તારો; વ્હાલમવર વાત વિચારો, છો પ્રેમ પીયૂષના પ્યાસી રે. પ્રભુ૦ ૩. નાથ પકડને હાથ હવેથી, સુધારો છેલ્લી બાજી;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછી પડે ન શકવું લાજી, નવ થાય જગતમાં હાંસી રે. પ્રભુ૦ ૪. રાજ તણા અધિરાજ તમો છો, કોમળ નાથ કૃપાળુ; દીનબંધુ દેવ દયાળુ, પરમેશ્વર કીર્તિ પ્રકાશી રે. પ્રભુ ૦૫. પાંખ વગરનાં પંખીનાં બચ્ચાં, માતની વાટ જુવે છે; વિરહે હૃદયે રૂવે છે, હું તો ચરણ-કમળની દાસી રે. પ્રભુ૦ ૬. અજીતસાગરની અરજ સ્વીકારો, ધ્યાન નયનભર ધારો; સ્થિર ચરણે વૃત્તિ ઠારો, શિવવનિતા કેરા વિલાસી રે. પ્રભુ૦ ૭.

શ્રીમહાવીરજિન-સ્તવન. (૨૪)

મહારા મનના માલિક—એ રાગ.

મહાવીર મહાવીર ગાઉં રે, હૃદયામાં રાજી થાઉં. એ ટેક. કોઈક રાજાને કરગરતા, કોઈ ધનપતિની પાસે; હૈડામાંહી ઉલ્લાસે, હું બીજે કદિ નવ જાઉં રે. હૃદયા૦૧. ત્રિવિધ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

તાપ તપે છે માથે. જીવ ઘણો ગભરાતો; અતિ કલ્પાંત હૃદયમાં થાતો, તુજ કૃપા છત્ર ચિત્ત ચ્હાઉં રે. હૃદયા૦ ૨. હરતાં ને ફરતાં હરેક વાતે, સ્મરણ તમ્હારૂં ઇચ્છું; પ્રભુ બીજું કાંઈ ન પ્રીચ્છું, તુજ લલિત મૂર્ત્તિ ઉર લાઉં રે. હૃદયા૦ ૩, પરમ દયાળુ પરમ કૃપાળુ, આત્મસુણના રસિયા; મુજ મન મંદિરમાં વસિયા, ચિત્ત ચંદન નિત્ય ચઢાઉ રે. હૃદયા૦ ૪. પ્રાણી ઉપર કરૂણા પ્રકટાવી, અનેક આત્મ ઉદ્ધાર્યા; મહા અંતર શત્રુ માર્યા, પ્રેમ દીપકને પ્રકટાઉં રે. હૃદયા૦ ૫. વૈરાગ કેરા વાયુ ઢોળાવું, ગદ્‌ગદ કંઠે વંદુ; અતિ અંતરમાં આનંદુ; તુજ ભજનનાં ભોજન આઉં રે. હૃદયા૦ ૬. ત્રિશલા નંદન કરૂણા રાખી, કષ્ટ નિકંદન કરજો, કર કોમળ શિર પર ધરજો; સૂરિ અજિત આનંદાઉરે. હૃદયા૦૭.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીસીમંધરજિન-સ્તવન.

જિનરાજ તાજ મલ્લિ વિરાજે-એ રાગ.

સીમંધર સ્વામી, ભક્તિ તમ્હારી ભાવે આપજો; નિરંજન નામી, કષ્ટ અમ્હારાં સઘળાં કાપજો. એ ટેક. વ્હાલ કરીને વિનવું તમ્હને, શિવસુખના દાતાર; વિશ્વનાથ તમ્હને વંદું છું, હૈડા કેરા હાર રે. સીમંધર૦ ૧. કોમળ કાયા લાગી માયા, નામ જપું દિન-રાત; આપ ભક્તિથી અલબેલાજી, સરશે સઘળી વાત રે. સીમંધર૦ ૨. કામી ક્રોધી કુટિલ ઘણો છું, જૂઠ વચન વદનાર; તોપણ ભવ દરિયાને તરવા, આપતણો આધાર રે. સીમંધર૦ ૩. વાસ કરો મુજ હૃદયમંદિરે, તોડો જગના ત્રાસ; ખાસ કરીને ખાંતે ધારી, એક તમ્હારી આશ રે. સીમંધર૦ ૪. અમૃતનું શુભ પાન કર્યું ને, કાય ન થાય નીરોગ;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શો મહિમા અમૃત જળ કેરો, કોણ કરે ઉપ-
ભોગ રે. સીમંધર૦ ૫. નૃપ શ્રેયાંસ તણા છો
નંદન, સત્યકી રાણી માત; ઉદય પામી અનેક
જન્મના, કર્યો કર્મનો ઘાત રે. સીમધર૦ ૬.
નામ સ્મરીને નરક નિવારૂં, ધારૂં નિર્મળ
ધ્યાન; ધ્યારૂં રૂપ પ્રભુજી તમ્હારૂં, રાખો મ્હારૂં
માન રે. સીમંધર૦ ૭. કપટ અનેક ભર્યાં છે
જેમાં, એવો કાળ કરાલ, સહાયકરો પ્રભુ શરણા-
ગતની, કરૂણા કરો કૃપાળ રે. સીમંધર૦ ૮
અજિત સૂરિની અરજ સ્વીકારો, પ્રણત તણા
પ્રતિપાળ; નિજ કિંકર પર કૃપા રાખવા, વ્હાલમ
કરજો વ્હાલ રે. સીમંધર૦ ૯.

શ્રીસિદ્ધગિરિ-સ્તવન.

રાગ ઉપરનો.

સિદ્ધાચલ ગિરિજી, સર્વે તીરથ કેરો
રાજ તું; સમજ્યો હું સાચો, અખિલ પર્વ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

તનો અધિરાજ તું. એ ટેક. શિવગિરિ તુહારૂં સેવન કરતાં, ભવની ભાવટ જાય; સકળ મનોરથ પામે માનવ, એવો ઉત્તમ ગિરિરાય રે. સિદ્ધા૦ ૧. ધન્ય તુહને સેવન કરતાનો, સફળ થાય અવતાર; સુરનર ભવ્યો તુજને પામી, આનંદ પામે અપાર રે. સિદ્ધા૦ ૨. ધન્ય ધન્ય તુજ તરૂ વેલ્લીને, ધન્ય તુહારાં પશુ સર્વ; તુજ કાંકરની શક્તિ સુંદર, ગાળે મોહનો ગર્વ રે. સિદ્ધા૦ ૩. શો મહિમા વર્ણવું મુખ એકે, નથી મહિમાનો અંત; તુજ દર્શનથી તુજ સેવનથી, ઉપજે ધર્મ (શર્મ) અનંત રે. સિદ્ધા૦ ૪. શુદ્ધ ચિત્તથી ચિંતન કરતાં, ધરતાં તન્મય ધ્યાન; અલખ નિરંજન પ્રગટ થાય ને, ઉપજે અગોચર જ્ઞાન રે. સિદ્ધા૦ ૫. વિષયવાસના વેરણ થઈ છે, એને હે ગિરિ! કાપો; અનુભવ અમૃત સ્નાન કરાવી, અમને આનંદ આપો રે. સિદ્ધા૦ ૬. સૂર્ય ઉદયથી સહજ ભાવમાં, તિમિર રાત્રિનું જાય;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમ જ તહારા સહજ સેવને, પાપ અમાપ પલાય રે. સિદ્ધા૦ ૭. સિદ્ધગિરીશ્વર ! અજિત સૂરિને, કર ગ્રહી સ્નેહે તારો; પાવન ગિરિવર સિદ્ધાચળજી ! અમ વિનતી ઉર ધારો રે. સિદ્ધા૦ ૮.

શ્રીપુંડરીકગણધર-સ્તવન.

ગરૂડ ચઢી આવજો—એ રાગ.

સ્વામી પુંડરીક મુજ ઉર આવો, કરૂણાનું વારિ વરસાવો. એ ટેક. તમ્હે સિદ્ધાચળ કેરા વાસી, અંતરની ટાળોને ઉદાસી; મ્હારૂં હૈડું કરોને ઉલ્લાસી. સ્વામી૦ ૧. ચૈત્રી પૂનમે મોક્ષે પધાર્યા, પાશ વિષયોના સર્વ વિદાર્યા; એક આત્મ ધણી ઉર ધાર્યા. સ્વામી૦૨. આદિનાથના અખંડ ઉપાસી, અનુભવ જળ કેરા પિપાસી; દુઃખદર્શનથી જાય નાશી, સ્વામી૦૩. જે જે સજ્જન ગુણ રૂડા ગાશે, આત્મા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિર્મળ તેમના થાશે; કષ્ટ જન્મમૃત્યુ કેરૂં જાશે. સ્વામી૦ ૪. મુનિ પાંચ કરોડને તાર્યા, માન મોહ મહા શત્રુ માર્યા; ઉપદેશથી પ્રાણી ઉદ્ધાર્યા. સ્વામી૦ ૫. પ્રભુજી અજર અચળ અવિનાશી, પોતે પૂરણ રૂપ પ્રકાશી; ઘટમાં મૂર્ત્તિ ગમી છે ખાસી. સ્વામી૦ ૬. સૂરિ અજિતના હૃદયે પધારો, શુદ્ધ ભાવથી અરજ સ્વીકારો; બૂડતા ભવજળમાંથી તારો. સ્વામી૦૭.

શ્રીએકાદશી તિથિ–સ્તવન.

સાંભળશો મુનિ સંયમ રાગે—એ રાગ.

જૈન ધર્મના સ્તંભ જિનેશ્વર, પ્રભુ કેવળ પદ પામ્યા રે; સંઘ ચતુર્વિધ સ્થાપન કરવા, જીવમાં નિશ્ચય જમ્યા રે. જૈન૦ ૧. ચૈત્ર સુદી એકાદશી દિવસે, મહાવીર સમીપે મળિયા રે; ઇન્દ્ર ભૂતિ આદિક એકાદશ, સજ્જન પ્રભુ-પદે વળિયા રે. જૈન૦ ૨. સંશય હરિયા જીવો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેરા, એકાદશ ગણુધર છે રે; વીરે સ્થાપ્યા એને નમતાં, સહુ વાતો સુખકર છે રે. જૈન૦૩. મલ્લિ જિનની જન્મતિથિ છે, ચરણ તિથિ સુમતિની રે; એકાદશીના ઉત્તમ દિવસે, વાત પરમ પદ ગતિની રે. જૈન૦ ૪. આરાધે જો ઉત્તમ જીવો, વર્ષ વિમળ અગિયાર રે; અંગ લખાવો ઉપાંગ લખાવો, શાસ્ત્રીય પંથ નિર્ધાર રે. જૈન૦ ૫. એકાદશ અવ્રત છોડી દ્યો, ધર્મ વ્રત ઉર ધારો રે; અજિતસાગર કેરી શિક્ષા, અંતરમાંહિ ઉતારો રે. જૈન૦ ૬.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીઆદિજિન-સ્તવન. (૧)

ગરબી

નમું નમું આદિ જીનેશ્વરજી, ભાળું સુખ નિશદિન તમને ભજી. એ ટેક. આતમ રૂપે અંતરમાં રાજે, લંપટ લક્ષવાળાં થકી લાજે; અધ્યાતમ ગિરિવર પર ગાજે. નમું૦ ૧. કાયા રૂપ વનિતા નગર જાણ્યું, સૂરિ મુનિ સિદ્ધોએ વખાણ્યું; મહા પાવન પુરૂષોએ માન્યું. નમું૦ ૨. નાભિ રાજા જ્ઞાન રૂપે શોભે, મરૂ દેવી ધર્મક્રિયા ઓપે; લક્ષારથી કેરાં મન લોભે. નમું૦ ૩. ભાવ રૂપ ભરત તનય મ્હોટા, નથી જગમાંહી જેના જોટા; સ્મરે તેને શાના પડે તોટા. નમુ૦ ૪. ધર્મ રૂપ વૃષભ લાંછન-વાળા, સ્વરૂપ સાધી મોક્ષે જવાવાળા; પરમ પ્રભુ પ્રેમીને પ્રેમાળા. નમું૦ ૫. પ્રેમી કેરી પાસે સદા ભાસે, તર્કટવાળી વૃત્તિ થકી ત્રાસે; અજિત સૂરિ ગુણ નિત્યે ગાશે. નમું૦ ૬.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૭૨

શ્રી અજિતજિન-સ્તવન. (૨)

ગરબી

અજિતનાથ આતમા રૂપે દેખ્યા, પરમ પ્રભુ પ્રગટ રૂપે પેખ્યા. એ ટેક. અયોધ્યા છે કાયા નગર સારૂં, પુરા જ્ઞાની લોકે ગણ્યું પ્યારૂં; ખૂટલ લોક કુળ લાવે ખારૂં. અજિત૦ ૧. વિરતિ રૂપ જિતશત્રુ રાજા, પિતા સાચા રાખેા રૂડી માજા; ઇતર પંથે હે આતમ નવ જા. અજિત૦ ૨. વિજયા રૂપી જોગ જુક્તિ માતા, સદાનંદ કેરી છે દાતા; જ્ઞાની જન ગુણ જેના ગાતા. અજિત૦ ૩. રમત રમે રાજા ને રાણી, જીતે પુત્ર મહિમા વડે શાણી; અજિત એથી નામ કથે જ્ઞાની. અજિત૦ ૪. ગુરૂ કેરૂં જ્ઞાન જ્યારે આણેા, આતમ કેરૂં રૂપ ત્યારે જાણેા; મેાક્ષારથ જીવ જરૂર માણેા. અજિત૦ ૫. સંયમ ગુરૂ ગમથી સદા કરજો,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજિત રૂપ આતમને વરજો; અજિત કેરૂં ધ્યાન સદા ધરજો. અજિત૦ ૬.

શ્રી સંભવજિન-સ્તવન. (૨)

ઓધવજી સંદેશો—એ રાગ.

સંભવ આતમ રૂપ સદા સોહામણો, પ્રેમી જનની રહે છે પ્રીતે પાસ જો; ભજતાં ભ્રમણા ભવની સ્હેજે ભાગશે, ઉરમાં સઘળે જાય છવાઈ સુવાસ જો. સંભવ-૧ શાવસ્તી નગરી છે કાયા શોભતી, એમાં શોભે નિત્ય નિરંજન નાથ જો; ગુરૂગમ વણ તે કદિ દર્શન દેતા નથી, સ્નેહી જનનો ઝાલે હેતે હાથ જો. સંભવ૦ ૨. સંભવમાં સંભવ છે સાચી શાંતિનો, સંભવમાં વસિયો છે સહજાનંદ જો; ઊર્ધ્વ લોકની અતિશય વસમી વાટ છે, વિલાઈ જાતાં વિપદ વૃક્ષનાં વૃંદ જો. સંભવ૦ ૩. જમણા ડાબા મારગને પરિત્યાગ જો, ઈડા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પીંગળા જોગ તણેા અભ્યાસ જો; સુષૂમણામા સ્નેહ સહિત ચાલ્યા કરેા, નહી સ્વામી કે નહી દરયે ત્યાં દાસ જો. સંભવ૦ ૪. સેના માતા સદ્‌ગુરૂ કેરી શાનકા, જોગ સમાધિ ભૂપ જીતારી તાત જો; અલખ નિરંજન પોતે શ્રી પરમાતમા, સૂરિ અજિતના હૈડામાં સાક્ષાત જો. સંભવ૦ ૫.

શ્રી અભિનંદન જિન સ્તવન. (૪)

ઓધવજી સંદેશો—એ રાગ.

આતમ રૂપ જિરાજે શ્રી અભિનંદજી, પ્રાણથકી પણ ઉપજે અતિશય પ્યારજો; મન વાણીની ગતિ ત્યાં કદિ પહોંચે નહિ, અધ્યાતમને અનુભવ અન્ય પ્રકારજો. આતમ૦ ૧. પૂરી અયોધ્યા હૃદય કમળ શોભી રહ્યું, એમાં નિર્મળ નાથ તમ્હારેા વાસજો; કામ ક્રોધ મદ મોહ થકી પર વસ્તુ છેા, કલેશ તણેા તો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેશ નથી કંકાસનો. આતમ૦ ૨. પ્રેમ પિતા સંવર નૃપ પૂરણ કામ છે, સ્નેહ સિદ્ધાર્થા સુખકારી છે માતનો; નાત જાતનું જોર તમોને નવ નડે, વિશ્વ વાણીથી સૂણી શકાય ન વાત જો. આતમ૦ ૩. કસ્તૂરી મૃગની નાભિ-માંહી વસે, બાહ્ય વસ્તુમાં મૃગ શોધે છે વાસ જો; એમજ અંતર કેરા વાસી વ્હાલિડા, અખંડ તહારો અમુલખ તત્ત્વ વિલાસનો. આતમ૦ ૪. આદિત્ય ઉગે સઘળે પૂર્ણ પ્રકાશથી, આખા જગનો અંધકાર વણસાયનો; આત્મો-દયથી એમ અજીતના નાથને, ઓળખતાં શિવ નગરી પ્રાપ્ત કરાયનો. આતમ૦ ૫.

શ્રી સુમતિજિન સ્તવન. (૬)

માઢ-રાગ.

વ્હાલો સુમતિજિ સ્વામી, અંતરજામી, આતમ રૂપ સદાય; એતો પૂરણકામી, નામે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનામી, સત્‌ચિત્‌ આનંદરાય. એ ટેક. સાખી–ઉલટ નયન કરી દેખી જોયું, ઉલટી ગંગા જાય; સ્નાન કરે જે સ્નેહ સહિતે, પરમ કૃતારથ થાયરે. એ તો અસંખ્ય પ્રદેશી, વેશે અવેશી, કાયી છતાં છે અકાય. વ્હાલો૦ ૧. સાખી–જોગી જનો જેને વનમાં શોધે, એતો વસે ઘટમાંહિ; રૂપ અલૌકિક રંગ અલૌકિક, બીજે જડે નહિ ક્યાંઇરે. કાયા નગરી અયોધ્યા, પ્રાણી પ્રબોધ્યા, પ્રેમ પ્રભા પરખાય. વ્હાલો૦ ૨. સાખી–ભક્તિ સુમંગલા માત ભલી છે, મેઘરથ નૃપ નિર્માન; અખંડ આનંદઘન રૂપ પ્રકાશી, ધર્મી ધારી શકે ધ્યાનરે. એને નિરખવા ચાલો, પ્રેમનો પ્યાલો, પી મદ મસ્ત થવાય. વ્હાલો૦ ૩. સાખી–કેમ ન પારખો પોતાની વસ્તુ, આપને ઓળખો આપ; અલખ નિરંજન આતમ સ્વામી, એક અદ્વૈત અમાપરે. હું શું વર્ણું વાણીથી, ન ડૂબે પાણીથી, અકથ તે કેમ કથાય. વ્હાલો૦ ૪. સાખી–જોગ જગન

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેનાં જાગી શકે તે, જાણી શકે નીજ રૂપ; સદ્‌ગુરૂ કરૂણા અશરણ શરણા, પડિયે નહિ ભવ કૂપરે. વાત વિચારો મનમાં, પેખો નિજ તનમાં, અકળ કળા એ જણાય. વ્હાલો૦ ૫. સાખી–લાગી લગન પ્રભુ આપ ચરણની, અવિચળ દ્યો વરદાન; હું તું ની સાંકળ તોડો હવે તો, ગાઉ સદા ગુણગાનરે. વ્હાલો અજિત અગોચર, શિવ સુખનો ઘર, પ્રભુ કરૂણાથી પમાય. વ્હાલો૦ ૬.

શ્રી પદ્મપ્રભ જિનસ્તવન. (૬)

રાગ–માઢ.

કેમ છૂપી રહ્યા છો, ગૂમ થયા છો, પદ્મ પ્રભુ પરિબ્રહ્મ; તમને શોધી રહ્યો છું, તલસી રહ્યો છું, હે પ્રભુજી ? હરદમ. એ ટેક. સાખી– કાયા રૂપી કૌશામ્બીના વાસી, નિર્મળ નાથ સદાય; આપ વિના મ્હારાં નયન તલસતાં,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોંઘા મહામહિમાયરે. મુનિ ધ્યાન ધરે છે, શાંતિ વરે છે, પૂરણ પુરૂષોત્તમ. કેમ૦ ૧. સાખી–વિશ્વની રાત્રીમાં દિવસ પ્રકાસો, એક અખંડ ઉજાસ; વિશ્વના દિવસમાં રાત્રી પડાવો, વિષયોથી વેગળો વાસરે. એવા દેશમાં લાલા, લઈ ચાલો વ્હાલા, જ્યાં નહી હું કે ત્વમ્. કેમ૦ ૨. સાખી–સત્ય સ્વરૂપ છે શ્રીધરરાજા, એની છે કીર્તિ અપાર; લોભ લાલચ હવે નષ્ટ કરો પ્રભુ, વિષયોના વિવિધ પ્રકારરે, જગજીવન સ્વામી, નૈાતમ નામી, દર્શાવે સદ્‌ગુરૂ ગમ. કેમ૦ ૩. સાખી–સુસીમા માતા અસીમ દશા છે, પુત્ર છતાંય અપુત્ર; દેવ તણા મહાદેવ નિરંતર, સૂત્ર છતાંય અસૂત્રરે. તમને પ્રેમેથી ભજશે, સંશય તજશે, શાની રહે પછી કમ્મ. કેમ૦ ૪. સાખી–આવીને હાજર પોતે અનોજી, કેડ મૂકું પ્રભુ કેમ; સર્વાપરાધો ને માફ કરીને, રાખો રાજેશ્વર રહેમરે. વિશ્વાસે રહું છું ચિત્તમાં ચહું છું, મટાડો હું અને મમ. કેમ૦ ૫. સાખી–

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાહ્ય પદાર્થોમાં દેખવા ચાલ્યો, નવ દીધું દર્શન એક; પોતાની અંદર પોતે રહે છે, ગુરૂએ બતાવ્યો વિવેકરે. ધ્યાન તેનું ધરૂં હું, ભજન કરૂં હું, ટળ્યું અજ્ઞાનનું તમ. કેમ૦ ૬ સાખી—અજિતનો વ્હાલો છે અંતરજામી, દીવ્ય નજરથી દેખાય; પદ્મ પ્રભુ પોતે પોતાને જાણેા, શિવ સુખ સદ્ય પમાયરે. હું તો પ્રેમે પ્રણામું, મસ્તક નામું, જાય બધું ય જોખમ. કેમ૦ ૭.

શ્રી સુપાર્શ્વજિન સ્તવન. (૭)

મુજ ઉપર ગુજરી-એ રાગ.

હે નાથ અનાથના નાથ, સુપાર્શ્વ પ્રભુ છેા; મ્હારા અંતરના વિશ્રામ, વિશાળ વિભુ છેા. ૧ હું અંતર જ્ઞાને આપ, ચરણમાં રમતેા; ત્રણ તાપ તણાં કરી કાય, સર્વ દુઃખ શમતેા. ૨ સાચા છેા આતમ રાય, અકળ અવિનાશી; છેા શાંત સ્વરૂપ સદાય, સર્વ સુખ રાશી. ૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેને મળી તમ્હારી શાન, સત્ય સુખ તેને;
વાણીથી પર છે વાસ, કહું શું કેને. ૪
નથી રૂપ અગર કે રંગ, છતાં રૂપ રંગી;
છો સર્વેથીય અસંગ. તહોયે છો સંગી. ૫
વારાણસી નગરી કાય, અમે અવલોકી;
એમાં વસો નિરંજન રાય, અતીવ અશોકી. ૬
છે જ્ઞાન પિતા સુપ્રતિષ્ઠ, અમિત ગુણ ધારી;
શમતા રૂપ પૃથ્વી રાણી, માત પણ સારી. ૭
હ્યું સહજે આપ સ્વરૂપ, છતાં શોધું હ્યું;
હ્યું બોધ સ્વરૂપ અનુપ, છતાં બોધું છું. ૮
હે અજર અમર અવિનાશ, સુપાર્શ્વ જિનંદા;
સૂરિ અજિત તણા સુખધામ, અમિત આનંદા. ૯

શ્રી ચંદ્રપ્રભજિન સ્તવંન. (૮)

મુજ ઉપર ગુજરી–એ રાગ.

હે ચંદ્રપ્રભ મહારાજ, આત્મ અવિનાશી;
પડી પીંડ વિષે પહિચાન, પ્રેમ જળ પ્યાસી. ૧.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શોધ્યાં મેં જગનાં ઝાડ, પહાડ મન પ્રોયા;
શોધ્યાં મેં સઘળાં રાન, જીવન નવ જોયા. ૨.
મને મળી ગુરૂની શાન, ચંદ્રપ્રભ તું છે;
તે આવે છે તત્કાળ, જાય જ્યાં હું છે. ૩. જેમ
પુષ્પ વિષે સદ્ગંધ, વાસના આપે;
એમ અંત-
રનો આનંદ, આત્મ પ્રભુ સ્થાપે. ૪. છે ચંદ્ર
પુરી શુભ ચિત્ત, વસે ત્યાં વ્હાલો;
વળી સત્ય
ચિત્ત આનંદ, પરણવા ચાલો. ૫. મહસેન
પિતા છે મસ્ત, અલક્ષ ફકીરી;
એ વણ નવ
આવે હસ્ત, નકામી અમીરી. ૬. શુભ લક્ષણ-
વંતી સદાય, છે લક્ષ્મણા માતા;
સુર મુનિ
જન જેના નિત્ય, ગહન ગુણ ગાતા. ૭. પોતે
પોતાનો શત્રુ, મટી થા પ્યારો;
છે આત્મા
વગર વિકાર, ચંદ્રપ્રભ સારો. ૮. સૂરિ અજિત
પામ્યો જ્ઞાન, ચંદ્રપ્રભ જાણી;
રચી અધ્યાતમ
અનુસાર, નિર્મળી વાણી. ૯.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સુવિધિજિન સ્તવન. (૯)

સાહેબા શાંભળોરે સંભવ અરજ–એ રાગ.

સુવિધિ વિધિ આપજો રે, મ્હારા અંતરના આરામી, આત્મ સ્વરૂપ છોરે, નિર્મળ નાથ સદા નિષ્કામી. સુવિધિ૦ ૧. શોભા શી કહું રે, કોટિ કામ સ્વરૂપે લાજે; કોટિક ચંદ્રમા રે, ઝાંખા કીધા છે મહારાજે. સુવિધિ૦ ૨. અનુભવ રૂપ છે રે, જ્ઞાની જ્ઞાન દૃષ્ટિથી જોતા; મ્હારા ભવ તણા રે, દોષો અંત કરીને ખોતા. સુવિધિ૦ ૩. ચેતન ચેતજો રે, કાકંદી છે સુંદર કાયા; એમાં વાસ છે રે, સુવિધિ આત્મિક લોકે ગાયા. સુવિધિ૦ ૪. અલખની વાતડી રે, કલમે કેમે નથી લખાતી; શીતળ છાતડી રે, પ્રભુનાં દર્શન કરતાં થાતી. સુવિધિ૦ ૫. સાચાં સાધનો રે, સુગ્રીવ નામે તાત દયાળુ; રામા રાણી છે રે, માતા સંયમ વ્રત્તિ કૃપાળુ. સુવિધિ૦ ૬. વણ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વરસાદથી રે, ઝરમર નિર્મળ પાણી વરસે; એના સ્નાનથી રે, પ્રભુનું દિવ્ય સ્વરૂપ અતિ દરસે. સુવિધિ૦ ૭. ધ્યાન સ્વરૂપનો રે, હું તો ધૂપ અખંડ ધરાવું; દિલના દેવને રે, હું તો માન સહિત મનાવું. સુવિધિ૦ ૮. અવધૂ આવને રે, ગહવર અંતર કેરી ધાંટી; સૂરિ અજિતની રે, ઉકલી અંતર કેરી આંટી. સુવિધ૦ ૯.

શ્રી શીતલજિન સ્તવન. (૧૦)

સાહેબા શાંબળોરે—એ રાગ.

શીતલ નાથજી રે, શીતલ શાંતિ આપો સારી; તહારા હાથમાં રે, સુખકર મોક્ષ તણી છે બારી. શીતલ—૧. નથી સમજી જતી રે, આતો નટ નાગરની બાજી, ગુરૂના આશરે રે, મ્હારે અનહદ નોબત ગાજી. શીતલ—૨. હદ નથી જે તણી રે, એ પ્રભુ હદમાં આવી વસિયેા; ભદ્દિલ દેહ છે રે, એનેા થઇ બેઠેા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે રસિયેા. શીતલ–૩. સેાહં બેાલશે રે, વણુ જીહાયે ગુરૂની ગમથી; તેની બેાલશે રે, અંતરની આંટી નિર્ભમથી. શીતલ–૪. દાવ વહી જશે રે, સુખનેા સાગર અંતરમાં છે; સહુ બ્રહ્માંડમાં રે, એ વિણ સુખનું સાધન કયાં છે. શીતલ–૫. દૃઢ વ્રત ધારને રે, દૃઢરથ રાજા જનક ણિરાજે; અંતર સૂરતા રે, માતા નંદા રાણી છાજે. શીતલ–૬. ઉંચાં મૂળનેા રે, ફાલ્યેા ફુલ્યેા આંબેા સારેા; ફળ સુખ દુઃખ છે રે, જ્ઞાની આણે દુઃખનેા આરેા. શીતલ–૭. દુઃખને કાપવા રે, ઉત્તમ માનવ ભવનેા વારેા; બીજા જન્મમાં રે, પ્રભુ પેખાશે કયાંથી પ્યારેા. શીતલ–૮. શીતલ આતમા રે, શીતલ સુખડાં નેા દેનારેા; અજિતસૂરિ તણી રે, વાર્તા અંતરમાંહિ વિચારેા. શીતલ–૯.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શ્રેયાંસજિન સ્તવન. (૧૧)

મેતાજીરે શું મહી મૂલ બતાવું–એ રાગ.

પ્રભુ શ્રેયાંસેરે મનહરિ લીધું મ્હારૂં, જન્મ મૃત્યુનું કાપ્યું છે હ્હારૂં. એ ટેક. જોગી જોગ કરીને સાધે રે, અતિ કષ્ટ કરી આરાધે રે; મ્હારા મનમાં રે, ધ્યાન કરીને ધારૂં, મ્હને પાનું પડ્યું છે પ્યારૂં. પ્રભુ–૧. સહુ સુખ કેરો છે સાગર રે, નિષ્કામી અને નટ નાગર રે; મોહ મમતા રે, ગુરૂ કરૂણાથી મારૂ, મટ્યું હવે મ્હારૂં અને તહારૂં. પ્રભુ–૨. છે શ્રેયાંસ આતમ રાજારે, મુનિ રાખે છે જેની માજા રે; યમ નિયમો રે, હવે થકી નવ હારૂં, હું તો આનંદે આતી ઉતારૂં. પ્રભુ–૩. તમે બાહ્ય ભાવે શીદ ભોળો રે, તજી ચંદન બાબ ન ચોળો રે; પિતા વિષ્ણુનું રે, નામ ઘણું છે પ્યારૂં, હું તો અખંડ અરજ ગુજારૂં. પ્રભુ–૪. માતા જેનાં વિષ્ણુ નામે રાણી રે, એ તો અનહદ કેરી વાણી રે; ઘણું ગાજે રે, અનહદ ગૂઢ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

નગારૂં, મ્હારૂં જીવન થયું છે સારૂં. પ્રભુ–૫. એક માંહી તે શૂન્ય વસે છે રે, શૂન્ય એકના અંક વિષે છે રે; વાટ વસમી રે, કોક એ દેશે જનારૂં, કોક જન્મે એ સાથ થનારૂં. પ્રભુ–૬. મ્હેં તો લાભ અખંડિત લીધો રે, વળી પ્યાલો અમૃતનો પીધો રે; સૂરિ અજિતે રે, ચિત્ત કર્યું છે ચારૂં, તન મનને આતમ પર વારૂં. પ્રભુ–૭.

શ્રી વાસુપૂજ્યજિન સ્તવન. (૧૨)

જિનરાજ તાજ મહિ બિરાજે–એ રાગ.

વાસુ પૂજ્ય સ્વામી, આવી વસ્યા છે અંતર મ્હેલમાં; પાયો પૂરી લાવ્યા, સાચા સીમેટ કેરા કેલમાં. એ ટેક. ઈંટ ન દેખું એકે જ્યાંહી, ચુનો પણ નવ દેખું; આરસ કેરા પત્થર નાહી, લલિત નાથજી લેખું રે. વાસુ–૧. નહી ચેલો નહી ચેલી ત્યાંહી, નહી સેવક કે સ્વામી; અલખ નિરંતર આતમ રાજા, નામ વગર બહુ નામી રે. વાસુ–૨.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક અગર બે અંક મળે નહી, નહી કક્કો નહી બબ્બો; નથી જોડણી શબ્દો કેરી, નહી ગગ્ગો નહી ઘઘ્ઘોરે. વાસુ–૩. દેશ વિદેશ બધામાં ફરશો, પણ જો નહી અનુભવશો; ઠેઠ ઉચ્ચગિરિ ઉપર જઈને, અંતે તો ઊતરશો રે. વાસુ–૪. નથી અગ્નિ પણ જ્યોતિ ઘણી છે, નથી વાદળ પણ વૃષ્ટિ; સદ્‌ગુરૂ શાને દર્શન આપે, સિદ્ધ દેવની સૃષ્ટિ રે. વાસુ–૫. ચિત્ત રૂપી શુભ ચોક સરસ છે, ચંપા નગરી કાયા; વસુપૂજ્ય રાજા વૈરાગી, જયા માતના જાયારે. વાસુ–૬. અલબેલો છે અંતર જામી, વાસુપૂજ્ય મન વસિયો; ઘેરી ઘેરી નોબત ગાજે, સુણી ને હૈડે હસિયોરે. વાસુ–૭. અજિત સૂરિનો અજિત નાથ છે, સમતા કેરો સ્વામી; દોષિત નજરે નથી દેખાતો, ધર્મ દેશનો ધામી રે. વાસુ–૮.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વિમલજિન સ્તવન. (૧૩)

ગરૂડ ચઢી આવજો–એ રાગ.

વિમળ પ્રભુ આતમા અતિ સારો, એ તો પ્રાણ થકી છે પ્યારો. એ ટેક. વિમળ મન ગુરૂ કરૂણાથી કરીયે, જેથી ઠીક ઠેકાણે જઈ ઠરીયે; સદા ધ્યાન અંતરમાંહી ધરિયે. વિમળ–૧. વિમળ તમે વચન કરી વાણી બોલો, બાંતે અંતરનું દ્વાર બોલો; દેખી સુખનો સાગર પ્રભુ ડોલો. વિમળ–૨. કાયારૂપ કંપિલપુર કેરો વાસી, પાપો અને તાપો દેખી ભય નાશી; એ તો હેતુ જનોનો હુલ્લાસી. વિમળ–૩. કૃતવર્મા પિતા શુદ્ધ કરણી, મુખે સદ્‌ગુણ નવ શકું વરણી; ધન્ય પ્રભુના નગર કેરી ધરણી. વિમળ–૪. શામાનામે માતા મનોવૃત્તિ રાણી, શાસ્ત્રમાંહી પ્રસિદ્ધ પ્રમાણી; ભજે પૂર્ણ સંસ્કારી પ્રાણી. વિમળ–૫. શૂન્ય શિખરે સદ્‌ગુરૂ દેવા, સ્નેહ ભાવે કરો તમે સેવા; આઠે પ્હોર પાડો રૂડી હેવા. વિમળ–૬. વિમળ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ આતમ શાસ્ત્ર કહે છે, ચિત્તડામાંહી જોગી ચહે છે; અજિતાબ્ધિ દોષો ને દહે છે. વિમળ–૭.

શ્રી અનંતજિન સ્તવન. (૧૪)

વિમળાચળથી મન મોહ્યું રે–એ રાગ.

આવો અનંત પ્રભુજી રે, મ્હારા મનના માન્યા માવ; લ્યો લ્હાવ લલિત વિભુજી રે, દુઃખહારી મળીયો દાવ. એ ટેક. આતમ આપજ પોતે છો, જ્યોતિઃ નિર્મળ જોતે છો; જે છો તમે તો તે છો રે. મ્હારા. ૧. શિવ સુખ કેરા છો વાસી, આપો અવિચળ આશી; હું આપ તણો વિશ્વાસીરે. મ્હારા. ૨. છે અનંત સદ્ગુણ ત્હારા, પ્રભુ પ્રાણથકી પણ પ્યારા; શિવરમણીના વરનારારે. મ્હારા. ૩. મ્હને અનંત સુખડાં આપો, મુજ કષ્ટો સઘળાં કાપો; શિર શાંતિ ભર્યો કર સ્થાપો રે મ્હારા. ૪. મ્હેં કાયા અયોધ્યા જાણી, નિર્મળ પ્રભુ ત્હારી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાણી; દર્શનથી ધન્ય કમાણી રે. મ્હારા. ૫. સોહંની રટના લાગી, અંતરની જેતી જગી; ભાવટ ભવ કેરી ભાગીરે. મ્હારા. ૬. સૂરસેન તાત શુચિ મન છે, નીરખતાં પાવન તન છે; પ્રભુ અનંત ધીંગુ ધન છે રે. મ્હારા. ૭. અવધૂ યે શાન બતાવી, ગુરૂગમની સમજ્યો ચાવી; સૂરિ અજિતને કર આવીરે. મ્હારા. ૮.

શ્રી ધર્મજિન સ્તવન–૧૬.

(રાગ ઉપરનો)

પ્રભુ અલખ રૂપે અવિનાશીરે, શ્રી ધર્મ-નાથ મહારાજ; જેતામાં જય ઉદ્ધારીરે, સંકટ હર ગરીબનવાજ. એ ટેક. શુભ રત્નપુરી રૂપ કાયા, મ્હને લાગી નિરંતર માયા; યોગી મુનિયે ગુણ ગાયારે. શ્રીધર્મ. ૧. નૃપ વિશ્વસેન સંયમ છે, એ પ્રાપ્ત થવા ગુરૂગમ છે; શુચિ મતિ રૂચિરા અનુપમ છે રે. શ્રીધર્મ. ૨. અંત-રના મ્હેલે વસિયા, શિવ રમણી કેરા રસિયા;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષણ એક ન મુજથી ખસિયારે. શ્રીધર્મ. ૩. જાગ્રતમાં તમને જાણ્યા, સ્વપ્નેપણ સહેજ પ્રમાણ્યા; મહદાતમ સંતે માણ્યારે. શ્રીધર્મ. ૪. અવધૂત છો સાચા સ્વામી, આનંદિત અંતરજામી; તમે જ્ઞાન પંથના ગામીરે. શ્રીધર્મ. ૫. હું તું ના ભેદ નિવારો, દેખાડો દીવ્ય કિનારો; આવ્યો છે તરવા વારો રે. શ્રીધર્મ. ૬. નવ સૂર્ય પ્રકાશે તમને, ટાળો અંતરના તમ ને, કહ્યું એવું ગુરૂએ અમને રે. શ્રીધર્મ. ૭. માતાયે અમૃત છાંટી. મરકીથી કાપી આંટી; ગુરૂજ્ઞાનની જણરી ઘાંટીરે. શ્રીધર્મ. ૮ સૂરિ અજીતે ધર્મ પિછાણ્યા, આતમ પરમાતમ જાણ્યા; મોંઘા મંદિરમાં માણ્યારે. શ્રીધર્મ. ૯.

શ્રી શાંતિજિનસ્તવન–૧૬.

મ્હારા મનના માલિક મળીયા રે–એ રાગ.

જય શાંતિનાથ સુખકારીરે, અનૂપમ રૂપ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે અવિકારી. એ ટેક. હે પ્રભુ આપના રૂપનો મહિમા, શી રીતે વર્ણન કરવો; મ્હારે ભવ-સાગર તરવો, મ્હને મુર્ત્તિ લાગી અતિ પ્યારી રે. જય. ૧. આત્મ સ્વરૂપે સહજ શોભતા ગજપુર નગરી કાયા; મ્હને લાગી અવિચળ માયા, છો અલખ પુરૂષ અધિકારી રે. જય. ૨ કાષ્ઠમાં પાવક હતો ખરો પણ, મંથન મ્હેં નવ કીધું; માટે નવ કારજ સીધ્યું, છે શાંતિ તમારી નારીરે. જય. ૩. વિશ્વસેન ધૃતિ તાત મનોહર, સ્નેહ સિંહાસન સાચું; સુખ મોહ ભાવનું કાચું, માતા રૂચિ અચિરા સારીરે. જય. ૪. દૂધ વિષે ઘી હતું ખરૂં પણ, યત્ન બન્યો નહિ મુજથી; સહ્યો વિયોગ વ્હાલમ તુજથી, ધ્યો હૃદય શત્રુ સંહારી રે. જય. ૫. સદ્‌ગુરૂ સાચા મળિયા આજે, સાગર સાચોં દયાના; લાયક શરણ રહ્યાના, રહ્યો સોહં આજ ઉચ્ચારીરે. જય. ૬. વિણ વાદળ વિજળી ચમકે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, ચંદ્ર વગરની શાંતિ; ભાગી ભયકારક ભ્રાંતિ, નવ દેશો નાથ વિસારી રે. જય. ૭. અજિત આપને અરજ કરે છે, શાંતિનાથ મહારાજ; મ્હારી રાખો જગમાં માજા, લ્યો ભવસાગરથી તારી રે. જય. ૮.

શ્રી કુંથુજિનસ્તવન–૧૭.

પૂનમ ચાંદની ખીલી–એ રાગ.

જય જય કુંથુ જિનેશ્વર સુંદર સ્વામી માહરારે, પૂરણ પ્રેમી પ્રભુજી પ્રાણ તણા આધાર; સાચા આતમ સ્વામી તમને આજે વીનવું રે, તમને દેખી મુજને ઉપજે પૂરણ પ્યાર. જયજય. ૧. સાખી–હસ્તિનાપુરના પ્રભુ, જીવન જગદાધાર; દેહ નગર એ દિવ્ય છે, પ્રકાશ અપરંપાર, સુંદર પ્રાણાયામે કુંડળી નાગ જગાડીને રે, સોહં હંસો એવું સ્મરણ ધને નિરધાર; જય જય જય ભાજન જગજી-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વન કુંથુ જિનેશ્વરા રે. જય જય. ૨. સાખી– સૂરસેન જે તાત તે, અડગ હૃદયનો ભાવ; સમતા શ્રી માતા રૂડી, નિર્મળ આપે લ્હાવ, પુષ્પે ગંધ વસે તે રીતે કાયામાં વસ્યા રે, વ્હાલા પ્રાણ તણા છો આપ સદા પ્રતિપાળ; ત્રિવિધિ તાપ શમાવા વિરતિ સ્વરૂપે વાયરો રે. જય જય. ૩. સાખી–કારણ કાર્ય બધા વિષે, સુવરણ છે એક તત્ત્વ; એમજ મ્હેં જાણી લીધા, સદાય સાચા સત્વ, સ્વામી અજિત-સૂરિને નિર્મળ ભાવે ન્યાળજો રે, પોતે પોતા કેરો કરી લેજો ઉદ્ધાર; શાસ્ત્રે મુનિ સૂરિએ વિનવ્યા તમને સુખકરારે. જય જય. ૪.

શ્રી અરજિન સ્તવન–૧૮.

વિમળાચળથી મન મોહ્યું રે-એ રાગ.

એક હંસ નજરમાં આવ્યો રે, પ્રિય પ્રાણ પ્રભુ અરનાથ; મને લક્ષ અનેરાં લાવ્યો રે, હેતે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

હું જોડું હાથ. એ ટેક. નથી ખડ્ગ અગર કે ભાલો, નથી ઝેર તણો એ પ્યાલો; પણ વૈરી હરવા વાળો રે. પ્રિય. ૧. નથી ચાંચ અગર કે કાયા, પછી કયાંથી દરસે છાયા; ગુણ જ્ઞાની પુરૂષે ગાયા રે. પ્રિય–૨. એ અલખ નિરંજન આતમ, એ પ્રગટ પુરૂષ પરમાતમ; મોંઘું છે નિર્મળ મહાતમ રે. પ્રિય–૩. એ ચિત્ત ચોકમાં રમતો, ભાવિકમન વનમાં ભમતો; જરણાનાં ભોજન જમતો રે. પ્રિય–૪ ગજપુર નગરી કાયા છે, ત્યાં હેત સહિત આવ્યા છે; સૂરિ મુનિ લગની લાવ્યા છે રે. પ્રિય–૫. શુભ દર્શન તાત સુદર્શન, પ્રિય લાગ્યું એનું સ્પર્શન; માતા દેવી મન હર્ષણ રે. પ્રિય ૬. જે અંક નાળને ભેદે, સંશયની ગ્રંથી છેદે; તે પ્રભુમય આતમ નિવેદે રે. પ્રિય–૭ સૂરિ અજિતની ઉલટી વાણી, શું સમજે દુનિયાં શાણી; સમજે તો ધન્ય કમાણી રે. પ્રિય–૮.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મલ્લિજિન સ્તવન. (૧૯)

આવેલ આશ ભર્યાં રે–એ રાગ.

આવ્યા છે મલ્લિપ્રભુ આંગણે, મ્હારે આનંદ કેરી હેલ રે; ઉરની આશા ફળી રે. ટેક. ચંદ્ર વગર રૂડી ચંદ્રિકા, મ્હારા દ્વારમાં નૌતમ ખેલ રે; ઉરની આશા ફળી રે૦ ૧. ગંગા નદીનાં પૂર ઊછળ્યાં, સાગર સદાય છલકાય રે; ઉરની-ખોળડા ઉચારે બધાં આગમો, મ્હારા હૈડે નવ માય રે. ઉરની૦ ૨. ગેબી નોબત કેરી ગર્જના, મ્હારા વ્હાલાનું રૂપ અનૂપરે; ઉરની-કેમ ભરૂંરે જગ પાણીડાં, કૂડો લાગ્યો સંસારનો કૂપ રે. ઉરની૦ ૩. મલ્લીજિનંદ મ્હારો આતમા, નથી જગમાંહી એની જોડ રે. ઉરની-વર્ષ્યા અમૃત કેરા મેઉલા, મ્હારા પૂર્યા છે મન કેરા કોડ રે. ઉરની૦ ૪. મિથિલા નગર કાયા શોભતી, મ્હારા વ્હાલાનો ત્યાં અવતાર રે; ઉરની–પિતા સમાધિ જોગ કુંભ છે, મ્હને–

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પેખીને ઉપન્યો પ્યાર રે. ઉરની૦ ૫. રાણી પ્રભાવતી એકમાં, વળ્યો વૃત્તિ તે લાખ પ્રકાર રે; ઉરની૦ અનહદના નાદ સાંભળું, નથી સારંગી તણલા સતાર રે. ઉરની૦ ૬. પ્રભુ આજે બ્યસેઙ્યા નવ બ્યસે, બોલે વગર બોલાવ્યા બોલ રે; ઉરની૦ અંતર વિષે છે ભલી ભાવના, મ્હારે વ્હાલે બનાવી રંગરોળ રે. ઉરની૦ ૭. સૂરિ અજિત કેરો રાજવી, એ તો દીવ્ય સુબોનો દાતાર રે; ઉરની૦ ગુરૂની કૃપાથી જ્ઞાન પામીને, કર્યો સફળ સુંદર અવતાર રે. ઉરની૦ ૮.

શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

પૂનમ ચાંદની ખીલી—એ રાગ.

શ્રી મુનિસુવ્રત સ્વામી આત્મ રૂપ પરમાતમા રે, પ્રભુજી ગણતાં નાવે આપગુણોનો પાર; મ્હારા અંતર કેરા વાસી પ્રભુ ! કરૂણા કરો રે. ૧. રાજગ્રહી રૂપ કાયા નગરીમાંહી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાસ છે રે, સુંદર દીસે વ્હાલા ચિત્તડા કેરો ચોક; મ્હારા અનંત ભવની હરકત સ્વામી સંહરો રે. ૨. આસન આપું તમને એકાંતે મન માનતું રે, પૂજું પ્રેમપુષ્પથી હે પરમેશ ? મહેશ ?; સોહં સમરણ વાટે સાચા સ્વામી સંચરો રે. ૩. ગુરૂએ સમજાવેલું હૃદય વિષેથી આપતા રે, માટે એ જ અમ્હારા હે ત્રિભુવનપતિ ? તાત ?; મ્હારા અંતરના આરામી સ્થિર થઇ ઠરો રે. ૪. તમને ન્હવરાવું હું નાથ નિરંજન નેહથી રે, રૂડાં જ્ઞાન ગંગાનાં નિર્મળ લાવું નીર; મુજને કરૂણા કેરી નજરેથી પાવન કરો રે. ૫. જોગી જોગ કરીને જગજીવનને જાણતા રે, તપસી દૃઢ વ્રતધારી તપ કરતા પ્રભુ કાજ; એવા અલખ અગોચર પોતે પોતાને સ્મરો રે. ૬. પ્રભુજી આપ તણો છે અજિત સૂરિને આશરો રે, છોજી આપ સદા હું હું છું આપો આપ, સેવક સ્વામી એક જ એ પથ મનહર પાધરો રે. ૭.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી નમિ જિન સ્તવન.

ગરૂડ ચઢી આવજો—એ રાગ.

પ્રભુ નમિનાથ નિરંજન સાચા, સ્મરતાં થાય કાળ તમાચા. એ ટેક. કાયા મિથિલા મનોહર કેવી, જોગ જુક્તિ યે જાણવા જેવી; આપે અતુલિત આનંદ એવી. પ્રભુ૦ ૧. વ્હાલા આતમ રૂપે ગમો છો, શિષ્ય સેવક પ્રાણ તમો છો; છોજી સુણિયા ને દેહ દમો છો. પ્રભુ૦ ૨. વાણી કેમ તમોને પ્રકાશે, આપ સત્તાયે વાણી વિકાસે; ભય જન્મ મૃત્યુ કેરા ત્રાસે. પ્રભુ૦ ૩. જાણ્યો મ્હેં ન મ્હને એજ ખામી, અલખે-લોજી અંતર જામી; હરખ્યો પોતાને પોતેજ પામી. પ્રભુ૦ ૪. જેના વિજય પિતા ઘણા પ્યારા, વપ્રા વૈરાગ્ય ભાવની ધારા; બીજે સત્ય સુખોના ઉધારા. પ્રભુ૦ ૫. જ્યારે અવઘટ ઘાટમાં જાશે, ત્યારે સાચો સુખી જીવ થાશે; પોતે પોતાને સહજ જણાશે. પ્રભુ૦ ૬. મિત્ર પોતે પોતાનો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતે છે, શત્રુ પોતે પોતાનો જોતે છે; સૂરિ અજીત કહે જે હોા તે છે. પ્રભુ૦ ૭.

શ્રીનેમિજિન-સ્તવન.

ઘોથા મંડન નવ ખંડારે-એ રાગ.

મ્હારા મનનાં માન્યા માવા રે, નેમિ જિણુંદા; હું નહિ દઉ તમને જવારે, નેમિ જિનંદા. એ ટેક. વ્હાલાજી ? મ્હારા હૃદય કમળમાંહી વસિયા, તમે હેત કરીને હસિયારે. નેમિ૦ ૧. વ્હાલાજી ? મ્હારા સૌરીપુરી કાયા જાણી, જેને સુર મુનિ જને પ્રમાણીરે નેમિ૦ ૨. વ્હાલાજી ? તમે સચ્ચિદ આનંદ સ્વામી, છેા જ્ઞાન અશ્વના ગામીરે. નેમિ૦ ૩. વ્હાલાજી ? મ્હારા સુરતા શિવાદેવી સારી, સહજનંદી સુખકારીરે. નેમિ૦ ૪. વ્હાલાજી ? મ્હારા સમુદ્ર વિજય પિતા જાણ્યા; મહા મુનીશ્વરેાએ માણ્યારે; નેમિ૦ ૫. વ્હાલાજી ? મ્હારા અખંડ રૂપ અવિનાશી, તમે વિમળ ભાવના વાસીરે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

નેમિ૦ ૬. વ્હાલાજી ? મ્હારા અવઘટ ઘાટ કોઇ જાણે, અવધૂત જન મહિમા માણેરે નેમિ૦ ૭. વ્હાલાજી ? મ્હારા ઉકેલો ઊર કેરી આંટી, સૂરિ અજિત ગહ્વર ઘાંટીરે. નેમિ૦ ૮.

શ્રીપાર્શ્વજિન-સ્તવન.

વિમળાચળથી મન મોહ્યું રે-એ રાગ.

પ્રભુ પાર્શ્વનાથજી પ્યારારે, મન ગમતા છો મહારાજ; પ્રિય પ્રાણજીવન પ્રભુ મ્હારારે, ત્રણ ભુવન તણા શિરતાજ. એ ટેક. મ્હારા અંત સમયના બેલી, તમે મુજને જશો નહી મેલી; આ ઘાંટી સ્વામી છેલ્લીરે. મન૦ ૧. ઉલટી ગંગા છે ચાલી, અમીરસની પીધી પ્યાલી; હું ડોલું મદમાં મ્હાલીરે. મન૦ ૨. વપુ વણારસીના વાસી, છો અખંડ એક હુલ્લાસી; શિવ વનિતા કેરા વિલાસીરે. મન. ૩. શાંતિ વામાના જાયા, મ્હને લાગી મોંઘી માયા; સફળ થની છે કાયારે. મન૦ ૪. મનની ખટ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પટ જે મારે, વળી જગની લટપટ વારે; તે ચટપટ તમને ધારેરે. મન૦ ૫. જે પ્રાણાયામ કરે છે, કરી આસન ધ્યાન ધરે છે; વ્હાલમ! એ તમને વરે છે રે. મન૦ ૬. નૃપ અશ્વસેન ત્રાતા છે, ભક્તિનો રસ ભ્રાતા છે; એ અવધૂ મદ માતા છે રે. મન૦ ૭. સૂરિ અજિત ગુણ ગાનારો, ચિત્તમાં તમને ન્હાનારો; એ તન્મય રૂપ થાનારોરે. મન૦ ૮.

શ્રી મહાવીર જિન સ્તવન.

નાથ કૈસે ગજકો બંધ—એ રાગ.

મહાવીર મોક્ષ નગર કેરા વાસી, હું તો આપ તણો વિશ્વાસી. એ ટેક. જપ મ્હારા ફળિયા ને તપ મ્હારાં ફળિયાં, સહજ ફળી છે સમાધિ; તુજ દર્શનથી તૃપ્ત થઇને, ટાળી અંતરની ઉપાધિ. મહા૦ ૧. આત્મસ્વરૂપે તરે અલબેલા, કોટિ કોટિ ગયા કાશી; સોહં સોહં સમરણ કરતાં, માગું તમારી હું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

આશી. મહા૦ ૨. ભય મ્હારા ભાગ્યા ને જાગી છે જ્યોતિ, અળગી કરી આધી વ્યાધી; નિત નિત નિરખું આનંદ પરખું, એક અખંડ અનાદિ. મહા૦ ૩. તાત સિદ્ધાર્થ છે સિદ્ધ પદારથ, જપ અજપ અભ્યાસી; નિર્મળ નાથનું સમરણ કરતાં, વૃત્તિ રહે નહી પ્યાસી. મહા૦ ૪. ત્રિશલા માતા વૃત્તિ અંતર કેરી, શૂન્ય શિખર પર ડેરા; નયન વગર મૃદુ દર્શન કરતાં, જાય જનમ કેરા ફેરા. મહા૦ ૫. શક્તિ નથી મુજ માંહી પ્રભુજી, અથવા નથી ભાવ ભક્તિ; એક શરણ આતમ પ્રભુ તુહારૂં, અંતર એ જ આસક્તિ. મહા૦ ૬. અજિત સૂરિ તણા નાથ અનૂપમ, સૂર્ય શશીના પ્રકાશી; મંગળકારક છો મોહનજી ? પ્રેમપદાર્થ પ્રકાશી. મહા૦ ૭.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મહાવીર જિન સ્તવન.

મહને મૂકીને ગયો છે મહારોછેલડોરે-એરાગ.

મહાવીર! તહારી વાત માંહે મન ગળ્યું રે લોલ, મહારૂં પૂર્વ કેરૂં પુણ્ય છે મહને મળ્યું રે લોલ. મહા૦ ૧. પ્રભુ! આપની ગુલાબ રંગ આંખડી રે લોલ, લાજે જોઇને પંકજ કેરી પાંખડી રે લોલ. મહા૦ ૨. વિપદ વામિયા ને સર્વ સુખ પામિયા રે લોલ, સિદ્ધ લોકમાં પ્રસિદ્ધ થઇ વિરામિયા રે લોલ. મહા૦ ૩. વિમળ જ્ઞાનનો પ્રવાહ તહારી વાણીમાં રે લોલ, નજર નાખી તહેં કૃપાની સર્વ પ્રાણિમાં રે લોલ. મહા૦ ૪. રાખી વ્હાલમ વ્હાલમ! વ્હેલા આવજો રે લોલ, લક્ષ રાખી દયા દાસ ઉપર લાવજો રે લોલ. મહા૦ ૫. હું તો આપનો ઉપાસિ મહારા વ્હાલીડા! રે લોલ, જન્મમૃત્યુની પીડા હવે પરિહરો રે લોલ. મહા૦ ૬. કાળ છે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરાળ વ્યાપ્યો સર્વમાં રે લોલ, કરો એમ જેમ નવ પડું હું ગર્વમાં રે લોલ. મહા૦ ૭. ગીત ગાઉ ધરી પ્રીત આપને ભજી રે લોલ, હિત કરો અમિત **દોષ દાસના** તજી રે લોલ. મહા૦ ૮. અજિત આવી પડે પાય શરણ આપજો રે લોલ, રોગ શોકના અમોઘ ઓઘ કાપજો રે લોલ. મહા૦ ૯.

श्री चोवीस जिन स्तवन.

હરિગીત.

જય ઋષભ દેવ જિનંદ આનંદ કંદ નાભિ નંદનં, જય અજિત સંભવ જ્ઞાન પુંગવ દોષ કોષ નિકંદનં; અભિનંદને અભિ-નંદનં ભગવંત પાપ પરીહરં, ગુણ ધામ પૂરણ કામ નામ નમામિ સિદ્ધ જિનેશ્વરં. ૧. જય સુમતિ દુર્ગતિ સંહરં પ્રભુ પદ્મ મોક્ષ પ્રકાશકં, સુપાર્શ્વનાથ અનાથનાથજી ! સ્પષ્ટ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

કષ્ટ વિનાશકં; જય ચંદ્રપ્રભ! યોગીંદ્ર સ્તુત્ય કૃપાલ પ્રભુ પરમેશ્વરં, ગુણ ધામ પૂરણ કામ નામ નમામિ સિદ્ધ જિનેશ્વરં. ૨. જય સુવિધિ શીતળ નાથ શ્રી શ્રેયાંસ ધર્મધુરંધરં. જય વાસુપૂજ્ય વિશાળ પૂર્ણ દયાળ વિમળ જિનેશ્વરં; ભગવંત નાથ અનંત સંત ઉદ્ધારણં જગદીશ્વરં, જય ધર્મ શાંતિનાથ ભ્રાંતિ હારિ કાંતિ રવીશ્વરં. ૩. જય કુંથુ શ્રા અરનાથ મલ્લિ મુનિસુવ્રત સુખદેશ્વરં, નમિનાથ નેમિ-નાથ હે! પિતુ માત ભ્રાત અરીશ્વરં; જય પાર્શ્વપ્રભુ મહાવીર ધીર મહેશ્વરં કરૂણેશ્વરં, ગુણધામ પૂરણ કામ અજિત નમામિ સિદ્ધ જિનેશ્વરં. ૪.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

स्तुतिओ.

श्री आदिजिन स्तुति.

शार्दूल विक्रीडित,

હે વ્હાલા! જિનરાજ આપ ચરણે
મ્હારા નમસ્કારહો,
હે આદી ભગવાન? જ્ઞાન નિધિ છો
પ્રેમે પુરસ્કારહો;
નિત્યાનંદ વિષે તમો રમી રહ્યા
મ્હારો પદે તાર હો,
આ મ્હારી પ્રિય પ્રાર્થના નિજ ગણી
સસ્નેહ સ્વીકાર હો. ૧
વંદુ છું તમને પ્રભો પ્રીતિ ભર્યા
મ્હારા તમો નાથ છો,
આ વિશ્વે નહી નાથ જેહ જનને
તેના તમો સાથ છો;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેજો શાંતિ સદૈવ ભ્રાંતિ હરીને
તિર્થાધિપો ? શાંતછો,
કૈવલ્યાભિધ ધારિણી રમણીના
પ્યારા પ્રભુ કાંત છો. ૨.

વાણી છે બલવંત સર્વ જગનાં
કષ્ટો બધાં કાપવા,
રાણી છે ગુણવંત સર્વ સુગુણો
આનંદને આપવા;
સત્તા ધારિણી વિશ્વના જીવ તણા
માથે કરો સ્થાપવા,
ને મોક્ષામૃત વર્ષિણી મુજ દિલે
હું પ્રાર્થુછું વ્યાપવા. ૩.

હે ચક્રેશ્વરી દેવી આવ મદદે
જૈનો તણા સંઘમાં,
આજે આળસ મોહમાં પડિ રહ્યા
ભાસે ન સત્ સંગમાં;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

દે ઉદ્યોગ સમગ્ર રોગ હરવા
ને શોક સંહારવા,
રંગે સ્વર્ણ સમી ચતુર્ભુજ દિસે
વ્યાધિ બધી વારવા. ૪.

શ્રી અજિતજિન સ્તુતિ.

લલિત છંદ.

અજિતનાથજી ? વિનતી કરું,
ચરણ પંકજે શીર્ષહું ધરું;
સકળ આપદા હે પ્રભુ હરો,
નિજ જનો તણી સ્હાય તો કરો. ૧.

અકળ દેવ છો આપજી તમો,
પ્રબળ ભાવથી પ્રાર્થિયે અમો;
સકળ સિદ્ધહે શાંતિ આપનો,
વિમળ દેશમાં નાથ સ્થાપનો. ૨.

સકળ આપને જાણશે નહીં,
પ્રબળ પ્રેમને આણશે નહીં;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુખદ સિદ્ધની સિદ્ધ શારદા,
શિશુ અમો તણી કાપ આપદા. ૩.

અજિત નાથની દીવ્ય દેવીં છે,
દુઃખહરી સદા દેવી એવી છે;
મદદ આપજે ધર્મ માંહી તું,
વિપદ કાપજે સદ્ય આંહી તું. ૪.

શ્રી સંભવ જિન સ્તુતિ.

વસંતતિલકા.

શ્રી નાથ સંભવ તણાં પદ પદ્મ વંદુ,
શોભે સદા જગતમાં નભ જેમ ઇન્દુ;
મ્હારી સદા મતિ રૂડી પ્રભુમાં વિરામો,
આત્મા અને પ્રભુ તણા સહુ સૌખ્ય પામો. ૧.

સંસાર ભાર સઘળા પરિહારનારા,
સંસારીને કરીં કૃપા ભવ તારનારા;
સિદ્ધ પ્રદેશ વિચરી ભય ભાગનારા,
એવા પ્રભુ મુજ દિલે સુખ આપનારા. ૨.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેનો ન અંત પણ અંત વડે ગવાતી,
જેનો ન તંત પણ તંત વિષે છવાતી;
એવી મહા જિનસમૂહ તણી સુવાણી,
આ વિશ્વમાં સુખદ સૂરિજને પ્રમાણી. ૩

છે ચાર હસ્ત મૃદુ નામજ દુરિતારી,
સંભારતાં સકળ કષ્ટ નિવારનારી;
વર્ણે સુગૌર વરદા જય દીવ્ય દેવી,
રહેજો દિલે અજિતના સુરધેનુ જેવી. ૪.

શ્રી અભિનંદન જિનસ્તુતિ.

હરિગીત.

અભિનંદન! તમારા પદે, મ્હારા સદૈવ પ્રણામ છે;
મુજ હૃદયમાં તમારું સદા, ધીંગું મજાનું ધામ છે;
આનંદ દ્યો અંતર વિષે, ભ્રમણા હૃદયની ભાગજો;
આ દાસના ઉપર સદા, કરૂણાની દૃષ્ટિ રાખજો. ૧.

સઘળા સ્થળે સઘળા સમય, સઘળા પધારી સિદ્ધજી;
અમ દોષ દુઃખ નિવારજો, છો પૂર્ણ કામ પ્રસિદ્ધજી;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

હું ભાવ સાથે ભજનથી, આનંદુ છું તમને ભજી;
અંતર વધે અજિતાબ્ધિના, આવો અમૂલા નાથજી.૨

વસંત તિલકા.

સંસ્કાર હીન જગમાં સમજે ન કાંઈ,
સંસ્કારવંત સમજે અતિ ભાવ આંહિ;
શાસ્ત્રો જિનેશ્વર તણાં હૃદયેજ રાખું,
એ શાસ્ત્રની પગવટે શિવ વાણું ભાખું. ૩.

છે શ્યામવર્ણે શોભતી, પદ્માસને અભિરાજતી;
હસતા મુખે રહી વિશ્વમાં, ભય ભેદવાને ગાજતી;
કાલી તમ્હારૂં નામ છે, ને હસ્ત ચારૂ ચાર છે;
સહુ કાર્યમાં મદદે હજો, હું માનુએ ઉપચાર છે. ૪.

શ્રી સુમતિ જિન સ્તુતિ.

હરિગીત.

સન્મતિ અમોને આપજો, કુડમતિ અમ્હારી કાપજો;
સુમતિ પરાત્પર નાથ છો, વરદાન ઉત્તમ આપજો;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સન્મતિ હજો અમ દૃષ્ટિમાં, સન્મતિ હજો અમહૃદયમાં;
હે પ્રાણ પ્યારા પ્રિયતમા ! વ્હારે ચઢો આ વારમાં. ૧.

વૈરાગ્યના સાગર તમ્હે, સુખશાંતિના સાગર તમ્હે;
છો જ્ઞાનના સાગર તમ્હે, છો ધ્યાનના સાગર તમ્હે;
સદ્‌ભાવના સાગર તમ્હે, નિર્માનના સાગર તમ્હે;
સહુ સિદ્ધિદાયક આપને, સ્નેહે નમન કરિયે અમે. ૨.

ગીતિ.

આરાધે શુભ ભાવે,
જન્મ મૃત્યુનાં કષ્ટ દૂર કરે;
લલિત ભાવ ઉર લાવે,
પ્રભુ વાણીથી હૃદય શાંતિ ઠરે. ૩.

શિખરિણી.

મહા કાલી ? ભવ્યો, મૃદુલ ચરણે વંદન કરે;
અને નેત્રો પ્યારા, તુજ વદનનાં દર્શન કરે;
ચઢો વ્હારે દેવી !, સકળ જગમાં શાંતિ કરજો;
રૂડા મ્હારા દેશે, અમર સુખ ભંડાર ભરજો. ૪.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી પદ્મપ્રભુજિન સ્તુતિ.

હરિગીત.

સહુ પુષ્પ કરતાં વિશ્વમાં, કોમળ કમળ કહેવાય છે;
સહુ પુષ્પ કરતાં વિશ્વમાં, સુંદર કમળ કહેવાય છે;
સહુ પુષ્પ કરતાં સૃષ્ટિમાં, નિર્મળ કમળ કહેવાય છે;
પ્રભુ પદ્મ પ્રભ હું આપને વંદન કરૂં છું સર્વદા. ૧.

જિન સર્વને વંદન કરૂં, એ શુદ્ધ સિદ્ધ સમાજ છે;
આનંદના અર્ણવ બદલ, પ્રભુની કૃપા સુખરાજ છે;
ઉન્નત બને મુજ સંઘને, મુજ દેશ પણ ઉન્નત બને;
વરદાન એવું આપજો, સૂરિ અજિત પદ પદ્મે નમે.૨.

ગીતિ.

સ્નેહ ભાવની સિન્ધુ,
પ્રભુની વાણી મુખે રહો મ્હારા;
તારામાં જેમ ઇન્દુ,
ગાઉ છું ગુણ હે શારદા ! તમ્હારા. ૩.
અચ્યુત નામ ધરેલી,
અચ્યુત સુખડાં સદાય દેનારી,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મદદે રહેજો મ્હારી,
અરજી કરતાં કોમળ થનારી. ૪.

શ્રી સુપાર્શ્વજિન સ્તુતિ.

લલિત.

પ્રભુ સુપાર્શ્વને પ્રેમ વંદના,
સહુ જનો અમે દાસ આપના;
સૂરિ અજિતને નવ વિસારતા,
પ્રણુતના દિલે લક્ષ લાવતા. ૧.

સકળ સિદ્ધને છે નમસ્કૃતિ,
મુજ વિષે બીજી સાધના નથી;
સકળ દેવનાદેવ આપ છો,
સકળ સૂરિના સેવ્ય બાપ છો. ૨.

વિમળતા ભરી આપ વાણી છે,
સુર મુનિ જનોએ પ્રમાણી છે;
ભવ સમુદ્રની નાવ રૂપ છે,
અજિતસૂરિના લ્હાવ રૂપ છે. ૩.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસંતતિલકા.

શાંતા સુવર્ણ સમ છે ગજ વાહના તું,
ધર્મીજનો તણી વળી સુખદા સદા તું;
છે ચાર હસ્ત અમ વ્હાર કરો પ્રસંગે,
છે આપનું હૃદય પૂર્ણ ભર્યું ઉમંગે. ૪.

શ્રી ચંદ્રપ્રભુજિન સ્તુતિ.

વસંતતિલકા.

ચંદ્રાવતી નગરીના પ્રભુ આપ સાચા,
હે ચંદ્ર ! શ્રી સુખકરા ! નથી આપ કાચા;
હું આપના શરણ છું દીન જાણી તહારો,
સર્વેશ ચંદ્રપ્રભુજી ? ભવ સિંધુ તારો. ૧.

મ્હારા વિકાર મનના પ્રભુ આપ કાપો,
આનંદ ભાવ પ્રભુજી ! અમનેજ આપો;
દેવાધિદેવ ભજી હું તરી સિદ્ધ થાઉ,
એવાજ કારણવડે ગુણ આપ ગાઉ. ૨.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મીજનો પ્રતિ ઘણું સુખ લાવનારૂં,
પ્રેમીજનો પ્રતિ ઘણો રસ લાવનારૂં;
છે જૈન આગમ અગમ્ય અતીવ ચારૂં,
તે હો સદા સુખ ભર્યું દુઃખ કાપનારૂં. ૩.

જ્વાલાભ્રકૂટિ ? સુખદા મનમાં ગમી છે,
તું તો બધા જગતના હૃદયે રમી છે;
તું હાથમાં બળવતી તલવાર ધારે,
એ દેવી સ્હાય કરવા જલદી પધારે. ૪.

શ્રી સુવિધિજિન સ્તુતિ.

વસંતતિલકા.

શ્રીનાથજી સુવિધિએ શુભ નામ ધાર્યું,
આ વિશ્વનુ દુઃખ બધુ સહજે વિદાર્યું;
ભંડાર સત્ય સુખના વિભુમાં ભરેલા,
આવી સદા ભવિકના હૃદયે ઠરેલા. ૧.

કર્મો કર્યાં સુવિધિનાં અરિ સર્વ માયા,
પોતે તર્યા જગતથી જન બૂડ તાર્યા;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

તીર્થંકરો અમ દિલે વસો શાંતિ આપો,
કલેશો સમસ્ત અમ અંતરમાંથી કાપો. ૨.

જ્યાં સૂર્ય ત્યાં તિમિર જોર નહીં બતાવે,
જ્યાં કલ્પ ત્યાં દુઃખ બધાં કદિ ના સતાવે;
વાણી જિનેન્દ્રતણી જ્યાં મધુરી ગિરાજે,
ત્યાં કષ્ટ નષ્ટ કદિ સ્પષ્ટ પણે ન ગાજે. ૩.

સુતારિકા વૃષભ વાહન ગૌરવર્ણા,
દેવી મહા બળવતી દ્વિતીયા અપર્ણા;
આવે અમ્હારી મદદે અતિ હાસ્ય સાથે,
સત્કર્મમાં મદદ એની હરેક વાતે ૪.

શ્રી શીતલ જિન સ્તુતિ.

વસંતતિલકા.

વ્હાલા જિનંદ પ્રભુ શીતલનાથ સારા,
સંસારનાં દુઃખ બધાં દૂર નાખનારા;
તાપો સમગ્ર ભવના પ્રભુ આજ કાપો,
ને આપની મધુરતા મુજમાંહી સ્થાપો. ૧.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

તીર્થંકરો! સકલ શાંતિ સદૈવ દેજો,
જે ખોડ હોય મુજમાં બધી આપ કેહેજો;
સ્વાતી તમારૉં કરૂણા જળ શોભનારૂં,
જે શુક્તિકા મુજ મને અતિ ઓપનારૂં. ૨.

ગંગા તણા જળ સમી સરલા સ્વભાવે,
પાનાર્થ લોક જગના સહુજે જ આવે;
વાણી જિનેશ્વર તણી મળ કાપનારી,
એ છે મ્હને જીવનથી અતિસેજ પ્યારી. ૩.

છે નીલ વર્ણ શુભ નામ ધર્યું અશોકા,
શોકો સમગ્ર હરજે કર જે અરોગા;
હાલે પડ્યા દુઃખ વિષે નિજ ધર્મ ભાઈ,
તેની સહાય કરજે બળવંતૉ બાઈ? ૪.

શ્રી શ્રેયાંસ જિન સ્તુતિ.

વસંતતિલકા.

શ્રેયાંસનાથ પ્રભુ શ્રેયસ સાધનારા,
અગીયારમા વિમલ દેશ વિષે જનારા;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવી અમો ઉર વિષે તમ ભેદનારા,
સૂર્ય સ્વરૂપ સહુને સુખ આપનારા. ૧.

આ વિશ્વ રાન ભમીંને શરણે હું આવ્યો,
ક્રોધાદિના રણ વિષે નથી હું જ ફાવ્યો;
માટે જ સર્વ જિનજી મુજને બચાવો,
દેવાધિદેવ સુદયા મુજ કાજ લાવો. ૨.

આ વિશ્વના પ્રબલ રોગ વિદારનારી,
વાણી મહાન જિનની ભય ભેદનારી;
તેને સ્તવું રસ ભર્યો સુખદાઇ થાને,
હે માત! દાસ હૃદયે ખુશીથી વિરાજે. ૩.

શ્રીવત્સ નામ ધરતી ભુજ ચાર વાળી,
ગોરૂં સ્વરૂપ હસતી અતિ છે કૃપાળી;
આહ્વાન સંઘ કરતો મદદે પધારે,
સૂરિ અજીત જગનું શિવ ઉર ધારે. ૪.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વાસુપૂજ્ય જિનસ્તુતિ.

વસંતતિલકા.

શ્રીવાસુપૂજ્ય પ્રભુ આપ તણીજ છાયા,
પામી મનોહર બની મુજ સૌમ્ય કાયા;
તહારા ગુણો મુનિ જને સહુ દેશ ગાયા,
લાગી મહાન પ્રભુજી મુજને સુમાયા. ૧.

જેના કરે સુખ વસે સુખ તેજ આપે,
જેના કરે સુખ નથી દુઃખ કેમ કાપે?
સર્વે સુખો કર કયાં પ્રભુ! તો હમારા,
સર્વે મનોરથ કરો પરિપૂર્ણ પ્યારા. ૨.

તાપ સ્વરૂપ તમને હરવા શશી શી,
પાપ સ્વરૂપ તમને હરવા રવિ શી;
હે નાથ! વાણી સુખદા હિત મ્હારૂં સાધો,
ને તે વિષે પ્રતિદિને મુજ વ્હાલ વાધો. ૩.

ચંડાલિકા સુહયવાહન બેસનારી,
છે ચાર હસ્ત જગમાં સુખદા થનારી;
છે શક્તિ હાથ જમણે દ્વિતીયે ગદા છે,
એ દેવી સદ્ય હરતી સહુ આપદા છે. ૪.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૨૨

શ્રી વિમલજિન સ્તુતિ.

વસંતતિલકા.

હૈડે હુલાસ ધરીં હે પ્રભુજી ભજું છું,–
ને આપદા જગતની સઘળી તજું છું;
આવો પ્રભુ વિમળજી ! શિવ સૌખ્ય દેવા,
મ્હારેજ આપ ચરણે સહુ લાભ લેવા. ૧.
વૈરાગ્યનાથ ! અમને અનુરાગ આપો,
કલેશાદિ દોષ સઘળા કરૂણાર્થી કાપો;
પ્રેમ પ્રકાશ કરીં સિદ્ધ પદે પ્રણામું,
જેથી મહાન સુખ આ ભવમાંહીં પામું. ૨.
જ્ઞાને ભૂખ્યા જન તણી ભૂખ ભાગનારી,
અજ્ઞાન દુઃખ હરવા ઝટ આવનારી;
વાણી પ્રભુની પૂરજો સહુ કોડ મ્હારા,
મ્હારા બધા જીવનમાં શિવ હસ્ત ત્હારા. ૩.
આનંદ દાયીં વિજિતા વિજયાર્થ ગાજે,
જોતાં સ્વરૂપ રતિની મૃદુ કાંતિ લાજે;
વર્ણે રૂડી હરિતને કમલાસના છે,
છે બાણ પાસ કરમાં સુખદા સદા છે. ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી અનંત જિન સ્તુતિ.

વસંતતિલકા.

સ્વામી અનંત સુખ દાયક સર્વ શ્રેષ્ઠ,
કામાદિ દોષ હરને પ્રભુ હે મહેષ્ઠ ?
આપો અનંત સુખને સુખથી ભર્યા છો,
કાપો અનંત દુઃખને દુઃખ વિસ્મર્યા છો. ૧.

સ્વામી પડ્યો શરણ હું મુજ લાજ રાખો,
જે જે પથે સુખ મળે પથ એજ દાખો;
લજ્જા જતાં સતીં તણી પતિ લાજ જાશે,
લજ્જા જતાં અમ તણી તમ હાંસીં થાશે. ૨.

છે જૈન શાસ્ત્ર સઘળું સુખથી ભરેલું,
એથીજ આ હૃદય છે સહજે ઠરેલું;
મ્હારા રૂડા હૃદયમાં ધરીં આજ ગાજું,
સાધુ જનો સહુ રહી સુખ સાથ રાજું. ૩.

છે અંકુશા કમળ આસન બેસનારી,
છે ખડ્ગ પાશ કરમાં શિવ સાધનારી;
એ દેવીં આવીં અમ કષ્ટ બધાં વિદારો,
ને આપદા સકલ જૈન તણી ઉતારો. ૪.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ધર્મ જિન સ્તુતિ.

ભુજંગી.

પ્રભો ધર્મસ્વામી મ્હને ધર્મ આપો,
પ્રભો કર્મના બંધનો સદ્ય કાપો;
ધરૂં આપનું સ્નેહની સાથ ધ્યાન,
મ્હને ભક્તિ કેરૂં કરો શુદ્ધ દાન. ૧.
ભમે મ્હારી વૃત્તિ તમો ના ભમાવો,
શમે ના કદી સ્નેહ સાથે શમાવો;
ન જાવે નિજાનંદમાં તે જમાવો,
બધા સિદ્ધ સ્હાયે દયા સાથ આવો. ૨.
બીજી કલ્પ વેલ્લી તમારી સુવાણી,
શિવાર્થી જનોની ખરી છે કમાણી;
પૂરા ભાગ્ય વાળા શકે તે પ્રમાણી,
રહે પાસતો શું કરે કાળ હાણી ? ૩.
મહા પન્નગાદેવી આજે પધારો,
અમો જૈનના સંઘનાં કષ્ટ વારો;
ચતુર્હસ્ત અંકુશ પદ્માદિ ધારો,
અમો જૈનની આપદાને વિદારો. ૪.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શાંતિજિનસ્તુતિ.

ભુજંગી.

નમું નાથ શાંતિ સદા પાય લાગું,
વળી આપની હું કૃપા દૃષ્ટિ માગું;
સદા સૃષ્ટિમાં કલ્પ જેવાજ છાજો,
રૂડા દાસના દીલમાંહી બિરાજો. ૧.
નથી નામ તોયે તમો નામ ધારો,
નથી ધામ તો યે તમો ધામ ધારો;
નથી રૂપ તો યે રૂપસ્વી કૃપાળા,
નમું સિદ્ધ સર્વેશ સર્વે કૃપાળા. ૨.
સ્મરેથી સદા પાપને કાપનારી,
ભજેથી સદા તાપ સંહારનારી;
તપસ્વી જને પ્રેમ સાથે પ્રમાણી,
નમું રમ્ય જૈનેન્દ્રની રમ્ય વાણી. ૩.
સદા માત વાગ્વેશ્વરીને નમે છે,
અની ભાવિકો ભવ્ય લોકો રમે છે;
અધે આવી સત્ જ્ઞાનની જ્ઞાન દેજો,
રૂડી માવડી બાળ સંભાળ લેજો. ૪.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી કુંથુજિનસ્તુતિ.

વસંતતિલકા.

કુંથુ જિનેન્દ્ર પદમાં પ્રણમું સદાય,
જેથી મહાન ભ્રમણા ભય ભાગી જાય;
મ્હારા દિલે સુખ ભર્યો કરજો સુવાસ,
મ્હારો સમગ્ર ભવનો હરજોજી ત્રાસ. ૧.

માતા તમો જિનવરો ! અતિ છો દયાળુ,
ભ્રાતા તમો કપટ કાપી થજો કૃપાળુ;
હે સિદ્ધ ! છો સકળ શાસ્ત્ર વિષે પ્રસિદ્ધ,
સદ્ભક્તિયે મુજ કર્યું મનડું પવિત્ર. ૨.

અજ્ઞાન ધ્વાંત હરવા રવિરાજ જેવી,
સંસાર તાપ હરવા શશિરાજ જેવી;
દારિદ્ર દુઃખ હરવા તરૂ કલ્પ જેવી,
વાણી મહાન પુનિતા પ્રભુ આપ એવી. ૩.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શિખરણી.

અભિધા નિર્વાણી ચતુર કરધારી અતિ મતિ;
સ્વરૂપે રંગે તો કનક સરખી છે ઝળવતી;
ચતુર્ધાર્યા હસ્તો કમળ સહુ તું પુસ્તક ધરે;
અને શ્રદ્ધાગુની મદદ કરવા ગર્જન કરે. ૪.

શ્રી અરનાથજિનસ્તુતિ.

હરિગીત.

અરનાથ અરિ સંહારને, વિષયો બધાય વિદારને;
ભવ સિંધુ પાર ઉતારને, વિનતી સદૈવ સ્વીકારને;
શુભ ભાવ ભક્તિ વધારને, મમતા અને મદ મારને;
આ દાસને ન વિસારને, ઉર અજિત વિનતી ધારને. ૧
સહુ સિદ્ધને વંદન કરું, સહુ સિદ્ધનું અર્ચન કરું;
વળિ જ્ઞાનનું સ્પંદન કરું; શુભ પ્રેમથી પૂજન કરું;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

દોષો થકી નિત્યે ડરૂં,મસ્તક ચરણ કમળે ધરૂં;
એથી બધી હરકત હરૂં, ભવ સિંધુ કેરૂં જળ તરૂં.૨.
સૂરિ એ બધેય પ્રમાણું છે, જગતે બધાએ જાણું છે;
મૃદુ લાભ કેરી લ્હાણું છે, મુનિએ બધાએ માનું છે;
સમતા ક્ષમાની ખાણું છે, સમજી શકે શું પ્રાણું છે;
ગુણ ગાય એનાજ્ઞાનું છે, એ તીર્થકરની વાણું છે. ૩
છે નામ દેવી અચ્યુતા, છે એક વ્યક્તિ અચ્યુતા,
ને શક્તિ પણ છે અચ્યુતા, મયૂરે બિરાજે અચ્યુતા;
હસ્તો બિરાજે ચાર છે, જમણા કરે બીજ શૂલ છે;
આવે ન અમ મદદે તદા, બહુ તુજ તણી એ ભૂલ છે.૪.

શ્રી મલ્લિજિન સ્તુતિ.

વસંતતિલકા.

આનંદકારી પ્રભુ આપ દીપો અનૂપ,
હે મલ્લિનાથ! ધરૂં ધ્યાન તણો હું ધૂપ;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસાર પાર કરવા પ્રભુ કર્ણધાર,
સ્વીકાર જો મુજ તણા પ્રણતિ પ્રકાર. ૧.

ધારો અમો ઉર વિષે પ્રભુ આપ ધ્યાન,
ધારો અમો ઉર વિષે પ્રભુ આપ જ્ઞાન;
રાખો અમો ઉર વિષે પ્રભુ આપ માન,
તીર્થંકરો હું તમને સમજ્યું સુજાણ. ૨.

શાસ્ત્રો સમગ્ર ગમતાં નથીં કાંઈ ખામી,
મ્હારી સુશાસ્ત્ર વચને મતિ ઠીક જામી;
ખાવાનીં વસ્તુ જન ખાય જ તે ધરાય,
જૈનાગમો અનુભવ્યે સહુ પાપ જાય. ૩.

વૈરાગ્ય નામ ધરતી નવ દૂર થાતી,
પદ્માસને વિલસિતા જગમાં જણાતી;
વેલ્લીથીં ઊર્ધ્વ તરૂહીન નથી જવાતું,
તમ્હારા વિના વિજયીં નામ નથી થવાતું. ૪.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મુનિસુવ્રતજિન સ્તુતિ.

વસંતતિલકા.

સ્વામી મુનિ સુવ્રત આપ અનાથ નાથ,
આવી સદૈવ કરજો અમને સનાથ;
આ વિશ્વમાં કંઈ નથી સુખકારી કાથ,
આવીશ આપ પગલે ગૃહા નાથ હાથ. ૧.

હ્હારે ઘસો સકળ તીર્થકરો પવિત્ર,
મ્હારે નથી તમ સમો જન કોઈ મિત્ર;
લાગ્યો મ્હને જગત ભાવ તણો વિચિત્ર,
મ્હારા ઉરે સ્થિર કર્યું તવ રૂપ ચિત્ર. ૨.

આવી અને મળ બધા મુજ દૂર કીધા,
ઘૂંટા મીઠા વચનના પ્રભુ આજ પીધા;
તેણે મ્હને અમૃતદાન મહાન દીધાં,
વાણી તમારી વદને ધરી કાર્ય સીધ્યાં. ૩.

દત્તાભિધા અમ થકી નવ દૂર થાતી,
ભદ્રાસને વિલસતી જગમાં જણાતી;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વેલ્લીથી ઊર્ધ્વ તરૂ હીન નથી જવાતું,
તહારા વિનાજ વિજયી કહિ ના થવાતું. ૪

શ્રી નમિજિન સ્તુતિ.

શિખરણી.

નમીને ચાલું છું પરમ પ્રભુજી શ્રી નમિ પદે,
અરે આ સંસારે નમન વિણ ધર્મો નહી નલે;
નમ્યા તે તો પામ્યા પરમ પદ સિદ્ધેશ્વર તણું,
ગમે છે ભવ્યોને નમન ભરિયું શુદ્ધ શરણું. ૧.

માલિની.

પરમ ધરમ વાળા મોક્ષનો માર્ગ આપો,
પરમ પ્રભુ ! વિશાલા દોષના કોષ કાપો;
વિમળ મન કરીને શિષ્યને શાંતિ દેજો,
અમ હૃદય બિરાજી આપનો દાસ કહેજો. ૨.

શિખરણી.

રમે ભૃંગો જેવા કમળપર જેસી ખુશી થઇ,
રમું હું યે તેવો વચન રસ ચૂસી ખુશી થઇ;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શિરે તાપો ઝાઝા જગત દુઃખના ગર્જન કરે,
છતાં વાણીમાંહી પરમ પ્રભુ કેરી મન ઠરે. ૩.

વસંતતિલકા.

ગાંધારી છે ગહન શક્તિ સદા ધરેલી,
વિશ્વાર્થ સહાય કરવા બળથી ભરેલી;
શત્રુ સમસ્ત હરવા જયશાળી થાજે,
આહ્વાન સદ્ય કરિયે સહુ સંઘ કાજે. ૪.

શ્રી નેમિજિન સ્તુતિ.

ભુજંગી.

રૂડા નાથના નાથ છો સ્વામી નેમી,
બધા વિશ્વમાં આપ છો સત્ય પ્રેમી;
ભરૂંસો ભલો આપનો એક ધારૂં,
જિનેંદ્ર ! તમોને નહી હું વિસારૂં. ૧.
નમું નિર્મળા સર્વ તીર્થંકરોને,
રૂડા હસ્ત મ્હારા શિરે સૌ ધરોને;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મ્હને આત્મ શુદ્ધિ તણી શાંતિ આપો,
કૃપાનાથ ! થઇ દાસનાં કષ્ટ કાપો. ૨.
મીઁઠી શર્કરાથી હું જાણું વધારે,
બધા સૂરિ લોકો સુપ્રેમે ઉચ્ચારે;
ભવાંભોધિમાંથી સદા તારનારી,
નમું શારદા સર્વને સ્હાયકારી. ૩.
સદા દેવીઁ અંબા સમીપે પધારો,
તમ્હારી કૃપા જૈન સંઘે વધારો;
પવિત્રા તમો પ્રેમવાળાંજ હોજો,
અજીતાબ્ધિની શુદ્ધ સંભાળ લેજો. ૪.

શ્રી પાર્શ્વજિન સ્તુતિ.

ભુજંગી.

પ્રભુ પાર્શ્વ સાથે પડયું છે જ પાનુ,
શકૂ કેમ રાખી અહો એજ છાનું;
વખાણે ભલે કે જનો ના વખાણે,
ભજું તોય તહેને પરાણે પરાણે. ૧.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

તમે છો વડા દેવના દેવ સ્વામી,
અમ્હારી સ્થિતિ આપમાં ખાસ જમી;
જિનેંદ્રો ! બધાં કષ્ટ કાપોજ આજે,
જતાં દાસની લાજ માલીક લાજે. ૨.

અમ્હારી હુને વાણીમાં ચિત્ત દોરી,
અમ્હારી હુને આપની વાણી ચોરી;
રમે જેમ લોકો ઉમંગેથી હોરી,
અને આપની વાણી દેજો ઝકોરી. ૩.

સુપદ્માવતી નામ ધારી સુદેવી,
અને આંખડી લાલ ગુંલાબ જેવી;
કરી નાશ વૈરી હૃદેમાં પધારે
અને જૈનનાં કષ્ટ સર્વે વિદારે. ૪.

શ્રી મહાવીરજિન સ્તુતિ.

ભુજંગી.

મહાવીર સ્વામી મહાવીર ગાજો,
મહાવીર શિષ્યો સહુ સ્થાન રાજો;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૩૫

મહાવીરના આશરે વીર થાવું,
મને છે ગમ્યું આપને દેશ જાવું. ૧.

બધાની કૃપા પાત્ર હું બાળ ન્હાનો,
બધાની કૃપાથી સુખાર્થી થવાનો;
મહાવીરની પેઠ વ્હારે પધારો,
ગમ્યો આશરો દાસને છે તમ્હારો. ૨.

ઘણા જીવને વિશ્વમાંહી ઉગાર્યા,
ઘણા જીવને કષ્ટ સિંધુથી તાર્યા;
પ્રભુ આપની વાણી આનંદકારી,
મ્હને પ્રાણથી લાગતી નાથ ! પ્યારી. ૩.

સદા શુદ્ધ સિદ્ધાયિકા દિવ્ય દેવી,
ગમી છે મ્હને સ્હાયમાં આજ લેવી;
બધાં યક્ષ દેવી સુખાર્થે પધારો,
ગણો જૈનના સંઘને પ્રાણ પ્યારો. ૪.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આદિજિન સ્તવન.

બસ ગમમેં તરે યાર–એ રાગ.

આદિજિન સ્નેહે સમરોરે, તમે સઘળા નર ને નાર; તમે સઘળાં નરનાર, ઉતરશો ભવજળ પાર–આદિ. ટેક. છે કાયા ઘડૂલો કાચો, આદિજિન એકજ સાચો; એમાં રાગ કરીને રાચોરે, તમે સઘળાં નરનાર–૧. કાયા વાડી કરમાશે, પાછળ પસ્તાવો થાશે; ભજવાથી દુઃખડાં જાશેરે, તમે સઘળાં નરનાર–૨. શરણાની લજ્જા રાખે, એ નરક નિવારી નાખે; સુર મુનિ જન એવું ભાખેરે, તમે સઘળાં નરનાર–૩. આદિજિન દીલમાં રહેજો, તમે પ્રભુ પ્રભુ મુખથી કહેજો; પ્રભુ મૂર્તિ લક્ષે લેજો રે, તમે સઘળાં નરનાર–૪. પ્રભુ સચરાચરનો સ્વામી, છે નામ છતાં નથી નામી; ધીંગો સહુ સુખનો ધામી રે, તમે સઘળાં નરનાર–૫ એ કલ્પ તરૂની છાયા, મીઠી છે એની માયા;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુણ ભવ્ય જનોએ ગાયા રે, તમે સઘળાં નરનાર–૬. સૂરિ અજિત સાગર બોલે, પ્રભુ સમરી દીલમાં ડોલે; નથી કોઇ આદિજિન તોલેરે, તમે સઘળાં નરનાર–૭.

શ્રી અજિતજિન સ્તવન.

છંદ–હરિગીત–અથવા–ગજલ–સોહિની.

મેં નામ ધાર્યું આપનું, ને ઔરૂઢ ધાર્યું આપનું; વૈરાગ ધાર્યો આપનો, ને વૃત્ત ધાર્યું આપનું; આ વિશ્વમાંહી અજીત છો, મુજને અજીત હવે કરો; ઓ અજીતનાથ ! મહા પ્રભુ ! મુજ અરજને હૈડે ધરો. ૧. છે અજીત નિશ્ચય આપનો, વિશ્રામ એમજ આપનો; છે અજીત આત્મા આપનો, વૈરાગ એવો આપનો; મ્હારા હૃદયમાંહી તમે, વૈરાગ પ્રભુ ! એવો ભરો; ઓ અજીતનાથ ! મહા પ્રભુ ! મુજ અરજને કાને ધરો. ૨. જળ બિન્દુની જે એકતા, એ એકતા આપો મ્હને; મસ્તક ચરણમાં મૂકીને,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિનવું પરાત્પર ! આપને; નામ રૂપ આ વિશ્વનાં, તેની બધી મમતા હરો; એ અજિત-નાથ ! મહા પ્રભુ ! મુજ અરજને કાને ધરો. ૩. કોમળ વ્હમોને સાંભળ્યા, મુજ અર્થતો કોમ-ળ બનો; કરૂણાળુ વ્હમને સાંભળ્યા, કરૂણાળુ મુજ અર્થે બનો; ગેબી ગતિ પ્રભુ આપની, મુજને હવે સ્નેહે સ્મરો; એ અજિતનાથ ! મહા પ્રભુ ! મુજ અરજને કાને ધરો. ૪.

श्री संभवजिन स्तवन.

રાગ–પરજ.

માન માન સખી ! સંભવનાથ પ્રભુ સાચો; સંભવનાથ પ્રભુ સાચો, બાકી કાયાનો કુંભ છે કાચોરે.–માન. ટેક. પ્રેમ કેરાં તો પુષ્પો ચઢાવો, લક્ષમાંહી એ નાથને લાવો; રૂડાં વૈરાગનાં બીજ વાવોરે; માન માન સખી ! ૧. પ્રભુ નામ કેરી મનહર માળા, ચિત્ત કેરા તજી ઘો ચાળા; નાથ સંભવ તારવા વાળારે, માન માન

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સખી ! ૨. ફરી માનવ દેહ નવ આવે, ગુરૂ મોક્ષની કુંચી બતાવે; પ્રભુ વિના તે કોણ બચાવેરે, માન માન સખી ! ૩. પ્રભુ વિના સાહેલી સહુ રોતી, હું તો પ્રભુના પંથને જોતી; વીજ જ્યોતિમાં પરોવવું છે મોતીરે, માન માન સખી ! ૪. સ્નેહ કેરી તો છાબ ભરી છે, મૂર્તિ અંતર માંહી ધરી છે; મ્હારી સુરતા સંભવને વરીછેરે, માન માન સખી ! ૫. એકસાર પ્રભુ કેરી છે ભક્તિ, તજો સંસાર કેરી આસક્તિ; એક નિર્ભય દેશ છે વિરક્તિરે, માન માન સખી ! ૬. સૂરિ અજિત સંભવને સ્મરે છે, અખંડ સંભવ નામ ઉચ્ચરે છે; એક સંભવને નાવે તરે છેરે, માન માન સખી ! ૭.

શ્રી ચન્દ્રપ્રભજિન સ્તવન.

ચાહે બોલો યા ન બોલો–એ રાગ.

ઓ ચન્દ્રપ્રભ ! સ્વામી, વિનતી સ્વીકારો મ્હારી; શરણે પડ્યાની લજ્જા, છે નાથ ! હાથ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્હારી;–ઓ ચન્દ્ર–ટેક. મ્હારા હૃદયમાં આવો, કરૂણા કૃપાળુ ! લાવો; લઇયે લલિત લ્હાવો, અરિહંત નામ ધારી. ઓ ચન્દ્ર–૧. છે ચન્દ્ર નામ ત્હારૂં, જ્યોતિ પ્રકાશનારૂં; અળગું કરો અંધારૂં, મુજ દોષ દ્યો વિસારી; ઓ ચન્દ્ર–૨. આ વિશ્વ કેરા તાપો, સંસારના સંતાપો; એ સર્વને ઉત્થાપો, વિપદા બધી વિદારી. ઓ ચન્દ્ર–૩. શાંતિનું રાજ આપો, કલેશો સમગ્ર કાપો; વ્હાલા ! હૃદયમાં વ્યાપો, નિર્મળ પ્રભા છે ન્યારી, ઓ ચન્દ્ર–૪. હું ધ્યાન શુદ્ધ ધારૂં, શુભ નામને ઉચ્ચારૂં; એમજ ઉંમર ગુજારૂં, ભક્તિ સમર્પો પ્યારી. ઓ ચન્દ્ર–૫. આવો પ્રભુજી ! આવો, નવ રંકને સતાવો; બીજે ન કયાંઇ જાઓ, મુક્તિ પુરી તમ્હારી; ઓ ચન્દ્ર–૬. લાગી લગન તમ્હારી, લ્યો દાસને ઉગારી; અજિતે અરજ ગુજારી, સચ્ચિત્ સ્વરૂપ કારી. ઓ ચંદ્ર–૭.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વાસુપૂજ્યજિન સ્તવન.

કાનુડા તારી કામણ કરનારી–એ રાગ.

વાસુ પૂજ્ય તહારી હૈડું હરનારી; જીવમાં ભક્તિ રૂડી લાગી; સદ્‌ગુરૂના સંગે ચેતનઘન કેરી; ઘટમાં પ્રીતલડી જાગી.–ટેક. છો સ્વામી, છો સ્વામી, હું દાસ તમ્હારો અનુગામી; ઘટમાં પ્રીતલડી જાગી.–૧. હું તહારો, હું તહારો, હે વ્હાલમવરછો જ્ઞાન તણા ગામી; ઘટમાં પ્રીતલડી જાગી.–૨. લ્યો તારી, લ્યો તારી, નથી ભવજળ કેરા દુઃખ વિષે ખામી; ઘટમાં પ્રીતલડી જાગી.–૩. મ્હેં જોયું, મ્હેં જોયું, મુજ સુરતા કીધી આપ તણા સ્હામી; ઘટમાં પ્રીતલડી જાગી.–૪. વિશ્વાસે, વિશ્વાસે,–વળગ્યો આપ શરણ પામી; ઘટમાં પ્રીતલડી જાગી.–૫. ઉશ્વાસે, ને શ્વાસે, સમરણ કરતાં દુઃખ જાઉ વામી; ઘટમાં પ્રીતલડી જાગી.–૬. ઉગારો, ઉગારો, સૂરિ અજિત કેરા અંતરના જામી; ઘટમાં પ્રીતલડી જાગી–.૭.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૪૨

શ્રી વિમળજિન સ્તવન.

ગજલ–સોહિની.

ઓ વિમળનાથ ! પ્રભુ ! હવે, નિર્મળ હૃદય મ્હારૂં કરો; કામાદિ મળ કાપી અને–પ્રભુ નામને પ્યારૂં કરો; મ્હારૂં વિભેદો વિશ્વનું, ને શુદ્ધ રૂપ મ્હારૂં કરો; સારૂં ન કરવું વિશ્વને, પણ સહજ રૂપ સારૂં કરો. ૧. ચંચળપણાને અપહરો,–ને ચિત્તને ચારૂ કરો, ક્રોધાદિ દોષ સમગ્રથી, મન નાથજી ! ન્યારૂ કરો; વ્હાલું થયું છે વિશ્વસુખ, ને ખંતથી ખારૂં કરો; ઓ વિમળનાથ પ્રભો !–હવે નિર્મળ જીવન મ્હારૂં કરો. ૨. મળ પૂર્ણ મ્હારા હૃદયમાં, નિજ રૂપ હું દેખું નહીં; મળ સર્વ દૂર કરો તથા, મમતા વડે મોહૂં નહીં; લાડી અને વાડી વિષે, મુજ પ્રાણને પ્રોવૂં નહીં; એવી દયા કરજો હવે કે,–સ્વાત્મ સુખ ખોઉં નહીં. ૩. જેનાં હૃદય નિર્મળ હશે, તેનાં જીવન નિર્મળ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

થશે; પ્રારબ્ધ સારાં હોય તેનાં, હૃદય પણ નિર્મળ હશે; નિર્મળ પ્રભાવ સમર્પને, પરમાર્થમાં પ્રેરણ કરો; મુજ આત્મ મણિ પ્રગટાવને, જડતા બધી જરણ કરો. ૪. વાણી વિમળ આપો અને,—સત્સંગ નિર્મળ આપને; મુજ ઊર્ધ્વગામી જીવનમાં, દુઃસંગ સઘળા કાપને; અજિતસાગર આપને, વિનવે હવે કાને ધરો; મુજ નાથ છો મુજ તાત છો, મુજ ભ્રાત છો કરૂણા કરો. ૫.

શ્રી ધર્મજિન સ્તવન.

છંદ–વસંતતિલકા.

આ હિન્દ દેશ અતિ કષ્ટ અનુભવે છે,
પુણ્યાત્મભાવ તજી પાપ પદે સ્તવે છે;
હિંસા તણી મતિ નથી થતી નાથ! ખારી,
હે ધર્મનાથ! સ્તુતિ સાંભળજો અમારી. ૧.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાણા જનો દુઃખ વિષે ડુબતા દિસે છે,
હિંસાર્થિ લોક અહિં આવી અને હસે છે;
નિર્માનતા નવ દિસે મમતા ન મારી,
હે ધર્મનાથ ! સ્તુતિ સાંભળજો અમારી. ૨.

જૂઠા જનો જગ વિષે જય શાળી થાતા,
સાચા જનો ભય વડે સપડાઈ જાતા;
આવા સમે જરૂરની કરૂણા તમારી,
હે ધર્મનાથ ! સ્તુતિ સાંભળજો અમારી. ૩.

તીર્થ સ્થળો અમતણાં પરહાથ ભાસે,
પુણ્યાત્મ જૈન જનનાં દિલ ઊણ ત્રાસે;
આવા સમે મદદ દો સ્થિતિ થાય સારી,
હે ધર્મનાથ ! સ્તુતિ સાંભળજો અમારી. ૪.

જોશો ન દોષ કદિયે નિજ દાસ કેરા,
જન્માદિના મટવજો પ્રભુ ! ખાસ ફેરા;
મિથ્યાત્વ ભાવ દિલના વિભુ ! દો વિદારી,
હે ધર્મનાથ ! સ્તુતિ સાંભળજો અમારી. ૫.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

હું કામ પૂર્ણ પ્રભુ! કામ હવે નિવારો,
હું ક્રોધ પૂર્ણ પ્રભુ ! ક્રોધ હવે વિદારો;
ને લોભની મતિ નથી થતી નાથ ! ન્યારી,
હે ધર્મનાથ ! સ્તુતિ સાંભળજો અમારી. ૬.

અધ્યાત્મ જ્ઞાન તણું દાન હવેજ આપો,
કલેશો બધા હૃદયના કરૂણાળુ ! કાપો;
શાંતિ ગમે નવ ગમે જગ કેરી નારી,
હે ધર્મનાથ ! સ્તુતિ સાંભળજો અમારી. ૭.

સૂરિ અજીત ચરણે તમને નમે છે,
બે હાથ જોડી વિનવી સુખમાં રમે છે;
સન્મૂર્તિ આપ તણી છે મનમાંહીં પ્યારી,
હે ધર્મનાથ ! સ્તુતિ સાંભળજો અમારી. ૮.

શ્રી શાંતિજિન સ્તવન.

બસ ગમમેં તેરે યાર–એ રાગ.

શાંતિજિન સૌથી સાચારે, ઉપજે ભજતાં આનંદ. ઉપજે ભજતાં આનંદ, તૂટે છે ભવના

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફંદ. શાંતિ–ટેક. શાંતિમાં સઘળી શાંતિ, ભાગે છે સઘળી ભ્રાંતિ; બીજે છે છેક અશાંતિરે, ઉપજે ભજતાં આનંદ, ૧. છે નામ શાંતિનું સારૂં, મ્હને લાગે પૂરણ પ્યારૂં; હું દિવ્ય મૂર્તિ દિલ ધારૂં રે, ઉપજે ભજતાં આનંદ. ૨. શાંતિજિન માથે ગાજે, તો દુઃખડાં લાખો લાજે; સાચું સુખ દિલમાં છાજેરે, ઉપજે ભજતાં આનંદ. ૩. છે પ્રાણ થકી પણ પ્યારા, મ્હારા નેત્ર કમળના તારા; હરકત ભવની હરનારારે, ઉપજે ભજતાં આનંદ. ૪. એ મ્હોટા છે માયાળુ, છે કલેશ રહિત કૃપાળુ; દીન બન્ધુ દીવ્ય દયાળુ રે, ઉપજે ભજતાં આનંદ. ૫. એ યોગી ના પણ યોગી, એ વિશ્વ તણાજ વિયોગી; એ નિર્મળ દેવ નિરોગીરે, ઉપજે ભજતાં આનંદ. ૬. સૂરિ અજિત કેરી વાણી, સમજે શાણાને શાણી; પ્રેમેથી લેવી પ્રમાણીરે, ઉપજે ભજતાં આનંદ. ૭.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૪૭

શ્રી શાંતિજિન સ્તવન.

ડંકો વાગ્યોને લશ્કર ઉપડ્યું, ઝરમરીયા ઝાલા—એ રાગ.

લગની લાગીરે શાંતિ નાથની, સુંદર સાહેલી ?
તાળી લાગીરે હાથો હાથની, સુંદર સાહેલી ?૧
વાતો હવે બીજી ના ગમે, સુંદર સાહેલી ?
મૂર્તિ રસિયાની હૈડામાં રમે, સુંદર સાહેલી ?૨
રટન સદાયે એના નામનું, સુંદર સાહેલી ?
સંસારી સુખ તે શા કામનું ? સુંદર સાહેલી ?૩
કર્ણે ભણકારા એના થાયછે, સુંદર સાહેલી ?
ચિત્તડું ચેતનમાં ચમકાય છે, સુંદર સાહેલી ?૪
માયા લાગી છે મહારાજની, સુંદર સાહેલી ?
ટળી છું લોકડિયાં કેરા કાજની, સુંદર સાહેલી ?૫
અંતરનો નાથ અંતરમાં વસ્યો, સુંદર સાહેલી ?
બીજો ઉકેલ ના પડે કસ્યો, સુંદર સાહેલી ?૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાણુનેા પ્રાણુ પ્રેમી પ્રેમનેા, સુંદર સાહેલી ?
ધર્મીનેા ધર્મ નેમી નેમનેા, સુંદર સાહેલી ?૭
હું માં છે નાથ હું છું નાથમાં, સુંદર સાહેલી ?
સદા ફરૂં છું એના સાથમાં, સુંદર સાહેલી ?૮
અજિતસાગર ? રસ સિન્ધુ છે. સુંદર સાહેલી ?
સૃષ્ટિનાં સુખ એના બિન્દુ છે, સુંદર સાહેલી ?૯
(મુ૦ વિજાપુર, સં. ૧૯૮૩ ભાદ્રપદ વદ ૩ બુધ.)

શ્રી કુન્થુજિન સ્તવન.

અસ ગમમેં તેરે યાર–એ રાગ.

આવેા હૃદયમાં આવેારે, કેાડીલા કુંથુ-નાથ ! કેાડીલા કુંથુનાથ ! મ્હારેા હેતે પકડેા હાથ–આવેા–ટેક. જેમ ચન્દ્રની દાસી રજની, જેમ સ્વામીની દાસી સજની; એવી દાસી પગ રજનીરે, કેાડીલા કુંથુ નાથ ! ૧. મ્હને આપની એકજ આશા, ગુણ ગાતાં ખંતે ખાસા; હવે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

યમના ભય સહુ ત્રાસ્યારે, કોડીલા કુંથુનાથ! ૨. કુંથુજિન કામણગારા, મારા હૃદિયામાં રહેનારા; મને પ્રાણથકી પણ પ્યારારે, કોડીલા કુંથુનાથ? ૩. હું આપને શરણે આવ્યો, ચિત્ત ચરણકમળમાં લાવ્યો; હું આપનો દાસ કહાવ્યોરે, કોડીલા કુંથુનાથ! ૪. સુખ મિથ્યા છે આ જગનાં, સુખ સત્ય કુંથુ સેવનનાં; શરણાં સાચાં પ્રભુ પગનાં રે, કોડીલા કુંથુનાથ! ૫. કુંથુ કુંથુ ઉચ્ચરું છું, કુંથુનું ધ્યાન ધરું છું; કુંથુ સ્નેહે સમરું છું રે, કોડીલા કુંથુનાથ? ૬. સૂરિ અજિત પાય નમે છે, ચેતનનો પંથ ગમે છે; સહુ જગનાં કષ્ટ શમે છે રે, કોડીલા કુંથુનાથ! ૭.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૫૦

શ્રી નેમિજિન સ્તવન.

જા જા રે નાદાન બંદા–એ રાગ.

એવો હું નાદાન બંદો, નેમિને રીઝાવ્યો નહી; નેમિને રીઝાવ્યો નહી, દાસ હું કહાવ્યો નહી. એવો–એ ટેક. ફર્યો છું હું અક્કડ ફક્કડ, જુવાનીના જોરે ઝક્કડ; વ્હાલા નેમિનાથ આગળ, દેહને નમાવ્યો નહી. એવો–૧ કૂડ ને કપટ કીધાં, પાપ રૂપ પાણી પીધાં; લલિત એ નાથ મૂર્ત્તિ, લક્ષમાંહી લાવ્યો નહી. એવો–૨. જૂઠું વિશ્વ જાણ્યું નહી, આત્મ સુખ આણ્યું નહી; વ્હાલાનો વિશ્વાસ ધરી, સેવક સોહાયો નહી. એવો–૩. કર્ણે સુણ્યા વિશ્વનાદ, હૃદયે ગમ્યા વિવાદ; વાદ ને વિવાદ વિના, ગૂઢ તત્ત્વ ગાયો નહી. એવો–૪. ચાલતો અનેરી ચાલ્યો, મોહ મદ માંહી મ્હાલ્યો; આનંદના સિન્ધુ કેરી, શરણમાં આવ્યો નહી. એવો–૫. આજ ઉર

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

યાદ આવી, ગુરૂયે બતાવી ચાવી; પ્રભુ પ્રભુ ભજતાં હવે, આત્માને અટકાવ્યો નહી. એવો-૬. અજિતનો સ્વામી સાચો,, કાયાનો ઘડૂલો કાચો; વિષય રૂપ રોપ ફરી, વ્હાલ કરી વાવ્યો નહી. એવો-૭.

શ્રી નેમિજિન સ્તવન.

ચાહે બોલો યા ન બોલો-એ રાગ.

પ્રભુ નેમિનાથ પ્યારા, છો પ્રાણના આધારા; થાશો કદી ન ન્યારા, ગુણ ગાઉ છું તમારા. ટેક. જળની પિપાસી જેવી, છે માછલી મઝાની; એ પ્રીતિ દો મ્હારી, છો નાથ તારનારા ! પ્રભુનેમિ-૧. ઇચ્છે યથા શશીને, ચિત્તડા વિષે ચકોરી; ઇચ્છા એ આપ ચરણે, દેજો ઉગારનારા ! પ્રભુનેમિ-૨. પૃથ્વી વિષે સુગંધી, જેવી સજ્જડ બનેલી; સંબન્ધ એ તમારો, દેજો હૃદયમાં મ્હારા. પ્રભુનેમિ-૩. જાણું નહી હું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભક્તિ, જાણું નહી આસક્તિ; જાણું હૃદયમાં એવું, છેા જી ઉદ્ધારનારા ! પ્રભુનેમિ–૪. લગની જે વાછડામાં, ગૌ માતની બિરાજે; એવી લગન સમર્પો, ભવદુઃખ ભાગનારા ! પ્રભુનેમ–૫. કામી જનોની જેવી,–પ્રીતિ છે કામિનીમાં; એવી મધુરી પ્રીતિ, દેને પ્રભુજી પ્યારા ! પ્રભુનેમિ–૬. અજિતાબ્ધિની અરજ છે, સ્વીકારવી ફરજ છે; વિનયે ભરી તરજ છે, એ પ્રેમ પાળનારા ! પ્રભુનેમિ–૭.

શ્રી પાર્શ્વજિન સ્તવન.

રાગ કલ્યાણ.

પ્રિયતમ પ્રભુ ! નમિયે આપને, નિશદિન જપિએ તુજ જાપને–પ્રિય–એ ટેક. આપ સ્મરણ કરી હે કરૂણાળુ ! શમાવિયે સહુ તાપને. પ્રિય–૧. શિવ સુખ કારણ ભવ ભય હારણ ! પ્રતિ દિન અધિક પ્રતાપને. પ્રિય–૨. દીન

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

દયાળુ ! શિવ સુખ સાગર ! પરિહરો કર્મ ઉતાપને. પ્રિય–૩. શાંત સ્વરૂપ અનૂપ નિરંજન ! ભાગો ભવના પાપને. પ્રિય–૪. હે પરમેશ્વર ! મહામહેશ્વર ! મુજ કરણી કરો માફને. પ્રિય–૫. દેવ દનુજ સહુ તમને નમતા, સદા અદલ ઈન્સાફને. પ્રિય–૬. પાર્શ્વનાથ પ્રભુ ! પાર્શ્વ મણિવત્, આપો અતુલિત લાભને. પ્રિય–૭. અજિત સૂરિના પ્રભુ પધારો, મુજમન કરવા સાફને. પ્રિય–૮.

(મુ૦ વિજાપુર. સં. ૧૯૮૩ શ્રાવણ શુદિ ૧૪ શુક્ર.)

શ્રી પાર્શ્વપ્રભુ પ્રાર્થના.

દ્વારકાનાં વાસીરે–એ રાગ.

મોક્ષનગરના વાસીરે, અજર અમર અવિનાશીરે; વ્હાલા વ્હારે આવજોરેજી. વ્હારે વ્હેલા આવોને દીન દયાળ, વ્હારે વ્હેલા આવોને પાર્શ્વ કૃપાળ ! દાસ તણી આ વિનતી રે, અંત-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

રમાંહી લાવજોરેજી. મોક્ષ–૧. કાયા કેરા પીંજરરે, પૂરાણો છું નાથજી રેજી; નીકળવાની બ્હારી આવે નહિ હાથ, સંતો કેરો શોધ્યો જડે નહી સાથ; ગાંડું ઘેલું બાળક રે, જાણીને બચાવજોરેજી. મોક્ષ–૨. કૂડ કપટનો કાદવરે, બૂચ્યો બ્હારો આતમારેજી; આવી પ્રભુ ! હે તેથી ઝાલોને હાથ, શરણાગતના બેલી છો નિર્મળ નાથ; હરકત ભવો ભવનીરે, આવી તુર્ત હઠાવજોરેજી. મોક્ષ–૩. હૈડાં ભર હેતાળી રે, સાચી તમો માવડીરેજી; બાળક કેરા પોષક સાચા છો બાપ, આ સંસારે માથે તપે છે તાપ; અજિતના અંતરમાંરે, જ્ઞાન સૂરજ પ્રગટાવજોરેજી. મોક્ષ–૪.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૫૫

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

દ્વારકાનાં વાસીરે–એ રાગ.

ઓ પાર્શ્વ પ્રભુજી ! પ્યારારે, અરજી મ્હારી સાંભળોરેજી, શરણું તહારૂં, શિવસુખના દેનાર; વ્હારે વ્હાલા આવોરે, અરજી મ્હારી સાંભળોરેજી.—એ ટેક. આત્મા માંહી આવોરે, પરમાત્મા રૂપે બની રે જી; જીવ શિવ કેરા, સંગે છે શાંતિ અપાર; કર્ણો મ્હારા કોડેરે, ગુણ તહમારા સાંભળે રે જી.—પાર્શ્વ—૧. હસ્તે મ્હારા હેતેરે, સેવા સંત તણી કરૂં રે જી; સંભારીને ઉપજે છે અંતરે વ્હાલ; સુરતા મ્હારી સ્નેહેરે; ભાવે આપ વિષે ભળે રે જી. પાર્શ્વ—૨. હરતાં ફરતાં નિત્યેરે, ભક્તિ કદીયે નવ ભૂલું રેજી; મનથી તહારા નિત્યે કરૂં સંકલ્પ; તર્કટ જગના ત્યાગીરે, ચિત્તડું મ્હારૂં નવ ચળેરેજી. પાર્શ્વ—૩. વાણી નિર્મળ બોલેરે, સોહં સોહં મંત્રનેરેજી; કદીયે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઇની કરતી નથી નિંદાય; વિષય વિકારો તજતાંરે, બુદ્ધિ આપ વિષે વળો રે જી. પાર્શ્વ–૪. જેવો તેવો તોયેરે, બાળક વ્હાલા આપનો રે જી; અજિતસાગર કેરી લેજોજી સંભાળ; અંતરના ઓ વાસીરે, હરજે હેતે આંબળો રે જી. પાર્શ્વ–૫.

શ્રી પાર્શ્વજિન સ્તવન.

બસ ગમમેં તેરે યાર—એ રાગ.

હું પાર્શ્વ પ્રભુને પ્રણમું રે, મ્હારાં જાય બધાંયે પાપ; મ્હારાં જાય બધાંયે પાપ, મ્હારા ટળે હૃદયના તાપ. હું પાર્શ્વ—ટેક. પ્રભુ પાર્શ્વ પાર્શ્વમણી સાચો, ટળે ત્રિવિધિ તણો તમાચો; માટેજ હૃદયથી રાચ્યોરે, મ્હારા ટળે હૃદયના તાપ. ૧. માનવ તન મોંઘો પામી, હું દૃષ્ટિ કરૂં પ્રભુ સ્હામી; વિપદા સહુ જાય વિરામીરે, મ્હારા ટળે હૃદયના તાપ. ૨. મ્હારી લગન પાર્શ્વમાં લાગી, મ્હને પ્રેમ કટારી વાગી; મ્હેં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવમાં જોયું જાગીરે, ટળે હૃદયના તાપ. ૩. હું હરદમ નામ ઉચ્ચારૂં, પ્રભુ સમરી સમય ગુજારૂં; સહુ બલક જાણું છું બારૂંરે, મ્હારા ટળે હૃદયના તાપ. ૪. ચતુરા સુખ ચંચળ જાણ્યું, પ્રભુ સમરણ મોંઘું માણ્યું; આતમ સુખ અંતર આણ્યુંરે, મ્હારા ટળે હૃદયના તાપ. ૫. પ્રભુ પાર્શ્વ પાર્શ્વમાં રાખો, મ્હારી જીવ્હા પ્રભુ પ્રભુ ભાખો; અવતાર સફળ છે આખોરે. મ્હારા ટળે હૃદયના તાપ. ૬. સૂરિ અજિત ઉચ્ચરે એવું, પ્રભુ પાર્શ્વનું શરણું લેવું; બીજું કોઇને કશું નવ કહેવુંરે, મ્હારા ટળે હૃદયના તાપ. ૭.

पार्श्वप्रभु प्रार्थना.

द्वारकांनावासीरे—એ રાગ.

પાર્શ્વ પ્રભુજી પ્યારારે, નયનો કેરા તારારે; લગની મુજને આપનીરેજી: આપ તણો તો

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુજને છે આધાર, પ્યારા પ્રભુજી મ્હારા છો પ્રાણાધાર; અંત સમયના બેલીરે, વ્હાલમ વર ? ધીંગા ધણીરેજી. પાર્શ્વ—૧. સેવક કેરાં દુઃખડાં રે, દીનાનાથ ? વિદારજો રેજી; શ્વાસો-શ્વાસે સમરૂં છું સરજનહાર, પ્રાણ પ્રભુજી ? હૈડા કેરા છો હાર; આતમનાં સુખ આપોરે, દૃષ્ટિકરજો મુજ ભણીરેજી. પાર્શ્વ—૨. આપ સમોવડ મ્હારેરે, બીજો બેલી કોઈ નથીરેજી; આપ શરણમાં સમજું છું સાચું રે સુખ-જન્મ મરણ સમ બીજું નથી કોઇ દુઃખ; કુડ કપટ રૂપ ચોરે રે, છાઈ લીધી છે છાવણી-રેજી. પાર્શ્વ—૩. અમૃત રસની વેલીરે, માનુ મનમાં આપને રેજી; રાગદ્વેષનો કાપો હવે પ્રભુ ? રોગ, વિષયો કેરા અલખા કરાવો ને ભોગ; અજિત કેરી અરજીરે, માની લેજો મોહ-ના રેજી. પાર્શ્વ—૪.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૫૯

શ્રી સેરીશા પાર્શ્વજિન સ્તવન.

ગજલ સોહિની.

છો નાથ સેરીસા તણા, શુભ નામ પારશ નાથ છે; અમ હૃદય મગ્ન તમો વિષે, હૈડું તમારે હાથ છે; મુજ પ્રાણના આધાર છો, મુજ સ્નેહના શણગાર છો; મુજ હૃદયના સરકાર છો, મુજ જીવનના સરદાર છો. અમને સુબુદ્ધિ આપજો, દુષ્ટ સ્વભાવ વિદારજો; જિભમાં તમો વ્યાપી રહો, અમ અરજ ઉર અવધારજો; તમથી અધિક કંઇએ નથી, આ વિશ્વની મિલકત બધી; સાથી અમારા જીવનના, અળગી કરો હરકત બધી. ગરીબો તણાતો બેલી છો, બોધારના આધાર છો; રક્ષણ કરો મ્હારૂં સદા, તરનાર તારણહાર છો; સુખ છે તમારા શરણમાં, બીજે બધે ઉધાર છે; રિસ નવ કરો મ્હારા ઉપર, તવ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

હસ્તમાં ઉદ્ધાર છે. મ્હારા અપાર પ્રણામ છે, ઓ દેવ સેરીસા તણા; મ્હારા નમસ્કારો ઘણા, ઓ નાથ સેરીસા તણા; દેવળ દીપે છે આપનું, ને વિશ્વમાં વિખ્યાત છે; દર્શન કરી પાવન થયો, મુજ વાણી તવ ગુણ ગાય છે. આશિષ છે તહારા ઉપર, એવું કૃપાધન બોલજો; છે દ્વાર બંધ થયેલ તે, બાંતે પ્રભુજી બોલજો; શ્રી અજિત સાગર વિનવે, સુણવું ઘટે છે આપને; દિલમાં દયા છે આપને, તો–તારી–પણ લેજો મને.

શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

વણજારો.

જગપતિ કરજો સહાય મ્હારી,
મુજ સ્થિતિ મહા દુઃખીયારી
છે કર્મ ભયંકર ભારી. જગપતિ૦
પ્રભાવતીના પ્રીતમજી, વામા દેવીનંદ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વણારસી નગરી વિષે, અશ્વસેન કુળચંદ.
મતિશ્રુત અવધી સાથ ગ્રહીને
પ્રભુ જન્મ્યા જય જયકારી,
તુજ મૂરતી મોહનગારી. જગપતિ. (૨)

ક્ષમા ખડગ કરમાં ધરી, કરવા ઉત્તમ કામ,
કર્મ ખપાવી પામીયા, શિવપુરી સુખધામ.
જ્ઞાન અનૂપમ પ્રભુજી તમારૂં
નહિ પામેલ જન કોઇ પારી
તુમ જ્ઞાન તણી બલીહારી. જગપતિ.(૩)

વિષય મધ્યે વળગી રહ્યો, કીધાં કર્મ કઠોર,
ભાન બધું ભૂલી ગયેા, પ્રભુ! તુમારેા ચોર,
અતિ અજ્ઞાને હું અનંત જન્મથી
પ્રભુ રખડયેા વારંવારી
હું ગયેા બરેબર હારી. જગપતિ. (૪)

લાખ ચોરાસી ચોકમાં, ભટકયેા ભુંડે હાલ,
સમકિતની શ્રદ્ધા વિના, ગયેા અનંતેા કાળ.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શોધ્યું નહિ મેં આત્મ સ્વરૂપને,
છે ગતિ કર્મની ન્યારી;
ગોળી વાગે અણધારી. જગપતિ. (૫)

મહેર કરી મુજ ઉપરે, જાણી કીંકર ખાસ,
નમન કરી અજિત કહે, પૂરો મુજ મન આશ,
આપ વિના પ્રભુ શરણ ન કોઈ
પ્રભુ મુજને લેજો તારી,
આ દાસ તુમારો ધારી. જગપતિ. (૬)

श्री चिंतामणिपार्श्वजिनस्तवन.

રાગ પરજ.

ચિત્ત ચોર્યું આજ, ચિંતામણિ પાર્શ્વ-નાથે; ચિંતામણિ પાર્શ્વનાથે, ચિત્ત ચોંટયું ચેતન દેવ સાથેરે;-ચિત્ત-ટેક. જેમ કમળોને સૂરજ વ્હાલો, જેમ દેવતાને અમૃત પ્યાલો; એમ આતમા એ નાથ જોવા ચાહ્યોરે;-ચિત્ત ચોર્યું આજ-॥ ૧ ॥ ચેતન પંથે પ્રવાસી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

થયેા છું, એક આતમને રાચી રહ્યો છું; નાથ ચિંતામણિ ને ચહ્યો છું રે;–ચિત્ત ચોર્યું આજ–॥ ૨ ॥ પૂર્વજન્મની જાગી છે કમાણી, મારૂં મનડું થયું રૂઢ ધ્યાની; સાચેસાચીજ વાત સમજાણીરે,–ચિત્ત ચોર્યું આજ–॥ ૩ ॥ વાણી ચિંતામણિમાં વિરામી, બાંતે કશી રહી નથી બામી; સુરતા સુંદર નાથજીના સ્હામીરે;–ચિત્ત ચોર્યું આજ–॥ ૪ ॥ જ્યેાતિ આતમ દેવ કેરી જાગી, લગન વ્હાલા પ્રભુ સંગ લાગી; તેાફાન વિશ્વ તણાં દીધાં ત્યાગીરે;–ચિત્ત ચોર્યું આજ–॥ ૫ ॥ ગાંઠ સાચાજ પ્રેમની પડી છે, વિશ્વનાથ કેરી વાતડી વડીછે; અસલ આતમાની વાત આવડીછેરે;–ચિત્ત ચોર્યું આજ–॥ ૬ ॥ પાણીમાંહી તેા પાણી ભળ્યું છે, દુઃખ વિશ્વનું સહેજમાં ટળ્યું છે; તપ અજિત સાગરનું ફળ્યું છેરે;–ચિત્ત ચોર્યું આજ–॥ ૭ ॥

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીસંખેશ્વરપાર્શ્વજિનસ્તવન.

રાગ પરજ.

ઇષ્ટ દેવ એક, સંખેશ્વર ગામમાં બિરાજે; સંખેશ્વર ગામમાં બિરાજે, કોટિ કોટિક કામ-દેવ લાજેરે;–ઇષ્ટ–ટેક. દેશ દેશના તે લોક ઘણા આવે, પુષ્પ ચંદન ધૂપ દીપ લાવે;ભાવ ધરીને મોતીડે વધાવેરે;–ઇષ્ટ દેવ એક ॥ ૧ ॥ દેશ વિમળ નામ વઢિયાર, મને દેખીને ઉપજે છે પ્યાર; મ્હારા હૈડાનો સાચ્યો સણગારરે;–ઇષ્ટ દેવ એક–॥ ૨ ॥ સાંજ સવારે નોબત વાગે, રાજા રજવાડા પાય લાગે; ચોકીદારો આઠે પહોર જાગેરે;–ઇષ્ટ દેવ એક–॥ ૩ ॥ દેવળ કેરી શોભા ઘણી સારી, મોહ પામે છે નર અને નારી, મ્હેં તો અંતરમાં મૂર્તિ ઉતારીરે;–ઇષ્ટ દેવ એક–॥ ૪ ॥ પૂર્વ જન્મ કેરો સંસ્કાર જાગ્યો, દર્શન કરી અને પાયે લાગ્યો;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મ્હારા અંતરમાં અનુરાગ્યોરે;–ઇષ્ટ દેવ એક–॥ ૫ ॥ સંખેશ્વરા પારસનાથ દેવા, મ્હને દેજો અવિચળ સેવા; રૂડી સેવામાં મીઠા છે મેવારે;–ઇષ્ટ દેવ એક–॥ ૬ ॥ સૂરિ અજિત સાગરની અરજી, એક આપની કૃપાનો ગરજી; મારી કાયા તમારે કાજે સરજીરે;–ઇષ્ટ દેવ એક–॥ ૭ ॥

श्री संखेश्वरप्रभुसुखधाम.

विमळाचळथी मन मोहुंरे–એ राग.

જોયા હવે મ્હેં જોયારે, સંખેશ્વર પ્રભુ સુખ ધામ;–એ ટેક. સંખેશ્વર પાવન કીધું, મુજ મનનું કારજ સીધ્યું; મનમાન્યું દર્શન દીધું રે.–સંખેશ્વર–॥ ૧ ॥ બહુ સંઘ દર્શને આવે, ભરી થાળ ભેટ સહુ લાવે; એ બીજ પુણ્યનાં વાવેરે.–સંખેશ્વર–॥ ૨ ॥ દેવળની શોભા સારી, મૂર્ત્તિ પણ પૂરણ પ્યારી; છે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અખિલ જગતથી ન્યારીરે.—સંખેશ્વર—॥ ૩ ॥ મેં પાર્શ્વ પ્રભુ મુખ જોયું, મુજ અંતરનું પટ ધોયું; મેં પાપ અચીતજ ખોયું રે. સંખેશ્વર—॥ ૪ ॥ ગડ ગડ ગડ નોબત ગાજે, ચોઘડીયાં સુંદર વાજે; સૂરિ અજિત પાવન આજેરે.—સંખેશ્વર—॥ ૫ ॥

श्री संखेश्वरप्रार्थना.

वीरकुंवरनी वातडी—એ રાગ.

હાંરે ચાલો જોવારે ચાલો જોવા, સંખેશ્વર રૂડું ગામ છે ચાલો જોવા; હાંરે રૂડો દેશ ઘણો વઢિયાર છે—ધર્મવાળો; હાંરે ધર્મવાળોરે ધર્મવાળો; એમાં ધીંગુ છે ધામ; પ્રેમે પ્રભુજીને પેખીયે.—ચાલો—॥ ૧ ॥ હાંરે દેશોદેશ તણા ઘણા દર્શને સંઘ આવે; હાંરે સંઘ આવેરે સંઘ આવે; થાય પૂરણ કામ,—દીવ્ય નજરથી દેખીયે.—ચાલો—॥ ૨ ॥ હાંરે ચંદન પુષ્પોથી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂજીયે મ્હારો વ્હાલો; હાંરે મ્હારો વ્હાલોરે મ્હારો વ્હાલો; થાય તનમાં આરામ લ્હાવ લાખેણો લેખીયે.–ચાલો–॥ ૩ ॥ હાંરે પાવન નજરેથી પેખતાં, પુણ્ય થાશે; હાંરે પુણ્ય થાશેરે પુણ્ય થાશે; સ્વામી સાચા છે દામ, દોષના દાણા શેકીયે.–ચાલો–॥ ૪ ॥ હાંરે કાપો કૂડ કપટ કામ ક્રોધને, ફળ મળશે; હાંરે ફળ મળશેરે ફળ મળશે, કરે અજિત પ્રણામ વિરતિનાં ફુલડાં વેરીયે.–ચાલો–॥ ૫ ॥

શ્રી મનમોહનપાર્શ્વજિનસ્તવન.

કેશરીયા થાશું પ્રીત કીનીરે–એ રાગ.

મનમોહન વ્હાલા! સ્નેહે પધારો મ્હારી સ્હાયમાં; એ દીન દયાળા! પ્રેમે પડું છું તહારા પાયમાં;–ટેક. આપ વિના આ જગની માંહી, કોણ બીજો કરૂણાળુ; મ્હેર કરો પ્રભુ મ્હારા ઉપર, દીનના બન્ધુ દયાળુરે;–મન–

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

।। ૧ ।। વાણી વદે શું આપનારે,–ગુણ છે અતિ ગંભીર; જન્મ મૃત્યુની આપત્તિમાં, વ્હારે ધાને સાચા વીરરે;–મન–।। ૨ ।। કોમળ વાણી આપનીરે, કોમળ નિર્મળ કાય; આપ ભજનથી ભવ્ય જનોના, જન્મ કૃતારથ થાયરે;–મન–।।૩।। જગનાં દુઃખડાં દેખીને રે, દીલમાં છુ દીલગીર;–મુજ આતમને આપજો રે, ધીંગી સુન્દર ધીર રે;–મન–।। ૪ ।। મનના મોહન આપ છો રે, કરજો કષ્ટ વિનાશ; તાપ ત્રિવિધના ટાળજો રે, અંતર ધરો ઉલ્લાસ રે;–મન–।। ૫ ।। પ્રેમ તણા સાગર તમેરે, ભવ હરકત હરનાર; આપ વિના જગમાં નથીરે, અરજી ઉર ધરનાર રે;–મન–।। ૬ ।। અજિત સાગર વિનવે રે, ઉરની પૂરો આશ; અખંડ આત્માનંદનો રે, પ્રેમે કરો પ્રકાશ રે;–મન–।। ૭ ।।

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમહાવીર-જિનસ્તવન-૧.

રાગ-પરજ.

સાર સાર એક, મહાવીર પ્રભુ ખરો સાર છે; ભજો ભવનો તો બેડો પાર છે રે-સાર સાર એક-ટેક. એ છે ત્રિશલા માતાના જાયા, એની મોંઘી લાગી છે માયા; ભજો સફળ થાય રૂડી કાયારે, સાર સાર એક. ૧. મારૂં મન મહાવીરમાં રમે છે, મારી સુરતા મહાવીરમાં શમે છે; હવે મનડું બીજે ક્યાં ભમે છે રે! સાર સાર એક. ૨. આખી દુનિયાંને ઉપદેશ આપ્યો, કલેશ આખી આલમનો કાપ્યો; ખરા સત્યનો સિદ્ધાંત સ્થાપ્યોરે, સાર સાર એક. ૩. એના નામ ઉપર જાઉં વારી, મને મૂર્તિ લાગે છે પ્યારી; મેંતો વિશ્વની વાસના વિદારીરે, સાર સાર એક. ૪. વીર હૃદય કમળમાં બિરાજો, મારી રસના મહાવીર ગુણ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગાને; મ્હારો આત્મા મહાવીર સમો થાનેરે, સાર સાર એક. ૫. એતો પ્રેમના મહેલમાં વસે છે, એતો હેતુના દીલમાં હસે છે; એતો ધ્યાનીના ધ્યાનમાં ધસે છે રે, સાર સાર એક. ૬. સૂરિ અજિત મહાવીર ગુણ ગાતો, ગુણ ગાતો અને હરખાતો; નથી ચિત્તમાં બીજું કશું ચ્હાતોરે, સાર સાર એક. ૭.

શ્રીમહાવીર-જિનસ્તવન-૨.

બલિહારી બલિહારી સુન્દર શ્યામ-એ રાગ.

સુખકારી પ્રભુજી દુઃખહારી, સુન્દર દેવ હો! મહાવીરજી સ્વામી! શરણે આવ્યો છું હવે તારનેજી. ટેક. પૂર્વ સંસ્કારે શરણું મળિયું છે આપનું જી; માટે તજી છે દુનિયાંદારી. સુન્દર દેવ હો! ૧. પ્રેમ પદારથ આપની પાસમાં છે; મુક્તિ સ્વરૂપી નિર્મળ નારી. સુન્દર દેવ હો! ૨. બલક તણું સુખ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખારૂં લાગ્યું છે રે. પ્રીતિ તમારી લાગી પ્યારી. સુન્દર દેવ હો! ૩ કળજુગ આવ્યો છે કૂડો પાપ પ્રસારતો રે; નથી નીકળવા બીજી બારી. સુન્દર દેવ હો! ૪ કામી કુટિલ ક્રોધી કપટી કઠોર છું રે; તો પણ વ્હાલમજી ! લેજો તારી સુન્દર દેવ હો! ૫. જોબનનું લટકું ચટકું લાગે છે કારમું રે; એમાં હીંમત ગયો હારી. સુન્દર દેવ હો! ૬. આશાને તૃષ્ણા કેરૂં, પૂર અપાર છે રે; ભય ત્યાં લાગે છે મુજને ભારી. સુન્દર દેવ હો ! ૭. અજિતસાગરસૂરિ ચરણનો દાસ છે રે; લગની લાગી તમારી સારી. સુન્દર દેવ હો ! ૮.

महावीरप्रभुप्रार्थना.

द्वारकानावासीरे–એ રાગ.

મહાવીર મહારાયારે, ત્રીશલાના જાયારે; અરજી લેજો ધ્યાનમાંરેજી; ભક્તિ તમારી લાગે છે મીઠી અપાર, જાણે રૂડા અમૃત રસ કેરી ધાર;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

જમડા કેરો માથે ધુમે છે માર. એમાંથી ઉગ-
રવારે, કેમો મંતર કાનમાંરેજી. મહા–૧. ક્રોધ
સ્વરૂપી નાગે રે, કીધો ઝેરી ડંખ છે રેજી;
તનડું મ્હારૂં આકુળ વ્યાકુળ થાય, મનડું
મ્હારૂં મહાવ્યથાથી મુંઝાય; એ આપદ સંહ-
રવારે, ગુણગણ ગાઉં છું તાનમાંરેજી. મહા–૨,
માયારૂપી મધરે રે, પકડી પાડ્યો પાશમાંરેજી;
સંસાર સ્વરૂપી સાગર છે પારાવાર, એના
પાણીનો આવે નહી કદી પાર; એમાંથી ઉગ-
રવારે, બેઠો વિરતિ વ્હાણમાંરેજી. મહા–૩.
એકાંતોમાં બેસીરે, સાધન કાંઈ નવ થયું રેજી;
જાણું નહી જપ તપ કેરારે જોગ, વિષયો કેરા
વળગ્યા છે ઝાઝેરા રોગ; અજિત શરણે આવ્યો
રે, સમજી જગને શાનમાંરેજી. મહા–૪.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમલ્લિનાથજિનસ્તવન.

કેશરીઆ થાશું પ્રીત કીનીરે-એ રાગ.

મલ્લિજિન જોતાં, મનડું ખીચારૂં મોહી ગયું; મનહર મૂર્તિને,-નિરખી નિરખીને ચિત્ત પ્રોઇ રહ્યું. મલ્લિ-ટેક. ભોયણુમાં વસિયા ભલારે, ભયહારક ભગવાન; સ્નેહામૃત વરસાવતારે, ધ્યાની જ્ઞાન નિધાનરે. મલ્લિ-૧. શોભા શી વર્ણન કરૂંરે, મુખથી નવ કહી જાય; પાપી પણ દર્શન કરીરે, પ્રેમે પાવન થાયરે. મલ્લિ-૨. શિવ રમણીના સ્વામીછોરે, એ ઇશ્વર અરિહંત! મોંઘો મહિમા આપનોરે, અમિત-અપાર અનંતરે; મલ્લિ-૩. ઉત્તર ગુર્જર પ્રાંતમાં રે, ભોયણ ભાસે ગામ; ત્યાં દેવળ છે આપનું રે, સહુ શોભાનું ધામરે. મલ્લિ-૪. વાસ કરો મન મંદિરે રે, સહજ કૃતારથ થાઉં; આપ તણી કરૂણા વડેરે, ભવસાગર તરી જાઉંરે. મલ્લિ-૫.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેશદેશના ભાવી જનોરે, આવે દર્શન કાજ; થાય સફળ યાત્રા બધીરે, ગુણ નિધિ ગરીબ-નવાજરે. મલ્લિ–૬. અજિત સાગર ઉચ્ચરે રે, માંધા માલ્લનાથ ! અંત સમયમાં આવીનેરે, હેતે પકડો હાથરે. મલ્લિ–૭.

શ્રી કેશરીયાનાથ જિનસ્તવન.

કાનુડા તારી કામણ કરનારી–એ રાગ.

કેશરીયા તહારી કામણ કરનારી, મુજને પ્રીતલડી લાગી; સુંદર વળી ચિત્તને, પરવશ કરનારી; મુજને પ્રીતલડી લાગી.–ટેક. મ્હેં જાણી, મ્હેં જાણી,–ઉરમાં સંકટ હરનારી; મુજને પ્રીતલડી લાગી. ૧. મ્હેં માની, મ્હેં માની, સેવા સહુ સુખ કરનારી; મુજને પ્રીત-લડી લાગી. ૩. છો ધ્યાની, છો ધ્યાની, મૂર્તિ શિવ સુખ વરનારી; મુજને પ્રીતલડી લાગી. ૩ છો જ્ઞાની, છો જ્ઞાની, કરૂણા અમૃત દેનારી;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુજને પ્રીતલડી લાગી. ૪. ઓ વ્હાલા ! ઓ વ્હાલા ! પ્રીતિ નવ થાજો ઘડી ન્યારી; મુજને પ્રીતલડી લાગી. ૫. રહો મનમાં, રહો મનમાં, લજ્જા રાખો હમારી; મુજને પ્રીતલડી લાગી. ૬. જાઉં વારી, જાઉં વારી, મૂર્તિ અજિતે ઉર ધારી; મુજને પ્રીતલડી લાગી. ૭.

શ્રી મધુપુરીપદ્મનાથજિન સ્તવન.

મ્હારી વ્હાર કરો હે સ્વામિ ! જીવન જાય જાય જાય, જગજીવન અંતર જામી ચિત્તડું ચ્હાય ચ્હાય ચ્હાય; મ્હેં ધર્મ કર્મ નવ જાણ્યાં, મ્હેં મમત ગમતને માણ્યાં; વળી પક્ષ જગતમાં તાણ્યા, પ્રભુ ! કર સ્હાય સ્હાય સ્હાય. મ્હારી–૧. છે નામ તમારું સાચું, આ વિશ્વ બધું છે કાચું; હવે આપ ચરણને જાચું, પ્રીતિ બહુ થાય થાય થાય; મ્હારી–૨. છે દેવળ દીવ્ય તમારું, વળી પૂરણ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાગે પ્યારૂં; હું હરદમ નામ ઉચ્ચારૂં, ગુણ મન ગાય ગાય ગાય. મ્હારી–૩. શુભ સાબ્ર-મતીનો આરો, અતિ પાવન છેજ કિનારો; મ્હારા મનડા કેરો ધસારો, તમોમાં ધાય ધાય ધાય. મ્હારી–૪. વીર ઘંટાકર્ણ સમીપે, બુદ્ધ સાગરજી સૂરિ દીપે; જોતાં તરષ નવ છીપે, લાગું પાય પાય પાય. મ્હારી–૫. અમે દાસ તમારા છૈએ, અમે આપ ચરણમાં રહીયે; વળી દર્શન નિત્યે ચહિયે, પાવન કાય થાય થાય થાય. મ્હારી–૬. મધુપૂરી ગામ મઝાનું, પ્રભુ પદ્મનાથ ત્યાં માનું; નથી સૃષ્ટિ માંહી છાનું, મહિમા ન માય માય માય; મ્હારી–૭. સૂરિ અજિતસાગર વિનવે છે, સ્તુતિ ગુર્જર માંહિ સ્તવે છે; મ્હારા કોટિ પ્રણામ હવે છે, કરજો સહાય સહાય સહાય. મ્હારી–૮.

વિજાપુર ૧૯૮૩ શ્રાવણ સુદિ ૧૪ શુક્ર.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જગવલ્લભપાર્શ્વજિનસ્તવન.

જગવલ્લભ સ્વામી ! આશ્રય મ્હારે છે એકજ આપનો; પ્રણમું શિર નામી, ભાગોને ભય છે મિથ્યા તાપનો. જગ૦–૧. જગવલ્લભ જગમાં, આપ સમો વડ બીજું કોઇ નથી; અંતરમાં આવો, મૂર્તિ તમ સરખી બીજે જોઈ નથી. જગ૦–૨. વ્યાધિ છે વસમી, જન્મ મરણની તેને ટાળજો; ઉપાધિ ટાળી, નિરૂદ્ધ પોતાનું પ્રેમે પાળજો. જગ૦–૩. સોહંમાં સુરતા, કરૂણાના સિન્ધું કરાવજો; પોતાનો જાણી, દિલડામાં દયા વ્હાલા લાવજો. જગ૦–૪. અલબેલા વ્હાલા ! ક્રોધ અમારા મનના કાપજો; સુંદર સુખ દાતા ! અધ્યાતમ કેરાં સુખડાં આપજો. જગ૦–૫. વાણીમાં વ્યાપી, સત્યની વાણી સ્વામી વદાવજો; સ્નેહે કર ઝાલી, સંત સમાના અવસર આવજો. જગ૦–૬. સાચા છો સ્નેહી, અજિતસાગર સદ્‌ગુણ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગાય છે; પામીને તમને, હૈડા વિષે તો હરખાય છે. જગ૦--૭.

आवो प्रभुजी आवो.

विमळाचळथी मन मोह्युं रे-એ राग.

આવો પ્રભુજી આવોરે, મુજ મનગમતા મહારાજ;--ટેક. મુજ મંદિરિયામાં આવો, મુજ પર કરૂણા કંઇ લાવો; આપો લાખેણો લ્હાવોરે. મુજ મનગમતા--૧. મુજ પ્રેમ પુષ્પ સ્વીકારો, મુજ અરજી ઉરમાં ધારો; હું સેવક સત્ય તમ્હારો રે. મુજ મનગમતા--૨. હે પ્રાણનાથજી ! પ્યારા, નવ રહો ઘડીભર ન્યારા; મુજ નયન તણા છો તારારે. મુજ મનગમતા--૩. કરૂં તીર્થ તમ્હારા કાજે, કરૂં વ્રત તમ્હારા કાજે; મુજ જીવન પણ તમ કાજે રે. મુજ મનગમતા--૪. મુજ સ્નેહ ભાવના સ્વામી, નિર્મળ પ્રભુજી નિષ્કામી; પ્રભુ અજિત અંતરજામી રે. મુજ મનગમતા--૫.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૭૯

જોયું જોયું જગત બધુ જોયું વિમળાચળથી મન મોહ્યું રે–એ રાગ.

જોયું જગત મેં જોયું રે, પ્રભુજી છે પ્રાણાધાર,–ટેક. સુત વિત્ત જાયા સૌ જાશે, કાયા પણ ખાખજ થાશે; પાપી અંતે પસ્તાશે રે. પ્રભુજી છે–૧. કરી કરણી સાથે આવે, નારી પણ સાથે નાવે; એમાં શું લક્ષજ લાવેરે. પ્રભુજી છે–૨. પળ આવે જ્યારે છેલ્લી, દુઃખની વરસે છે હેલી; ત્યારે એકજ પ્રભુ બેલીરે. પ્રભુજી છે–૩. એને લઇ નયનો ભાળે, કર્ણો પણ શબ્દો ન્યાળે; પ્રભુને લઈ કાયા ચાલેરે. પ્રભુજી છે–૪. સૂરિ અજિત સાગરનો સ્વામી, નથી નામ છતાં બહુ નામી; અલબેલો અંતર જામીરે. પ્રભુજી છે–૫.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૮૦

પ્રભુમૂર્તિ મ્હારા મનમાં વસી.

વતરે કરેા આજ એકાદશી–એ રાગ.

આવી વસી આજે આવી વસી, પ્રભુ મૂર્ત્તિ મ્હારા મનમાં વસી. ટેક. રૂપ અનુપમ વ્હાલાજી કેરૂં, પ્રીકા પડે હેલા સૂર્ય શશી–પ્રભુ–૧. લેાચન લાલ ગુલાણ રસીલાં, કમળ કાંતિ નથી લેખે કશી. પ્રભુ–૨. સંસારી રૂપ તેા નજરે ન આવે, રસિયાજીના હું તેા ફંદે ફસી–પ્રભુ–૩. ચાલે છે વ્હાલેાજી લટકંતી ચાલે, ઠીક થઈ મ્હારા તનમાં ઠસી. પ્રભુ–૪. પાપ અનેક પ્રજાળે પ્રભુજી, વિમળ સુરત હું તેા જોઇ હસી. પ્રભુ–૫. અજિતના વ્હાલમાં મનડું છે મેાહ્યું, ધીંગા સ્વામી કેરા રહામી ધસી. પ્રભુ ૬.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૮૧

શ્રી બીજતિથિ સ્તવન.

ધીર સમીરે યમુના તીરે–એ રાગ.

અભિનંદન ચોથા પ્રભુ તેણે, દ્વિવિધ ધર્મ પ્રકાશ્યોરે; બીજે આ અવનીપર જન્મ્યા, તાપ ત્રિવિધનો ત્રાસ્યોરે. અભિ–૧. દુવિધ ધ્યાનનો ત્યાગ કરી હ્યો, આદર ધો બે ધ્યાનેરે; સુમતિ જિનેશ્વર બીજ તણે દિન, આવ્યા સહુજન જાણેરે. અભિ–૨. રાગ દ્વેષ બે બંધન જબરાં, સાચા મુનિજન કાપેરે; શીતળ જિનવર બોધે બીજે, શિવપદ તણું બળ સ્થાપેરે. અભિ–૩. જીવ અજીવ બે તત્ત્વોનો, નિર્ણય નિર્મળ કરવોરે; વાસુપૂજ્યની પેઠે ભવનો, બીજે દરિયો તરવોરે. અભિ–૪. નિશ્ચયને વ્યવહાર બેઉનો, નિશ્ચય હ્યો નરનારીરે; અર જિનેશ્વર ચવિયા બીજે, અતિ ઉત્તમ ઉપકારીરે. અભિ–૫. વર્તમાન ચોવીશીમાંહી, એમજ શુભ ગતિ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધીરે; એમ અનંત ચોવીશી થાતાં, તરશે બીજ આરાધીરે. અભિ–૬. અજિતપદને મેળવવા, શ્રીસદ્‌ગુરૂનું લ્યો શરણું રે; અજિત સાગર આપે શિક્ષા, મટે જન્મને મરણું રે. અભિ–૭.

શ્રી પંચમીસ્તવન.

ધીર સમીરે યમુના તીરે–એ રાગ.

ત્રિગડે બેસી વીરજીનેશ્વર, બોધ જગતને આપેરે; ભવ્ય જનો એ સુભગ બોધથી, કલેશ તણાં મૂળ કાપેરે. ત્રિગડે–૧. માટે સહુ સજ્જન આરાધો, જ્ઞાન પંચમી પાવનરે; આરાધે અંતર શુભ રાખી, જાય નરકનું જીવનરે. ત્રિગડે–૨. ગંધ વગરના ફુલડાં જેવાં, જ્ઞાન વગર એમ કરણીરે; અજવાળુ આપે અંતરમાં, ધન્ય થાય મન ધરણીરે. ત્રિગડે–૩. સિદ્ધલોકનું પદ જોવાને, એકજ જ્ઞાન મહાનરે; કર્મો શ્વાસો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્વાસે કાપી, પામે પદ નિર્વાણુરે. ત્રિગડે–૪. જ્ઞાન તણેા મહિમા છે મ્હોટેા, મુનીશ્વર સઘળા ભાખેરે; જ્ઞાનવડે આતમ પરમાતમ, પેખી હૃદયે રાખેરે. ત્રિગડે–૫. પાંચમાસ લઘુ પાંચમ કરતાં, ઊર્ધ્વગતિ જન પામેરે; પાંચ વર્ષને પાંચે માસે, વિપદા સર્વ વિરામેરે. ત્રિગડે–૬. એકાવનને પાંચ તણેા છે, લેાગસ કાયેાત્સર્ગરે; ઉજમણું અંતે શુભ કરતાં, પામે જન અપવર્ગરે. ત્રિગડે–૭. એ રીતે પાંચમ આરાધેા, ઉત્તમ ગતિને પામેારે; અજિતસૂરિની ઉત્તમ શિક્ષા, પામી જય પદ્મ જામેારે. ત્રિગડે–૮.

શ્રી અષ્ટમીતિથિ સ્તવન.

ધીર સમીરે યમુના તીરે–એ રાગ.

મહા સુદિ આઠમના દિવસે, વિજયાનેા સુત આવ્યેારે; તેમજ ફાગણ સુદિ આઠમે, સંભવ પગલાં લાવ્યેારે. મહા–૧. ચૈત્ર સુદિ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

આઠમના દિવસે, ઋષભ જિનંદ પધાર્યારે; દીક્ષા પણ એ દિવસે લીધી, મોહ મમતને માર્યારે. મહા–૨. ચૈત્ર સુદિ આઠમના દિવસે, આઠે કર્મ નિવાર્યારે; અભિનંદન ચોથા પ્રભુજીએ, સંકટ સર્વ વિદાર્યારે. મહા–૩. એજ આઠમે ઉજવલ કર્મી, જન્મ્યા સુમતિ સ્વામીરે; આઠ જાતના કલશ ભરીને, નવરાવે સુરધામી રે મહા–૪. જેઠ વદિ આઠમના દિવસે, સુવ્રત જન્મ્યા આંહીરે; અશાડ સુદિ આઠમના દિવસે, ગતિ આઠમી પામીરે. મહા–૫. શ્રાવણ વદ અષ્ટમીના દિવસે, નમિ જન્મ સુખરાશીરે; શ્રાવણ સુદિ આઠમ ઉજવલ, પાર્શ્વે ગતિ પ્રકાશીરે. મહા–૬. ભાદરવા વદિ આઠમ દીવસે, આવ્યા સ્વામી સુપાસરે; ઉત્તમ પદ સૂરિ અજિત કેરૂં, પ્રભુનો પ્રેમ પ્રકાશીરે. મહા–૭.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આદિજિનસ્તુતિ.

દોહા

આદિનાથનો આશરો, બીજાનું શું કામ;
મરૂદેવીના પુત્રને, સમરૂં સદા સુખધામ. ૧.
અકળ અલખ અવિનાશી છે, સુખકર સદ્‌ગુણવંત, નમસ્કાર નિર્મળ દિલે, અહર્નિશ અરિહંત; ૨. અમૃત શી ઉત્તમ અને, દુઃખનાં દૂર કરનાર; વાણી વિશ્વાધીશની, સેવકને સુખકાર. ૩ હાંશ પુરો હૈડા તણી, પૂરો અંતર આશ; દેવી આદિ જિનેશની, નિર્મળ કરો નિવાસ. ૪.

શ્રી અનન્તનાથ જિનસ્તુતિ.

વસંતતિલકા.

સ્વામી અનંત અતિ શાંતિ સમર્પનારા,
આ વિશ્વનાં વિવિધ નૃત્ય થકી જ ન્યારા;
આપો અનંત સુખને પ્રભુ પ્રાણ પ્યારા, કાપો અનંત

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

દુઃખને અરિહંત સારા. ૧. વ્યાપ્યું નસો નસ વિષે વિષ વિશ્વ કેરૂં, ખાલી તમો વણ દિસે મુજ દેહ દેરૂં; મોક્ષાર્થ દાન સહુને જિનદેવ! આપો, ને આપની મૃદુલ ભક્તિ અખંડ વ્યાપો. ૨. વાણી પરાર્થ પથમાં અતિ ગૂઢ ગાજે, દુષ્કર્મનાં સકળવૃંદ નિહાળી લાજે; શ્રી જૈન મંદિર તણી સુખદા ધ્વજા છે, કામાદિ દોષ સહુની અહિંથી રજા છે. ૩. હે અંકુશા! ચતુર હસ્ત રૂડા ધરે છે, મ્હારી મતિ સ્મૃતિ ધૃતિ નિરખી ઠરે છે; છે હાથમાં અભય પદ્મ બિરાજમાન, દેજે સહાય અમને વરદા મહાન. ૪.

श्रीसीमंधरजिनस्तुति.

હરિગિત.

પ્રણમું સદા પ્રેમે તમ્હોને સ્નેહથી સીમંધરા, સહુ સિદ્ધ થાને અમતણા હરવખત હે પ્રભુ દુઃખહરા; વાણી રૂપી ભમરી વિમળ મુજ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વદન કમળે બેસજો, ને વિમળ ભાવે દેવદેવી
અજિતની વ્હારે થજો. ૧

શ્રી સિદ્ધગિરિ સ્તુતિ.

હરિગીત.

સહુ સિદ્ધિનો આશ્રમ સુખદ એ
આદિજિન ! સોહામણુ, સહુ તીર્થેશ્વરો ! આવી
અહિં સહુ કોડ પૂરો અમતણા; સહુ આગમો
ભગવાનનાં અમ હૃદયમાં વાસો કરો, સહુ દેવ
દેવી અજિતનાં સંકટ સદાયે પરિહરો. ૧

ૐ શાંતિ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીપ્રભુસ્તુતિ.

(હું તો જળ ભરવાને ગઈતી જમુના ઘાટમાં રે)

જય જય પ્રેમમૂર્તિ ! પરમાત્મન્ ! પ્રેમ-પ્રસારજોરે, જય જય મનમોહન ! મહદાત્મન્ ! સ્તુતિ સ્વીકારજોરે. એ ટેક. મહાવીર ! છો તન મન ધન મ્હારૂં, આપ વિના કયાં અર્જ ઉચારૂં ! ધરવા ધ્યાન તમારૂં, વ્હાલ વધા-રજોરે. જય જય–૧. અનેક જાતના ભયથી ભરીયેા, આ ભવ છે દુઃખ કેરેા દરીયેા, એની હે મહારાજ ! લહરીએા વારજોરે. જય જય–૨. મન છે મર્કટ જેવું જણાતું, તૃષ્ણાના પૂર-માંહિ તણાતું, તુજ ગુણ ઘડી નથી ગાતું, એ ન વિસારજોરે. જય જય–૩. ઉદ્ભવતા સંકલ્પ હજારેા, આવે નહિ ગણતાં કંઇ આરેા, ઇત્યાદિ વિચારેા, પ્રભુજી ! નિવારજોરે. જય જય

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

-૪. કોટી વશા જાણું જગ કાચું, સમજાણું તુજ શરણું સાચું, તો બીજે ક્યાં જાચું, બાજી સુધારજોરે. જય જય-૫. અમને એટલું આપો જિનવર ! નાથ ! નિરંજન ! પ્રિય ! પરમેશ્વર ! અજિત શિરપર, શાન્તિ દયા વિસ્તારજોરે. જય જય-૬.

શ્રીપ્રભુસ્તુતિ.

(રાગ ઉપરનો.)

જય જય અંતરજામી ! હૃદય મન્દિરમાં આવજોરે, જય જય મહાવીર સ્વામી શાન્તિ સુધા વરસાવજોરે,-એ ટેક. ભાવે તવ ભક્તિ નથી થાતી, વિકલ વૃત્તિઓ જ્યાં ત્યાં ધાતી, શાન્તિ નથી સોહાતી, લક્ષે લાવજોરે. જય જય-૧. વળગે છે બહુ આધિ વ્યાધિ, સાધી શકું નહિ એથી સમાધિ, ટાળી આત્મઉપાધિ, પ્રીત પ્રગટાવજોરે. જય જય-૨. યમનિયમાદિક

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

યોગ ન જાણું, મિથ્યા માયામાં હું માણું, આપી અનુભવ ટાણું, ભજન કરાવજોરે. જય જય–૩. પંચ વિષયમાં હું પકડાણો, જુઠી જાળવિષે જકડાણો, હવે ઈશ ! અકળાણો, સુખ સોહાવજોરે. જય જય–૪. સફળ કરો જન્મારો મ્હારો, વ્હાલમ ! મ્હારી વિપદ્ વિદારો, અજિતનાથ ! તમ્હારો સાથ નભાવજોરે. જય જય–૫.

શ્રીપ્રભુપ્રાર્થના.

(દ્વારકાના વાસીરે અવસર વ્હેલા આવજોરે—એ રાગ.)

દયાનિધિ ! દીનબંધુરે, કુમતિ મારી કાપનેજી, એ કુમતિથી થયો અતિ હેરાન, એ દુમર્તિથી ભૂલ્યો પોતાનું ભાન. દયા–ટેક. કામ ક્રોધ મદ મોહેરે, લીધી મ્હારી લાજનેજી, જોઈ રહો તો જીવાય કેમ જિનેશ !

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

દયા–૧. અભયવરદ ! હે જિનવર રે ! શાન્તિ દિલમાં સ્થાપનેજી, તવ કરૂણાએ, સર્વ વિપત્તિ તજીશ. દયા–૨. સુખસિન્ધુ ! હે સ્વામીરે ! સ્વારથીઓ સંસાર છે જી, માત તાતને પુત્રાદિક પરિવાર. દયા–૩. આપ ચરણની અમનેરે, અનન્ય ભક્તિ આપનેજી, મનમોહનજી ! વ્હાલમ ! પ્રાણાધાર. દયા–૪. જે રીતે જીવણજીરે ! પ્રસન્ન પૂરણ થાએ છે જી, તે તે રીતે, સમજાવો તો સારી વાત. દયા–૫. શરણાગતના સ્વામીરે ! અવગુણ સર્વ ઉત્થાપનેજી, આપ ચરણમાં, સત્સુખ છે સાક્ષાત. દયા–૬. ભવ અટવીમાં ભૂલ્યો રે, ભટકાણો જ્યાં ત્યાં ઘણુંજી; ભગવન્ ! તારૂં ભાવે ભજન નવ થાય. દયા–૭. આવી અજિતના હૃદયે રે, અખંડના વાસી થનેજી, પુનઃ પુનઃ હું, પડું તમ્હારા પાય. દયા–૮.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીચારૂપશામળાપાર્શ્વજિનસ્તવન.(૬)

(પુનમ ચાંદની ખીલી પુરી અહીં રે—એ રાગ.)

ચતુરા ! ચોખે ચિત્તે ચાલો ચારૂપ ગામમાંરે,
જ્યાં છે જગગુરૂ જગપતિ તેવીશમો જિનરાજ;
ગુણિયલ ગુણગણ તેના ગાઈએ તેવીશમો જિનરાજ
ગુણિયલ ગુણગણ તેના ગાઈએ અતિ આરામમાંરે.
—ટેક.

સાખી.

શિવરમણીના સાહિબા, શામળીઆ મહારાજ;
ભલા ભાવથી ભેટતાં, સફળ થયો દિન આજ.
નમીએ નાથ ! નગીના નેમ પ્રેમથી અમે સહુરે,
દિલભર ! તવ દર્શનથી દિલ મારૂ હર્ષાય. ચ. ૧

સાખી.

અતિશય ચાર છે આપને, જન્મથકી જિનરાય !
વિના સુધારે શોભતી, કમલ સુકોમલ કાય,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેખી ઇન્દ્ર ઇન્દ્રાણી, અતિ મનમાં મલકાય છેરે,
પ્રભુના પ્રાણવાયુથી દુર્ગંધ દૂરે જાય. ચ. ૨

સાખી.

રાગરહિત તુજ હૃદયને, જોઇ રૂધિરમાંસથી રાગ;
જન્મથકી ચાલ્યો ગયો, ગરૂડ દેખી જેમ નાગ.
લાંચ્છન લટકાળું, ફણીધરનું શોભે છે અતિરે,
જેને દ્રવ્યભાવથી ઉગાર્યો દઇ દાન. ચતુરા. ૩

સાખી.

રોગ શોક ચાલ્યા ગયા, અતિશય ભાળી આપ;
રહેતા જે નિજ સ્થાનમાં, આનંદવાન્ અમાપ.
તેના વર્ણન કેરો, પાર કોઈ પામે નહિરે,
જો કોઈ સુરગુરૂ જેવા શક્તિવાળા હોય. ચ. ૪

સાખી.

જન્મમરણના જુલ્મથી, તારો ત્રિભુવનનાથ!
કૃપા કરી કિંકરતણો, હેતે ઝાલો હાથ.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુજને મનગમતો, મુક્તિનો માર્ગ બતાવજોરે,
કહે છે કરજોડીને અતિ આનન્દે અજીત. ચ. ૫

શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તવન. (૫)

(કાનુડો ન જાણે મારી પ્રીત—એ રાગ.)

પાર્શ્વપ્રભુ પ્રેમેપ્રણમું પાય, થાય સ્થિર મનડું મ્હારૂં રે. પા૦ ટેક. લગની મમ તુજથી લાગી, ભ્રમણા ભવ દુઃખની ભાગી, જાગી જ્યોતિ અન્તર આજ, દેખી તવ મુખડું પ્યારૂં રે. પા૦ ૧. ચ્યવીયા સુરભવથી સુખે, વામા માતાની કુખે, આવ્યા જગજીવન ! જીનરાજ ! કાજ શુભ તેનું સાર્યું રે. પા૦ ૨. સ્વપ્નાં દશ ચાર દઇને, પૂર્વનું પુણ્ય લઇને, જન્મ્યા જગપતિ ! શ્રીજગનાથ ! તાતના કુલને તાર્યું રે. પા૦ ૩. ઓચ્છવ ઉમંગે કરતા, દુઃખિયાંના દુઃખને હરતા, મૂકીને માતા પાસે નાથ ! હરિએ વચન ઉચ્ચાર્યું રે. પા૦ ૪. જનની જીનજીની

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાથે, વૈર વહે કોઇ વાતે; તેનો નિશ્ચય કરશું નાશ, નથી કોઈ એનો તારૂરે. પા૦ ૫. બાલ ઉમ્મર એમ જાવે, અનુક્રમથી યૌવન પાવે; થાવે પ્રભાવતીના કંત, જોડલું જડીયું સારૂં રે. પા૦ ૬. તર્કો તાપાસના તોડી, યુક્તિથી યતના જોડી, કૃપા કરી કાઢી કાષ્ઠથી બહાર, સર્પનું કાર્ય સુધાર્યું રે. પા૦ ૭. સ્નેહ સંયમ સંગ જોડી, પ્યાર પુદ્ગલનો છોડી, તોડી માયા દઇને દાન, દુઃખીયું જગત્ ઉદ્ધાર્યું રે. પા૦ ૮. સંયમ સાધન શુભ કરતા, વ્હાલા ! વનમાંહી વિચરતા, ધરતા ધૈર્ય ભાવથી ધ્યાન, પ્રગટ નિજરૂપ નીહાલ્યું રે. પા૦ ૯. મનમોહક મૂર્તિ આ તેની, ઝગમગતી જ્યોતિ છે જેની, આપે અતિ અમને આનન્દ, પ્રભુજી પરમ કૃપાલુરે. પા૦ ૧૦. કેવલ કમલાને વરીયા, મોહન ! મુક્તિ સંચરિયા, તરીયા ભવસાગર ભગવાન્ ! ધ્યાન હું તેનું ધારૂં રે. પા૦ ૧૧. જરા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાદવની વારી, સેના મરતી ઉગારી, જેનું નવણ નીર છે આજ, અતિશય સુખ કરનારૂંરે. પા૦ ૧૨. જયથી જદુપતિએ જ્યારે, શંખ સ્વર પૂર્યો ત્યારે, પ્રગટયા શંખેશ્વર જીનરાજ, આજ મન મોહ્યું મ્હારૂં રે. પા૦ ૧૩. કુટિલ કર્મોને કાપો, પૂરણ પદ અમને આપો, પાપો સર્વે દૂર પલાય, થાય અન્તર અજવાળું રે. પા૦ ૧૪. અજીત આનંદે આવે, ગાન મધુર રસનાએ લાવે, મોહન! મન મ્હારૂં મલકાય, દેખીને મુખડું તમ્હારૂં રે. પા૦ ૧૫.

श्रीशंखेश्वरापार्श्वनाथस्तवन. (६)

(द्वारकाना वासीरे—એ રાગ.)

વણારસીના વાસીરે, વ્હાલા! વ્હારે આવજોજી; ભવસાગરમાં, ભૂલ્યો ભમે છે તારો બાળ. વ૦ટેક. ચાર મળીને ચોરો રે, ચાર ગતિના ચોકમાંજી, લુંટી રહ્યા છે, લાખેણી મ્હારી લાજ. વ૦ ૧

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોહને વળી મમતા રે, મારગ રોકી માહ્યરોજી,
વૈરી બનીને, વૈર વધારે છે આજ. વ૦ ૨

દ્વેષ ધરન્તો ધિઠ્ઠોરે, આવે દ્વેષ ધશમશ્યોજી,
મારે મુજને, મર્મનો માર અપાર. વ૦ ૩

રાગી બનીને રાગરે, રખડાવે છે રાનમાંજી,
ભાન ભૂલાવી, ભરમાવે વારંવાર. વ૦ ૪

ક્રૂર કર્મની સંગીરે, કુમતિ કેડે લાગી છેજી,
ભાગી જેથી, સુમતિ સખી દૂર જાય. વ૦ ૫

પ્યાર બતાવી પૂરોરે, પ્રવૃત્ત પાડે પ્રેમમાંજી,
નિરખી નજરે, નિવૃત્તિ દિલ દુઃખી થાય. વ૦ ૬

વેગ ધરીને વિંધે રે, વિષય તીક્ષ્ણતીરથીજી,
જોર કરીને, જુલ્મ ગુજરે તે નાદાન. વ૦ ૭

તૃષ્ણા તરૂણી તાજીરે, ડાકણ પેરે દીપતીજી,
પીડે મુજને, ભાળો તે તમે ભગવાન્! વ૦ ૮

પ્રભાવતીના પ્યારારે, શંખેશ્વર સ્વામી! સાંભળોજી,
દેવ દયાળુ! સેવકના શણગાર. વ૦ ૯

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધ્યાન તમારૂં ધારૂં રે, સુધારો સ્થિતિ સાહેબજી!
પ્યારા પ્રભુજી! પ્રીતિથી પાર ઉતાર. વ૦ ૧૦
ત્રણ લોકના ત્રાતારે! દાતા! દર્શન આપશોજી,
રાખો શરણે, અજીતસાગર ભગવન્! વ૦ ૧૧

શ્રીપાર્શ્વજિનસ્તવન. (૭)

(રાગ ધનાશ્રી)

ગુણમાં ગન્યો ગુલતાન, પ્રભુજી! ત્હારા ગુણમાં ગન્યો ગુલતાન–ટેક. દેવ દયાલુ! તવ દર્શનથી, પામ્યો શિવ સોપાન. પ્રભુજી! ત્હા૦૧. માયા મમતા દૂરે નિવારી, ધરૂં તમારૂં ધ્યાન. પ્રભુજી! ત્હા૦૨. મોહમદિરા ત્યાગી તમારે, શરણે આવ્યો સુલતાન! પ્રભુજી! ત્હા૦૩. આપો અમોને અવિચલ પદવી, શંખેશ્વર ભગવાન્! પ્રભુજી! ત્હા૦૪. પાપો અમારાં કાપો સમૂળાં, દેઈ દયાનું દાન. પ્રભુજી! ત્હા૦૫. સેવા સેવકની સ્વામી સ્વીકારો, આપો પદ નિર્વાણ.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુજી ! ત્હા૦૬. નિજ સ્વરૂપ નિહાળી નાથજી ! ખુબ થયો મસ્તાન. પ્રભુજી ! ત્હા૦૭. જડ ચૈતન્યને જુદાં જોઇ, જાગ્યું અનુભવ જ્ઞાન. પ્રભુજી ! ત્હા૦૮. ભેદભાવની ભ્રમણા ભાંગી, પામી સુખની ખાણ. પ્રભુજી ! ત્હા૦૯. પાર્શ્વ ચરણમાં અજીત ભાવે, આવે મુકી અભિમાન. પ્રભુજી ! ત્હા૦૧૦.

શ્રીપાર્શ્વનાથસ્તવન. (૮)

(રાગ આઢ)

પ્રભાવતીના પ્યારા, લાગો છો સારા,
પાર્શ્વનાથ ભગવાન્ !
મ્હારી આંખોના તારા, મન હરનારા,
પ્રાણ આધારા. પા–ટેક.

સાખી—તપ તપીયા ત્રીજે ભવેરે,
બાંધ્યું તીર્થંકર નામ;
દેવગતિ સુખ ભોગવી તમે,
આવ્યા વણારસી ધામરે,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વામિ સુખ કરનારા, દુઃખ હરનારા,
લાગેા છેા સારા પાર્શ્વ–૧

સાખી—અશ્વસેનના એાપતારે,
પુત્ર અનેાપમ આપ;
વામાના જાયા જદુપતિનાજી,
દૂરે કર્યા સહુ તાપરે,
ધ્યાન શુકલ ધરનારા, જય વરનારા,
લાગેા છેા સારા. પાર્શ્વ–૨

સાખી—કમઠદેવની ક્રૂરતારે,
સમચિત્તે સહી નાથ,
દયાના દરિયા દયા કરી,
જેનેા હેતથી ઝાલ્યેા હાથરે,
તેનેા ભય હરનારા, ભવ તરનારા,
લાગેા છેા સારા. પાર્શ્વ–૩

સાખી—આગમાં બળતા નાગનેરે,
આપ્યું અવિચળ રાજ,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંયમ સાધન સાધી રૂડુ,
સિદ્ધ કર્યું પોતાનું કાજરે,
દુષ્ટમતિ દલનારા, શિવ ભરથારા,
લાગેા છેા સારા. પાર્શ્વ–૪

સાખી—ચરણ કમળની ચાકરીને,
યાચું ચિત્ત મેાઝાર;
અજીત આશરે આવી તમારે;
વેગે વરીએ શિવનારરે,
દિલ્હર દીલદારા, ભવેાદધિ તારા,
લાગેા છેા સારા. પાર્શ્વ–૫

શ્રીપંચાસરાપાર્શ્વનાથસ્તવન. (૯)

(રાગ માઢ)

નેક નામ પંચાસરા પાર્શ્વજી !
મ્હને પ્યારા લાગેાજી.
સ્વામી ! મ્હને સારા લાગેાજી;
વ્હાલમ મ્હને વ્હાલા લાગેાજી–ટેક.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાખી–ગુણ ગંભીર ગુજરાત ભૂમિમાં,
પાટણપુર પ્રખ્યાત,
દેવળ સ્વર્ગ સમાન દીપે જ્યાં,
ભેટ્યા ત્રિભુવન તાત મ્હને૦ ૧

સાખી–મોહનગારી અમીરસ ઝરતી,
મૂર્તિ મનોહર આપ;
શરદ શશીસમ સુખકર મુખડું,
ટાળે જગતના તાપ. મ્હને૦ ૨

સાખી–વાણી ગુણ પાંત્રીશ ભરેલી,
વર્ષે અમીરસ ધાર,
અતિશય અન્તર આનન્દ આપે,
ત્રિશ અને વળી ચાર. મ્હને૦ ૩

સાખી–ભવદવ ચિન્તા ચૂરવા કારણ,
ચિન્તામણિ સુખકાર;
જાણી જપે જગ નામ તમારૂં,
મહિમા અપરંપાર. મ્હને૦ ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાખી–સુખસાગર ! તીર્થંકર ! શંકર
દેવતણા પણ દેવ !
સુરવર નરવર શિવસુખકારણ,
શુભ ભાવે કરે સેવ. મ્હને૦ ૫

સાખી–કરૂણાપતિ ! કરી કરૂણા કમઠપર,
ધીરતાથી ધરી ધ્યાન;
ઉગાર્યો આગથી બળતા અહિને,
આપ્યું અનુભવ જ્ઞાન. મ્હને૦ ૬

સાખી–કમળાપતિ ! પુરો કિંકર જનની,
કોમળ ભાવથી આશ;
અજિત નાથ નિરંજન યાચે,
આપો શિવ સુખ વાસ. મ્હને–૭

શ્રીભટેવાજીપાર્શ્વ સ્તવન. (૧૨)

(રાગ કલ્યાણ)

પૂજો ભાઇ ! ભટેવાજી પાર્શ્વને, પૂરે પૂજક-જનની આશને. પૂજો૦ કેસર ચન્દન મૃગમદ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘોળી, ભેળવી માંહી બરાસને. પૂજો૦ ચંપો ચંબેલી કુલ ગુલાબનાં, સાથે લઈ સુવાસને. પૂજો૦ દ્રવ્ય ભાવથી પૂજન પ્રભુનું, આપે અંખડ વિલાસને. પૂજો૦ આધિ વ્યાધિ ટાળે ઉપાધિ, દૂર કરે ભવ ત્રાસને. પૂજો૦ વામાનંદન શિવસુખસ્યન્દન, વંદીએ ધરી ઉલ્લાસને. પૂજો૦ ભાવ દીપક ઘટમાં પ્રગટાવી, પામો પૂર્ણ પ્રકાશને. પૂજો૦ અજિત અનુભવ અન્તર જાગે, પાર ઉતારે દાસને. પૂજો૦

શ્રીમલ્લિનાથ સ્તવન. (૧૩)

(ગાડી આવી ગુજરાત–એ રાગ)

મોહી રહ્યું મહારાજ ! મનડું મ્હારૂં મોહી રહ્યું છે, તવ મુદ્રા જોઇ જીનરાજ ! મનડું મ્હારૂં મોહી રહ્યું છે. ટેક૦

સાખી–શોભે શોભાથી રૂડું,
સમવસરણ સુખદાય;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેખીને દુઃખીયાતણું,
સહુ દુઃખો તે દૂર પલાય. મનડું૦ ૧

સાખી–ત્રણ ગઢ મધ્યે તખ્તપર,
આસન વાળી આપ,
વચનામૃત વરસાવીને,
તમે ટાળ્યા ત્રિભુવનતાપ. મનડું૦ ૨

સાખી–સુરપતિ આવે સ્નેહથી
સજી સર્વ શણગાર;
ઇન્દ્રાણી આનન્દથી,
કરે નાટક નાના પ્રકાર. મનડું૦ ૩

સાખી–રમતી ભમતી રમણીઓ,
ધરતી પ્રભુથી પ્યાર;
વિનય વિવેકે વિચરતી,
વંદના વાર હજાર. મનડું૦ ૪

સાખી–દેવચ્છન્દો દીપે રૂડો,
દેવ ભવન અનુસાર,
અતિશય અનુપમ આપને,
ઓપે ત્રીશ ઉપર વળી ચાર. મનડું૦ ૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાખી–ગુણ પાંત્રીશે ગાજતી,
વાણી વિમલ વિશાળ;
સુણી સમજે ભવી ભાવથી,
જેથી જગતની જાયે જંજાલ. મનડું૦ ૬

સાખી–પુરણ પુણ્યના યોગથી,
પદ પુરૂષોત્તમ પાય,
કર્મ કટક કાપી કઠિણ,
વેગે વસીયા શિવપુરી માંય. મનડું૦ ૭

સાખી–સાદિ અનન્ત સુખમાં સદા,
સહજ સ્વરૂપે શ્યામ;
દિવ્ય જ્ઞાનની દ્યુતિથી,
ભવ્ય ભાળો ચરાચર ધામ. મનડું૦ ૮

સાખી–મનમોહન ! મુક્તિતણા,
મલ્લિનાથભગવાન !
અજીત ઉચારે આપને,
મ્હારી વિનતિ ધરજ્યો ધ્યાન. મનડું૦ ૯

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીનેમનાથસ્તવન. (૧૪)

(પ્રિય મિલનકે કાજ આજ,
જોગન બનજાવુંગી-એ રાગ.)

નેમમિલનકે કાજ આજ, સહસાવન જાવુંગી. ટેક. માત ભ્રાત સબ સાથ છોડ, ગુન ઉનકા ગાવુંગી, માયા મમતા મોહમારમેં, તનકો તપાવુંગી. નેમ–૧ પ્યાર છોડકે ગયે પ્રભુમેં, પ્યાર લગાવુંગી, ધૈર્ય ભાવસેં ધ્યાન લગા, તન્મય બનજાવુંગી. નેમ–૨ ભેદ ભરમ સબ છોડતોડ, જંજાલ જલાવુંગી, ચિત્ત ચરણોમેં જોડ જ્યોત, જ્યોતિસેં મિલાવુંગી. નેમ–૩ નાથ ! નરોત્તમ નેમ ! નિત્ય, નયનો સેં નિહાલુંગી, કરું યાદ હરદમ આપકો, કભી ન વિસારૂંગી. નેમ–૪ ધરૂં જીગરસે ધ્યાન જ્ઞાન, ગુણ અપના પાવુંગી. અજિત અમર પદ પાય નાથસે, હીલ મીલ જાવુંગી. નેમ–૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીનેમજીનેરાજુલનીવિનતિ. (૧૬)

(પાણી ભરવા હું ગઇતીરે–એ રાગ.)

જગદીશ્વર ! જય કારીરે ! વ્હાલાજી ! નેમ વિભુ ! મ્હારી વિનતિ સ્વીકારોરે, હૈયાના હાર પ્રભુ !–ટેક. સાખી–પ્રીત પુરાણી પાળજો, સમજી સજ્જન રીત; દયા દીલ દીનની ધરી, તોડો ન મ્હારી પ્રીત. રાંક રમણીને રોતીરે, છબીલા ! છોડો મતિ, નાથ વિનાની નારીરે, પામે નહિ માન રતિ. જગ–૧ સાખી–માન વિનાની માનિની, નવ કરો મ્હારાનાથ ! પ્રાણ સમી પ્યારી ગણી, હર્ષે ઝાલો હાથ. રંગ રસીયા ! રસીલારે ! રસિક રંગ રાખો તમે, દુઃખ દરિએ ડુબેલીરે, દાસી આપ ચરણે નમે. જગ–૨ સાખી–આશ અતિ મનમાં હતી, મળવા મોહનસંગ; તોરણથી ત્યાગી તમે, બધો બગાડ્યો રંગ. કપટી ! કામણગારારે ! કપટ આવું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેમ કર્યું ! દીલ દૂરથી દેખાડીરે, હૈયું મ્હારૂં નાથ ! હર્યું. જગ–૩ સાખી–નવભવ નેહ નીહાળીને, નજર મિલાવો નાથ ! સગપણ સાચું સાચવી, આવું તમ સંગાથ. માલ મંદિર મેડીરે, મૂકી ચાલ્યાં રાજીમતી, ગયાં ગઢ ગિરનારે રે, ભેટયા પ્યારા પ્રાણપતિ. જગ–૪ સાખી–પ્રભુ મુખ વાણી સાંભળી, ભેદ ભાવ કરી દૂર; સંયમ સાધન સાધીને, સુખ પામ્યાં ભરપુર. ભ્રમણા ભવની ભાગીરે, દુઃખો સહુ દૂરે ગયાં, પાયે પ્રભુના પડીનેરે, અજિત આનન્દી થયાં. જગ–૫

શ્રીઇડરગઢ ઉપર શ્રીશાંતિનાથનું સ્તવન. (૧૬)

(તમને ઘટે નહિ આવું રાજ–એ રાગ)

શી ! કહું શોભા તહારી નાથ ! શી ! કહું શોભા તહારી, શાન્તિજીનંદ સુખકારી ! નાથ !

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શી કહું—એ ટેક. ભારત ભૂમિનું ભૂષણ આ, અનોપમ આનંદ આપે, લક્ષ્મી લીલાનું કેલી ગૃહ જેને, દેખતાં દૃષ્ટિ ન ધાપે. નાથ ! શી ૦૧ ગગનલેદ્દી શ્રીઈડરગઢપર, ભવ્ય જીનાલય ભાળ્યું ગેબીગભારેાને ગુલમંડપ જોઈ, ગાત્ર ગરવનું ગાળ્યું. નાથ ! શી૦ ૨ છ ચેાકી નૃત્યમંડપની રસીલી, રચના રાગને કાપે, સન્મુખ શેાભે પુંડરીક પ્રભુજી, પ્રપંચમૂળ ઉત્થાપે. નાથ ! શી૦ ૩ ભાવ ધરી શુભ ભમતી ભમતા, ભ્રમણા ભવની ભાગે, પવિત્ર પ્રભુ પાદુકાની પાસે, પેખી રાયણ અતિરાગે. નાથ ! શી૦ ૪ વાવ કુવા વાડી ને ગુફાએા, જળસ્થળ રચના ભારી, પુરૂંપુરાણું જૈન ચૈત્ય જ્યાં, રણમલ્લ ચેાકી સારી. નાથ ! શી૦ ૫ દેવ દેવી ને વીર પીરનાં, સ્થાન અતિ અહીં શેાભે, પણ પવિત્ર શ્રીપર્ણ શશીસમ, તવ-મુખડે મન થેાભે. નાથ ! શી૦ ૬ રૂક્ષમણીરા-ણીનેા મહેલ રસીલેા, રમ્ય ભૂમિપર રાજે, તેમ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

છતાં પણ છેલછબીલી, તુજ મુર્તિ અતિ છાજે. નાથ! શી૦ ૭ ધન કંચન હીરા મણિ માણેક, આપ કૃપાથી આવે, શાન્તિનાથનું સ્મરણ કરતાં, નરકનો પંથ નસાવે. નાથ! શી૦ ૮ પંચમ કાળમાં પ્રેમી પ્રતાપી, પુરૂષોત્તમ રાગી, શાન્તિ-સદનના કર્તા કહીએ, રાયસંપ્રતિ વડભાગી. નાથ! શી૦ ૯ દેશ વિદેશથી યાત્રા કરવા, સંઘ ચતુર્વિધ આવે, અજિત આનન્દદાયી દયાળુ, આપતણા ગુણ ગાવે. નાથ! શી૦ ૧૦

શ્રીશીતલજિન સ્તવન. (૧૭)

(રાગ કલ્યાણ.)

જયજીનવર! જગવિસરામિ, શીતલ જીન! અન્તરયામી. જય૦ ટેક ભવિમનરંજન! નાથ! નિરંજન! નમન કરૂં શિરનામી. જય૦ ૧ ધર્મ ધુરંધર! પ્રેમી! પ્રિયંકર! દુઃખભર દુર્મતિ વામી. જય૦ ૨ અનુભવ અમૃત રસના રસીયા!

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અવિચલ ધનના ધામી ! જય૦ ૩ દ્વેષવિદારી થયા અવિકારી, શુભ પંચમ ગતિને પામી. જય૦ ૪ પૂર્ણ પ્રભુતા વિમળ વિભુતા, સમતા ઘર સુખ સ્વામી ! જય૦ ૫ પ્રભુ સેવાથી પામેા પ્રભુતા, થાએા અજિત પદ ગામી. જય૦ ૬

શ્રીધર્મજિનેશ્વર સ્તવન. (૧૮)

(રાગ કલ્યાણ.)

ગાવેા ગુણ ધર્મજીણંદના, પુરૂષેાત્તમપૂર્ણાનન્દના. ગાવેા૦ ટેક. શુદ્ધસ્વરૂપી ! સહજાનન્દી ! અજર અમર સુખકન્દના. ગાવેા૦ ૧ અક્ષયપદ ધારી અલબેલા ! સ્વામી ! સુરનર વૃન્દના ગાવેા૦ ૨ તારક ! ધારક ! સેવક જનના, ટાળક ! ફીતુરી ફન્દના. ગાવેા૦ ૩ ક્ષાયક ગુણના દાયક સ્વામી ! મુગટ ! સર્વ મુનિંદના. ગાવેા૦ ૪ ભાનુનન્દન ! વન્દન કરતાં, થાયે કર્મનિકન્દના. ગાવેા૦ ૫ ભેદક ભારે ભવઅટવીના, છેદક ! છેક સ્વછન્દના. ગાવેા૦

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬ અવિચળ સુખની આશા માટે, અજીત ઉચ્ચારે વંદના. ગાવો૦ ૭

શ્રીપંચાસરાપાર્શ્વનાથ સ્તવન. (૧૯)

(રાગ માઢ)

મ્હારા પાર્શ્વપંચાસરા નાથહો !
તારો પ્રેમધરી પરમેશ ! ટેક૦

સાખી–કેશર ઘોળી કંકાવટી,
ને કુલડાં ભરેલી થાળ,
પાર્શ્વજી ! આપને પૂજશું,
પ્યારા પ્રભુજી દેવદયાળ, મ્હારા૦ ૧

સાખી–કંચન કેરી કટોરીઓ ને,
મણિ મુક્તાફળ માળ,
રત્નોની આંગી અમોલ રચું,
જેમાં કુલડાં રાતાં રસાળ. મ્હારા૦ ૨

સાખી–ધૂપ દીપ નૈવેદ્ય ફળાદિક,
પૂજા કરૂં પુણ્ય કાજ,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગાયન આપ ગુણોનાં ગાઉં,
મેળવી સંગીત સાજ. મ્હારા૦ ૩

સાખી—તારક ત્રણ ભુવનના સ્વામી !
ધારક ધર્મના નાથ !
વારક વિષય કષાયના,
હેતે ઝાલો હાથ. મ્હારા–૪

સાખી—વિનયવાન્ વનરાજ નૃપાલે,
શીલગુણ સૂરિની પાસ;
સ્થાપી પંચાસર વિષે,
મૂર્તિ રસીલી ખાસ. મ્હારા–૫

સાખી—જાદવ સૈન્યની જરા હરી,
બળતો બચાવ્યો નાગ;
એમ અજીતપદ આપને,
થઇએ અતિસુખભાગ. મ્હારા–૬



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આદિજિનસ્તવન.

મહેતાજીરે શું મહીમૂલ બતાવું–એ રાગ.

આદીશ્વરરે ! જિનવર જગ જયકારી, લેજો વંદના મ્હારી સ્વીકારી; સુખકારીરે ! શુદ્ધ સ્વરૂપના ધારી, જય સુખકર જગ ઉપકારી. ટેક. નાથ ! નગરી અયોધ્યાના રાયારે, માતા મરૂદેવીના જાયારે, પિતા નાભિરાય કહેવાયારે, પ્રાણેશ્વરરે ! પરણ્યા સુનંદાખ્યારી. લેજો–૧. પ્રભુ ! તમે છો પ્રથમ નરેન્દ્રારે, મુનિગણમાં પ્રથમ મુનીન્દ્રારે; જિનપતિમાં આદિ જીનન્દ્રારે, મનમોહનરે ! મૂર્તિ મનોહર તહારી. લેજો–૨. પૂર્વ લાખ ત્યાશી ગૃહે વસીયારે, પછી સંયમના થયા રસીયારે, ભાવે ભાવશત્રુઓને કસીયારે, જગજીવનરે ! કેવળલક્ષ્મીના ધારી. લેજો–૩. તાર્યા પુત્રોને અનુભવ આપીરે, ક્રૂર જડતા જગતની કાપીરે, જેથી કીર્તિ અવિચળ વ્યાપીરે, દુઃખહારીરે ! માતાને પહેલાં તારી. લેજો–૪.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વામી ! સહાય સેવકને કરજોરે, ઉર અરજી અમારી ધરજોરે, ભવોભવનાં પાતક હરજોરે, જેથી પામીએરે ? અજીત અમર શિવ નારી. લેજો–૫.

શ્રી ભીલડીયાપાર્શ્વનાથસ્તવન.

કેશરીયા થાશું પ્રીત કીનીરે—એ રાગ.

પ્રભુ ! પાર્શ્વ ભીલડીયા ! પ્રીતિ પુરાણી પુરો પાળજો; દુઃખદળ સંહારી, તાપો ત્રિવિધ મ્હારા ટાળજો. પ્રભુ–ટેક. ભવસાગરમાં સાથે ભમીયા, રમીયા પણ બહુ રંગે; સહુ જાતનાં સગપણ કીધાં, લીધા લ્હાવ તુજ સંગરે. પ્રભુ–૧. કાળ અનંતો અવ્યવહારે, વસીયા રસીયા ! સાથે; વિટંબના વ્યવહારરાશિની, જાણો છો જગનાથરે. પ્રભુ–૨. જન્મમરણ જંજાળે જકડાયા, નિગોદમાં પ્રભુ ! જ્યારે; દુષ્ટજનોએ તીવ્ર શસ્ત્રથી, કર્યા છિન્નભિન્ન ત્યારેરે. પ્રભુ–૩. આજ તમે અરિહંત થઈને, સિદ્ધસ્થળે જઈ વસીયા;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમે દુઃખમાં દુબીએ પ્રભુજી ! મોહમાયામાં ફસીયારે. પ્રભુ–૪. સંબન્ધ સાચો સારી રીતે, વિચારો વિભુ ! આજ શરણાગત સ્નેહી છે સાચો, રાખો તેની લાજરે. પ્રભુ–૫. મોહન ! મારા મનગમતા મ્હેં, માન્યા બહુ ઉચ્છરંગે, કૃપા કરો કમળાપતિ ! મુજપર, તોડો ભવના તંગરે. પ્રભુ–૬. ગિરિધારી ગોવિન્દને પ્રભુજી ! સહાય કરી અણુધારી; પદવી અમર અહિને આપી, સંકટ સઘળાં વારીરે. પ્રભુ–૭. અજીત અજર અવિનાશી સ્વામી ! સુખ શાન્તિના દરીયા; ભાવે ગાતાં શિવસુખ પામે, ભવસાગરને તરીયારે. પ્રભુ–૮.

શ્રીશત્રુંજયમહિમાગર્ભિતસ્તવન. (૩૨)

(રાગ ધનાશ્રી)

ફળીઆ મનોરથ આજ, અમ્હારા, ફળીઆ મનોરથ આજ. મળીયા વિમળગિરિરાજ, અમ્હારા, ફળીયા મનોરથ આજ. ટેક. પુંડ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

રીકગિરિ સન્મુખ ડગ ભરતાં, દૂરે ટળી દુઃખ દાઝ. અમ્હારા–૧. કાળ અનંતો ભવભ્રમણામાં, કાઢ્યો ગરીબનિવાજ. અમ્હારા–૨. સુખકારી હવે શીતળગિરિની, છાયા મળી સુખકાજ. અમ્હારા–૩. શરણાગતના તારક સ્વામી ! સકળ તીરથ શિરતાજ ! અમ્હારા–૪. ભવ-સાગરમાં ઝોકાં ખાતું, કાંઠે આવ્યું મુજ જહાજ. અમ્હારા–૫. વિમળરૂપ વિમળાચળ વ્હાલા ! આપી વધારો લાજ. અમ્હારા–૬. વિમળ વિભુની થાય કૃપા તો, ટળે મિથ્યાત્વ રીવાજ. અમ્હારા–૭. ગિરિદર્શનથી ગેબી પ્રગટ્યો, ઘટમાં જ્ઞાની અવાજ. અમ્હારા–૮. અનુભવ અમૃત પાન કરીને, થયો અજીત સુખભાજ. અમ્હારા–૯.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સિદ્ધગિરિસ્તવન. (૨૩)

[કેસરીયા થાશું પ્રીત કીનીરે–એ રાગ.]

સિદ્ધાચળગિરિ શું, મનડું મોહ્યું રે, મન-મોહના ! વિમળાચળ વ્હાલે, ચિતડું ચોર્યું રે જગસોહના !—ટેક. ત્રિભુવનમાંહી તારક તુજ સમ, અવર ન નજરે નિરખું; સમતા સુખ શાન્તિનું દાયક, નહિ કોઇ જગ તુજ સરખું રે. સિદ્ધા–૧. શ્રીમુખ મંદિરસ્વામી બોલ્યા, હેતધરી હરિ પાસે; ભવ્ય હોય તે નજરે ભાળે, પાપ તેનાં સહુ નાસેરે. સિદ્ધા–૨. કઠીણ અતિ કર્મોનાં બંધન, કંચનગિરિવર કાપે, અનુભવ અમૃત પ્રગટે ઘટમાં, શિવ-રમણી સુખ આપેરે. સિદ્ધા–૩. સિદ્ધ અચળ ! સહજાત્મ સ્વરૂપી ! નિર્મળ નાથ ! નગીના, નિજ રૂપે રમતા રંગીલા, રંગ રસીયા ! રસભીનારે ! સિદ્ધા–૪. જીવ્યું આજે જગમાં મ્હારૂં, સફળ થયું એમ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાણું; મનગમતું મળીયું મોહનજી ! ગિરિ-દર્શનનું ટાણું રે. સિદ્ધા–૫. કુટિલ બુદ્ધિના ધારક જગમાં, કદાગ્રહો કરનારા; ગિરિવર દર્શન વિણ ભવદરિયે, દુઃખ સહિત ભમનારારે. સિદ્ધા–૬. લાભ અનંતો માની મનમાં, પૂર્વ નવાણું વારા; રઢીયાળી રાયણની નીચે, પ્રથમ પ્રભુજી પધાર્યારે. સિદ્ધા–૭. આજ અમીરસ પીધો પ્રેમે, ફળીયો સુરતરૂ સારો; અજીત અમર પદ ધારક પ્રભુજી ! સેવક જનને તારોરે. સિદ્ધા–૮.

શ્રી સિદ્ધાચલસ્તવન. (૨૬)

[માલણ ગુંથી લાવ ગુણિયલ ગજરો-એ રાગ]

વિમળ ગિરિરાજ ! દર્શન કરવા, આવે સંઘ સકળ શિવ વરવા–ટેક. સિદ્ધગિરિ અતિ સુખકારી, જેને સેવે સુર નરનારી, દુઃખહારી સદા જયકારી. વિમળ–૧. ચૌદ ભુવનનું તીરથ રહારૂં, મ્હારા મનડામાં લાગ્યું પ્યારૂં. છુટયું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મ્હારૂં તહારૂં આ નઠારૂં. વિમળ–૨. ચાર ચોરનું જોર ન ચાલે, ગર્વ મોહ તણો એ ગાળે, પાપો જન્મો જન્મનાં બાળે. વિમળ–૩. લાવ્યા સંઘ ભરત મહારાજા, વેગે વગડાવીને બહુ વાજાં, ભેટી તીર્થ થયા ખુબ તાજા. વિમળ–૪. હીરા મોતિએ ગિરિ વધાવે, શુભ ભાવે ગિરિગુણ ગાવે, જેથી અજર અમર પદ પાવે; વિમળ–૫. ગિરિમહિમા ગુરૂ બહુ ગાતા, રસકુંપી પીને મસ્ત થાતા, મોક્ષ પંથે જરૂર એ તો જાતા. વિમળ–૬. નારદ જેવા કળીયાકારી, નાથ! નાવ તમે તેની તારી, આપ મુખડા ઉપર જાઉં વારી. વિમળ–૭. શેઠ ખુબચંદ ખુબ છાજે, પુત્રો રામ લક્ષ્મણ સમ રાજે, કીર્તિ જગમાં જેની ઘણી ગાજે. વિમળ–૮. ગુણે ઉત્તમ ઉત્તમભાઈ, ચુનીલાલજી નિર્મળ ન્યાયી, કીધી ઉત્તમ પુન્ય કમાઈ. વિમળ–૯. સુત

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંઘવીના મણીલાલ, દીન હીન તણા પ્રતિપાળ, કરે સંઘ તણી સંભાળ. વિમળ–૧૦. પુર પાટણથી સહુ આવે, નર નારી મળી ભલા ભાવે, ગિરિ વંદીને ઉર સુખ લાવે. વિમળ–૧૧. છ રી પાળી સંઘ લઇ આવ્યા, ભવિ જીવોના મનમાં ભાવ્યા, શુદ્ધ કરણીના દામો કમાયા. વિમળ–૧૨. સંઘ સાથે ગુરૂજી વિચરતા, ધ્યાન વિમળ પ્રભુજીનું ધરતા, ભાવે અજીત અમર થઈ ઠરતા. વિમળ–૧૩.

શ્રીઆદિજિનસ્તવન. (૨૭)

(મ્હને મુકીને ગયો છે મ્હારો છેલડો રે–એ રાગ)

આદિનાથની અલબેલી મૂર્તિ મળીજો,
પાર પ્હોંચી મ્હારી જેથી ભવબેડલી જો. આદિ-ટેક.

જોઇ મુંખડું શરદના શશી સમું જો,
હું તો હેતે પ્રભુના ગુણમાં રમ જો. આદિ–૧

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાળી ભ્રમર ભ્રકુટી મનડું હળ્યું જો,
દુઃખ આજથી હવે તો સઘળું ટળ્યું જો. આદિ–૨

રંગ રસિયા ! રસીલી તવ આંખડી જો,
જોઇ જળમાં વસી કમળ પાંખડી જો. આદિ–૩

દાંત દીપતા દાડમના દાણા સમા જો,
ભરૂદેવીના નંદને ઘણી ખમા જો. આદિ–૪

અમૃતરસથી ભરેલી કોમળ કાય છે જો,
જેને નમવાથી દુઃખ દૂર જાય છે જો. આદિ–૫

નાથ ! નગરી અયોધ્યા તણા તમે જો,
પ્રભુ! દર્શન તમ્હારૂં મ્હને બહુ ગમે જો. આદિ–૬

દેઇ દર્શ ધરી હર્ષ તારી માતને જો,
ભજીએ ભરત ભૂપતિના તાતને જો. આદિ–૭

રસ શેલડીના દાનથી સુખી કર્યો જો,
ભાવે શ્રેયાંસ અમર સુખને વર્યો જો. આદિ–૮

સિદ્ધક્ષેત્રમાં સુધામ પ્રભુજી તણું જો,
ભાવે ભેટી થયું દીલડું ખુશી ઘણું જો. આદિ–૯

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજીત આશરો અંખડ એક આપનો જો,
મેવો મીઠો દીઠો પ્રભુજીના જાપનો જો આદિ–૧૦

શ્રીસિદ્ધગિરિસ્તવન. (૩૮)

(આધવજી ! સંદેશો કહેજો શ્યામને–એ રાગ)

સિદ્ધાચલ સ્વામિનું દર્શન દેખીને.
રોમ રોમમાં હર્ષ અતિ ઉભરાય જો;
ભટકામણ ભાગી હવે મ્હારી ભવ તણી,
કુમતિ નાઠી સુમતી મન મલકાય જો. સિ–૧

ગિરિગણમાં ગુણવંતા ગિરિવર આપ છો,
ત્રણ ભુવનના તાપો ટાલણહાર જો;
પાપો કાપો શિવ સુખ આપો દાસને,
ભવ્ય જનોના પ્રભુજી ! પ્રાણાધાર જો. સિ–૨

મનગમતો મહિમા મોહનજી ! આપનો,
સુરપતિ સરિખા ગાતા ધરી મન રંગ જો;
ઇન્દ્રાણી આનંદે નાચ કરે ઘણો,
પાપ પખાળી નિર્મળ કરે નિજ અંગ જો. સિ–૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

લીલુડી રાયલ રંગીલી રંગમાં,
સુખકર દુઃખહર શીતળ જેની છાંય જો;
પીલુડી પાદુકા પ્રથમ જિણુંદની,
પ્રેમે નમતાં પાપો દૂર પલાય જો. સિ-૪

તીર્થપતિ તીર્થંકર શંકર એ ગિરિ,
સાદિ અનંતુ સુખ પામ્યા જન ક્રોડ જો;
સિદ્ધ શિલાના નામવડે પ્રખ્યાત છે,
જોતાં જગમાં મળે ન બીજી જોડ જો. સિ-૫

સિદ્ધિ અનંતા ભાવિ જિનવર પામશે,
સૂરિ ધનેશ્વર ગિરિવરના ગુણ ગાય જો;
કૃપાળુ દશકોટી મુનિવર સાથમાં,
સીધ્યા દ્રાવિડ વારિખીલ્લ્ય મુનિરાય જો. સિ-૬

કરૂણાકર કમળાપતિ પુંડરીક ગણધરા,
મુક્તિ મહેલમાં પાંચ કરોડ સહ જાય જો;
પ્રીતિ નીતિના પાળક પાંડવ પરાક્રમી,
વીશ ક્રોડ સંગ સિદ્ધ સ્વરૂપી થાય જો. સિ-૭

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોવીશી ચાલુના ચતુર જિનેશ્વરા,
નેમ વિના વિમળાચળપર વરતાય જો,
ગુણ ગાતાં ગિરિવરના મન મલકાય છે,
અનુભવ રસથી આતમ પ્રભુ રંગાય જો. સિ–૮

ચતુર ચંદ્રનૃપતિ પણ આ ગિરિ ઉપરે,
સૂર્યકુંડના સ્નાને થયો નર રૂપ જો;
ભગિની ભોક્તા હત્યાકારી અતિ ઘણા,
ગિરિદર્શનથી ભાવે તર્યા ભવ કૂપ જો. સિ–૯

ગુણ ગરવી ગુણવાળી ગુર્જર ભૂમિનું,
પુર પાટણ જગમાં પુરૂં પ્રખ્યાત જો;
ખુબીદાર ખુબચંદ શેઠના પુત્ર બે,
જાહેર જેની પોરવાડ છે જાત જો. સિ–૧૦

ઉત્તમ ચુનિસમ સંઘપતિ બે શોભતા,
ભાવે ભેટાવ્યા શ્રીસંઘને ગિરિરાજ જો;
વિક્રમસંવત્ એગણીશ ઇક્યોતરા,
ફાગણ વદ અષ્ટમીએ સીધ્યાં કાજ જો. સિ–૧૧

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપગચ્છ નાયક લાયક યોગીશ્વર પુરા,
બુદ્ધિસાગર સૂરી જગ પંકાયજો;
અજિત સરણ સ્વીકારી સ્વામીનું સદા,
અજરામર અવિનાશી સુખીયો થાયજો. સિ–૧૨

શ્રીકુંથુજિનસ્તવન.

(કેસરીયા થાશું પ્રીત કિનીરે–એ રાગ)

કુંથુ જિનવરજી ! અરજી ઉર મ્હારી અવધાર જો, બુડતા બાળકની, બાંહ્ય ગ્રહીને પ્રભુ ! તારજો. એ ટેક. ભવસાગરમાં ભમતાં, ભમતાં, શરણ આપને આવ્યો, પ્રેમમૂર્તિ ! પુરૂષોત્તમ ! પ્યારા ! દર્શ તુમારૂં પાયો રે. કુંથુ–૧. આધિ વ્યાધિ ઉપાધી ટાળી, બાળી વિષય વિકારો, શરણ ગ્રહ્યું સાચા સાહેબનું, દીઠા સુખ ભંડારો રે. કુંથુ–૨. સાદી અનંતા સુખમાં રમતા, શિવ રમણીના સ્વામી, ક્ષાયિક ગુણધારી ગુણવંતા ! નિર્મળને નિષ્કામી રે !

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

કુંથુ–૩. દુઃખહર ! સુખકર ! સ્વામી ! મ્હારાં, કષ્ટ કૃપાળુ ! કાપો, દેવ દયાળુ ! દયા કરીને, સેવક શિર કર સ્થાપો રે. કુંથુ–૪. ઉમિયા પુરમાં ઓપે અનુપમ, મંદિર મન હરનારૂં, ઉપા સના કરી અષ્ટ માસની, આજત નાથ ! છો તારૂં રે. કુંથુ–૫.

શ્રીમલ્લીજિનસ્તવન.

(રાગ ઉપરનો :)

પ્રિયતમ ! પ્રભુ ! પ્યારા ! મલ્લિજિનેશ્વર ! મહારાજ છો, મનમોહન ! સ્વામી ! સર્વે દેવોના શિરતાજ છો. ટેક. પૂર્ણ પ્રતાપી પ્રેમ સ્વરૂપી, ભાગ્ય ઉદયથી મળીયા, શાંતિ કીર્તિ કાંતિના દાતા, જ્ઞાતા બુદ્ધિ બળીયા રે. પ્રિય–૧. કરૂણાપતિ ! છો કામણગારા, કામણ મુજપર કીધું, ભાન ભૂલાવી ભવ ભ્રમણાનું, ચિતડું ચોરી લીધુ રે. પ્રિય–૨. પ્રીત રીતના પાલક પ્રભુજી ! પ્રીતિ પ્યારી લાગે, પ્રેમામૃતનું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાન કરંતાં, અનુભવ ઘટમાં જાગે રે. પ્રિય–૩. કોઇક ભજતા કોઇક જપતા, અંતરમાં આરામે, તપ જપ કરતા ફરતા કોઇક, વિના પુન્ય નહિ પામે રે. પ્રિય–૪. નજર કરીને નિરખું જ્યાં ત્યાં, પ્રભુમય ભાસે સારૂં, આપ વિના પળ જુગ સમ જાતી, લાગે સર્વ નઠારૂં રે. પ્રિય–૫ રગ રગમાં વસીયા જીનવરજી ! પ્રેમે પાર ઉતારો, સેવક જનની સાચી અરજી, ઉરમાંહી અવધારો રે. પ્રિય–૬ શિવ રમણીના રસીયા ! વિભુજી ! દીલમાં વસીયા આજે, ત્રિભુવન માંહી તીર્થ તમ્હારૂં, અજિતસિંહસમ ગાજે રે. પ્રિય–૭

શ્રીગિરનારમંડનનેમપ્રભુસ્તવન.

(મહાવીરજી મુજ માયાળુ રે–એ રાગ.)

ગિરનાર વાસી ગુણ ગરૂવારે, નેમ નગીના ? શામળીયા શિવપદ લીનારે, નેમ નગીના ? ટેક. લટકાળા ! હું તો લળીલળી પાયે લાગું,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ ! પ્રેમ અવિચળ માગું રે. નેમ નગીના ? ૧ પાતળીયા ! પ્યારા ! પિયુ ! પિયુ ! કરતી હું આવું, ગુણ ગીત તમ્હારાં ગાઉંરે. નેમ નગીના ? ૨ મોહનજી ! મ્હારા હૃદય મંદિરમાંહી આવો, મને ભેદાભેદ બતાવો રે; નેમ નગીના ? ૩ નટવરજી ! ન્યારા શાને રહો છો મુજથી, છે સગપણ સાચું તુજથી રે. નેમ નગીના ? ૪. દયાળુ દેવા ! દયા કરો દીન જનની. આશા પુરો મુજ મનનીરે. નેમી નગીના ? ૫. દાતા શિવપદના ! દાયક નામ ધરાવો. સેવકને શીદ તરસાવોરે. નેમ નગીના ? ૬ ત્રાતા ત્રિભુવનના ! તારક છો તમે સ્વામી, સિદ્ધ અવિચળ આતમરામીરે. નેમ નગીના ? ૭ નાથજી ! મેં તો શરણ ગ્રહ્યું છે તમારૂં, વળી અરજી નિત્ય ઉચારૂંરે. નેમ નગીના ? ૮ પ્રભુજી ! આપો અજિત અમર પદ અમને, છે લાજ અમારી તમનેરે. નેમ નગીના ? ૯

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીઅજરાપાર્શ્વનાથસ્તવન.

(માતા મરૂદેવીના નંદ–એ રાગ.)

વ્હાલા ! વામાદેવીના નન્દ ! અજરામર જીનરાજ ! વિનતિ સુણેા અમ્હારીરે, વિનતિ સુણેા અમ્હારીરે, મહેર કરી મહારાજ ! આપનેા પદ અવિકારીરે. એ ટેક. અશ્વસેન કુલદીપક ! જીપક, ! કામ ક્રોધ મદ માન, વારાણુસીના વાસી વિભુજી ! ધરીએ તુજ ગુણ ધ્યાન. વ્હાલા–૧ પ્રભાવતી રાણીના પ્રિયતમ, જ્ઞાન ધ્યાન ભંડાર, તાપસ તારી નાગ ઉગારી, ત્યાગી દીધેા સંસાર. વ્હાલા–૨ સંયમ રસીયા વશીયા વનમાં, સુંદર સરેાવર તીર, વનહસ્તી કરી ભક્તિ શિરપર, ઢાળે નિર્મળ નીર. વ્હાલા-૩ વૈર વિચારી જોઇ પ્રભુને, ઉભા વડતરૂ પાસ, મેઘમાળી જળબહુ વરસાવે, મસ્ત બનીને ખાસ. વ્હાલા–૪ ધરણેન્દ્ર પદ્માવતી આવે, કરીને સમય વિચાર, પ્રભુ મહિમા પ્રેમે ગાતાં,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અટકાવે જળધાર. વ્હાલા–૫ સમતામાં રહી કેવળપદ લહી, અજર અમર અવિકાર, શિવ સુખ પામ્યા તે જિનવરની, પ્રતિમા તારણહાર. વ્હાલા–૬ કલ્પવેલ ચિંતામણિ સ્વામી ! ચિંતા દૂર કરનાર, રઘુનન્દનના તનની પીડા, પળ માંહે હરનાર. વ્હાલા–૭ સુરભુવનમાં સેવા પામી, જે પ્રતિમા બહુ કાળ, કળિકાળમાં જાગતી જ્યોતિ, અંજારમાં છે હાલ. વ્હાલા–૮ જગદ્‌ગુરૂ પદવીના ધારક, વિજયહીર સૂરિરાય, અજિત અમર પદ ઇચ્છક પોતે, પ્રેમે પ્રણમે પાય. વ્હાલા–૯ ઉનામાં યાત્રાર્થે આવી. કર્યાં પ્રભુ દર્શન, મોરારજીની ભક્તિ ભાળીને, અજિત થયો પ્રસન્ન. વ્હાલા–૧૦

શ્રીમહુવામંડનમહાવીરજિનસ્તવન.

(કેસરીયા થાશું પ્રીત કિનીરે–એ રાગ.)

મનમોહક મુજને મૂર્તિ મળીરે, મહાવીરની, લય દીલમાં લાગી, ધર્મધુરંધર મહાધીરની.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટેક. મનહર મહુવામાં ણહુ મ્હોટા, મંદિરની છણી છાજે. જીવત જિનવરજીની આગળ, ત્રિકાળ નોણત ગાજેરે. મન–૧ સિદ્ધારથરાજાના નંદન, ત્રિશલા સુત સુણકારી, પાપો અમ્હારાં કાપો પ્રભુજી ! આપો પદ અવિકારીરે. મન–૨ સુમેરૂ શિણરે સુરપતિ સઘળા, સ્નાત્ર વિધિ શુભ કરતા, ચરણ વડે ગિરિવર કંપાવી, હરિ-મન શંકા હરતારે. મન–૩ ડશીયેા ચરણે ચંડકેાશીયેા, તે સ્વર્ગે જઈ વસીઓ, અડદ-ણાકુળા આપી પ્રભુને, સતીજીવ અતિ મન હસીયેારે. મન–૪ સુરનર પશુગણ મળી દુઃખ કરતા, પ્રભુ સહતા સમભાવે, ઘનઘાતી ચઉકર્મ ક્ષપાવિ, અન્તર જ્યેાતિ જગાવેરે. મન–૫ સમ-વસરણની રચના સુન્દર. સુરપતિ સઘળી કરતા, અતિશય સહ જિનવર વિચરતા, નવિન (સુવરણ) કમળ પદ ધરતારે. મન–૬ આત્મજ્ઞાન આપી ભવિજનની, જડતા દૂર નિવારી, અજિતાનન્દમાં રમતા નિશદિન, પ્રભુજીની બલિહારીરે. મન–૭

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિનતિ વ્હાલ ધરીને વ્હાલા ! સેવકની ઉર ધરજો, કૃપાતણા સાગર જિનવરજી ! દુઃખ અમ્હારાં હરજોરે. મન–૮ સિદ્ધાચળમાં વાસ કરીને, અનુભવ પ્યાલો પીધો, રૈવતગિરિ યાત્રાએ જાતાં, પ્રભુ ગુણ લ્હાવો લીધોરે. મન–૯ મંગલ-રૂપ છો મહાવીર ! મ્હારા, હૃદય મંદિરમાં વસીયા, અજિત નમે કરજોડી તમને, શિવ રમણીના રસીઆરે. મન–૧૦

શ્રીઘોઘામંડનપાર્શ્વજિનસ્તવન.

(મહાવીરજી મુજ માયાળુ રે–એ રાગ.)

ઘોઘામંડન નવખંડારે, પાર્શ્વ જિણુંદા ! શરણે આવ્યો સુખ ચંદારે, છો સુખકંદા. ટેક. પ્રભુજી ! મ્હારા ચારે ગતિમાં હું ભમીયો; તવ ચરણે નાથ ! ન નમીયો રે. પાર્શ્વ–૧ અલબેલા ! હું તો અભિમાનથી અકડાયો; વળી પ્રપંચમાં પકડાયો રે. પાર્શ્વ–૨ છબીલા ? મ્હેંતો શાસ્ત્ર મર્યાદાઓ છોડી, પ્રતિમામાં પ્રીતિ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન જોડી રે. પાર્શ્વ–૩ રંગીલા ? મુજને પરનારી લાગી પ્યારી, પણ ભક્તિ ન કીધી તમારી રે. પાર્શ્વ–૪ રસીયાજી ? હું તો રાચી રહ્યા પરધનમાં, મટ્ટ મોહ થયો બહુ મનમાં રે. પાર્શ્વ–૫ નાથજી ? મ્હેં તો નિન્દા કરી મુનિવરની, હાર્યો બાજી નિજ ઘરની રે. પાર્શ્વ–૬ મોહનજી ? મ્હારા અવગુણ સામું ન જોશો, છે અગણિત મુજમાં દોષો રે. પાર્શ્વ–૭ દયાના દરિયા ! દયા કરીને ઉગારો, ભવ સાગર પાર ઉતારો રે. પાર્શ્વ–૮ ભવ વનમાં ભમતો ભાવનગરથી હું આવ્યો. પ્રભુ ! અજિત મનમાં ભાવ્યો રે. પાર્શ્વ–૯

શ્રીઅમીઝરાપાર્શ્વનાથ સ્તવન.

(શ્રી સંખેશ્વરા પ્રભુપાર્શ્વજીનવરા, એ રાગ.)

શ્રી અમીઝરા ! પ્રભુ ! પાર્શ્વ દુઃખ હરા ! ત્રાતા ! દાતા ! ભ્રાતા ! માતા જય જિનેશ્વરા !

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટેક. કામ ક્રોધ માયાનો માર્યો, ભમીઓ કાળ અનંત, શરણે આવ્યો સેવક જાણી, સહાય કરો ભગવંત. શ્રી–૧ મોહ વૈરિએ મુંઝાવ્યો બહુ, ભૂલ્યો નિજગુણ ભાન, સમજાવ્યો સદ્‌ગુરૂએ મુજને, છતાં ન આવી સાન. શ્રી–૨ અવગુણ ભરિયો દોષનો દરિયો, વરિયો કુમતી નાર, પોતાનો જાણી જિનવરજી ? ભવજળ પાર ઉતાર. શ્રી–૩ પારસમણિ સમ પ્રભુતા ધારક, પાર્શ્વનાથ ભગવાન્ ! સ્પર્શ જરા જો થાય તમારો, ખુબ બનું ગુલતાન. શ્રી–૪ અમી વરસાવી અમર બનાવો, રાખો સેવક લાજ; બગડેલી બાજી સુધારી, આપો અવિચળ રાજ. શ્રી૦૫ સુંદર સોરઠ દેશમાં શોભે, ઉના શહેર ગુલજાર. વિજયર્યા સૂરિ વિજયહીર જ્યાં, પ્રભુ ભેટ્યા સુખકાર. શ્રી–૬ પ્રભુ ગુણ રમતાં પર-ગુણ વમતાં, ધરતાં નિર્મળ ધ્યાન, ચરણ કમળનું શરણ ગ્રહીને, અજિત બન્યો મસ્તાન. શ્રી-૭

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમહાવીરસ્તવન.

(મહાવીરજી મુજ માયાળુ રે-એ રાગ.)

સિદ્ધારથ સુત ! સુખકંદારે, વીર જીણુંદા !
ભવિયાતક ચિત્તહર ચંદારે, ત્રિશલાના નંદા ! ટેક

દયાના દરિયા ! દશમા દેવલોકથી ચ્યવિયા;
ક્ષત્રીકુંડમાં અવતરીયારે, વીર જીણુંદા ? ૧

મોહનજી ! મ્હારા માતાની ભક્તિમાં રાતા;
નંદિવર્દ્ધનના ભ્રાતારે, વીર જીણુંદા ! ૨

પ્રિયતમ ! પ્રભુપ્યારા, પરણ્યા યશોદા નારી;
જે પૂર્ણ પતિવ્રત ધારીરે, વીર જીણુંદા ! ૩

બાલુડા પ્રભુજી ! બાળપણે બળવંતા;
જગ જીવનજી ! જયવંતારે, વીર જીણુંદા ! ૪

વૈરાગી વ્હાલા ! ત્રીશ વર્ષે થયા ત્યાગી;
બન્યા શિવ રમણીના રાગીરે, વીર જીણુંદા ! ૫

ત્રિભુવનના તારક ! તપ તપીયા બહુ ભારી;
જિનવરજી ! છો જયકારીરે, વીર જીણુંદા ! ૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

લટકાળા ! લટકે, ચંદનબાળાને તારી;
તુજ મુખડા પર જાઉં વારીરે, વીર જીણંદા ૭
કેવળ ગુણવંતા ! કેવળજ્ઞાનને પામી;
થયા શિવ રમણીના સ્વામીરે, વીર જીણંદા ૮
શરણે હું આવ્યો સહાય લેવાને તમ્હારી,
સ્વીકારો અરજી અમ્હારીરે, વીર જીણંદા ! ૯
મહાવીરજી ! મ્હારા, હૃદયમંદિર માંહિ રહેજો;
પ્રભુ ! અજિત અમરપદદેજોરે, વીર જીણંદા ! ૧૦

श्रीप्रभासमां चन्द्रप्रभुस्तवन.

(કેસરિયા થાશું પ્રીત કિનીરે–એ રાગ.)

ચિત્ત ચહોંટયું મ્હારૂં, ચન્દ્ર વિભુના ગુણ ગાનમાં; મન મસ્ત બન્યું છે, વિમળ પ્રભુના શુભ ધ્યાનમાં. ટેક. શાંતસ્વરૂપી અમીરસ ઝરતી, કરતી દુઃખ સંહાર; કલ્પવેલ ચિન્તા-મણિ સરખી, પ્રભુ મૂર્તિ સુખકારરે. ચિત્ત–૧ શમ દમ ગુણના દરિયા સ્વામી, આત્મ સ્વરૂપે રમતા; ક્ષાયિકભાવ ભર્યા જિનવરજી !

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૃથ્વીપર વિચરતારે. ચિત્ત–૨ સુખકરસાગર કાંઠે આવી, કાઉસગ્ગમુદ્રા ઠાવે; સાગરપતિ અતિભક્તિભાવે, નિર્જળ સ્થાન બનાવેરે. ચિત્ત–૩ રમણિક રચના સમવસણની, રચતા સુરપતિ ભાવે; પ્રભુ વાણી લટકાળી જાણી, ચન્દ્રશેખરનૃપ આવેરે. ચિત્ત–૪ નમન કરી નરપતિ પ્રભુ પાસે; અનુભવ અમૃત માગે; ભેદજ્ઞાન પામી ભવ બન્ધન, તીવ્ર ભાવથી ત્યાગેરે. ચિત્ત–૫ તીર્થ સ્થાપવા ધરણપતિ, ધરણીપર ચૈત્ય ચણાવે; ચન્દ્રકાન્તમણિ કેરી પ્રતિમા, મહિમા સાથ ભરાવે રે. ચિત્ત–૬ ચતુર ચન્દ્રશેખર મુનિવરજી, વિચરંતા ત્યાં આવે; ચન્દ્રકીર્તિ નૃપતિ પ્રતિબોધી, ચન્દ્ર પ્રભાસ વસાવેરે. ચિત્ત–૭ આદિ અજિત શાન્તિ મલ્લિને, નેમ પાર્શ્વ મહાવીર; ઝળહળતાં જિન બિંબ ભરાવી, પામ્યા ભવજળ તીરરે. ચિત્ત–૮ પૂર્ણ ચન્દ્ર પ્રભા સમ શીતળ, પ્રભુ પ્રતિમા મન હરતી; અજિત આપદા દૂર નિવારી, ભજન અમીરસ ભરતીરે. ચિત્ત–૯

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીગિરનારસ્તવન.

(સગપણ હરિવરનું સાચું—એ રાગ.)

ચાલો સખી ? ગિરનારે જઇએ,
લાખેણો લહાવો લઇએ;
નિરખી નેમનાથ પાવન થઇએ,
ચાલો સખી ? ગિરનારે જઇએ. ૧

પ્રભુજીની મૂર્ત્તિ કામણગારી,
અંતરમાં ગુણવંતી ગમનારી;
લાગે ઘણી પ્રાણ થકી પ્યારી;
ચાલો સખી ? ગિરનારે જઇએ. ૨

શરણ કેરી લાજ સદા રાખે,
નરક દ્વાર નીવારી નાખે;
ભ્રમણતા ભવવનની ભાગે,
ચાલો સખી ? ગિરનારે જઇએ. ૩

સાધુ કેરો સ્વામી છે સુખકારી,
જગત્ કેરો માલિક જયકારી,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

દર્શને આવે નિત્ય નર નારી,
ચાલો સખી ? ગિરનારે જઇએ. ૪
ઉત્તમ ટાણું હાથમાં આવ્યું છે,
મોહનજીએ મન લલચાવ્યું છે;
આવરણ મૂળ અળગું કરાવ્યું છે,
ચાલો સખી ? ગિરનારે જઇએ. ૫
આપણ છૈયે એમનાં અનુરાગી,
લગન સદા લક્ષ વિષે લાગી;
જ્યોતિ રૂડી પ્રેમ તણી જાગી,
ચાલો સખી ? ગિરનારે જઇએ. ૬
પ્રભુ વિના દુઃખડાં કોણ હરે ?
કૃતારથ દુનિયામાં કોણ કરે ?
ઇતર કામ કોણ હવે આદરે ?
ચાલો સખી ? ગિરનારે જઇએ. ૭
લોક લાજ ત્યાગી દર્શને ચાલો ?
મહા સુખ મહાપદમાં મ્હાલો;
અજિત પીવો પ્રેમનો સુધા પ્યાલો,
ચાલો સખી ? ગિરનારે જઇએ. ૮

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૪૨

શ્રીસમેતશિખરસ્તવન.

(આ શી ? આડાઈ તહારી મનડારે મ્હારા. એ રાગ.)

સમેત શિખર મુજને વ્હાલું લાગે છે, પ્રગટ વસે છે વ્હાલા પારસનાથ સખી ? સમેત–ટેક. આટલો સંદેશો જઇને કહેજે પ્રભુને ભવરૂપ દરિયામાં કયારે ? ઝાલશો હાથ સખી ? સમેત–૧ ક્રોધ અગ્નિની જ્વાળા મુજને બાળે છે, કૃપા વારિનો કયારે ? કરશો વરસાદ સખી ? સમેત–૨ કામ સ્વરૂપી હસ્તી કચરી નાખે છે; શઠતા સ્વરૂપી સિંહ કરે છે સાદ સખી ? સમેત–૩ સૃષ્ટિ ન જાણું આ તો રાન ભયંકર, નજરે ન આવે પ્રેમ પ્યારો સુપંથ સખી ? સમેત–૪ હું તો દાસી છું પ્યારા પાર્શ્વપ્રભુની, સહજ સલુણો મ્હારો કોડીલો કંથ સખી ? સમેત–૫ હિંસા ઉલૂક જ્યાં ત્યાં શોર કરે છે, આળસ અજગર કેરો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભારે છે ત્રાસ સખી ? સમેત–૬ કુટુંબ કબિલો સાચાં શિયાળવાં છે, ઘેરી રહ્યાં છે મુજને આવી ચોપાસ સખી ? સમેત–૭ અંતરના બેલી મુજને કયારે ઉગારશો ? હૈયામાં હવે મ્હને કાંઈ નથી હામ સખી ? સમેત ૮ કરૂણાના સાગર પ્રભુજી જ્ઞાન ઉજાગર, વ્હાલું લાગે છે વ્હાલા આપનું ધામ સખી ? સમેત–૯ અમીરસ ઝરતી મૂર્ત્તિ પ્યારી લાગે છે. કુમુદને વ્હાલો જેવો શરદનો ચંદ સખી ? સમેત–૧૦ સમેત શિખર વાસી શામળીયા વ્હાલા ? વામા માતાના રૂડાં લાડીલા નંદ ? સખી ? સમેત–૧૧ નટડીની દોર ઉપર સુરતા છે જેવી, એવી પ્રભુમાં બ્હેની ! મ્હારી છે પ્રીત સખી ! સમેત–૧૨ અજિતસાગર સૂરિ એ રીતે બોલે; પ્રભુએ સંભાળી રૂડી રાખી ને રીત સખી ! સમેત–૧૩

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીકેસરીયાનાથ સ્તવન.

(ઓધવરાય ! અમને.–એ રાગ.)

દેશ મેવાડ દીપાવ્યો પ્રભુજી ! ધૂલેવા નગરમાં નિવાસ. નિર્મળ નાથ કેસરીઓ. ૧ દર્શન દેઈ મ્હારા દોષ દુરાવ્યા, પ્રગટાવ્યો આત્મ પ્રકાશ. નિર્મળ નાથ કેસરીઓ. ૨ શી ! ઉપમા આપુ આદિ પ્રભુને, મહિમા કહ્યો નવ જાય. નિર્મળ નાથ કેસરીઓ. ૩ દર્શને આવે છે લોક હજારો, પૂજે પ્રભુજીના પાય. નિર્મળ નાથ કેસરીઓ. ૪ દર્શન પામીને વિપદાઓ વામી, કીધી પાવન મ્હારી કાય. નિર્મળ નાથ કેસરીઓ. ૫ આદિનાથ તણો મહિમા અનંતો, સ્વામી પવિત્ર સદાય. નિર્મળ નાથ કેસરીઓ. ૬ આંગલડીમાંહિ અમૃત વરસ્યાં, પ્રગટી છે પૂર્વની પ્રીત. નિર્મળ નાથ કેસરીઓ. ૭ સંસ્કાર જાગ્યા ને ભય મ્હારા ભાગ્યા, વાત મટી વિપરીત. નિર્મળ નાથ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેસરીએા. ૮ ચંદ્રમાં પ્રીતિ ચકેારની જેવી, પદ્મને સૂર્ય પ્રકાશ. નિર્મળ નાથ કેસરીએા. ૯ એવેા અચળ મ્હારેા સ્નેહ સેાહાને, શબ્દને જેવું આકાશ. નિર્મળ નાથ કેસરીએા. ૧૦ સ્પર્શનેા સંબંધ જેવેા પવનમાં, એવેા હું એમનેા દાસ. નિર્મળ નાથ કેસરીએા. ૧૧ અગ્નિને ઉષ્ણુતા જેવી છે વ્હાલી, એવેા રહેજો વિશ્વાસ. નિર્મળ નાથ કેસરીએા. ૧૨ દૃષ્ટિ મ્હારી પ્રભુ ચરણેામાં રહેજો, સેવામાં કાયા સદાય. નિર્મળ નાથ કેસરીએા. ૧૩ અજિત સૂરિ શુભ અરજ કરે છે, ચિત્તમાં નિરંતર મ્હાય. નિર્મળ નાથ કેસરીએા. ૧૪

શ્રીતારંગાતીર્થ સ્તવન.

(એાધવજી સંદેશેા કહેજો શ્યામને. -એ રાગ.)

તારંગાનું તીર્થ અતિ રળિયામણું,
અજિત જિનેશ્વર કેરૂં ધીંગું ધામજો;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનમાની શ્રીમનમોહનની મૂર્ત્તિ,
નિરખી અંતર ઉપજે છે આરામજો. તારંગા–૧

દર્શન કરતાં સઘળાં કષ્ટ કપાયછે,
અંતર માંહી ઉત્તમ આનંદ થાયજો;
પ્રભુની સાથે સ્નેહ બંધાણો સર્વથા,
વાળુ પણ મન ઘડી બીજે નવ જાયજો. તારંગા–૨

તારંગાની ધન્ય ધરા સુખ આપતી,
ધન્ય ધામને ધન્ય એ ગિરિરાજજો
દર્શન કરતાં દીવ્ય જનોને ધન્યછે,
અજિત પ્રભુજી અંતરનો વિશ્રામજો. તારંગા–૩

પ્રેમ વધેછે પુણ્યપ્રતિમા પેખતાં,
અધિક અધિક ઉપજેછે પ્રભુ? અનુરાગજો;
નિર્ભાગી જનથી તો દર્શન નવ બને,
માનવ કાયા શુભ દર્શનનો લાગજો. તારંગા–૪

આપ ચરણની સેવા શ્રીપ્રભુ? આપજો,
મુખડે દેજો આપ તણુ શુભ નામજો;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાવનકારી પૂર્ણ સ્વરૂપ પરમેશ્વરા ?
આપવિનાનથીઅન્યતણું કંઇકામનો. તારંગા–૫

અળગી કરાવો અંતર કેરી આપદા,
અગમ અગોચર આનંદઘન અભિરામનો;
મોંઘી મિલકત મ્હારી છો મહારાજજી ?
સાચા સ્વામી દીવ્યસમાના દામનો તારંગા–૬

ખેલી મુજ થાને ! હે દીનાનાથજી ?
મન વચને મહિમા નવ કીધો જાયનો;
અજર અમર અવિનાશી જિનવર ? આપછો,
અજિત સૂરિ શુભ ગાનતમ્હારૂંગાયનો.તારંગા–૭

શ્રીસિદ્ધાચલ સ્તવન.

(રાગ–પ્રભાતી.)

જઇ વસ્યો સિદ્ધના દેશમાં સ્વામીજી ?
અમ પ્રતિ તું જુવે નાથ ? શાને ?
તાળુ ખોલ્યા પછી ખીસ્સાનું કામ શું ?
દાસનાં દુઃખ તે કેમ ? જાણે. જઇવસ્યો–૧

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંગ વાળો હું છું અંગહીણ નાથ ? તું,
દાઝ એ દીલમાં આજ ધારી;
અરજ સુણતો નથી મુકિત કરતો નથી,
વૃત્તિ આ કયાં થઈ દેવ ? તહારી. જઇવસ્યો–૨

નેત્રે હું નિરખતો નેત્ર હીણ છે તુંતો,
નેત્રહીણ કયાંથી ? મુજ સ્હામું જોશે ?
સ્વામી ? સર્વેશ્વરા ? દેવ ? જિનેશ્વરા ?
બેઠો છું એક તહારે ભરોંસે. જઇવસ્યો–૩

સુણ ? અલ્યાસિદ્ધ ? તું પૂર્ણ પ્રસિદ્ધ તું
પ્રેમનું પાત્ર છે નાથ ! મ્હારો;
લોક લજ્જા રહિત જાણજે તું મ્હને,
કરીશ ફોગટ ફજેતોજ તહારો. જઇવસ્યો–૪

નાત ને જાત સુત ભ્રાતને તેહું તજ્યાં,
દેશીં થઇ અન્ય દેશ વસ્યો છે;
દાસના દુઃખને કેમ ? જોતો નથી ?
હાંસીં કરી વિશ્વની ને હસ્યોછે. જઇવસ્યો–૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પેટ તહારૂં ભર્યું એમાં તહેં શું કર્યું ?
મુક્તિ તહારી થઈ તો થયું શું ?
હાંસી તહારી થશે દાસ લજ્જા જશે,
ગુણ ભર્યા નાથ ? મ્હારૂં ગયું શું ? જઇવસ્યો–૬

ગરજીને વિશ્વમાં અકલ કંઇ નવ મળે,
જાણજે વિનતી એમ મ્હારી;
સૂરિ અજિતાબ્ધિની અરજ ઉર ધારજે,
બેઠો છું ધારીને આશ તહારી. જઇવસ્યો–૭

શ્રી ભોયણીમલ્લિજિનસ્તવન.

(ગરૂડ ચઢી આવજો ગિરધારી–એ રાગ.)

પ્રભુ ? મલ્લિનાથ ? મહાસુખ આપો,
મ્હારા મસ્તકે શુભ કર સ્થાપો. પ્રભુ ? ટેક.

ગુજરાત ગંભીર દેશ સારો,
તેનો ઉત્તર પ્રાંત છે પ્યારો;
ભોયણી ગામે વાસ તમ્હારો,
પ્રભુ ? મલ્લિનાથ ? મહા સુખ આપો. ૧

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્હાલા આપ વિમળ ભાવે વસીઆ,
હેત સાથે ભાવિક મન હસીઆ;
રાત્રિ દિવસ ભક્તિના રસિઆ,
પ્રભુ ? મલ્લિનાથ ? મહા સુખ આપો. ૨

દેવ ? દર્શને પ્રેમી પધારે,
આપશ્રીનું સુનામ ઉચ્ચારે;
સંકટ ભવો ભવનાં સંહારે,
પ્રભુ ? મલ્લિનાથ ? મહા સુખ આપો. ૩

દિવ્ય દેવળની શોભા સારી,
પીંડમાંહીં લાગે બહુ પ્યારી;
સ્નેહ સરિતાની સરજન હારી,
પ્રભુ ? મલ્લિનાથ ? મહા સુખ આપો. ૪

જીવની આપમાં વૃત્તિ જામી,
વાસનાઓ સમગ્ર વિરામી;
વ્હાલા ? અંત સમયના વિશ્રામી,
પ્રભુ ? મલ્લિનાથ ? મહાસુખ આપો. ૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓપે ઉત્તમ તારામાં ઇન્દુ,
શોભે સર્વ સલિલમાંહી સિંધુ;
આપ સાચા જગત માયા મીંડુ,
પ્રભુ ? મલ્લિનાથ ? મહા સુખ આપો. ૬

હાથ ઝાલીને બોલાવો અમને,
બેઉ કર જોડી કરગરીએ તમને;
સૂરિ અજિત પ્રીચ્છે છે પ્રીતમને,
પ્રભુ ? મલ્લિનાથ ? મહા સુખ આપો. ૭

શ્રીપાનસરમહાવીર સ્તવન.

(રાગ ઉપરનો.)

સદા મન ગમતા મહાવીર સ્વામી,
પ્રેમ પ્રગટાવું પાય પ્રણામી. સદા–ટેક
પૂર્ણ ભાગ્ય પાનસર કેરૂં જાણું,
પામ્યું પ્રભુ પધરાવાનું ટાણું;
માટે મનથી મહા ભાગ્ય માનું,
સદા મન ગમતા મહાવીર સ્વામી. ૧

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવળ આભથી વાતો કરે છે,
થાળ નૈવેદ્ય ભક્તો ધરે છે;
અતિ પ્રેમે અરજ ઉચ્ચરે છે,
સદા મન ગમતા મહાવીર સ્વામી. ૨

દેશ દેશના સંઘ સિધારે,
આરતી અતિ ભાવે ઉતારે;
વિશ્વ કેરાં ત્યાં કષ્ટ વિસારે,
સદા મન ગમતાં મહાવીર સ્વામી. ૩

વાગે નોબતના દિવ્ય ડંકા,
જેવી રામે શોભાવેલી લંકા;
એને સાંભળી થઇએ અશંકા,
સદા મન ગમતા મહાવીર સ્વામી. ૪

નાથ પૂજે એની ધન્ય કરણી,
હું તો શું મુખથી શકું વરણી;
આપે સ્પર્શેલી ધન્ય ધન્ય ધરણી,
સદા મન ગમતા મહાવીર સ્વામી. ૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્નેહ સંસાર કેરા સંહારો,
આપદા ભર્યો સિંધુ ઉતારો;
આપો દર્શન દિવ્ય કીનારો,
સદા મન ગમતા મહાવીર સ્વામી. ૬

રૂપ જોઇને રતિપતિ લાજે,
ઘણાં સુખ આપ ચરણે બીરાજે;
વ્હાલાજીની શીતળ છાયા છાજે,
સદા મન ગમતા મહાવીર સ્વામી. ૭

જગ અગ્નિ તણી જ્વાળા ભારી,
બળતાં જોઉં સહુ સંસારી;
સૂરિ અજિતને લેજો ઉગારી,
સદા મન ગમતા મહાવીર સ્વામી. ૮

શ્રીઆબુપરનેમજિનસ્તવન.

(સવૈયા-બત્રીસા.)

ચાલો બાંધવ ? દર્શન કરવા, જ્ઞાન વારિ વરસાવેછે; દિવ્ય દેવ પ્રતિમા રૂપધારી, દીવ્ય

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂપ દર્શાવે છે; લક્ષ વિષે કંઈ લલિત ભાવના, લગની પૂર્વક લાવે છે, નેમનાથ પ્રભુ અર્બુદ ઉપર, પ્રેમભાવ પ્રગટાવે છે. ૧ સીંચી વેલી અમૃતની જેવી, દુઃખ દારિદ્ર દબાવે છે; દુષ્ટ કષ્ટ સહુ નષ્ટ કરીને, સ્પષ્ટ ધર્મ સમજાવે છે, એમ અલૌકિક પ્રભુનો મહિમા, કામ ક્રોધ કપા-વેછે. નેમ–૨ વિવિધ જાતિની વિમલ વેલિઓ, યાત્રાળુને વધાવેછે; મસ્તકપર મૃદુ ફુલડાં વેરી, પરિમલતા પ્રસરાવેછે; તપ્ત થયેલાં સંસારીના, ખૂટલ ભાવ ખપાવેછે. નેમ–૩ દીવ્ય લોકથી આવ્યા જાણે, કરનારા શું દેવ હશે ? એમ કલ્પના સ્પષ્ટ કરાવે, માયિક જનથી કેમ થશે ? સુંદર મંદિર ગહન ગંભીર, શિલ્પ શાસ્ત્ર સમ-જાવેછે. નેમ–૪ પ્રભુના મહિમાથી અંકિતછે, નિષ્કલંક તે માટે છે, નિર્મળ ગિરિ અર્બુદ અતિ ઉત્તમ, લાખેણો લહાવો લે છે; વિવિધ વિમળ વિશ્રામ વિરાજે, વિપદાને વિસરાવે છે. નેમ–૫ કામિ કુટિલ પણ કામ કુટિલતા, ત્યાગી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનને શાંત કરે, વિમળભાવ વાળા વૈરાગી, ઉત્તમ મન અભ્રાંત કરે, કામધેનુ સમ અદ્રિ-નાથ એ, પ્રેમ ભક્તિ પ્રસરાવે છે. નેમ–૬ ચાલો પ્રેમી ? દર્શન કરવા, ચંચળતા સહુ દૂર થશે, ઘન અનાદિ વ્યાપેલું જુનું, અંધારૂ અતિ દૂર જશે; અજિતસૂરિશ્રી ગુરૂ કરૂણાથી, સ્નેહે શીષ નમાવે છે. નેમ–૭

श्रीपंचासरापार्श्वजिनस्तवन.

(રાગ–પ્રભાતી.)

પાર્શ્વ પંચાસરા ? સર્વદા સુખકરા ?
ધર્મ ધૂરંધરા ? પાય લાગું;
કષ્ટને કાપનો ? શાંતિને સ્થાપનો ?
જિનવરા ? આપની ભક્તિ માગું. પાર્શ્વ–૧

ધ્યાન ધરૌં આપનું, બાળુ બૌંજ પાપનું,
શોક સંતાપનુ; મૂળ કાઢું;
આવનો આ સમે, મોહ વૈરી દમે,
તમ દૌલને કરો નાથ ? ટાઢું. પાર્શ્વ–૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોહમાં માણતો, જ્ઞાન નથી જાણતો,
રાત્રિદિન નામને હું ઉચ્ચારું;
ધર્મ ધન આપજો, વપુ વિષે વ્યાપજો,
સત્ય છે સૃષ્ટિમાં નિરૂઢ તહારૂ. પાર્શ્વ–૩

કાળ વિકાળ નિત્ય, મ્હારી કેડે ભમે,
આવી ઊગારજો, સત્ય સ્વામી;
દેવના દેવ છો, સર્વથા સેવ્ય છો,
ભ્રાંતિ વિચ્છેદજો, પૂર્ણ કામી. પાર્શ્વ–૪

કુટિલ મ્હારી ગતિ, ના જુવો તે પ્રતિ,
આપ આરાધને, હું રહું છું;
આપની આશ છે, વિમળ વિશ્વાસ છે,
આપનું ધ્યાન, ચિત્તે ચહું છું. પાર્શ્વ–૫

આપની સહાય છે, હામ ઘટ માંહી છે,
તરણ તારણ પ્રભુ? આપ સાચા;
અધમ ઉદ્ધારજો, દોષ વિદારજો,
સૃષ્ટના ભાવ છે, છેક કાચા. પાર્શ્વ–૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આદિજિનસ્તવન. (૧)

રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે—એ રાગ

ઋષભદેવ સ્વામી ? છો અમ્હારા રે;
અમને પ્રાણ થકી ઘણા પ્યારા. ઋષભ–ટેક.

પિતા આપના છે નાભિ રાજા રે;
માની સંત મહંતોએ માઝા રે;
નિર્ગુણ નાથ ? ગરીબ નિવાજા. ઋષભ–૧.

માતા મરૂદેવી પુણ્યશાળી રે,
પતિવ્રતધારી રંગે રૂપાળી રે;
જેનાં દર્શને તાપ દઈએ ટાળી. ઋષભ–૨.

પ્રગટી આપ ચરણમાંહી પ્રીતિ રે,
ચકોર ચંદ્રતણી જેવી રીતિ રે;
પ્રભુ ? એવી દ્યો અમને પ્રતીતિ. ઋષભ–૩.

જેવી કલ્પતરૂ તણી છાયા રે,
એવી આપની મોંઘેરી માયા રે;
કરો કરૂણા સફળ થાય કાયા. ઋષભ–૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અન્ય સુખડાંના જાણ્યા ઉધારા રે,
આપ અનુભવ જાણુન હારા રે,
દીન બંધુ છો ઇષ્ટ અમ્હારા. ૠષભ–૫

મ્હારાં તનમન તવપર વારી રે,
સદા સેવકના સુખકારી રે,
દાસ જનના જરૂર દુઃખ હારી. ૠષભ–૬.

મ્હારી અરજી પ્રભુજી ? સ્વીકારો રે,
સ્વામી સફળ કરો જન્મારો રે;
સૂરિ અજીત છે દાસ તમ્હારો. ૠષભ–૭

શ્રી અજિતજિનસ્તવન. (૨)

રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે—એ રાગ.

સુખદ અજીત જીનેશ્વર સ્વામીરે,
સદા રહું આપ પદને પ્રણામી; સુખદ–ટેક.
હું તો વળી વળી વાટડી જોઉંરે,
પ્રેમે આપ ચરણ મતિ પ્રોઉંરે;
ખોટા બલકનાં દુઃખ સહુ ખોઉં. સુખદ–૧

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક આપની લગની લાગી છેરે,
હવે અનુભવ જ્યોતિ જાગી છેરે;
વાતરાગી તમ્હારા રાગી છે. સુખદ–૨

ઉપજ્યું અંતરમાં અંધારૂંરે,
ધન ઉત્તમ દીસે મ્હારૂં રે;
જ્ઞાન જ્યોતિ ? ત્યાં કામ તમ્હારૂં. સુખદ–૩

હું તો ગાંડો ઘેલોય તમ્હારોરે,
ભવજલધિથી પાર ઉતારોરે;
પ્રભુ ? દેખાડો પ્રેમ કિનારો. સુખદ–૪

મન મંદિર માંહી પધારોરે,
આપો અનુભવ કેરા વિચારોરે;
સાથે સમતાનો ભાવ છે સારો. સુખદ–૫

આપ દર્શને આનંદ થાશેરે,
જીવ હીરાની જાત જણાશેરે;
પુંજ પાપના દૂર પળાશે. સુખદ–૬

મ્હારી મમતાને વ્હાલમ ? મારોરે;
દુષ્ટ વૃત્તિને ઘટમાં વિદ્યારોરે,
મળ્યો અજીત ઉગરવાનો આરો. સુખદ–૭

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સંભવજિનસ્તવન. (૩)

વીર કુંવરની વાતડી કોને કહીએ-એ રાગ.

આત્મ ઉદ્ધારણ કારણે ચાલો જઇએ,
હાંરે ચાલો જઇએ રે ચાલો જઇએ;
હાંરે પ્રભુ સંભવ દ્વાર,
આત્મ ઉદ્ધારણ કારણે ચાલો જઇએ. એ ટેક.

વ્હાલો મધુરસ કરતાં મીઠડો ઘણો લાગે,
હાંરે ઘણો લાગે રે ઘણો લાગે;
હાંરે આવે હેત અપાર. આત્મ-૧

વ્હાલો પ્રાણજીવન પરમાતમા સુખદાઇ,
હાંરે સુખદાઇ રે સુખદાઇ;
હાંરે સાધુનો શણગાર. આત્મ-૨

જેનું નામ સોહ્યામણું સૃષ્ટિમાં ઘણું શોભે,
હાંરે ઘણું શોભે રે ઘણું શોભે;
હાંરે રૂડું સંભવનાથ. આત્મ-૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મ્હને પ્રેમ વધે પ્રભુ ઉપરે જાઉં વારી,
હાંરે જાઉં વારી રે જાઉં વારી;
હાંરે રટું દિવસ ને રાત. આત્મ–૪

લાગી પ્રેમ કટારી એ દેવની મ્હારા મનમાં,
હાંરે મ્હારા મનમાં રે મ્હારા મનમાં;
હાંરે થાશે મોંઘા મેંમાન. આત્મ–૫

મ્હારૂં જીવન પ્રભુજીના હાથમાં સાચો સ્વામી,
હાંરે સાચો સ્વામી રે સાચો સ્વામી;
હાંરે દેશે જ્ઞાનનાં દાન. આત્મ–૬

જેવી ચંદ્રની વૃત્ત ચકોરમાં રહી વળગી,
હાંરે રહી વળગી રે રહી વળગી;
હાંરે મ્હારી સંભવ માંહી, આત્મ–૭

સૂરિ અજિતનો સ્વામી શિરોમણી મન માન્યો,
હાંરે મન માન્યો રે મન માન્યો;
હાંરે બીજું શરણું ન કાંઈ. આત્મ–૮

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી અભિનંદનજિનસ્તવન. (૪)

વીર કુંવરની વાતડી કોને કહીએ–એ રાગ.

દર્શનથી દુઃખ જાય છે સુખદાઇ ?
હાંરે સુખદાઇ રે સુખદાઇ;
હાંરે અભિનંદન દેવ,
દર્શનથી દુઃખ જાય છે સુખદાઇ ? એ ટેક.

પાર્શ્વમણિના યોગથી લોહ ટળશે,
હાંરે લોહ ટળશે રે લોહ ટળશે;
હાંરે થાશે ઉત્તમ હેમ. દર્શનથી–૧

એમ પ્રભુ ? તમ્હારા યોગથી પાપ ટળશે,
હાંરે પાપ ટળશે રે પાપ ટળશે;
હાંરે થાશે જીવ શિવ તેમ. દર્શનથી–૨

ઇયળ ભ્રમર તણા ધ્યાનથી રૂપ પલટે,
હાંરે રૂપ પલટે રે રૂપ પલટે;
હાંરે જેનું દેખ્યું દૃષ્ટાંત. દર્શનથી–૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમ જીવ તમ્હારા ધ્યાનથી પ્રભુ થાશે,
હાંરે પ્રભુ થાશે રે પ્રભુ થાશે;
હાંરે શાસ્ત્રે દાખ્યેા સિદ્ધાંત. દર્શનથી–૪

આવ્યેા શરણ તમ્હારે શ્રી પ્રભુ ? પત રાખેા,
હાંરે પત રાખેા રે પત રાખેા;
હાંરે નવ અથડાવેા નાથ ? દર્શનથી–૫

મ્હાના તણી લાજ રાખજો મ્હારા વ્હાલા ?
હાંરે મ્હારા વ્હાલા રે મ્હારા વ્હાલા ?
હાંરે હેતે ઝાલજો હાથ. દર્શનથી–૬

આપ ભજન કેરૂં વ્હાણુલું શેાભ્યું સારૂં,
હાંરે શેાભ્યું સારૂં રે શેાભ્યું સારૂં;
હાંરે આથમ્યેા અંધકાર. દર્શનથી–૭

અજિત સૂરિ એમ ઉચરે પ્રભુ ? તમ્હને,
હાંરે પ્રભુ ? તમ્હને રે પ્રભુ ? તમ્હને;
હાંરે ભજી વિરમ્યા વિકાર. દર્શનથી–૮

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીસુમતિજિનસ્તવન. (૬)

મ્હારે દીવાળી થઇ આજ—એ રાગ-

દુનિયાના દુષ્ટ દમામ, સુમતિ પ્રભુ સુખદાઇ. એ ટેક. સુમતિનાથ ? સુમતિ શુભ દેજો, કુડ-મતિનું નથી કામરે; ધર્મ ધ્યાન કરવામાં ધીંગી, હૈયે દેજો હામ. સુમતિ–૧ વ્હાલ વધે છે વ્હાલમ ? તુજપર, રૂપ અતિ રમણીયરે; ક્ષણ ક્ષણ પ્રત્યે પ્રીયતા પ્રગટે, પ્રભુ લાગો છો પ્રિય. સુમતિ–૨ સુમતિ વિના શું ? સાધન કરીએ, કુડમતિનો અંધકારરે; દૃષ્ટિ ન દેખે કોઈ વસ્તુને, અમુઝણ થાય અપાર. સુમતિ–૩ સુમતિ દયા દર્પણ છે સાચું, દીવ્ય તત્ત્વ દેખાયરે; અમૂલ્ય રત્ન નિજ હાથે આવે, શાશ્વત સુખ સોહાય. સુમતિ–૪ દર્પણ ઉંધું દુષ્ટ મતિ છે, દેવ નહી દરશાયરે; દુર્મતિ માટે દૂરે કરીએ, જન્મ ન એળે જાય. સુમતિ–૫ દેહ દેવળમાં દીપક પ્રગટો ? જાય તિમિર ઘન

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘોરરે; દર્શન આપે દેવ નિરંજન, નિરમળ નવલ કિશોર. સુમતિ–૬ હું અજ્ઞાની કંઈ નવ જાણું, ભવ વનમાં ભમનારરે; જૂઠું બોલું જન્મી જગમાં, ત્યાં તમે સુમતિદેનાર. સુમતિ–૭ દેહ સ્વરૂપી રથમાં બેસી, જીવ ફરવાને જાયરે; પ્રબળ અશ્વ પંચેંદ્રિય જોડ્યા, સારથી મન છે સદાય. સુમતિ–૮ એ સારથીને સમજાવાને, સુમતિનાથ સુજાણરે; અજિત કહે હે કરૂણા સાગર ? દો સન્મતિનાં દાન. સુમતિ–૯

શ્રીપદ્મપ્રભજિનસ્તવન. (૬)

પરજ–રાગ.

પદ્મ પ્રભુ ? તમ્હારા કારણેરે,
ઝેર જાણ્યો સંસાર;
પ્રીતડી ત્યાગીરે પિતા માતની,
તજ્યા વિષય વિકાર. પદ્મપ્રભુ–૧

આવીને આજ ઉગારજોરે,
બાંધી આપ સાથે બેલ;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

આશ તો મ્હારે તમ્હારી એક છે,
સૂણેા છબીલાજી છેલ ? પદ્મપ્રભુ–૨

ચિંતામણી જો હાથ આવીએારે,
બીજા ધનનું શું કામ ?
ઉત્તમ ચિંતામણી શ્રીનાથ છેા,
હૈયે આપ તણી હામ. પદ્મપ્રભુ–૩

મનડું હર્યું છે મ્હારૂં બાપજીરે ?
જેવેા દીપમાં પતંગ;
વધતે વધતે વૃદ્ધિ પામતેા,
મ્હારેા અંતર ઉમંગ. પદ્મપ્રભુ–૪

પતિવૃતાને પતિ એક છે રે,
મ્હારે એમ તમે એક;
આત્મને પરમાત્મ થવા શીખવેા,
આપેા વિમળ વિવેક. પદ્મપ્રભુ–૫

આપ છેા શરદ સેાહ્યામણી રે,
હરેા પાપરૂપ પંક;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રેમરૂપ પુષ્પ એમ ખીલવો,
કરો અમને અશંક. પદ્મપ્રભુ–૬

મોંઘી માતાના મોંઘા વ્હાલમારે ?
કૂડી કાપો જંજાળ;
પાણી પ્હેલી પ્રભુ ? પાળ બાંધનો,
દીન બંધુ દયાળ. પદ્મપ્રભુ–૭

જગત તણાં સુખ ઝાંઝવારે,
એમાં નથી આનંદ;
અજિત સૂરિની સાચી વિનતિ,
સ્વામી ? સદા સુખકંદ. પદ્મપ્રભુ--૮

શ્રીસુપાર્શ્વજિનસ્તવન. (૭)

અલિ સાહેલી ? જંગમ તીરથ—એ રાગ

એ મનમેનાં ? વનવનમાં–
અથડાતાં ભવ વહી જાશે;
સુપાર્શ્વતણા ગુણ ગાઇશ તો,
નિર્મળ તુજ ભવ થાશે. એ ટેક.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

તહારો રમત ગમતમાં દિવસ ગયેા,
તહારે કાળ પારધી પાછળ થયેા;
તહેં વ્યર્થ તહારો અવતાર વહ્યો.
એા મનમેનાં ? ૧

અલી ? રૂપ અનૂપમ છે તહારૂં,
જગપંથીને લાગે પ્યારૂં;
અંતે અંતક કર થાનારૂં.
એા મનમેનાં ? ૨

પછી પિંડ પીંજરમાં પૂરાણી,
ઘેલી ? વ્યાકુળ થઇ ગભરાણી;
જરા કાળવેદના નવ જાણી.
એા મનમેનાં ? ૩

નથી સગાં સંબંધી સાંભરતાં,
પચ્ચીશ સળીયાના પીંજરમાં;
શું સુખ હેાય અલિ ? પરઘરમાં.
એા મનમેનાં ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેં—ના પંખી ? એવું કહેજે,
તું નામ સુપાર્શ્વ તણું લેજે;
હવે રહેમ ભુવન મધ્યે રહેજે.
એ મનમેનાં ? ૫

પંખીથી સાધન શું થાશે,
તું અનંત વખત અરે અથડાશે;
કેવળ પ્રભુ નામે દુઃખ જાશે.
એ મનમેનાં ? ૬

મટી જા પંખી વન ભમનારૂં,
મટી જા દુઃખ રમતે રમનારૂં;
મટ દુઃખદાઈ ફળ જમનારૂં.
એ મનમેનાં ? ૭

દુઃખમય ભય જ્યારે તું તજશે,
સુખ થાશે ને ભગવત ભજશે;
સૂરિ અજીત સાધન સુંદર સજશે,
એ મનમેનાં ? ૮

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીચંદ્રપ્રભજિનસ્તવન. (૮)

૫૨૭–રાગ.

ચંદ્રપ્રભુજી ! સાચા ચંદ્ર છો રે,
આપો અંતર પ્રકાશ;
મમતા તિમિરમાં મુંઝાઉં છું,
પ્રગટો વિવેક વિકાશ. ચંદ્ર–૧

સૃષ્ટિના તાપ શમાવવારે,
રૂડી શરદની રાત;
સમતા ગોપીની સંગે ખેલવા,
કૃષ્ણ આત્માનો સાથ. ચંદ્ર–૨

આનંદકારી આપ દેશના રે,
આપો અમને પ્રતીત;
શોક અને મોહ તણા સંગમાં,
કશી સમજ્યો ના રીત. ચંદ્ર–૩

વિચાર વૃંદાવને પધારજો રે,
સ્નેહ જુમનાને તીર;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાસ તો રમાડો રહેમ ચોકમાં,
વાય સત્યના સમીર. ચંદ્ર–૪

દેવ તથા દેવીઓ ઝંખતાંરે,
રૂડો રાસનો વિલાસ;
પૂર્વ પુણ્ય હોય તેજ પેખશે,
હૈડે હર્ષનો ઉલ્લાસ. ચંદ્ર–૫

અંતરના સ્વામી ! વ્હેલા આવજોરે,
મ્હારે આપનું છે કામ;
કામ ક્રોધ વૈરીને વિદારજો,
વિમળ અંતના વિશ્રામ ? ચંદ્ર–૬

વિમળ કુમુદ વિકસાવજોરે,
રૂડા જિનવર ચંદ;
અજિતસૂરિના મન ભાવતા,
આપો અખંડ આનંદ. ચંદ્ર–૭

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીસુવિધિનાથજિનસ્તવન. (૯)

ધોળ-રાગ.

સખી ? સુવિધિ સુનાથ સોહ્યામણા,
સદા પાવનકારી પ્રમાણ,
પરમપદ પામવા. એ ટેક.
ચાલો ? દર્શન કરવા એ નાથનાં,
ધરીયે હૈડામાં નિર્મળ ધ્યાન. પરમપદ-૧

તજી અંતરના સખી ? આંબળા,
મળીએ મૂકી મમત અને માન. પરમપદ-
શુભ કર્મ શ્રીફળ લઈએ હાથમાં,
પ્રેમરૂપ પાવન ઘણું પાન, પરમપદ-૨

ચાલો ? આપણા દીલતણી દાખીએ,
લેવા અખંડ હેવાતણુ હાથ. પરમપદ-
આવ્યો અવસર અતિ રળીયામણો,
મળ્યો સંત સાહેલીનો સાથ. પરમપદ-૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘણા દિનના વિયોગ નિવારીએ,
ઇડો નિર્મળ સ્વામીનો સંગ. પરમપદ–
પાપ તાપ સમગ્ર સંહારીએ,
લઇએ પ્રેમ સ્વરૂપ પ્રસંગ. પરમપદ–૪

પ્રભુ સુવિધિથી અધિક બીજું નથી,
કાપે જન્મ મરણ તણાં કષ્ટ. પરમપદ–
પ્રેમરૂપ ગુંથ્યા પુષ્પ હારડા,
ઉઘડે છુપી રહેલાં અદૃષ્ટ. પરમપદ–૫

મોહન મનમંદિરમાં વિરાજતો,
એનો પાવનકારી પ્રદેશ. પરમપદ–
મમતા આડ કરીને ઉભી રહી,
એની પરવા ના કીજીએ લેશ. પરમપદ–૬

શોભે સ્નેહ સ્વરૂપ સિંહાસને,
જેની ઉપમા કહી નવ જાય. પરમપદ–
સૂરિ અજિતનો ફેરો સફળ થયો,
મીઠો મનમાં આનંદ ઉભરાય. પરમપદ–૭

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીશીતલનાથજિનસ્તવન. (૧૦)

ધોળ–રાગ.

સખી ? શીતળનાથ સુધા સમા,
પ્રભુની ઉપમા કહી નવ જાય.
મહારસ માણીએ. એ ટેક.
નામ લેતાં પરમપ્રિય નાથનું,
શાંતિ ઉત્તમ અંગમાં થાય. મહારસ–૧

ઉપજી અગન મહા અજ્ઞાનની,
ઉરમાં ઉપન્યો છે દારૂણ દાહ. મહારસ–
એને સહજ સ્વરૂપે શમાવવા,
પ્રગટ્યો શીતલ પ્રેમ પ્રવાહ. મહારસ–૨

મહા મહિમા શીતલ જિન રાજનો,
સુરવર મુનિજન નિત્ય ગાય. મહારસ–
પ્રભુના દર્શનથી દોષ જાય છે,
જીવ નદી શિવસિંધુમાં જાય. મહારસ–૩

મધ્ય રાત્રિમાં નાવ ચાલી રહ્યું,
એની સુરતાતો ધ્રુવમાં સોહાય. મહારસ–

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમ સુરતા શીતલ ભગવાનની,
જીવને સત્ય દેશે લઇ જાય. મહારસ–૪

સખી ? શોભા શી ? સુંદર સ્વામીની,
મન વાણીથી કહી ન શકાય. મહારસ–
મુંગે સાકર ખાધી શું ? ઉચ્ચરે,
સમજે મનમાંહિને મલકાય. મહારસ–૫

બીજા જગતણા પિયુ પરદેશીયા,
એમને વરતાં ન તાપ શમાય. મહારસ–
મ્હારા મનડાની તપત બુઝાવવા,
મ્હાતો શીતલનાથ સહાય. મહારસ–૬

સખી ? વરીએ તો શીતલનાથને,
સખી ? ભજીએ તો શીતલનાથ. મહારસ–
સૂરિ અજિતનો સ્વામી સોહ્યામણો,
હેતે ઝાલે સેવક તણો હાથ. મહારસ–૭

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીશ્રેયાંસજિનસ્તવન. (૧૧)

મહાવીરજી મુજ મયાળુરે–એ રાગ.

શ્રેયાંસનાથ સુખકારીરે, પ્રેમી પરૂણા,
દુનિયા સઘળી દુઃખકારીરે પ્રેમી પરૂણા. એટેક.

મનડું તો મ્હારૂં પીંપળના પાન સમ ડોલે,
ચઢયું મમતાને ચકડોળેરે, પ્રેમી પરૂણા. ૧

મનડું તો મ્હારૂં વિજળી તણું અજવાળું,
ઘડી સ્થિર થતાં નવ ભાળુંરે, પ્રેમી પરૂણા. ૨

મનડું તો મ્હારૂં રોઝ સમાન રઝળતું,
નથી મોહન સંગે મળતુંરે, પ્રેમી પરૂણા. ૩

મનડું તો મ્હારૂં દેહ દેવળની પતાકા,
સ્થિર યોગીજન કરી થાકયારે, પ્રેમી પરૂણા. ૪

દિન રેન એતો અજ્ઞાનમાં આથડે છે,
સુત લલના સાથ લડે છે રે, પ્રેમી પરૂણા. ૫

એને તો આપ વિના તે દામ કોણ લાવે,
કોણ? પ્રભુનો પંથ બતાવેરે, પ્રેમી પરૂણા. ૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રીતમજી ? મ્હારા જીવના જામા કરાવું,
પ્રિય પ્રભુ ? તમ્હને પહેરાવુંરે, પ્રેમી પરૂણા. ૭

પ્રિતમજી તમે કરૂણાની દૃષ્ટિથી ચેખો,
મુજ દુર્ગુણને નવ દેખોરે, પ્રેમી પરૂણા. ૮

મોહનજી ? તહારા મુખડા ઉપર જાઉં વારી,
કીધી અલક તણી પ્રીતિ ખારીરે. પ્રેમીપરૂણા. ૯

શ્રેયાંસ વિના તે શ્રેયસ કોણ સોહાવે,
ગુણ અજિત સૂરિ શુભ ગાવેરે, પ્રેમીપરૂણા. ૧૦

શ્રીવાસુપૂજ્યજિનસ્તવન. (૧૨)

ગરૂડ ચઢી આવજો ગિરધારી–એ રાગ.

વાસુપૂજ્ય સ્વામીની બલીહારી,
અમને ભક્તિ ગમી છે તમ્હારી. વાસુ૦–એટેક

શુભ સૂર્ય તણું રૂપ જોયું,
આપ પદ માંહી મુજ મન પ્રોયું;
ત્યારે અલક તણું દુઃખ ખોયું. વાસુ૦–૧

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાચા સ્નેહ તણા તમે સાખી,
આપ માટે આ જીંદગી આખી;
મીઠી મૂર્ત્તિ હૃદયમાંહી રાખી. વાસુ૦–૨

કલ્પવૃક્ષની ઉપમા અધુરી,
વૃક્ષે જડતા પેખાય છે પૂરી;
આપ ચેતન મૂર્ત્તિ મધુરી. વાસુ૦–૩

કામ ક્રોધના કાપણ હારા,
ગતિ ઉત્તમ આપવા વાળા;
સ્થિર જ્ઞાનના સ્થાપન હારા. વાસુ૦–૪

આપ ભક્તિનો પ્રગટાવો ભાનુ,
પડયું આપ સાથે મ્હારૂં પાનુ;
સ્વામી ? કેમ કરી રાખું છાનું. વાસુ૦–૫

મ્હારા વિમળ મંદિર માંહી વસજો,
દાસ સ્હામું દેખી હેતે હસજો;
વ્હાલમ ? વ્હાલ કરીને વિલસજો. વાસુ૦–૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ ભજવાથી મોહ મટે છે,
સ્વામી સેવ્યાથી ક્રોધ ઘટે છે;
રૂડું નામ અજિત રટે છે. વાસુ૦–૭

શ્રીવિમલજિનસ્તવન. (૧૩)

ગરૂડ ચઢી આવજો ગિરધારી–એ રાગ.

વિમળનાથ નિર્મળ સ્વામિજી મ્હારો,
જીવણ ? જયશાળી કરો જન્મારો. વિમ૦–એટેક

મ્હારા મનડામાં મળતા ભરી છે,
ખોટા તનડામાં ખળતા ખરી છે,
એથી ભક્તિ વિમળ આદરી છે. વિમળ૦–૧

નષ્ટ જગની કરી નોકરી છે,
આપ કેરી કરી ના કરી છે,
ક્રૂર કંકાસ જે નોકરી છે. વિમળ૦–૨

આપ ભક્તિ કઠણ અસિધારા,
પંથ વિરલા છે પાલનહારા,
પ્રભુ ? નોધારાના છો આધારા. વિમળ૦–૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મ્હારાં નેત્ર વિમળ સદા કરજો,
મ્હારા કર્ણે વિમળ વિદ્યા ભરજો,
મ્હારા હૃદય ઠેકાણામાં ઠરજો. વિમળ૦–૪

ભેદ ઘટ અને ગોળી ગાગરના,
ભેદ કુંડળ ને કંકણના,
એમ જીવ તણા ભેદ નાના. વિમળ૦–૫

પણ મૃત્તિકા તો એક સહુમાં,
એક એક આતમ વસ્તુ બહુમાં,
પણ સંજ્ઞાન સંજ્ઞા ગૃહુ ના. વિમળ૦–૬

દ્વૈત? દ્વૈત તણું જ્ઞાન દેજો,
તેમ અદ્વૈતનું પણ કહેજો,
દ્વૈતાદ્વૈત તણું ભાન રહેજો. વિમળ૦–૭

સહુ માંહી અપેક્ષા સમાણી,
એવી જિનવરજીની વાણી,
પ્રેમે અજિત સૂરિએ પ્રમાણી. વિમળ૦–૮

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીઅનંતજિનસ્તવન. (૧૪)

આવજો આવજો આવજો રે-એ રાગ.

નામ છે નામ છે નામ છે રે,
મ્હારે અનંત પ્રભુનું મુખે નામ છે. એટેક

અન્ય શબ્દ વિશ્વકેરા ગમતા નથી સખી ?
હૈડામાં નાથજીની હામ છે રે. મ્હારે અ૦-૧

રૂપતો દેખાય નહી પ્રત્યક્ષ પેખાય નહી,
ધીંગા ધણીનું ધીંગુ ધામ છે રે મ્હારે અ૦-૨

સુંદર સફેદી દેખી સુંદર સુજ્ઞાણની,
સૃષ્ટિ તણી શોભા બધી શ્યામ છે રે. મ્હારે અ૦-૩

સુખભર્યું અનંતુ અનંતનાથદેવમાં,
બાકીની તો કુટી બે બદામ છે રે. મ્હારે અ૦-૪

શીતલ છાયા છે મ્હારા વ્હાલિડાની વિશ્વમાં,
હરામીની છાંયડી હરામ છે રે. મ્હારે અ૦-૫

ઉન્નત અનંત કેરી સંગતિમાં ઉન્નતિ,
વ્હાલીડોજી અંતનો વિશ્રામ છે રે. મ્હારે અ૦-૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્રોડા ક્રોડ જન્મ કેરાં પાપને કપાવતો;
મોહનનો મ્હારે ત્યાં મુકામ છે રે. મ્હારે અ૦–૭

તાપમાં તપેલી હું તો સંસૃતિના તાપથી,
આતપત્ર પ્રભુજી ઉદ્દામ છે રે. મ્હારે અ૦–૮

અનંતનાથ ? સુખ મ્હને આપજો અનંતુ,
કોડીલાજી ? આપ તણું કામ છે રે મ્હારે અ–૯

અજિતનો સ્વામી શુદ્ધ સાધુનો શિરોમણિ,
પ્રેમે પ્રભુ પાયમાં પ્રણામ છે રે. મ્હારે અ–૧૦

શ્રી ધર્મજિનસ્તવન. (૧૫)

આવજો આવજો આવજોરે-એ રાગ.

સાર છે સાર છે સાર છે રે,
એક ધર્મ ધ્યાન સાધવામાં સાર છે–એ ટેક.

સ્મશાન સુધીની પ્રીતિ સૃષ્ટિના સમાજની,
નામ છે સંસાર તે અસાર છે રે. એક ધર્મ–૧

વ્હાલાંને વળાવ્યાં ગયાં અન્ય જન્મ પામવા,
પંથિના મેળાસમો પ્રચાર છે રે. એક ધર્મ–૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પીળી ભાળી પૃથ્વીને પીળા ભાળ્યા પ્રાણીઆ,
પિત્ત પાંડુ રોગનો વિકાર છે રે. એક ધર્મ–૩

દાન કાંઇ ના દીધું ને કામ સારૂં નવ કીધું,
પ્રાણી અલ્યા? ઉતાર પૂતાર છે રે. એક ધર્મ–૪

ધર્મ કામ ધારજે ને મોહરિપુ મારજે,
મૃત્યુદેવ તણો માથે માર છે રે. એક ધર્મ–૫

ધર્મનાથ પ્રભુ તણું ધ્યાન તો તું ધરી લે?
ભોગ રોગ કેરો ભારે ભાર છે રે. એક ધર્મ–૬

પૂજન પરમાત્માનું કામ થાય આત્માનું,
નદી તરવા નૌકા નિરધાર છે રે. એક ધર્મ–૭

હાજર હજૂર દેવ આપ માંહી આવશે,
સજ્જનનો સાચો શણગાર છે રે. એક ધર્મ–૮

વ્હાલ રૂડું વ્યાપશે ને શાંતિ સારી સ્થાપશે,
સાધુનો તો શુદ્ધ સરકાર છે રે. એક ધર્મ–૯

અજિતનો સ્વામી રૂડો સંતનો શિરોમણિ,
આનંદનો અર્ણવ અપાર છે રે. એક ધર્મ–૧૦

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીશાંતિજિનસ્તવન. (૧૬)

તહેં મ્હારો ફહાન ભરમાવ્યો-એ રાગ.

તહેં મ્હારો નાથ ભરમાવ્યો.
મમતાડી સખી? તહેં મ્હારો નાથ ભરમાવ્યો. ટેક
શાંતિનો સાગર રૂડો નામે શાંતિનાથજી,
શાંતિની નજર નવ લાવ્યો. મમ૦ સખી? ૧
દેવ દયા સિંધુ અને આકાશનો ઇન્દુ,
કયાંથી નિર્દય ભાવ લાવ્યો? મમ૦ સખી? ૨
પ્રેમતણાં પાણી મન મંદીરે ભર્યાં છે,
પીવા કે પાવા સખી? નાવ્યો. મમ૦ સખી? ૩
નિત્ય ઉઠી સ્નેહ સાથે નામ એનું હું જપું,
સંભાળ લેવા તોયે નાવ્યો. મમ૦ સખી? ૪
ભક્તિ સ્વરૂપ મ્હેં તો ભોજન કરાવ્યાં,
જમવા જમાડવા તે નાવ્યો. મમ૦ સખી? ૫
સાહેલી સમતા? કોઈ સ્વામીને સમજાવો,
આજનો દિવસ તો વહાવ્યો. મમ૦ સખી? ૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અન્ન ન ભાવે મ્હને નિદ્રા ન આવે,
કોણ જાણે જંગ કયાં જમાવ્યેા. મમ૦ સખી ? ૭
કોડીલા તહેં કંથજીને કામણ કર્યું છે,
મ્હારાં અશ્રુ લક્ષમાં ન લાવ્યેા. મમ૦ સખી ? ૮
પ્રભુની પ્રસન્નતાનાં પાનબીડાં મ્હેં કર્યાં,
મુખવાસ કરવા ન આવ્યેા. મમ૦ સખી ? ૯
અજિત વિલાસી મ્હારેા સ્વામી શાંતિનાથજી
અશાંતિના સંગમાં ન ફાવ્યેા. મમ૦ સખી ? ૧૦

શ્રીકુંથુજિનસ્તવન. (૧૭)

મહાવીરજી મુજ મયાળુરે–એ રાગ.

કુંથુજિન ? કામણગારા ? રે, સ્વામી સલુણા ? મ્હારા હૃદય મંદિર રમનારા રે, સ્વામી સલુણા. એટેક–ભગવતજી ? હું તેા દાસ સદાનેા છું તહારેા, ભવ અટવીમાં ભમનારેા રે, સ્વામી સલુણા ? ૧ જીનવરજી ? તું તેા સર્વે સદ્‌ગુણ થકી ભરીએા, હું દુઃખ અવગુ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ણનો દરીએો રે. સ્વામી સલુણા ? ૨ નટવરજી ? હું તો જ્ઞાન કે ધ્યાન નવ જાણું, મિથ્યા માયામાં માણું રે. સ્વામી સલુણા ? ૩ પ્રભુજી ? મ્હેં તો કૂડ કપટ બહુ કીધાં, દીન પ્રાણીને દુઃખ દીધાં રે. સ્વામી સલુણા ? ૪ સ્વામીજી ? તહારી સેવા સકળ વાતે સાચી, પણ પાની મ્હારી પાછી રે. સ્વામી સલુણા ? ૫ નાથજી ? બળવંતો તું આત્માનો બેલી, મ્હેં બલકની બાજી બેલી રે. સ્વામી સલુણા ? ૬ વ્હાલાજી ? તું તો સોનાતણું નાણ સાચું, હું કથીરનું નાણ કાચું રે. સ્વામી સલુણા ? ૭ સંભાળ મ્હારા સ્વામી ? સદાકાળ રાખો, મુજ દુર્ગુણ કાપી નાખો રે. સ્વામી સલુણા ? ૮ જીનરાજ ? મ્હારી લજ્જા તું રાખણહારો, સૂરિ અજિતની વિપદ વિદારોરે. સ્વામી સલુણા ? ૯

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીઅરજિનસ્તવન. (૧૮)

લાવણી–બીનકાજ આજ મહારાજ એ રાગ.

અરનાથ ? આજ મહારાજ ? અરજ ઉર લાવો, આ સેવક કેરા દ્વાર ઉમંગે આવો. એ ટેક. મ્હારી લાજ તમ્હારા હાથ હૃદયમાં ધરજો, હું જાઉં ન જમના દ્વાર કામ એ કરજો, મુંઝાઉં આઠે યામ નથી કોઇ મ્હારૂં, વળગ્યું છે મિથ્યા આજ માયાનું લ્હારૂં, સુણી સેવક કેરી રાડ ન પ્રભુ ? તલસાવો, અરનાથ ? આજ મહારાજ ? અરજ ઉર લાવો. ૧ મળી પાંચ ચોર મહા જોર વિપિનમાં ઘેર્યો, કીધો લૂંટી એ હાલ મોહનો પ્રેર્યો, કરે આળસ ઉલુક ણકોર ભયંકર વનમાં, કરે ક્રોધસિંહ ઘુઘવાટ હામ નથી મનમાં; નથી આપ વગરની બેલ હાલ હવે આવો, અરનાથ ? આજ મહારાજ ? અરજ ઉર લાવો. ૨ દુઃખદાઇ અજ્ઞાનની રાત સૂજ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી પડતી, મોહ મદિરા કેરી કેફ અતિશય નડતી, હું ભૂલ્યો છું ભગવાન્ માફ કરી લેજો, ગણી પુત્ર પિતાનો ન્યાય રહેમ કરી રહેજો, કરી જ્ઞાન ભાનુનું તેજ વ્હાલ વરસાવો, અરનાથ ? આજ મહારાજ ? અરજ ઉર લાવો. ૩ સત્સંગ તમ્હારા સંત તણો મ્હને આપો, સેવક જનના સંતાપ કૃપાધન ? કાપો, તમો માત પિતા સુત ભ્રાત બધામાં પોતે, મ્હેં નિરખ્યું જગના નાથ ? સર્વ સુખ જો તે, છો નિર્ધનિયાના નાથ ? હવે તો બચાવો, અરનાથ ? આજ મહારાજ ? અરજ ઉર લાવો. ૪

श्रीमल्लीजिनस्तवन. (૧૯)

લાવણી-બીનકામ આજ મહારાજ એ રાગ.

સુણો મલ્લીનાથ ? ભગવાન્ ? વિનતિ અમ્હારી, રાખો મુજ ઉપર પ્રેમ દયા દીલ ધારી. એટેક. તજી સત્ય પંથ સુખધામ અસત્યે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભમું છું, તજી સમતા કેરો સંગ કુસંગે રમું છું, સુખદાયક આપ સદૈવ સહાય છે સારી, સુણો મલ્લિનાથ ? ભગવાન્ ? વિનતિ અમ્હારી. ૧ કેમ ? તાવો ત્રિભુવનનાથ ? ન પાસે આવો, દુશ્મન લોકોએ આજ કર્યો છે દાવો; તમ્હે સાચા છો સરકાર અજબ દરબારી, સુણો મલ્લિનાથ ? ભગવાન્ ? વિનતિ અમ્હારી. ૨ છું દેહનગરનો વાસી વહીવટકર્ત્તા, પણ પાસેના કામદાર મુજથી નથી ડરતા, કરતા મન સૂઝયું કામ ધીરજ નિજ ધારી, સુણો મલ્લિનાથ ? ભગવાન્ ? વિનતિ અમ્હારી. ૩ મન હેડ કલાર્ક મહાન્ તુમાર ચલાવે, બરૂં કરવા કેરૂં કામ ઘડી ન કરાવે, કરે પ્રજા હવે કકળાટ છે આફત ભારી, સુણો મલ્લિનાથ ? ભગવાન્ ? વિનતિ અમ્હારી. ૪ હું મોહ મદીરા પાન સદૈવ કરૂં છું, ગઇ દીલડા કેરી હામ હવે તો ડરૂં છું, શાંતિ સરખી શુભ નાર ન લાગી સારી, સુણો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મલ્લિનાથ ? ભગવાન્ ? વિનતિ અમ્હારી. ૫ મ્હેં આપ તણી આમ્નાય કશી નથી પાળી, દુર્જન લોકના સાથ રજનીએ ગાળી, રૂચત લીધી છે અપાર ન જોયું વિચારી, સુણો મલ્લિ-નાથ ? ભગવાન્ ? વિનતિ અમ્હારી. ૬ શું જવાણ આપીશ ? નાથ ? તમો પ્રતિ આવી, નિજ દાસ જાણી ગ્રહી હાથને લેજ્યે બચાવી, સૂરિ અજિત કહે સુખ ધામ છે આશ તમ્હારી, સુણો મલ્લિનાથ ? ભગવાન્ ? વિનતિ અમ્હારી.

શ્રીમુનિસુવ્રતજિનસ્તવન. (૨૦)

હરિ ભજન વિના દુઃખદરિયા-એ રાગ.

શ્રીસુવ્રત વિના દુષ્ટવૃત્ત દીલડાનાં કોણ કપાવે ? ભગવંતતણો મોંઘો મનહર મારગ કોણ બતાવે ? એટેક. ઝવેરી હીરાને પરખાવે, દીપક વસ્તુને દરશાવે, સૂરજ સૂરજ રૂપ સમજાવે. શ્રીસુવ્રત વિના-૧ સદ્‌ગુરૂ વિણ સમજણ કોણ આપે,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિના વૈદ્ય રોગને કોણ કાપે, સાધુ વિણ શાંતિ કોણ સ્થાપે ? શ્રીસુવ્રત વિના–૨ કપડાને દરજી સરસ કરે, અંગે માનવ એનેજ ધરે, વળી વિધવિધના શણગાર કરે. શ્રીસુવ્રત વિના–૩ રથવાળ કરે છે રથવાળુ, લુહાર કરે લોહનું તાળુ, કરે તૈજસ ઉત્તમ અજવાળુ. શ્રીસુવ્રત વિના–૪ ગરમી વણ ઠંડી કદી ન ઘટે, પાણી વીણ તૃષ્ણા નાજ મટે, સત્ય જ્ઞાન વડે અજ્ઞાન હઠે. શ્રીસુવ્રત વિના–૫ શિવ હોય તે જીવને શિવ કરે, દુઃખીયાને સુખીયા સહજ કરે, મુનિસુવ્રત કુવ્રતને સુવ્રત કરે. શ્રીસુવ્રત વિના–૬ મુજમાં શ્રીસુવ્રત સદા વસિઓ, મુજ સાથે હેત કરી હસીઓ, સૂરિ અજિત મોક્ષ રસનો રસીઓ. શ્રીસુવ્રત વિના–૭

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી નમિજિનસ્તવન. (૨૧)

આવજો આવજો આવજો રે–એ રાગ.

અંતરનો બેલી લેવા આવશેરે,
મ્હને અંતરનો બેલી લેવા આવશે. એટેક.
મ્હારે માટે વિરહની ચીઠી વ્હાલે મોકલી,
બહુ બહુ કષ્ટોથી બચાવશેરે. મ્હને–૧
વિસ્મૃતિનું વાદળ ચઢીને માથે આવશે,
એ સભામાં આવીને હઠાવશેરે. મ્હને–૨
પૂરણ પ્રતીતિ નમિનાથની પડી છે,
સમતા સખીને સંગે લાવશેરે. મ્હને–૩
રાતડી અંધારી આંખ આડી અંધકારની,
પ્રેમ તણી જ્યોતિ પ્રગટાવશે રે. મ્હને–૪
સ્નેહ તણી વેલ મ્હારા આંગણે ઉછેરી છે,
પ્રીતમ સુગંધથી શોભાવશે રે. મ્હને–૫
શરીર વિયોગ તણી આકરી વેળામાં,
વિરતિના ભાવ વિસ્તરાવશે રે. મ્હને–૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મધુર સ્વરૂપ મ્હારો નમિનાથ બાપજી,
અંતરના પડદા ઉઠાવશે રે. મ્હને–૭

સરિતાનું પાણી જેમ સાગરમાં જઈ ભળે,
જીવ એમ શિવમાં સિધાવશે રે. મ્હને–૮

અંતરમાં આશ છે ને વિમળ વિશ્વાસ છે,
અજિતની લાજ એ રખાવશે રે. મ્હને–૯

શ્રીનેમિજિનસ્તવન. (૨૨)

રાગ–સોરઠની ઠુમરી.

નમું સ્નેહ સહિત નેમનાથને રે. એ ટેક.
ચોરી લીધું છે ચિત્તડું મ્હારૂં,
તન મન ધન પ્રભુ ઉપર વારૂં;
હરદમ નામ ઉચ્ચારૂં, જોડી હાથનેરે. નમું–૧

કામણ કીધું કામણગારે,
મૂર્ત્તિ વસી મનમાંહિ મ્હારે;
સાધુ નિત્ય સંભારે, સુંદર સાથને રે. નમું–૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનમંદિરમાં આવી વસીએા,
શિવ સુંદરી કેરેા રસીએા;
હેત કરી પ્રભુ હસીએા, જીવણ જાતનેરે. નમું–૩

વ્હાલ કરીને વારી જાઉં,
નિરખી નેમને રાજી થાઉં;
ચિત્તડા મધ્યે ચાહું, નિર્મળ નાથનેરે. નમું–૪

આવ્યેા ઉરમાં અંતરજામી,
રૂપ રહિત નિરંજન સ્વામી;
ગંભીર ગુણનેા ધામી, પ્રેમ પ્રસાદનેરે. નમું–૫

શરણે આવ્યેા સમતા પામી,
જીવમાં પ્રીતી ગઈ છે જામી;
નેમ પ્રભુ બહુ નામી, હણતેા ઘાતનેરે. નમું–૬

અંત સમાના બેલી થાશે,
વિપદાએા મ્હારી વિખરાશે;
સમરૂં શ્વાસેાચ્છ્વાસે, કરી પ્રણિપાતનેરે. નમું–૭

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

દીજ્ય અજિત મહાપદ દેશે,
અંત વિષે ઉગારી લેશે;
સ્નેહી જય જય કહેશે, વિમળી વાટનેરે. નમું–૮

શ્રીપાર્શ્વજિનસ્તવન. (૨૩)

અલબેલીરે અંબે માત–એ રાગ.

જિનરાજ મહા મહારાજ ! પાર્શ્વપ્રભુ પાર્શ્વમણિ. એ ટેક. પાર્શ્વનાથ મણિ પારસ સાચો, કરે લોહનું હેમરે, જીવનો શિવ કરે સાચા મન, પામું કુશળ ક્ષેમ. પાર્શ્વ–૧ પૃથ્વી ઉપર પછડાતું નિત્યે, પાય તળે પીલાયરે, પારસ કેરા સંગે આયસ, સુવર્ણ થઇ શોભાય. પાર્શ્વ–૨ લખ ચોરાસી કેરા ચોકે, અથડાતો આ જીવરે; હે પ્રભુ ? તહારા સુંદર સંગે, થાય સુખાવહ શિવ. પાર્શ્વ–૩ જગના સઘળા નાતા તાતા, લોહ સમા દુઃખદાઇરે; નાતો તમ્હારો સુખસાગરજી ? સેવકને સુખદાઇ. પાર્શ્વ–૪ તમ્હે મ્હારૂં મનડું હરી લીધું, વરન્યા વિશ્વ બકો-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

રરે; પૂર્ણચંદ્રને જેવો પ્રીછે, ચિત્ત ચોરેલ ચકોર. પાર્શ્વ–૫ ગળી જળીને શરણે આવ્યો, દ્યો શાંતિનાં દાનરે; મનહર મીઠા મનમોહનજી ! પ્રાણ તણા પણ પ્રાણ. પાર્શ્વ–૬ ભવની ભ્રમણા ભાંગો મ્હારી, સુરતા દ્યો તવ સંગરે; કામીને જેમ કામિની વ્હાલી, આપો અધિક ઉમંગ. પાર્શ્વ–૭ જળ દૂધની પ્રીતિ છે જામી, લોભીને જેમ દામરે; એમ નિરંતર આપમાં સુરતા, લાવોને અવિરામ. પાર્શ્વ–૮ તજી તૃષ્ણાઓ નાત જાતની, ત્યાગ્યો સહુ સંસારરે; અજિત આરાધે પાર્શ્વ પ્રભુને, પ્રગટી સુંદર પ્યાર. પાર્શ્વ–૯

શ્રીમહાવીરજિનસ્તવન. (૨૪)

ઓધવજી સંદેશો કહેજો શ્યામને- એ રાગ.

મહાવીરને ભજતો નથી કેમ માનવી !
ભવ્ય પુરૂષ ! એ પ્રભુમાં જીવને જોડજો,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાપી અંતર ઘટની કોટિક કલ્પના,
છકીશ મા તું છળબળ તહારાં છોડને. મહા.–૧

કુતરા કેરા ભવમાં કષ્ટ ઘણું પડ્યાં,
એક વખત પણ પામી શકયો ન અનાજને;
રોઝતણા ભવમાંહિ રઝળ્યો રાનમાં,
લેશ અલ્યા! પણ નાવે તુજને લાજને.મહા–૨

શિરપર તહારે કાળ ઝપાટો દઈ રહ્યો,
અચેત ચેતન હજીએ ચિત્તમાં ચેતને;
એકલડું જાવું છે સત્ય મસાણમાં,
હોંશ કરી કર પ્રભુ સંગાથે હેતને. મહા–૩

સ્નેહી તણા છે સ્નેહ સ્મશાન સુધી બધા,
પૈસા સુધી પ્રમદા કેરી પ્રીતને,
ઉદર પોષણ સુધી સગપણ છે પુત્રનું,
વાત ગમી છે અંતરમાં વિપરીતને. મહા–૪

વીર જગતના માનવને જીતી શકે,
બખ્તર પહેરે પણ રણમાં મરી જાયને;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાવીર મનરાજા સાથે ઝૂમીને,
મોહરાય સંહારી નિજરૂપ થાયજો. મહા–૫

અખંડ આનંદ ઉપજાવી શિવપદ આપતા,
જન્મ મરણના રોગ સમૂળા જાયજો;
કલેશ કંકાસ કુડીલા જગના નવ રહે,
યોગ વિયોગનાં અવગુણ વૃક્ષ વિલાયજો. મહા–૬

મન! ભજ ત્રિશલા નંદન વીર ભગવાનને,
સ્નેહ સરિતા વીરસિંધુ પ્રતિ વાળજો;
એક કરી લે જિનવર સાથે આતમા,
અજિત અખંડ પ્રભુ ભક્તતણા પ્રતિપાળજો.
મહા–૭

चैत्यवंदन.

દોહા.

ચરમ જિનેશ્વર વીરજી, નિશદિન લાગું પાય;
સિદ્ધ સનાતન જ્યોત છો, જય જયજયજગરાય.૧

શાશ્વત સુખ ભંડાર છો, ભજતાં ઉપજે ભાવ;
સ્યાદ્વાદ શિરોમણિ, દો ભક્તિના દાવ. ૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

નય નિક્ષેપાદિક તણા, પ્રગટ્યા ભાવ અનંત;
લોકાલોક સ્વરૂપને, તેહ દેખ્યાં અરિહંત ! ૩

પ્રાણ તણા પણ પ્રાણ છો, ઉતારો ભવપાર;
અનંત ગુણ છે આપના, ગણતાં નાવે પાર. ૪

સુખકર દુઃખહર વીર પ્રભુ ! વપુમાં કરજો વાસ;
અજિત સૂરીશ્વરનો વદે, ચરણ કમળનો દાસ. ૫

મુનિ હેમેન્દ્ર તણી સ્તુતિ, અંતર ધરજો આપ;
શાંતિ પ્રસારી સંઘમાં, પૂરણ આપ પ્રતાપ. ૬

आदीश्वर जिन स्तवन.

કવાલી.

ભગવાન આદીશ્વર ! તમે,
વ્હાલા સદા લાગ્યા કરો;
ઉંધૂં ભયાનક રાત્રિમાં,
પણ આપ તો જાગ્યા કરો. ભગવાન૦ ૧

નરદેવ નાભિ તાત છે,
મરૂદેવી રૂડી માત છે;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શત્રુંજયાધિપ હે પ્રભુ !
મુજ મંદિરે ગાજ્યા કરો. ભગવાન૦ ૨

કેવળ કરૂણા આપની,
નિર્મળ દયા પ્રભુ આપની;
મ્હારા હૃદયની વૃત્તિઓ,
માગ્યા કરો માગ્યા કરો. ભગવાન૦ ૩

મુજ નેત્રને ચાતક કરો,
જળ સ્વાતિ કેરૂં આપ હો;
નયનો ઉભય એવી રીતે,
તુહમને અનુરાગ્યા કરો. ભગવાન૦ ૪

સાગર અજિતનો બાલુડો,
હેમેન્દ્ર વિનવે આપને;
મ્હારા વિષે મીઠ્ઠી નજર,
હે ! દયામય ! રાખ્યા કરો. ભગવાન૦ ૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૦૧

શ્રી નેમિનાથજિનસ્તવન.

(મેરે મૌલા એ રાગ.)

નેમિનાથ ! મ્હને ના વિસારો કદા,
નેમિનાથ ! પ્રભુ યાદ આવો સદા.

સાખી.

તહારા નિરંજન નામથી ભવરોગની દુબધા ટળે,
શરણે પડેલા પ્રાણીના અંતર વિષે શાન્તિ મળે;
મદ માન વિનાશક નામ ગદા. નેમિ૦ ૧

સાખી.

સંસાર તાપ શમાવવા છો કલ્પતરૂની છાંયડી,
ભવસિંધુ માંહી ડૂબતાં હે ! નાથ ! પકડો બાંહ્યડી;
મ્હારા હૃદય થકી નવ દૂર થતા. નેમિ૦ ૨

સાખી.

માતાપિતા નિજ પુત્ર કેરા દોષને જોતા નથી,
કનડે કુપુત્ર છતાં પિતા કોમળપણું ખોતા નથી;
હરો એમ અમારી સદૈવ વ્યથા. નેમિ૦ ૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાખી.

સંસારના ખેલો બધા છે ચંદ્રિકા ઘડી ચારની,
વળગી રહ્યો છું એ વિષે નથી વાત આત્મવિચારની;
કરો વ્હાલી મ્હને હવે આપકથા. નેમિ૦ ૪

સાખી.

શરણે પડેલા દાસની લજ્જા અહોનિશ રાખજો,
અજિતાબ્ધિના હેમેન્દ્રના સહુ કલેશ કાપી નાખજો;
જો જો અરજી સુણી નવ નાસી જતા. નેમિ૦ ૫

શ્રીપાર્શ્વનાથજિનસ્તવન.

(મેરે મૌલા—એ રાગ)

મ્હને વ્હાલા લાગ્યા પાર્શ્વનાથ સખી !
એ તો વિશ્વ સકળના છે તાત સખી ! મ્હને૦

સાખી.

દર્શન કરે જો એક ફેરા પાપ એનાં જાય છે
વૈરાગ્ય કેરા વાયરા એ માર્ગ માંહી વાય છે.
ભવસાગરમાં ઝાલે હાથ સખી ! મ્હને૦ ૧

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાખી.

આ વિશ્વમાં શી શાન્તિ છે જ્યાં ત્યાં દિસે છે આપદા,
સંસારનાં સુખ ત્યાગવાં એ જાણીતા છે કાયદા;
નક્કી જોયું નથી કશો કાથ સખી ! મ્હને૦ ૨

સાખી.

સાગર તણો સંગમ થતાં ટળી જાય છે સરિતાપણું,
પ્રભુ પાર્શ્વનો સંગમ થતાં મટી જાય છે માનવપણું,
એવો પાર્શ્વપ્રભુ તણો સાથ સખી ! મ્હને૦ ૩

સાખી.

મુજ વાણીમાં–વાણીં પ્રભુની પ્રેમ પૂર્વક વ્યાપજો,
મુજ રૂપમાં રૂપ પાર્શ્વનું આનંદ પૂર્વક આવજો;
એ તો સાચી માતા સાચા તાત સખી ! મ્હને૦ ૪

સાખી.

મણિ પાર્શ્વ કેરા સંગથી લોઢા તણું સોનું બને,
પ્રભુ પાર્શ્વ કેરા ધ્યાનથી આત્માય પરમાત્મા બને;
મુનિ હેમેન્દ્રની એ સાચી વાત સખી ! મ્હને૦ ૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મહાવીરપ્રભુ સ્તવન.

(કવાલી.)

વિસરૂં નહિ મહાવીર પ્રભુ ! શિવનગર કેરા નાથ છો; અમ જૈન ધર્મ સમાજના, સ્વામી તમો સાક્ષાત છો. વિસરૂં૦ ૧ અમ દેશમાં આધિ નડે, અમ ધર્મમાં વ્યાધિ નડે; એ સર્વ દુઃખ સંહારવા, ભવહારી પ્રભુ ભલિભાત છો. વિસરૂં૦ ૨ પાપો વધે તાપો વધે, સંસારી-સંતાપો વધે; સહુ કલેશ કાંટા કાપવા, શરણાગતોના સાથ છો. વિસરૂં૦ ૩ જે માર્ગ આપ સિધાવીઆ, એ માર્ગ અમને લઈ જજો; અવિનાશી સુખડાં આપજો, અમ માત છો અમ તાત છો. વિસરૂં૦ ૪ અમ સત્વ પૂરો હૃદયમાં, વીરત્વ પૂરો દેશમાં; હેમેન્દ્રના સાચા પ્રભુ, હરદમ અમને યાદ છો. વિસરૂં૦ ૫

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શાંતિનાથ જિન સ્તવન.

(રસિયાનો રાગ.)

હરો અશાંતિ નેક નજરથી વ્હાલા શાન્તિ-નાથ ! વ્હાલા શાન્તિનાથ ! પ્રભુજી વ્હાલા શાન્તિનાથ. હરો. મનમાં શાન્તિ આપો મોહન, તનમાં શાન્તિ તેમ; વચન વિષે પણ શાન્તિ આપો, ખરેખરૂં દો ક્ષેમ; વ્હાલા ખરેખરૂં દો ક્ષેમ પ્રભુજી ખરેખરૂં દો ક્ષેમ. હરો૦ ૧ કાપો તાપો દેશતણા ને કાપો સઘળા કલેશ; પાપ તાપ સંતાપ પડે છે, દુઃખીયો મારો દેશ; વ્હાલા દુઃખીયો મ્હારો દેશ, પ્રભુજી દુઃખીયો મ્હારો દેશ. હરો૦ ૨ જો જન અમૃત પાન કરે તો, સઘળા રોગો જાય; પિંડ વિષે નિર્મળતા પ્રગટે, આનંદ મંગળ થાય; વ્હાલા આનંદ મંગળ થાય, પ્રભુજી આનંદ મંગળ થાય. હરો૦ ૩ તેમ તમારૂં સ્મરણ કર્યાથી, સકળ અમંગલ જાય, દીવ્ય દેશના દીવ્ય પ્રભુજી ? એવો છે મહિ-માય; તમારો એવો છે મહિમાય, પ્રભુજી ! એવો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે મહિમાય. હરો૦ ૪ શાન્તિનાથજી નામ તમારૂં, શાસ્ત્ર વિષે વંચાય; માટે નિર્મળ શાન્તિ આપો, સ્વદેશ સુખી થાય; હમારો સ્વદેશ સુખી થાય, પ્રભુજી સ્વદેશ સુખીયો થાય. હરો૦ ૫ કષ્ટ સમૂલાં નષ્ટ કરોજી, સદાય છો સુખરૂપ; હેમેન્દ્રની અરજ સ્વીકારો, સુર-મુનિ જનના ભૂપ! તમો છો સુર મુનિ જનના ભૂપ! પ્રભુજી સુર મુનિ જનના ભૂપ. હરો૦ ૬

શાન્તિનાથ જિન સ્તવન.

(કવાલી)

આશા અમારી પૂરજો હે! શાન્તનાથ! પ્રભુ તમો; આ કાળમાં દુઃખ રૂપમાં, પડીયા અને દુખીયા અમો. આશા૦ ૧ નિર્દય જનોનાં સંગમાં, પાનાં હમારાં છે પડ્યાં; એવા કુસંગ પ્રસંગમાં, પડીયા અને દુખીયા અમો. આશા૦ ૨ આત્મિક જનો ઓછા થયા, અભિમાની જન વધતા ગયા; અભિમાનીના અભિમાનમાં, પડીયા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને ડુબીયા અમો. આશા૦ ૩ પરસુખ વિષે સુખીયા નથી, પરદુઃખમાં દુઃખીયા નથી; દુઃખ દાયી સ્વાર્થ પ્રપંચમાં, પડીયા અને બુડીયા અમો. આશા. ૪ ગુરૂજી ઉગારે શિષ્યને, અમને ઉગારો એ રીતે; હેમેન્દ્ર કહે કલિકાળમાં, પડીયા અને ડુબીયા અમો. આશા૦ ૫

એ જૈનનું કર્ત્તવ્ય છે.

(કવાલી.)

મહાવીરનો સંદેશ છે,
ભગવાનનો ઉપદેશ છે;
સાદા જીવનથી ચાલવું,
એ જૈનનું કર્ત્તવ્ય છે. મહા૦ ૧

ઉપકાર અન્ય તણો કરો,
સાચીજ વાણી ઉચ્ચરો;
દિલમાં દયાને આદરો,
એ જૈનનું કર્ત્તવ્ય છે. મહા૦ ૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મધુ માસની તેરસ સુદી,
છે જન્મતિથિ મહાવીરની;
ઘર ઘર વિષે ઉત્સવ કરો,
એ જૈનનું કર્ત્તવ્ય છે. મહા૦ ૩

સાધુ તણી સેવા કરો,
સંયમ સુખદ સાદર કરો;
યમ નિયમ અંતરમાં ભરો,
એ જૈનનું કર્ત્તવ્ય છે. મહા૦ ૪

કાપો હૃદયના કલેશને,
શોભાવી આપો દેશને;
ભજવા વિમળ વિશ્વેશને,
એ જૈનનું કર્ત્તવ્ય છે. મહા૦ ૫

આ જૈન માર્ગ મહાન છે,
વીતરાગનું જ્યાં ધ્યાન છે;
દાનાદિ પૂરણ દાન છે,
એ જૈનનું કર્ત્તવ્ય છે. મહા૦ ૬

મિથ્યાત્વનો પ્રવિલય કરો,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મા અને તન્મય કરો;
ચિતિ શક્તિને ચિન્મય કરો,
એ જૈનનું કર્ત્તવ્ય છે. મહા૦ ૭

મુજ આત્મ સમ સહુ આત્મ છે,
પરિણામમાં પરમાત્મ છે;
હેમેન્દ્ર પ્રભુ જ્ઞાનાત્મ છે,
એ જૈનનું કર્ત્તવ્ય છે. મહા૦ ૮

મહાવીર જયંતી ગીત.

માળણ ગુંથી લાવ ગુણીયલ ગજરો એ રાગ.

સેવો રે મહાવીરજી સુખકારી,
સદા સેવકના દુઃખહારી. સેવો૦ ટેક.

ચૈત્ર શુદ્ધી તેરસ દીન સારો,
મધ્ય રાત્રિનો આવ્યો છે વારો,
પ્રાણી માત્રને માટે છે પ્યારો. સેવો૦ ૧

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

માતા ત્રિશલાના પેટે પધાર્યા,
દેવે જય જય શબ્દ ઉચ્ચાર્યા;
આવી અનંત ભવિક જીવ તાર્યા. સેવો૦ ૨

થયાં નદિયેાનાં નિર્મળ પાણી,
પૂર્ણ આનંદ પામ્યા છે પ્રાણી;
દિશા સઘળીમાં જ્યેાતિ દેખાણી. સેવો૦ ૩

ઘર ઘર પ્રતિ ઉત્સવ કરિયે,
અંતરકલેશની હરકત હરિયે;
ભવસાગર સહેજમાં તરિયે, સેવો૦ ૪

પ્રભુ મહાવીરના ગુણ ગઇએ,
નામ મહાવીરનું મુખે લઇયે;
જેના સમરણથી સુખી થઇયે. સેવો૦ ૫

મહાવીર જગતના છે સ્વામી,
નથી નામ છતાં બહુ નામી;
વળી નિશ્ચયી ને નિષ્કામી. સેવો૦ ૬

સર્વ જૈનેાની સાચી ફરજ છે,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂરિ અજીતના ચરણની રજ છે;
મુનિ હેમેન્દ્ર કેરી અરજ છે. સેવો૦ ૭

મહાવીર સ્મરણ.

ભીમપલાસ રાગ.

(બંસીવાલેને–એ ચાલ.)

કોઇ આજ ભજે કોઇ કાલ ભજો,
પણ અંતે તો ભજવું પડશે;
કોઇ આજ તજે કોઇ કાલ તજો,
જગ સુખદુઃખ સહુ તજવું પડશે. ટેક

પ્રભુ મહાવીરનું શરણું સાચું
આ વિશ્વતણું કેવળ કાચું;
માટે પ્રભુના ચરણે રાચું. કોઇ૦ ૧

એની નિર્મળને સુખકર વાણી,
એનું ધ્યાન ધરે જગના ધ્યાની;
એને પહોંચે નહિ જગના માની. કોઇ૦ ૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેવી વાદળ કેરી છાયા છે,
એવી જગની મિલકત માયા છે;
અતિ કલેશ ભરેલી કાયા છે. કોઇ૦ ૩

મહાવીર દયાનું ઝરણું છે,
એનું સાચે સાચું શરણું છે;
મટે જન્મની સાથે મરણું છે. કોઇ૦ ૪

એણે ભેખ અલખનો ભજવ્યો છે,
ડંકો આલમમાં બજવ્યો છે;
બધો સાજ પ્રભુનો સજવ્યો છે. કોઇ૦ ૫

મ્હને પ્રાણ થકી લાગ્યો પ્યારો,
આ બલક બેલ લાગ્યો બારો;
એ પીંડ બ્રહ્માંડ થકી ન્યારો. કોઇ૦ ૬

એ ભવસાગરનો તરનારો,
વળી બરા ઠામમાં ઠરનારો;
મુનિ હેમની હરકત હરનારો. કોઇ૦ ૭

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાવીર જયન્તી.

પ્રભો મહાવીર !
સિદ્ધાર્થ રાજાના તનય,
વ્હાલા તનય ત્રિશલા તણા;
ઉપદેશ દેવા દેશને,
મહાવીર અહીં આવ્યા હતા. ૧

અજ્ઞાન અતિ છાયું હતું,
જન ચાલતા ઉન્માર્ગમાં;
જ્યારે પ્રવર્ત્યાં પાપ ત્યાં,
ધરી જન્મ અહીં આવ્યા હતા. ૨

હિંસા વધી પુષ્કળ હતી,
વ્યભિચાર પણ પુષ્કળ હતો;
વિષયો હતા વિકસ્યા તહા,
ધરી જન્મ અહીં આવ્યા હતા. ૩

પાખંડી જન પાખંડથી
દંભીજનો કૈં દંભથી;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

છળતા હતા સંસાર ત્યાં,
ધરી જન્મ અહીં આવ્યા હતા. ૪

કામી જનોના કામથી,
લોભી જનોના લોભથી;
અતિ ત્રાસ પામ્યું વિશ્વ ત્યાં,
ધરી જન્મ અહીં આવ્યા હતા. ૫

ક્રોધી જનોના ક્રોધથી,
મોહી જનોના મોહથી;
વ્યાકુળ હતું આ વિશ્વ ત્યાં,
ધરી જન્મ અહીં આવ્યા હતા. ૬

સમતા તણા સાગર હતા,
વૈરાગી નર નાગર હતા;
ઉદ્ધાર કરવા વિશ્વનો,
ધરી જન્મ અહીં આવ્યા હતા. ૭

હિત–સત્ય–વર્તાવ્યાં હતાં,
અધ્યાત્મ દર્શાવ્યાં હતાં;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ ધ્યાન વર્ષાવ્યાં હતાં,
ધરી જન્મ અહીં આવ્યા હતા. ૮

જનના હર્યા તાપો હતા,
મનનાં હર્યાં પાપો હતાં;
એવા અલૌકિક ઇષ્ટ તે,
ધરી જન્મ અહીં આવ્યા હતા. ૯

મસ્તક શિરોમણી જ્ઞાનીના,
સાચું હૃદય ધન ધ્યાનીના;
ચિન્તામણિ હેમેન્દ્રના,
પ્રભુ વીર અહીં આવ્યા હતા. ૧૦

મહાવીરપ્રભુસ્તવન.

(મ્હારા મનના માલિક મળીયારે
થઈ) એ રાગ.

મન માન્યા મહાવીર મળીયારે,
મ્હારા તાપ ત્રિવિધના ટળીયા એ–ટેક.
રાગદ્વેષના મૂળ કાઢીને,
જગમાં જયજય કીધો;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

કીધો મોક્ષનો મારગ સીધો,
એવા પુણ્યવંત પાતળીયારે મન૦ ૧
આપ તણા શરણે હું આવ્યો,
જન્મકૃતારથ કરનો;
મ્હારી ભવની હરકત હરનો,
અરિહંત પ્રભુ મહાબળિયારે. મન૦ ૨
ધર્મ કર્મની જુક્તિ ન જાણું,
જુક્તિ ન જોગની જાણું;
એક નામ તમારૂં પ્રમાણું,
સુખસિન્ધુ હમે સાંભળિયારે. મન૦ ૩
અનંત પ્રાણીને ઉદ્ધારવાની,
ટેક તમારી ભારી;
ત્રિશલા સુત સુખકારી,
કરૂણાળુ જનોએ કળિયા રે. મન૦૪
ત્રિવિધ તાપને ઝૂળ બમ્યા મ્હેં,
અમૃતવાણી પાજો;
મ્હારી વ્હારે અહોનિશ ધાજો,
સુખધામ પ્રભુ શામળીયા રે. મન૦ ૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

એઉ કર જોડી પ્રેમ કરીને,
હેમેન્દ્ર સહર્ષે વિનવે;
મ્હને સદાય રાખજો શરણે,
દીનબન્ધુ દયાના દરિયા રે. મન૦ ૬

મહાવીરપ્રભુસ્તવન.

મેરા મૌલા. એ રાગ.

સ્વામી મહાવીર આજ ઉગારો મ્હને,
ભવસાગર પાર ઉતારો મ્હને;
જે ધર્મ કારણ આવીયા, શાંતિ તણા સાગર હતા;
અધ્યાત્મજ્ઞાન શિરોમણી, નિર્મોહી નર નાગર હતા.
બળતી વિશ્વની ઝાળથી ઠારો મ્હને. સ્વામી૦ ૧

સિદ્ધાર્થ રાજાના તનય ત્રિશલા તથા માતા હતી,
ઉજ્જ્વલ કીધો ધર્મનો અંતર વિષે શમતા હતી;
વ્હાલા એક ઘડી ન વિસારો મ્હને. સ્વામી૦ ૨

આત્મિક તમારૂ જીવન ને આત્મિક તમારો દેશ છે,
આત્મિક ભાવભર્યા પ્રભુ! આત્મિક તમારો વેશ છે;
હવે ઝલક લાગ્યો પ્રભુ ખારો મ્હને. સ્વામી૦ ૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાન્તિ હુમેાને આપજો અજ્ઞાન ધ્વાન્ત નિવારજો,
કામાદિ વૈરી હૃદયના વ્હાલા પ્રભુજી વિદારજો;
હવે દેખાડો નાથ! કિનારો મ્હને. સ્વામી૦ ૪
અમ જૈનસંઘ વિષે સદા નિર્મળ નજરથી ન્યાળજો,
કલેશો વધે છે સર્વ તે એા નાથ! તત્ક્ષણ ટાળજો;
આવ્યો શરણ એા નાથ ઉદ્ધારો મ્હને. સ્વામી૦ ૫
ચૈત્રી ત્રયેાદશી શુકલની ઉત્તમ થયેા અવતાર છે,
મધ્ય રાત્રી માંહી પધારિયા વર્ત્તે જગત જયકાર છે;
કરો કષ્ટ નાના થકી ન્યારો મ્હને. સ્વામી૦ ૬
શરણે પડ્યાની લાજને અતિ રહેમ નજરે રાખજો,
હેમેન્દ્રસાગર વીનવે, ક્રોધારિ કાપી નાખજો;
સુંદર આશ્રય લાગ્યો છે સારો મ્હને સ્વામી૦ ૭

સુવિધિનાથ સ્તવન.

શું કહું કથની મ્હારી એ રાગ.

સુવિધિ જિનેશ્વર તારો રાજ, સુવિધિ જીને-
શ્વર તારો. મ્હને આ ભવ પાર ઉતારો રાજ
સુવિધિજિનેશ્વર તારો. નવતત્વાદિક ઉપદેશ આપી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુધાર્યા જગના લોકો, તેમ પ્રભુ ! કરૂણા કરો મુજપર, સંહારો સઘળા શોકો રાજ. સુવિધિ૦ ૧ કીધો પ્રકાશ નય નિક્ષેપને, સપ્તભંગી સરસનો; સુખકારી પ્રભુ આપની વાણી, વિમળ આપનાં વચનો રાજ. સુવિધિ૦ ૨ દેશોદેશ વિહાર કરીને સમજાવ્યું જ્ઞાન સારૂં. પરમ કૃપાળુ જિનવર સ્વામી, શરણ ગ્રહ્યું મેહું તહારૂં રાજ. સુવિધિ૦ ૩ આત્મ આનંદ પ્રગટાવો સ્વામી, જન્મ મરણ દુઃખ વારો, જેવો તેવો છું પણ હું તહારો, ભવજળ સિન્ધુ તારો રાજ. સુવિધિ૦ ૪ સાત્વિક બુદ્ધિને પ્રગટાવો, મુજ મન મંદિરે આવો; આપ વિના આ જગ-માંહિ બીજો, નથી લગારે લહાવો રાજ. સુવિધિ૦ ૫ પેથાપુરમાં શોભે પૂરણ, મંદિર અતિ સુખકારી, આપ ચરણમાં લીન થઈને, તન મનથી જાઉં વારી રાજ. સુવિધિ૦ ૬ પરમ બ્રહ્મ પરમેશ્વર મ્હોટા, ક્ષાયિક લબ્ધિના સ્વામી, અજિત સાગર સદ્‌ગુરૂની કૃપાથી, હેમની વૃત્તિ વિરામી રાજ. સુવિધિ૦ ૭

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મનાથજીનું સ્તવન.

મ્હારી નાડ તમ્હારે હાથ—એ રાગ.

વ્હાલા ધર્મ જિનેશ્વર જન્મ મરણ દુઃખ વારજોરે; વ્હાલા આવી ઝટ ઉદ્ધારજોરે. વ્હા. ટેક. ત્યાગી પ્રેમે દુનિયાંદારી પામ્યા શાશ્વત બ્રહ્મ ખુમારી, ગિરૂદ્ધ ધ્યાનમાં ધારી અરજ સ્વીકાર જો રે. વ્હાલા૦ ૧ પરમ ધામના શિખરે બેસી કર્મ વર્ગની કાપી બેડી, કર્મ એમ પ્રભુ મ્હારાં આપ વિદારજોરે. વ્હાલા૦ ૨ શરણ આપનું મ્હેં ધાર્યું છે, વિષય થકી મનને વાર્યું છે, નિર્મળનાથ! દયા કરી સાગર તારજોરે. વ્હાલા૦ ૩ આત્મા છે સાચો પરમાત્મા, એમાણે તે સિદ્ધ મહાત્મા. અજરામર સુખ આપી નાથ! ઉગારજોરે. વ્હાલા૦ ૪ પ્રાંતીજમાં પ્રભુ આપ વિરાજો શરણાગતના રક્ષક થાજો. મુનિ હેમેન્દ્ર તણા મનમાંહી પધારજોરે. વ્હાલા૦ ૫

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૨૧

चन्द्रप्रभुजीनुं स्तवन

(કામ છે દુષ્ટ વિકારી અહા પ્રભુ એ ચાલ)

[આશા ગોડી રાગ.]

અરજ સુણો પ્રભુ મ્હારી, કૃપાસિન્ધુ ? અરજ સુણો તહમે મ્હારીં ટેક. મહાસેન નરેશ્વર નંદન, લક્ષ્મણા માત તમારી; કૃપાસિન્ધુ ?૦ ૧ ચન્દ્ર-સમાન પ્રભુ અતિશય ઉજ્વલ, કાન્તિ ઘણી મનો-હારી; કૃપાસિ?૦ ૨ ભર સિન્ધુમાં નૌકા અમારી, એમાંથી લેજો ઉગારી. કૃપા૦ ૩ લક્ષચોરાશી નિવારી નાંખો, અજરઅમર ગુણધારી. કૃપાસિન્ધુ૦ ૪ આત્મજ્ઞાનઉંચાઆકાશે, આપની ગતિ અતિ ન્યારી. કૃપા ?૦ ૫ હેમચન્દ્રસાગરને શરણે રાખો, વારવાર જાઉં વારી. કૃપાસિ ?૦ ૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વાસુપૂજ્ય સ્તવન. (વરસોડાના)

અલબેલીરે અંબે માત—એ રાગ.

મારા અંતરના આધાર, વાસુપૂજ્ય પ્રભુ;
મને નીરખી ઉપજે પ્યાર, વાસુ પૂજ્ય વિભુ.
॥ ટેક ॥

ભરતખંડમાં દીવ્ય દીપે છે, દેશ ફડેા સાક્ષાતરે;
સાભ્રમતીના સુન્દર કાંઠે, વાસ વસ્યા સાક્ષાત.
વાસુપૂજ્ય પ્રભુ૦ ૧

મૂર્તિ મનેાહર પ્રભુ તહમારી, દેખી મન લલચાયરે;
દર્શન કરીને સજ્જન સેવક, પરમ કૃતારથ થાય.
વાસુપૂજ્ય પ્રભુ૦ ૨

મન મંદિરમાં રહેજો મ્હારા, ઘડિક નહિ વિસરાવરે
ભાવ ભરીને ભક્તિ કરતાં, લઉં લાખેણેા દહાવરે.
વાસુપૂજ્ય પ્રભુ૦ ૩

જે મારગ પ્રભુ સંચરિયાછેા, એ મારગ દેખાડેારે;
દુઃખના દરિયા દૂર કરીયેા, પાપવિષે નવ પાડેા.
વાસુપૂજ્ય પ્રભુ૦ ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

કામીજનને કામિની ઉપર, જેવો ઉપજે પ્યારરે;
આપ ચરણમાં એવો મારો, સ્નેહ રહો સુખકાર.
વાસુ પૂજ્ય પ્રભુ૦ ૫
અજિતસાગર સદ્ગુરૂ કેરો, વિનવે બાળક હેમરે;
સર્વ જીવોને શાંતિ આપો, આપો પ્રભુપદ પ્રેમ;
વાસુપૂજ્ય પ્રભુ૦ ૬
વરસોડા, ૧૯૮૯ ચૈત્ર વદિ ૮.

શ્રી સાણંદ પદ્મપ્રભુ સ્તવન.

રાગ ઉપરનો.

શોભે સાણંદ નામે ગામ, સહુને સુખકારી;
રૂડું પદ્મપ્રભુનું ધામ, હૈડે હિતકારી. ॥ ટેક ॥
મૂર્તિ અલૌકિક મહિમાભારી, મુખેકહ્યો નવજાયરે;
કોડે પ્રભુનાં દર્શન કરતાં, પ્રાણી પાવન થાય.
સહુ૦ ૧
તન મન પ્રભુજી આપને ચરણે, આપું પ્રેમ સમેતરે;
નિતનિત નૌતમ દર્શન કરતાં, ઉપજે અંતર હેત.
સહુ૦ ૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક ઘડીભર સ્થીર કરીને, ધરે પ્રભુનું ધ્યાનરે;
એના દિલમાં પ્રભુભક્તિનાં, આપે પ્રભુજી દાન.
સહુ૦ ૩

માતપિતા પ્રભુ આપ હમારાં, અમો તમારાં બાળરે;
અજર અમરદેશે લ્યો અમને, જ્યાં કોપે નહી કાળ.
સહુ૦ ૪

ઉત્તમઅવસર પામ્યો હવડાં,સ્વામી લ્યો સંભાળરે;
ગરીબ સેવક હમે તમારા, તમે તો દીન દયાળ.
સહુ૦ ૫

કલ્પતરૂની છાય બરાબર, આપ તણો આધારરે.
સંકટ સર્વે છેદો સ્વામિ !, આપો શિવસુખ સાર.
સહુ૦ ૬

અજિતસાગર સદ્‌ગુરૂ કેરો, વિનવે સેવક હેમરે;
અજરઅમર પ્રભુ તમને પામી, પાછો હું પડું કેમ
સહુ૦ ૭

સં. ૧૯૮૯ ફા. સુ. ૩ સાણંદ.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વરસોડા મંડન વાસુપૂજ્ય સ્તવન.

સ્વરાજ્ય લેવું સેલ છે. એ રાગ

સાણરનો કાંઠો સારો, છે પ્રાણ થકીયે પ્યારો;
મારા વ્હાલા? વાસુપૂજ્ય અંતરમાં વસો. ॥૧॥
દેવળની શોભા સારી, છે મૂર્તિ મનહરનારી;
મારા વ્હાલા? વાસુપૂજ્ય! અંતરમાં વસો. ॥૨॥
વસુપૂજ્ય પિતા છે પ્યારા, પુરિ ચંપામાં વસનારા;
મારા વ્હાલા? વાસુપૂજ્ય! અંતરમાં વસો. ॥૩॥
છે જયા તમારી માતા, મુજ મનથી દુર નવ થાતા;
મારા વ્હાલા? વાસુપૂજ્ય! અંતરમાં વસો. ॥૪॥
જળ માછલડીની પ્રીતિ, એવી રેને અમારી રીતિ
મારા વ્હાલા? વાસુપૂજ્ય! અંતરમાં વસો. ॥૫॥
મુનિ હેમતણા છો સ્વામી, ઘટઘટના અંતરજામી;
મ્હારા વ્હાલા? વાસુપૂજ્ય! અંતરમાં વસો. ॥૬॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વિજાપુર મંડન ચિંતામણિ પાર્શ્વનાથ સ્તવન.

કાંટો વાગ્યોરે સખી કાળજે એ-રાગ.

સખી પાર્શ્વ પ્રભુની મારે પ્રીતડી;
ઘડી ઘડી મને યાદીમાં આવે (૨)
અલખ અગોચર રાય. સખી. ॥ ૧ ॥
સખી પ્રાણ પ્રભુ છે વીજાપૂરના;
સુંદર દેવલ, સુંદર મૂર્તિ; (૨)
નિર્ખીને આનંદ થાય. સખી. ॥ ૨ ॥
સખી ચિંતામણિ શી કાયા એમની;
પાર્શ્વ તણા સંયોગ વડેથી. (૨)
લોહનું કંચન થાય. સખી. ॥ ૩ ॥
સખી એવા પ્રભુનો મારે આશરો.
આતમમાં પરમાતમ દેખું. (૨)
હૈડામાં હર્ષ ન મ્હાય. સખી. ॥ ૪ ॥
સખી વામા માતાનો પુત્ર લાડીલો;
બનારસી વાસી બહુ બળવંતા. (૨)
નિર્મળ નામ ગવાય. સખી. ॥ ૫ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સણી નામ હુજેરે મુખે એમનું,
હેમના હૈડામાં આવી વસ્યા પ્રભુ; (૨)
પાર્શ્વ પ્રભુજી સદાય. સણી. ॥ ૬ ॥

ભોયણી મંડનશ્રી મલ્લીનાથ પ્રભુનું સ્તવન.

ભારતકા ડંકા એ-રાગ. (ભીમપલાસ)

મન મોહન મલ્લીનાથ પ્રભુ,
મુજ મન મંદિરમાં આવી વસો;
મુજ મન મંદિરમાં આવી વસો,
મુજ હૃદય કમળમાં આવી હસો. મુજ૦ ૧

ઘનશામ છણી મૃદુ આપ તણી,
તમે સાધુ શિરોમણિ નેત્રમણી;
મુજમાનસ આપના ધ્યાને ધસો. મુજ૦ ૨

તમે કુંભ નરેશ્વરના બાલક,
સતી પ્રભાવતીના કુલ પાલક;
મુજથી ક્ષણ એક ન દૂર બસો. મુજ૦ ૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

તમે દીવ્ય જ્ઞાન તણા દાની,
તમે આત્મ અનુભવના ધ્યાની;
હું આપને નીર્ખી હૈડે હરખ્યો. મુજ૦ ૪
શ્રી લોયણી ગામની બલિહારી,
હું આપ ઉપર જાઉછું વારી;
મુનિ હેમ કહે છો સુખકારી. મુજ૦ ૫

श्री पानसरा महावीर स्तवन.

કયાં રમી આવ્યા એ–રાગ.

ગુણ હું તો ગાઉ છું તમારા હોનાથ,
મહાવીર પ્યારા.
સિદ્ધાર્થરાજ પ્રભુ ! તાત તમારા;
સંસારનો સિંધુ તારનારા હોનાથ. મહા૦ ૧
ત્રિશલા તમારી માત કહાવે;
મોહ અને માન મારનારા હોનાથ. મહા૦ ૨
પાનસરમાંહી પ્યારી મૂર્તિ વિરાજે;
કામ અને ક્રોધ કાપનારા હોનાથ. મહા૦ ૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષત્રીય કુંડ નામ પાવન કીધું;
અહિંસાના ધર્મ સ્થાપનારા હોનાથ. મહા૦ ૪
માથાના મુગટ તમે સાગર હેમેંદ્રના;
પ્રેમથી પ્રણામ હમારા હોનાથ. મહા૦ ૫

નેમનાથ સ્તવન.

રાગ ઉપરનો.

નેમીનાથ પ્રાણ છો હમારારે ઇષ્ટ,
પાર ઉતારો;
શિવા દેવી કેરા તમે પુત્ર કહાવ્યા;
અરજી અમારી ઉરધારો. હોઇષ્ટ૦ ૧
તર્કટ જગત કેરાં ત્યાગ કરીને;
ગિરનાર કીધો તમે પ્યારો. હોઇષ્ટ૦ ૨
અગમ અગોચર રૂપ પ્રભુ ! આપનું;
આશરો સ્વીકાર્યો તમારો. હોઇષ્ટ૦ ૩
દેવના છો દેવ તમે સેવ્ય સમગ્રના;
વ્હાલાજી ! ના બીરૂદ વિસારો. હોઇષ્ટ૦ ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

હેમેન્દ્ર સાગર કેરી વીનતી સ્વીકારો;
વિશ્વ કેરી વિપદા વિદારો. હોઇષ્ટ૦૫

શ્રી માતર મંડન સુમતિનાથ સ્તવન.

સ્વરાજ લેવું સેલ છે એ-રાગ.

ત્હારી મૂર્તિ લાગે પ્યારી, ભવ ભયનાં દુઃખ હરનારી;
સાચા સ્વામી ? સુંદરવર સુમતિનાથજી. ૧

માતરમાં વાસો કીધો, દર્શનનો લાવો લીધો;
સાચા સ્વામી ? સુંદરવર. સુમ૦ ૨

તમે મેઘ પિતાના જાયા, શિવસુંદરી કેરા રાયા;
સાચા સ્વામી ? સુંદરવર સુમતિ નાથજી. ૩

માતા છે મંગળા સારી, સેવકના દુઃખ હરનારી;
સાચા સ્વામી ? સુંદરવર સુમતિનાથજી. ૪

વળી પુરી અયોધ્યા શોભે, ભક્તોનાં મનડાં લોભે;
સાચા સ્વામી ? સુંદરવર સુમતિ નાથજી. ૫

મુનિહેમતણા છો વ્હાલા, શિવસુખના પાજો પ્યાલા;
સાચા સ્વામી ? સુંદરવર સુમતિ નાથજી. ૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

फलोदी मंडनश्री पार्श्वनाथजी स्तवन-

तुमेतो भले विराजोजी, शामलीयापार्श्वनाथ-एराग.

स्वामी पार्श्व ! हमाराजी, प्रभुजी पार्श्व हमाराजी
हमपे दया नजरसे रेना. स्वामी० १

अश्वसेन राजाका लडका, बनारसीमे रहेता,
दर्शन करनेवाले जनका, दोष निवारी देता.स्वा० २

जलता नाग बचाया तुमने, धरणी इन्द्र बनाया.
हमेरी रक्षा अैसी करना,शरण तुमारी आया. स्वा।

अहि लांछनकी शोभा भारी, श्यामवर्णकी कान्ति.
स्वामी हमको सेवक जानी, हरना भवकी भ्रान्ती.

मयुर मेघकी जैसी प्रीति, एसी हमपर रखना.
आप चरणका भक्त जनोमें, नाम हमारा लिखना.

अजितसूरिका शिष्य हेमकी, अरजी अंतरधरना.
फलोदी गामके मांघे मालीक!, हरकत भवकीहरना।

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

फलोदी मंडनश्री-
शीतलनाथजीका स्तवन.

चंद्रप्रभुजीसेध्यानरे मोरी लागी लगनवा-एराग.

शीतल जिनजीकी प्रीतरे, मोहे लागी चरनकी.
लागी चरनकी छोडीना छुटे, हो गइ मनमें प्रतीतरे
गाम फलोदीमें धाम तुमारा, पूरण विश्वप्रसिद्धरे
नंदामाताका लाडकवाया, विघ्नमिटावो विपरीतरे
दृढरथराजा है तात तुमारा, होगइ जगबीच जीतरे
श्रीवत्स लांछन अंगमे शोभे, अगम अलेख अतीतरे
सुनिये अरजप्रभुअंतरजामी, हेमेन्द्र गावे नित्यगीतरे

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વર મહારાજની જયંતિનું ગીત.

ભારતકા ડંકા આલમ મેં બજવાયા વીર જવાહરને એ-રાગ.

સાગર તટ વાસી સુખકારી;
સૂરિ બુદ્ધિ સાગર ગુરૂ બલિહારી. સાગર૦ ૧

જેની વાણી વિષે અમૃત ધારા,
ભવ રોગ તણાં દુઃખ હરનારા;
જપ-તપ-વૃત્ત સંયમના ધારી. સૂરિ૦ ૨

જેણે અલખ સદાય જગાવ્યો છે,
જેણે અવધૂત વેષ ધરાવ્યો છે;
જે જૈન ધર્મના આચારી. સૂરિ૦ ૩

જેણે યોગતત્વની શોધ કરી,
જેણે પ્રભુની મૂર્તિ ધ્યાને ધરી;
જે અલખ નિરંજન બ્રહ્મચારી. સૂરિ૦ ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેની નવમી જંયતિ આજે છે,
કરી યાદ નયન જળ લાવે છે;
જેને પ્રભુની ભક્તિ હતી પ્યારી. સૂરિ૦ ૫
સૂરિ અજીત તણા શિર છત્ર હતા,
મુનિ હેમ તણા ગુરૂ પૂજ્ય હતા;
મુજ અંજલી લેજો સ્વીકારી. સૂરિ૦ ૬

(૨)

કાંટો વાગ્યોરે સખી કાળજે એ-રાગ.

સખી બુદ્ધિ સાગર ગુરૂ આપણા,
પ્રેમ કરી અને પાયમાં નમીયે; (૨)
વંદન વાર હજાર. સખી. ॥ ૧ ॥
સખી જન્મ ભૂમિ છે વિજાપૂરમાં,
ધ્યાન ધર્યાં અરિહંત પ્રભુનાં; (૨)
વર્તાવ્યો જયજયકાર. સખી. ॥ ૨ ॥
સખી એકસો ને આઠ ગ્રન્થ બાંધીયા,
બાલ બ્રહ્મચારી યોગી અનૂપમ; (૨)
ઉત્તમ પાળ્યો આચાર. સખી. ॥ ૩ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સખી દેવને દર્શન એના દોહ્યલાં,
સંયમ વ્રતનાં સાચાં સિંહાસન; (૨)
અવધૂત મહિમા અપાર. સખી. ॥ ૪ ॥

સખી જ્ઞાન પ્રચાર કર્યો દેશમાં,
પાઠશાળાઓ સ્થપાવી મન્નની; (૨)
કીર્તન કીધાં અપાર. સખી. ॥ ૫ ॥

સખી દેહ નિર્વાણ વીજાપૂરમાં,
હેમેંદ્ર સિન્ધુના સાચા શિરોમણિ; (૨)
પ્રગટે છે સંભારી પ્યાર. સખી. ॥ ૬ ॥



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભજન.

રાગ–કેરવો.

જીયા ! ભોળે હો મત કરો ઇતના ગુમાન. જીયા૦
માતા પિતા હો તેરે કોઇ ય ન સાથી,
નિકલ ચલેગી એકેલી તેરી જાન. જીયા૦ ૧
મેરા મેરા કરતા કોઇ નહિ તેરા,
એસા સમજકે ભજો ભગવાન. જીયા૦ ૨
ઘડી ઘડી કરત ઘટત જાય છીન છીન,
આયુ ચલે જાય જેસે કુંજરકે કાન. જીયા૦ ૩
આયુ ચલે જાય જેસે પીપલકે પાન,
આયુ ચલે જાય જેસે સંધ્યાકે વાન. જીયા૦ ૪
સદ્‌ગુરૂ કહેતે સુનો હો ભવિક જન ?
મોહ મદ છોડો જબ મીલે નિર્વાણ. જીયા૦ ૫
અજીત કહત કર જોડી વિનયસે,
ગઈ સો ગઇ અબ હોઇ સાવધાન. જીયા૦ ૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

महुआमंडनश्री महावीर स्तवन.

હું શું ને તું શું કોણ કોનું છે-એ રાગ.
સિહાનો કાનરો.

ઘટઘટના તમે અંતરયામી,
મહુવા નિવાસી મહાવીરસ્વામી. ઘટ૦ ૧
સિદ્ધાર્થ રાજાના પુત્ર પનોતા,
મને મોહન મારા મનમાંહી આવ્યા. ઘટ૦ ૨
ત્રિશલામાતા ઘણું ભાગ્ય ભરેલાં,
પ્રેમે પધારીને હૈડાં હરેલાં. ઘટ૦ ૩
ઉપદેશ આપીને વિશ્વ ઉદ્ધાર્યું,
અનંત પ્રાણી કેરૂં નરક નિવાર્યું. ઘટ૦ ૪
આપ સમા કોણ વિશ્વમાં થાશે,
શરણે પડ્યો છું હું મોક્ષની આશે. ઘટ૦ ૫
કાન્તિ દીપે પ્રભુ ચંદ્ર પ્રભાશી,
પાયે લાગું પ્રભુ આપને આશી. ઘટ૦ ૬
હેમેન્દ્રસાગરની વિનતિ સ્વીકારો,
ભવનદી તરવાને આપ છો આરો. ઘટ૦ ૭

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિજાપુર શ્રી શાંતિનાથજિન સ્તવન.

મથુરામાં ખેલ ખેલી આવ્યા–ચૈરાગ.

શાંતિ ભર્યા દેખ્યા શાંતિનાથજી હો શ્યામ;
ગામ વિજાપુરમાં.

ચંદ્રમા સમાન જેની કાન્તિ ઘણી શોભે,
લળી લળી ચિત્ત મ્હારૂં લોભે. હો શ્યામ ગામ૦૧

હસ્તિનાપુર કેરા વાસી, સુખરાશી,
શિવરાણી કેરાછો વિલાસી. હો શ્યામ ગામ૦ ૨

વિશ્વસેન તાત કેરા પુત્ર તમે પ્યારા,
નહીં મૂકું નેત્ર થકી ન્યારો. હો શ્યામ ગામ૦ ૩

અચિરા છે માત અને સત્ય શાંતિ દાતા,
નાથજી? ના દૂર ઘડી થાતા. હો શ્યામ ગામ૦ ૪

હેમ ઇન્દ્ર કેરી પ્રભુ! પ્રાર્થના સ્વીકારો,
મ્હારે એક આશરો તમારો. હો શ્યામ ગામ૦ ૫

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

माणसामंउन श्रीऋषभदेवजिन स्तवन.

शूं कहुं कथनी मारी आज–એરાગ.

અરજ સ્વીકારો અમારી રાજ,
અરજ સ્વીકારો અમારી–ટેક.

માણસા નગરમાં મૂર્તિ વિરાજે,
સેવકને સુખકારી;
સાંજ સવારે દર્શને આવે,
ભાવ ભર્યા નર નારી રાજ. અરજ૦ ૧

રાજ કૃપાળા અજર રંગીલા,
મરૂદેવી માત તમારી;
ઋષભ પ્રભુજી નિર્મળ નામી,
મુજને ના દેશો વિસારી રાજ. અરજ૦ ૨

નાભિ રાજાના પુત્ર પનોતા,
શિવનગરીના વિહારી;
શરણે પડેલાની રાખજ્યો લજ્યા,
દુઃખમાંથી લેજ્યો ઉગારી રાજ. અરજ૦ ૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપની પ્રીતિ એક જ સાચી,
ખલકની પ્રીતિ છે ખારી;
કલ્પતરૂં કેરી છાયામાં રહીને,
બીજી નથી દરકારી રાજ. અરજ૦ ૪

હેમેન્દ્રસિન્ધુની વિનતિ વ્હાલાજી,
પૂરણ રાખજ્યો પ્યારી;
ધર્મધુરંધર સાચા ધણી છો,
મહા પ્રભુજી બલિહારી રાજ. અરજ૦ ૫

गिरनारवासी नेमीनाथ स्तवन.

ખૂને જીગરકો–એરાગ.

ગિરનાર વિષે વસનારા રે,
મન મોહ્યું છે પ્રભુ! આજ;
વિભુ નેમનાથ મહારાજા રે,
છો સેવકના શિરતાજ. ગિર૦ વિ૦ ૧

મને મૂર્તિ લાગે ઘણી પ્યારી,
મ્હેં તો અંતરમાં ઉતારી;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

હું તો જઉં સદા બલિહારી રે,
મન મોહનજી મહારાજ. ગિર૦ વિ૦ ૨
જન દર્શન જગના આવે,
કુલ ચંદન થાળ ધરાવે,
અતિ પ્રીતિ હૃદયમાં લાવે રે;
શિવ સુખડાં લેવા કાજ. ગિર૦ વિષે૦ ૩
પ્રભુ મંગળ નામ તમારૂં,
મન ગોઠયું નાથ હમારૂં;
સુર નર જનને છે પ્યારૂં રે,
ગુણ સિન્ધુ ગરીબનવાજ. ગિર૦ વિ૦ ૪
મુજ મન મંદિરમાં રહેજો,
મારી અરજી લક્ષે લેજો;
મ્હને દાસ તમારો કહેજો રે,
મુજ આત્મ ઉદ્ધારણ કાજ. ગિર૦ વિ૦ ૫
મુનિ હેમ તમારો જાણો,
હું રંક તમો છો રાણો;
જૈન આગમ માંહી ગવાણો રે,
ભવજળ તરવાનું જહાઝ. ગિર૦ વિ૦ ૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈનીજીવન.

(મ્હારૂં વતન હાં મ્હારૂં૦-રાગ.)

જૈની જીવન જેનું જૈની જીવન,
મન તન પ્રસન્ન તેનું મન તન પ્રસન્—
નમો અરિહંતાણું નમો સિધ્ધાણું,
આચાર્ય નમન્ એવાં નવકાર વચન્—
ષડ્રિપુ સમરાંગણમાં સંહારવા,
સહેલું નસહેલું એ કાર્ય કઠન્—
જપ તપ સંજમ ત્યાગ જે કેળવે,
તેના જીવનનું જૈને સ્થપન્—
'અહિંસા-પરમો' ધર્મ એ પંથે,
સિદ્ધ-શિલાએ વ્હાલું વતન્—
હેમેન્દ્ર-સાગર ધન્ય ધન્ય જીવાત્મન્!,
જનન્ હનન્ થયું ચેત્યો ચૈતન્ય—

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મહાવીરજિન સ્તવન.

રાગ. યા ઇલાહી મીટ ન જાએ દર્દે દિલ.

વીરના દર્શન અહો આજે થયાં,
દર્શથી પાપો અમારાં ધો ગયાં;
મૂર્ત્તિમાં સ્ફૂર્તિ દિશે છે આ સમે,
આજ **વીરજીણંદ** અમને તો ગમે.
પ્રેમથી હું દર્શ વીર તણું કરૂં,
અન્ય ભાવોને સદાયે પરિહરૂં;
છે નિરંજન શાંત ભાવોથી ભરી,
દોષ રોષ **ન ભાસતો** જેમાં જરી.
પૂર્ણ ત્રાતા છો સદા દાતા તમો,
રાગ રૂપી આગમાં જલતા અમો;
હું ન માગું મોક્ષ પદને નાથજી,
માત્ર **મુજને વીર** ! રાખો સાથજી.
મુક્તિનારીની મહેનં પરવા નથી,
ચરણમાં રાખો એ વાણી મેં કથી;
અર્જ આજ સુણી વિભુ આવો હવે
સેવક લક્ષ્મી આપનો આણર સ્તવે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૪૪

રાગ. મ્હારૂં ઘર મ્હોટું કહેવાય.

મ્હને વીર તમારી સ્હાય મુજ પાપને જ પખાળો,
આપેલો કોલકરાર તે આપ પૂરણ પાળો;
છે નામ આપનું સારૂં ભવિજનને લાગે પ્યારૂં,
હું મનમાં એહ જ ધારૂં. મુજ૦
કરૂણાના સાગર છોડી, હું જાવું ન બીજે દોડી;
મેં પ્રીત તમોથી જોડી. મુજ૦
છો પૂરણ અંતરજામી, હું બોલું મસ્તક નામી;
હું પાપી છું શિવ ગામી. મુજ૦
ન નાથ નમેરા થાસો, સેવકની વારે ધાસો;
કરો મુજ હૈડામાં વાસો. મુજ૦
ભવભ્રમણાથી ભય લાગ્યો, હું નાથ! હવે તો જાગ્યો,
તુમ દર્શથી મોહ જ ભાગ્યો. મુજ૦
સેવકને જલ્દી તારો, છે આપ વિના નહીં આરો;
એ દિલમાં નક્કી ધારો. મુજ૦
લક્ષ્મીના સાગરને તારો, દિલમાંહી જરા વિચારો;
હું નથી તમોથી ન્યારો. મુજ૦

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આદિનાથ પ્રભુનું સ્તવન.

મેરે મોલા બોલાલો મદિને મુઝે–એ રાગ.

આદિનાથ પ્રભુજીનું ધ્યાન ધરો,
ધ્યાન ધરો ભવસિન્ધુ તરો.–ટેક.

આદિનાથ નામ કલ્પવૃક્ષ છાંયડી,
ચરણ શરણ કેરી ગ્રહે સદ્ય બાંહ્યડી;
મોહ સરિતા તણો વ્હાલો સેતુ બરો. આદિ૦ ૧

બાહ્ય દૃષ્ટિ ઝાંઝવાનો નીર જાણજો,
સત્ય શાંતિનાથજીનું નામ માનજો;
એસી એકાન્તમાં સ્નેહ સાથ સ્મરો. આદિ૦ ૨

નામ સિંહ હૃદયમાંહી ગર્જના કરે,
પાપ તાપ હસ્તી વૃન્દ દોષ સહુ ડરે;
આવ્યો અવસર ને કેમ વાર કરો. આદિ૦ ૩

નામ જપે, કર્મ બપે, એજ લહાવ છે,
જન્મ મરણ ટાળવાનો વિમળ દાવ છે;
કેમ ભટકો હવે સ્થિર ઠામ ઠરો. આદિ૦ ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજિતસિન્ધુ સદ્‌ગુરૂજી સહાય આપશે,
સ્યાદ્વાદ માર્ગ કષ્ટ સ્પષ્ટ કાપશે;
લક્ષ્મીસાગર કહે શિવ લક્ષ્મી વરો. આદિ૦ ૫

શ્રી પદ્મપ્રભુ સ્તવન.

મથુરામાં ખેલ ખેલી આવ્યા-એ રાગ.

પદ્મ પ્રભુ નામ પ્યારૂં લાગે હો શ્યામ,
નામ પ્યારૂં લાગે.–ટેક.

માથાના મુગટ તમે પદ્મ પ્રભુ પ્યારા,
દર્શનથી આત્મ જ્યોતિ જાગે હો શ્યામ. ૧

મધુપુરી તીર્થ માંહી આપ કેરો વાસ છે,
ધ્યાન ધરી કષ્ટ મારાં ભાગે હો શ્યામ. ૨

સાગરનો કાંઠો સોહ્યામણો છે વિશ્વમાં,
શાંતિ થાય આપ અનુરાગે હો શ્યામ. ૩

વીર ઘંટાકર્ણ જેની પાર્શ્વમાંહી શોભે,
ભૂત અને પ્રેત સહુ ભાગે હો શ્યામ. ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

બુદ્ધિ સાગર સૂરિ કેરી મૂર્ત્તિ તિહાં એાપે,
પ્રપંચ જગત કેરાં ત્યાગે હેા શ્યામ. ૫
જ્ઞાન ભક્તિ દીપ તમે પદ્મ પ્રભુ આપેા,
લક્ષ લાગે નિર્મળ વૈરાગે હેા શ્યામ. ૬
મેાહક મૂર્તિને દેખી સ્થિર મન થાય છે,
લક્ષ્મી સીંધુ મેાક્ષ સુખ માગે હેા શ્યામ. ૭

વરસોડાના વાસુપૂજ્ય સ્વામી.

રાગ રસિયાનેા.

વરસેાડાના વાસુપૂજ્ય પ્રભુ, દેખી મન લલચાય;
પ્રભુ દર્શન પામીને મ્હારેા, આત્મ કૃતારથ થાય;
વ્હાલા આત્મ કૃતારથ થાય. વર૦ ૧
ઉમર અભિમુખ દેવળ દીપે, ઊંચી ધ્વજા ફરકાય;
હેમકળશ શિખરપર શેાભે, વ્હાલા ! હૈડું અતિ
હરખાય. વર૦ ૨
તત્વત્રયી મુજને પ્રભુ આપેા, રેાગ મેાહનેા જાય;
હસ્ત આપનેા શિરપર સ્થાપેા, આત્મ અનુભવ થાય;
વ્હાલા આત્મ અનુભવ થાય. વર૦ ૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાભાગ્ય મ્હારાં પ્રભુ જાગ્યાં, પકડયું શરણુ સદ્ધાય;
કરૂણા સાગર કરૂણા કરજો, મૂળ શોકનાં જાય;
વ્હાલા મૂળ શોકનાં જાય. વર૦ ૪

અજિતસિન્ધુનો સેવક સાચો, લક્ષ્મી સાગર નામ;
કરે પ્રાર્થના પ્રેમભરેલી, લળીલળી લાગે પાય;
વ્હાલા લળીલળી લાગે પાય. વર૦ ૫

વિજાપુરવાસી પાર્શ્વમણિ સ્તવન.

મથુરામાં ખેલ ખેલી આવ્યા એ–રાગ.

પાર્શ્વમણિ પ્રાણ થકી પ્યારા હો નાથ,
પ્રાણ થકી પ્યારા. ટેક.

અમારૂં હૈડું લોહ–આપ પાર્શ્વ સાચા,
ભલકના ખેલ લાગ્યા ભારા. હો નાથ૦ ૧

આપગુણ ગાતાં દુઃખ દૂર બધાં થાય છે,
નવ થજો ઘડી એક ન્યારા. હો નાથ૦ ૨

ચિંતામણિ રત્ન જેવી ભક્તિ આપ કેરી,
મનડામાં આવી વસો મ્હારા. હો નાથ૦ ૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

બુદ્ધિ સિન્ધુ સૂરિજીએ આપ ગુણ ગાયા,
ભક્ત કેરાં કષ્ટ કાપનારા હો નાથ૦ ૪
આપ કેરૂં ધ્યાન કદી અંતરમાં ધારે,
તેને આપરૂપે કરનારા. હો નાથ૦ ૫
દર્શન તમારાં કીધાં સૂરિ અજિતાબ્ધિયે,
મોહ અને માન મારનારા. હો નાથ૦ ૬
સૂરિ અજિતાબ્ધિ કેરા હેમ–લક્ષ્મી શિષ્ય છે,
સંસારનો સિંધુ તારનારા. હો નાથ૦ ૭

मल्लिनाथ स्तवन.

(કાનુડો ન જાણે મોરી પ્રીત–એ રાગ.)

મલ્લિજિન લાગ્યું તુજગુણ તાન, ધ્યાનથી ચઢી ખુમારી રે. મલ્લિ૦ જ્યાં જ્યાં દેખું ત્યાં તું તું, અન્તરમાં વ્હાલા છું તું; સાંધ્યો પ્રીતિતારોતાર, ખરી તુજ લાગી યારી રે. મલ્લિ૦ ૧ ભાન ભૂલાયું ભવનું, દુઃખ નહિ ભવના દવનું; રસીલા તુજ મસ્તી મસ્તાન,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અની પરઆશ નિવારી રે, મલ્લિ૦ ૨ કામણુ તેં મુજપર કીધું, મનડાને ચોરી લીધું; તેથી પડે ન કયાંએ ચેન, ચાતુરી એ તવ ભારી રે. મલ્લિ૦ ૩ પ્રીતિ ન છુટે પ્રાણે, પ્રીતિનેા રસ જે જાણે; પ્રાણેા તુજ પર સહુ કુરબાન, મેળની રીત વિચારી રે. મલ્લિ૦ ૪ મારામાં તુંહિ સમાયેા, તહારામાં હુંજ સુહાયેા; હું તું સત્તા એક સ્વરૂપ, મેળ એ અન્તર્ ધારી રે. મલ્લિ૦ ૫ જે જે કહું તે જાણે, અન્તરમાં ભેદ ન આણે; યા-ચા ઘટે ન મેળ અભેદ,–ભાવમાં સત્ય વિહારી રે. મલ્લિ૦ ૬ હું તુજ એકસ્વરૂપી, અંતરથી રૂપારૂપી; અનુભવ આ૦યેા એવેા ભેશ, નિરંજન ભાવ સુધારી રે. મલ્લિ૦ ૭ મેળ અભેદે રહેવું, સાચા ભાવે એ કહેવું; બુદ્ધિસાગર મંગલ માલ, અનુભવ સુખની કયારી રે. મલ્લિ૦ ૮

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિદ્ધાચલગિરિ સ્તવન.

(ઝૂનેજીગર કો પ્રીતે હે હમ–એ રાગ.)

વિમલાચલથી મન મોહ્યું રે, મ્હને ગમે ન બીજે કયાંય; મન મોહનમાં સુખ જોયું રે, મુજ આતમ સુખની છાંય. વિમલાચલ૦ સમરૂં સિદ્ધાચલ સ્વામી, લગી લગી વન્દુ ગુણરામી; મુજ જીવન અંતર્યામીરે, અનુભવથી અનુભવાય. વિમલા૦ ૧ મનમોહન લાગ્યા મીઠા, આદીશ્વર નયને દીઠા; હવે રહ્યા ન લખવા ચિઠ્ઠા રે, મન મસ્તીથી મકલાય. વિમલા૦ ૨ સિધ્યા તુજ પ્રેમે અનંતા, વળી સિદ્ધશે ભવિજનસંતા; થયા સિદ્ધ બુદ્ધ ભગવંતા રે, જ્ઞાનીઓ તુજને ગાય. વિમલા૦ ૩ તુજ સાથે લગની લાગી, મુજ ભવની ભાવટ ભાગી; મુજ અંતર ચેતના જાગી રે, મુજ મનડું તુજને ચ્હાય. વિમલા૦ ૪ આનન્દ જ્ઞાને ઉલ્લસિયો, મુજ હૃદય કમલમાં વસિયો; શ્રદ્ધા પ્રીતિએ વિકસિયો રે, ઘટ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુખસાગર ઉભરાય. વિમલા૦ ૫ તુજ શરણે નિર્ભય થઇયેા, આતમ જીવન ગહ ગહિયેા; મરજીવેા થૈ તુજ લહિયેા રે, તું આપેાઆપ સુહાય. વિમલા૦ ૬ વિમલાચલવાસી વ્હાલા, મુજ સુણશેા કાલાવાલા; બુદ્ધિસાગર ઘટ ભાજ્યારે, નિત્ય રહેશેા હૈડા માંહ્ય. વિમલા૦ ૭

શ્રી કેશરીયાજીનું સ્તવન.

કેશરીયા તીર્થ બડા ભારી, ભવિક તુમ પૂજે નરનારી; શરણ એક ઋષભ પ્રભુ ધારી, કપટ એાર નિદ્રાકુ વારી. કે૦ સંવત્ એાગણીશ બાસઠેમેં, વિજાપુરનેા સંઘ; દર્શન કરવા નીકળ્યેા રે, આણી હર્ષ ઉમંગ. શેાક સહુ ચિન્તાને વારી, ગણી સબ મિથ્યા જગયારી કે૦ ૧ કૃષ્ણ પક્ષ છઠ મંગલે રે, માસ રૂડેા હે પેાષ; પ્રથમ જિનેશ્વર ભેટિયા રે, પાયા મન સંતેાષ; ધર્મ હે ઉપયેાગે ધારી, જિનાજ્ઞા જાણી સુખકારી. કે૦ ૨ હરિ હર બ્રહ્મા તું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ણરો રે, શિવ શંકર મહાદેવ; દોષ અઢારે ક્ષય કર્યા રે, સુરનર કરતા સેવ; બુદ્ધા તુમ અકલગતિ ન્યારી, નિરંજન બ્રહ્મ દશા તારી. કે૦ ૩ અલવેશ્વર અરિહંતજી રે, ચાર અતિશયવન્ત; અજરામર નિર્મલ પ્રભુ રે, સેવે સજ્જન સન્ત. અચલ તુજ જગમાં બલિહારી, જિનેશ્વર જાણો જયકારી. કે૦ ૪ તુંહિ તુંહિ તું હું સમરૂ રે, વ્યક્તિથી હે ભેદ; પિંડમાં પરગટ પેખતાં રે, વર્તે ભેદાભેદ. લગી ઘટ રટનાકી તારી, જ્યોતકી હોવે ઉજિયારી. કે૦ ૫ અલખ અરૂપી તું પ્રભુ રે, 'બુદ્ધિસાગર' ધાર; કર્મશત્રુકું જીતીએ રે, કરી કેશરિયાં સાર. ધરી ઘટ ધ્યાનદશા સારી, લહેા ઝટ મુક્તિવધૂ પ્યારી. કે૦ ૬

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

તારંગા તીર્થ સ્તવન.

(ધનાશ્રી)

તારંગા તીર્થ મઝાનું રે. આનંદ દે નિર્ધાર. તારંગા૦ અજિતનાથ મહારાજનું રે, જિનમન્દિર જયકાર; અજિતનાથ પ્રભુ લેટિયા રે, સુખ સંપત્તિ દાતાર. તારંગા૦ ૧ કુમારપાળે કરાવીયું રે, પાછળ જીર્ણોદ્ધાર; સંવત્ સોળની સાલમાં રે, શોભે સુન્દરાકાર. તારંગા૦ ૨ સિદ્ધશિલાની ઉપરે રે, બે જિન દેરી સાર; કોટિશિલાપર દેરી બે રે, શ્વેતાંબર મનોહાર. તારંગા૦ ૩ ધર્મ–પાપની બારીએ રે, એક દેરી સુખકાર; જિનપ્રતિમાઓ જિન સમી રે, ભેટી ભાવ વિશાલ. તારંગા૦ ૪ કુદરતી ગુફાઓ ભલી રે, તીર્થ પવિત્ર વિચાર; કોટી મનુષ્યો સિદ્ધિયા રે, વન્દુ વાર હજાર. તારંગા૦ ૫ તારંગા મન્દિરની રે, ઉંચાઇ શ્રીકાર; દેખી શીર્ષ ધુણાવતા રે, યાત્રાળુ નરનાર. તારંગા૦

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇ ગુર્જરાત્રા પાવનકરૂં રે, તીર્થ વડું ગુણકાર;
બુદ્ધિસાગર તીર્થનીરે, યાત્રા જયજયકાર.
તારંગા૦ ૭

નવપદઓળીનું સ્તવન.

(પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું એ-રાગ.)

નવપદ ઓળી રે કીજે અતિશય ભાવથી,
શ્રીપાલમયણા પેઠે નર ને નારજો; અરિહંત
સિદ્ધ ને સૂરિ વાચક મુનિવરા, દર્શન જ્ઞાન
ચરણ તપ નવ સુખકારજો. નવપદ૦ ૧ પદ
પદ આંબિલ નવકારવાલી વીશને, ગણીએ
કરી ષટ્ આવશ્યક બેસજો; કર્મ નિકાચિત
રોગો આ ભવમાં ટળે, ઉપસર્ગો સંકટ નાસે
સહુ કલેશજો. નવપદ૦ ૨ આતમ નવધા
ક્ષાયિક ઋદ્ધિ સંપજે, જન્મ જરા ને મૃત્યુ
ભયનો નાશજો; આતમ તે પરમાતમભાવે
ઉલ્લસે, અનંત આનંદ અનુભવ પ્રગટે ખાસજો.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવપદ૦ ૩ ગુરૂગમ લહીને નવપદ ધ્યાને રીઝીએ, સમતાભાવે સુખદુઃખ સહીએ સર્વજ્ઞે; દુઃખની વખતે દીનપણું નહિ ધારીએ, સત્તા લક્ષ્મીનો નહીં કરીએ ગર્વજ્ઞે. નવપદ૦ ૪ દ્રવ્ય ભાવ વ્યવહાર ને નિશ્ચય નયથકી, ભેદાભેદે નવપદ સત્ય સ્વરૂપજ્ઞે; બુદ્ધિસાગર આરાધંતાં આતમા, નિજમાં નવપદ ઋદ્ધિ પ્રગટે અનુપજ્ઞે. નવપદ૦ ૫

वर्धमानआंबिलतपस्तवन.

(दान सुपात्रे दीजे हेा भविका दान सुपात्रे दीजे.)

વર્ધમાન જિન વંદુ હેા ભાવે વર્ધમાન જિન વંદુ; આતમ ભાવે આણંદુ હેા ભાવે વર્ધમાન જિન વંદુ. વર્ધમાન આંબિલ તપ ભાખ્યું, પરમાતમ પદ વરવા; એકાદિક આંબિલ એમ ચઢતાં, શત આંબિલ એમ કરવાં. હેા ભાવે૦ ૧ એક આંબિલ કરી ઉપવાસ પશ્ચાત્, બે આંબિલ ઉપવાસે; ચઢતે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

આંબિલ ઉપવાસ અંતર, વીશે વિશ્રામ વાસે. હો ભાવે૦ ૨ નવપદમાંથી ગમે તે પદનો, જાપ તે વીશ હજાર; બાર બમાસમણ લોગસ્સ બારનો, કાયોત્સર્ગ વિચાર. હો ભાવે૦ ૩ ગુરૂમુખથી વિધિપૂર્વક ઉચ્ચરી, પૂર્ણ થતાં ઉજવીએ; તદ્ભવ ત્રીજા ભવમાં મુક્તિ, જૂઠું કાંઇ ન લવીએ. હો ભાવે૦ ૪ ચૌદ વર્ષ ત્રણ માસ ને ઉપરે, વીશે દિવસે પૂરો; વિશ્રામવણ તપ આરાધંતાં, તપ ન રહે અધુરો. હો ભાવે૦ ૫ પાંચ હજાર પચ્ચાશ છે આંબિલ, ઉપવાસ શત નિર્ધાર, પૂર્ણ કરે વડભાગી તપિયા લબ્ધિ શક્તિ ભંડાર હો ભાવે૦ ૬ આહારાદિ વિષયોમાં રસવણ, આતમ આનંદ રસિયા; ક્ષણમાં મુક્તિ પામે નિશ્ચય, ભાવ તપે ઉલ્લસિયા. હો ભાવે૦ ૭ અંતગડ સૂત્ર ને આચારદિનકરે, શ્રીચંદ કેવલી સાધ્યું; બુદ્ધિસાગર આત્મોલ્લાસે; મહાસેનજીએ આરાધ્યું હો ભાવે૦ ૮

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ મહાવીરનું દીવાળી સ્તવન.

(ચેતનજી ચેતો કોઇ ના દુનિયામાં તહારૂં-એ રાગ.)

પરમેશ્વર મહાવીર તહારી છે સત્ય દિવાળી; દેખી પ્રગટી આતમમાંહિ લાલી રે. પરમેશ્વર૦ જ્ઞાનને દર્શનચારિત્રઋદ્ધિ, અનંત અનંત ઉજવાળી; પરમાતમ પરબ્રહ્મ સનૂરા, શક્તિ અનંત અજવાળી રે. પરમેશ્વર૦ ૧ જન્મ મરણ આધિ વ્યાધિ ઉપાધિ, તેથી રહિત જયકારી; શુદ્ધોપયોગે જોયું અંતરમાં, આનંદ દીવાળી ભાળી રે. પરમેશ્વર૦ ૨ ૐ હ્રીં અર્હં મહાવીર જપતાં, વીર બન્યો સુખકારી; બુદ્ધિસાગર તત્ત્વમસિ પ્રભુ, સોઽહં સદા ઉપકારી રે. પરમેશ્વર૦ ૩

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજનું સ્તવન.

(એક દિન પુંડરીક ગણધરૂ રે લાલ એ રાગ.)

બીજ તિથિએ જૈનધર્મનું રે લાલ, બીજ ગ્રહો સમકિત રે હુંવારીલાલ; દેવ ગુરૂ ને જૈનધર્મની રે લાલ, શ્રદ્ધા સમકિત રીત રે હુંવારીલાલ. બીજ. ૧ અનંતચાર કષાયનો રે લાલ, ત્રણ મોહની તેમ રે હુંવારીલાલ; સાત પ્રકૃતિ ઉપશમે યદા રે લાલ, ત્યારે સમકિત નેમ રે હુંવારીલાલ. બીજ. ૨ સાતનો ક્ષયોપશમ ક્ષયે રે લાલ, ક્ષયોપશમ ક્ષાયિક રે હુંવારીલાલ; વ્યવહાર સમકિત સાધતાં રે લાલ, નિશ્ચય સમકિત એક રે હુંવારીલાલ. બીજ. ૩ નિશ્ચય સમકિત મુનિપણે રે લાલ, ચારિત્ર ભેગું સુહાય રે હુંવારીલાલ; ચાર નિક્ષેપે સાત નયે કરીરે લાલ, સમકિત ગુણ પ્રગટાય રે હું વારીલાલ. બીજ. ૪ ચારિત્રમોહ નિવારતો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

રે લાલ, ચૂકે ન ઉદ્યમ તેહ રે હુંવારીલાલ સમકિત તે દર્શન ભલું રે લાલ, ચરણે લહે શિવગેહ રે હુંવારીલાલ. ણીજ. ૫ સમકિત ઉત્કૃષ્ટ ભાવથી રે લાલ, ક્ષણમાંહી મુક્તિ થાય રે હુંવારીલાલ; સમકિત સડસઠ બોલછે રેલાલ, જ્ઞાને નિશ્ચય પાય રે હુંવારીલાલ. ણીજ. ૬ નિશ્ચયના ષડ્‌ભેદ છે રે લાલ, પામે રહે નહીં ખેદે રે હુંવારીલાલ; સમકિતરૂચિ દશ જાતની રે લાલ, જાણી ટાળો ભેદે રે હુંવારીલાલ. ણીજ. ૭ જલપંકજવત્ સમકિતી રે લાલ નિર્લેપી કર્તવ્ય રે હુંવારીલાલ; ગુરૂશ્રદ્ધા ભક્તિવડે રેલાલ, શ્રવણાદિકથી ભવ્ય રે હુંવારીલાલ. ણીજ. ૮ શુદ્ધાતમ નિશ્ચય થતાં રે લાલ; અનુભવ આનંદ થાયરે હુંવારીલાલ; બુદ્ધિસાગર સમકિતિ રે લાલ, સમ્યગ્‌જ્ઞાને સુહાય રે હુંવારીલાલ. ણીજ. ૯

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાંચમનું સ્તવન.

(પંચમી તપ તમે તમે કરો રે-એ દેશી.)

પાંચમે જ્ઞાન આરાધના કરતાં, જ્ઞાનાવરણ પલાય રે; મતિ શ્રુત અવધિ ને મનઃપર્યવ, કેવલ પ્રગટ સુહાય રે. પાંચમે. ૧ ચક્ષુ અચક્ષુ અવધિ ને કેવલ,–દર્શન પ્રગટી સુહાય રે; મતિ શ્રુતનું અજ્ઞાન ટળે ને, વિભંગ ઝટ વિણસાય રે. પાંચમે. ૨ મતિ અઠ્ઠાવીશ ત્રણસેં ચાલીશ,–ભેદે ઘટ પ્રગટાય રે; ચૌદ વીશ ભેદે શ્રુતજ્ઞાની, કેવલી સરખો થાય રે. પાંચમે. ૩ અવધિજ્ઞાન અસંખ્ય પ્રકારે, મનપર્યવ બે ભેદે રે; કેવલજ્ઞાનમાં ભેદ ન બીજો, પ્રગટે ફળતી ઉમેદ રે. પાંચમે. ૪ ગુરૂગમથી મતિ–શ્રુત બે પ્રગટે, આત્માનુભાવ થાય રે; બુદ્ધિસાગર ગુરૂની સેવા, કરતાં જ્ઞાન સુહાય રે. પાંચમે. ૫

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

અષ્ટમીનું સ્તવન.

(વીર જિનવર એમ ઉપદિશે–એ રાગ.)

મહાવીર પ્રભુ તપ ઉપદિશે, અષ્ટમીનું સુખકાર રે; આઠ પ્રકારે મદ ત્યાગતાં, અષ્ટમી ગતિ મળે સાર રે. વીર પ્રભુ૦ ૧ પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ ને, સાધતાં થાય સમાધિ રે; યોગની દૃષ્ટિયો આઠ છે, પામતાં હોય ન આધિ રે. વીર. ૨ અષ્ટાંગ યોગની સાધના, અનુક્રમથી કરનાર રે; સાધ્ય સિદ્ધિપદ ઝટ લહે, આનંદ પૂર્ણ અપારરે. વીર. ૩ અષ્ટમી દિન કલ્યાણકો, તીર્થંકરનાં થયાં એકારે; બુદ્ધિસાગર શુદ્ધ આતમા, સાધ્ય સિદ્ધે ટળે કલેશ રે. વીર. ૪

એકાદશીનું સ્તવન.

(વીર જિનવર એમ ઉપદિશે–એ રાગ.)

મહાવીર જિનવરે ઉપદિશ્યું, એકાદશી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપ બેશ રે; કૃષ્ણે આરાધન આદર્યું, ટાળવા રાગ ને દ્વેષ રે. મહાવીર૦ ૧ બહુ જિનવર કલ્યાણકો, એકાદશી દિન જાણ રે; નિષ્કામભાવથી સેવતાં, પ્રગટ થતાં શુદ્ધ જ્ઞાન રે. મહા૦ ૨ જ્ઞાન પ્રથમ દયા છે પછી, જ્ઞાન પછી ક્રિયા જોય રે; જ્ઞાન પછી તપ પ્રગટતું, જ્ઞાનથી ચારિત્ર હોય રે. મહાવીર૦ ૩ શુદ્ધોપયોગી જ્ઞાનીને, કર્મનો હોય ન બંધ રે; સર્વ કરે છતાં સંવરી, કર્મ ક્રિયામાં અબંધ રે. મહાવીર૦ ૪ એકાદશી તપ સેવતાં, અષ્ટસિદ્ધિ નવનિધિ રે; બુદ્ધિસાગર ગુરૂ સેવતાં, ક્ષાયિકલબ્ધિ સમૃદ્ધિ રે, મહાવીર૦ ૫

જ્ઞાનપદ સ્તવન.

(સિદ્ધચક્રપદ સેવા કીજે–એ રાગ.)

સર્વ ગુણોમાં જ્ઞાન છે મોટું, જ્ઞાને પરમાનંદોજી; આત્મ જ્ઞાન છે સર્વમાં મ્હોટું, ટાળે જે ભવ ફંદો. જ્ઞાનને ભજીએજી. જ્ઞાન

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

આતમ રૂપ, નિજગુણ સજીએજી. ૧ જ્ઞાનોપયોગે આતમરમણુતા, સ્વરૂપ ક્રિયા છે સાચીજી; જ્ઞાનોપયોગે ધ્યાન ક્રિયાથી, રહેશો નિજગુણ રાચી. જ્ઞાનને૦ ૨ જ્ઞાનોપયોગે સહજ સમાધિ, નિક્ષેપે સહુ કરણીજી; નય નિક્ષેપે જ્ઞાનને જાણો, જે છે ભવમાં તરણી. જ્ઞાનને૦ ૩ નિજ પરને ઉપકારી શ્રુત છે, જાણે છે સ્યાદ્વાદીજી; અનેકાન્તપણે સહુ જાણો, થાઓ નહીં ઉન્માદી. જ્ઞાનને૦ ૪ જ્ઞાને સર્વ કર્મક્ષય ક્ષણમાં, કરે છતાં નહીં કર્ત્તાજી; "બુદ્ધિસાગર" સદ્‌ગુરૂ સેવો, જ્ઞાની ભવોદધિ તરતા. જ્ઞાનને૦ ૫

શ્રુતપદ સ્તવન.

(ચંદ્ર પ્રભુજીસેં ધ્યાન રે—એ રાગ.)

શ્રુત સ્વપર ઉપકારી રે, ભવી ભાવથી સેવો. ભવી ભાવથી સેવો; જગમાં છે જયકારી રે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવી૦ કેવલજ્ઞાનીના મુખની વાણી, ચૌદને વીશ પ્રકાર રે. ભવી૦ નવતત્ત્વજ ષડ્દ્રવ્ય પ્રકાશ્યાં; નય નિક્ષેપે ઉદાર રે. ભવી૦ ૧ તત્ત્વ ફરે નહીં ત્રણ્યકાલમાં, ફરતા રહે આચાર રે. ભવી૦ દુઃષમકાલે શ્રુત છે ભાનુ, ભણો ભણાવો સાર રે. ભવી૦ ૨ શ્રુતજ્ઞાની કેવલી સરખો, સેવો નર ને નાર રે. ભવી૦ બત્રીશ દોષ રહીત આગમ છે, વર્તે જગદાધાર રે. ભવી૦ ૩ વીરપ્રભુએ અર્થ પ્રકાશ્યા, સૂત્ર રચ્યાં ગણધાર રે. ભવી૦ શ્રુતકેવલી આદિ મુનિયોએ, શાસ્ત્ર રચ્યાં જયકાર રે. ભવી૦ ૪ શ્રુતજ્ઞાનીનો વિનય કરો બહુ, પ્રેમે કરો સત્કાર રે. ભવી૦ "બુદ્ધિસાગર" શુદ્ધાતમ-પદ, હેતે સ્યાદ્વાદ ધાર રે. ભવી૦ ૫

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીરવિહારસ્તવન.

(વ્હેલાં વ્હેલાં દર્શન દેશો રે, ગુરૂ શાતામાં રહેશો.)

મનથી મમતા અહંતા નિવારી, સામાયિક ઉચ્ચરે સુખકારી, સર્વ સાવદ્ય સંહારી રે પ્રભુ દર્શન દેશો. વ્હેલાં વ્હેલાં દર્શન દેશો રે, પ્રભુ૦ ૧ બંધુવર્ગને પૂછે ત્યારે, વનમાં વિચરીશ નિરહંકા રે, ધ્યાન સમાધિ વિચારે રે. પ્રભુ દર્શન૦ ૨ નંદિ કહે પ્રભુ શાતામાં રહેશો, સમરીને સંદેશા કહેશો, કેવલજ્ઞાનને લહેશો રે. પ્રભુ દર્શન૦ ૩ ક્ષણ એક ભાઈ અળગા ન થઈયા, પલપલ વીર વીર મુખે કહિયા, હવે અળગા અમે રહિયા રે. પ્રભુ દર્શન૦ ૪ નયણે વહે છે પ્રભુ અશ્રુની ધારા, સ્મરશો મળશો બંધુ હમારા, તવવણ ઘર શૂન્ય પ્યારા રે. પ્રભુ દર્શન૦ ૫ દેવી યશોદા બોલે વિચારી, જગ ઉદ્ધરશો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેવલ ધારી, ક્ષણુક્ષણુ રહું સંભારી રે. પ્રભુ દર્શન૦ ૬ એક તમારો છે આધારો, પ્રાણપતિ મુજ આતમ પ્યારો, સર્વજીવોને ઉદ્ધારો રે. પ્રભુ દર્શન૦ ૭ ત્યાગી થૈ વનવાટે વળિયા, સગાં સંબંધિ પાછાં ફરિયાં, "બુદ્ધિસાગર" બળિયા રે. પ્રભુ દર્શન૦ ૮

શ્રી વીરપ્રભુ સ્તવન.

(સાંભળજો મુનિ સંયમ રાગે—એ રાગ.)

વંદુ મહાવીર મુનિ વૈરાગી, આતમ ધ્યાની ત્યાગી રે; શ્મશાન ઉદ્યાન નિર્જનવાસી, કોપર દ્વેષ ન રાગી રે. વન્દુ૦ ૧ શૂલપાણિ ઉપસર્ગને સહેવે, ચંડકોશી દંશ દેવે રે, સમતાભાવે મનમાં રહેવે, કોઇને કાંઈ ન કહેવે રે. વન્દુ૦ ૨ ગોવાળ કટપૂતના વ્યંતરીને સંગમસુર દુઃખકારી રે; ષટ્માસી પ્રભુ રહ્યા નિરાહારી, સમતા ગુણ ભંડારી રે. વન્દુ૦ ૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાને ખીલા ઠોકયા ગોપે, તોપણ રોષ ન ધાર્યો રે; પગ પર ખીર રાંધતાં સમતા, રોષ ગયો રોષે હાર્યો રે. વન્દુ૦ ૪ લાઢા આદિ દેશ અનારજ, ઘોર પરિષહ સહિયા રે, લોકો મારે ગાળો દેવે, તોપણ સમતા વહિયા રે. વન્દુ૦ ૫ ચંડકોશિક આદિ અપરાધી, ઉદ્ધર્યા પ્રભુએ ભાવે રે. મુઠી બાકુલા લેઇને ચન્દના, ઉદ્ધરી ભકિત દાવે રે. વન્દુ૦ ૬ બે ષટ્માસી નવચોમાસી, બે ત્રણમાસી ધારી રે દોઢ માસી, અઢી માસી બે બે, ષટ્ બે માસી વિહારી રે. વન્દુ૦ ૭ માસખમણ બાર પાક્ષિક બહોતેર, બાર અઠમતપ યોગી રે; બસેં બોગણત્રીશ તપભદ્રાદિક, તપતપિયો તું અભોગી રે. વન્દુ૦ ૮ ત્રણસેં બોગણપચાશ પારણાં, ચોવીહારી કીધાં રે; " બુદ્ધિસાગર " પ્રભુ મહાવીરનાં–આત્મકારજ સિધ્યાં રે. વન્દુ૦

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીરપ્રભુસ્તવન.

(ઉત્તમ ફલ પૂજા કીજે—એ રાગ.)

ધન્ય મહાવીર ઉપકારી, ત્રિશલાનંદન જયકારી, સિદ્ધારથ કુલ મનોહારી રે, લગની તુજ સાથે લાગી, ભાગ્ય દશા પૂરણ જાગી રે, લગની૦ તુજ રૂપે થઈયો રાગી રે. લગની૦ ૧ પૂરણ રાગે ઘટ ઘાર્યો, નાઠો મોહ ઘણું હાર્યો, મરૂ ન હવે કોથી માર્યો રે. લગની૦ ૨ ફલ પૂજા કરતાં ભાવે, ઉપયોગે શિવફળ થાવે, ભક્તિ નકામી નહીં જાવે રે. લગની૦ ૩ સમકિતીની સહુ કરણી, મોક્ષ મહેલની નિઃસરણી, પૂજાદિક નિર્જર વરણી રે. લગની૦ ૪ તુજ શ્રદ્ધા પ્રીતિ સાચી, જડની માયા સહુ કાચી, માચી રહ્યો તુજમાં રાચી રે. લગની૦ ૫ નિષ્કામે સેવાભક્તિ, કરતાં પ્રભુ પ્રગટે શક્તિ, " બુદ્ધિસાગર " પ્રભુ વ્યકિત રે. લગની૦ ૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમહાવીરજિનસ્તવન.

(એ ગુણ વીર તણેા ન વિસારૂ–એ રાગ.)

ૐ અર્હં મહાવીર જિનેશ્વર, જાપ જપું દિન રાત રે; પ્રભુ વણ બીજું કાંઇ ન ઇચ્છું માત પિતા તું ભ્રાત રે. ૐ અર્હં૦ ૧ પરા પશ્યંતિ મધ્યમા વૈખરી, જાપે ટળે પાપ સહુ રે, રાગદ્વેષ ન પાસે આવે, જાપ જપંતાં અમાપ રે. ૐ અર્હં૦ ૨ જ્યાં ત્યાં અંતર બાહિર ધારણા, નાટક તુજ ઉપયેાગે રે; જીભ ન હાલે માનસ જાપે, પ્રગટે આનંદ ભેાગ રે. ૐ અર્હં૦ ૩ જડ ચેતન સહુ વિશ્વમાં પ્રભુની, સત્તા ધારણા યેાગ રે; આતમ મહાવીર સત્તા પ્રગટે; થાતેા કર્મ વિયેાગ રે ૐ અર્હં ૪ પ્રભુ તુજ જાપના ધૂપથી નાસે, દુર્બુદ્ધિ દુર્ગંધ રે; ક્ષણ ક્ષણ આતમ શુદ્ધિ વૃદ્ધિ, આતમ થાય અબંધ રે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ૐ અર્હં૦ ૫ પ્રભુ જપે પ્રભુ ઘટમાં પ્રકાશ્યા પ્રગટી સુખની ખુમારી રે; " બુદ્ધિસાગર " મહાવીર લગની, પ્રગટી ન ઉતરે ઉતારી રે. ૐ અર્હં૦ ૬

પ્રભુ મહાવીરની પ્રાર્થના.

(કવ્વાલી)

જગતમાં સર્વ યોદ્ધામાં, પ્રભુ મહાવીર ! તું મોટો; હઠાવ્યો મોહને જલ્દી, મ્હને હો વીરનું શરણું. ૧ અતિ ગંભીરતા તારી, ગમન શાળા વિષે કીધું; જણાવ્યું નહિ સ્વયં જ્ઞાની, મ્હને હો વીરનું શરણું. ૨ જણાવી માતૃભક્તિ ગહુ, અરે ! જનની ઉદર માંહિ; પ્રતિજ્ઞા–પ્રેમ જાળવવા, મને હો વીરનું શરણું. ૩ અરે ! ઓ ! જ્યેષ્ઠ બંધુની, ખરી દાક્ષિ-ણ્યતા રાખી; ગુણો ગણતાં લહું નહિ પાર, મને હો વીરનું શરણું. ૪ યશોદા સાથ પર-ણીને, રહ્યો નિર્લેપ અંતરથી; થશે કયારે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

દશા એવી, મને હો વીરનું શરણું. ૫ જગત ઉદ્ધાર કરવાને, યતિનો ધર્મ લીધો તેં; સહ્યા ઉપસર્ગ સમભાવે, મને હો વીરનું શરણું. ૬ અલૌકિક ધ્યાન તો કીધું, ગયા દોષો, થયા નિર્મલ; થયો સર્વજ્ઞ ઉપકારી, મને હો વીરનું શરણું. ૭ ઘણા ઉપદેશ દીધા તેં, ચતુર્વિધ સંઘને સ્થાપ્યો; તને મેં ઓળખી લીધો, મને હો વીરનું શરણું. ૮ અનંતાનંદ લીધો તેં, જીવન તારું વિચારું હું; " બુદ્ધિચન્દ્ર " બાળ હું તારો, શરણ તારું—શરણ તારું. ૯

શ્રી ગૌતમસ્વામિનું સ્તવન.

(શ્રીરે સિદ્ધાચળ ભેટવા—એ રાગ.)

વ્હાલા? ગૌતમ? તહારા નામની, લગની મ્હને લાગી, લગન મંગળ તહારી લાગતાં, જ્યોતિ અંતર જાગી. હાંહાંરે, જ્યોતિ–૧ મંગળ કારક નામ છે, મંગળ સુખ દેનાર; મંગળ તહારી મૂરતિ, પ્રગટે મંગળ પ્યાર.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાંહાંરે, પ્રગટે–૨ મંગળ પુત્રો આપતો, મંગળ છે તુજ ધ્યાન; મંગળ મ્હારા દેશમાં, દેજો મંગળ દાન. હાંહાંરે, દેજો–૩ મંગળ નર ઉપજાવજો, મંગળ નિપજાવો નાર, મંગળ તુહારા ભક્ત છે, મંગળ દ્યો વ્યાપાર. હાંહાંરે, મંગળ ૪ મંગળ વૃષ્ટિ આપજો, મંગળ પકવજો ધાન; મંગળ ગૌતમ દેવનું, મંગળ ગંભીર જ્ઞાન. હાંહાંરે, મંગળ–૫ મંગળતા મુજ વાણીમાં, આપો મંગળ દેવ ? મંગળ મુજ સેવકપણું, મંગળ તુહારી છે સેવ. હાંહાંરે, મંગળ–૬ પતિવૃતા મુજ દેશની, મંગળ કારી સદાય; મંગળ સ્મરણ આપનું, કરતાં મંગળ થાય. હાંહાંરે, મંગળ–૭ મંગળ મુજ મનમાં વસો, મંગળ આપજો માન; મંગળ ભેખ નિભાવજો, મંગળ ભાવિક ભાન. હાંહાંરે, મંગળ–૮ અજિત સ્તવે મંગળ મને, મંગળકારી મહેશ ? મંગળ કરો મુજ દેહને, મંગળ કરો મુજ દેશ. હાંહાંરે, મંગળ–૯

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ગૌતમસ્વામી સ્તવન.

સ્વામી શ્રી ગૌતમા! દેવ શ્રી ઉત્તમા! શુદ્ધિ બુદ્ધિ અને વૃદ્ધિ દેજો; આપનું નામ મંગળ કરે સર્વને, દાસના દીલડા માંહી રહેજો. સ્વામી–૧ નીર્ધની લોકોને ધાન્ય ધન આપતા, કષ્ટને કાપતા શાન્તિદાતા; પુત્ર હીન લોકને પુત્ર દાતા પ્રભુ, સ્મરણ કરનારને થાય શાતા. સ્વામી–૨ પ્રેમ દૃષ્ટિવડે જો જો મ્હારા પ્રતિ, દીનના બેલી છો દેવ પ્યારા; રોગને શોક સહુ સૃષ્ટિના સંહારો, પ્રાણ આધાર છો ઇષ્ટ મ્હારા. સ્વામી–૩ ધર્મ રક્ષણ કરો પાપને પરિહરો, આશરો આપનો ઉર ધાર્યો; લક્ષમાં લાવજો વૃષ્ટિ વરસાવજો, દાસ છું કેમ? વ્હાલા વિસાર્યો. સ્વામી–૪ શિષ્યમાં શિષ્યના ધર્મ દેજો તમ્હે, સદ્‌ગુરૂ દેવમાં જ્ઞાન દેજો; પુત્રમાં પુત્રના ધર્મને આપજો, રહેમ રાખી રૂડા દીલ રહેજો. સ્વામી–૫ આધિ ઉત્થાપજો વ્યાધિ વિદારજો, સંપ સહુ પ્રાણીઓ માંહી આપો;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાણીમાં પ્રાણીમાં રાણીમાં શાણીમાં, પાણિમાં આપનો પ્રેમ વ્યાપો ! સ્વામી–૬ લોક નવ આથડે શત્રુઓ નવ નડે, આતમ સુખ આવડે એમ કરજો; દેશનું હિત અંતર ધરી દેવતા, ભાવ સાથે તમ્હે પાય ભરજો. સ્વામી–૭ ધામ મંગળ સદા નામ મંગળ સદા, કામ મંગળ સદા, દેવ તહારૂં; અજિત મંગળ સદા જીત મંગળ સદા, ધ્યાન મંગળ સદા પ્રાણ પ્યારૂં. સ્વામી–૮

સ્તુતિઓ.

ઋષભદેવ સ્તુતિ.

ઋષભજિનેશ્વર સમ નિજ આતમ, સત્તાએ છે ધ્યાવવો, તિરોભાવને દૂર કરીને વ્યક્તિ-ભાવે લાવવો; આતમને પરમાતમ કરવા, અસંખ્યયોગો ભિન્ન છે, સમ ઉપયોગે સર્વે મળતાં, સાપેક્ષાથી અભિન્ન છે. ૧ ભિન્ન ભિન્ન મત દર્શન પંથો, નિરપેક્ષે મિથ્યા સદા,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાતનયેાની સાપેક્ષાએ, જાણે સમ્યકત્વી જ તદા; જૈનધર્મમાં સર્વે ધર્મો; સાપેક્ષે સમાય છે, જૈનધર્મ સેવ્યે સહુ ધર્મો, સેવ્યા દેવો ગાય છે. ૨ જિનવાણી જાણંતાં જાણ્યું, સર્વે એ નિશ્ચય ખરો, જગ જાણ્યું સહુ આતમ જાણે, એવા નિશ્ચયને ધરો; આતમ શુદ્ધિ માટે સર્વે, બાહ્યાંતર ઉપાય છે. જેને જેથી શુદ્ધિ થાતી, તેને તેજ સુહાય છે. બહિરાતમને અંતરઆતમ, કરવો આતમજ્ઞાનથી, અંતર-આતમ તે પરમાતમ, કરવો ધ્યાનના તાનથી; અંતર આતમને પરમાતમ, જાણી પ્રભુને સેવતા, તેવા જૈનો જિનતા પામે, સહાય કરંતા દેવતા. ૪

શાંતિનાથ સ્તુતિ.

શાંતિ મળે નહીં લક્ષ્મીથી, નહીં રાજ્ય-ના ભોગે, શાંતિ મળે નહીં કામથી, બાહ્ય સત્તા પ્રયોગે; શાંતિ ન રાગ દ્વેષથી, સહુ વિષયને વામે, શાંતિ જિનેશ્વર ભાખતા શાંતિ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

આતમઠામે. ૧ શાંતિ ન ક્રોધ ને માનથી, તેમ માયા ને લોભે, શાંતિ ન શાસ્ત્રાભ્યાસથી, જડમાં મન થોભે; શાંતિ ન બાહ્ય પદાર્થથી, હું ને મારૂં માને, સર્વ જિનેશ્વર ભાખતા, શાંતિ આતમસ્થાને. ૨ સંકલ્પો ને વિકલ્પથી, મન શાંત ન થાવે, અજ્ઞાનને મોહભાવથી, કોઇ શાંતિ ન પાવે; નામરૂપનિર્મોહથી, જિન-વાણી જણાવે, શાંતિ આતમમાં ભરી, અનુ-ભવથી આવે. ૩ મનને મારતાં આતમમાં, સત્ય શાંતિ સ્વભાવે, મન સંસાર ને મુક્તિ છે, સમજે શિવ થાવે; આતમમાં મન ઠારતાં, નિજ પાસ છે શાંતિ શાસનદેવી સહાયથી, રહે નહિ કોઇ ભ્રાન્તિ. ૪

पार्श्वनाथ स्तुति.

પાર્શ્વ પ્રભુ બોલે જગ લોકો ! મોહ થતો મનમાંથી રોકો, પાડો નહિ દુઃખ પડતાં પોકો, ઉદ્યમથી પગ ઠોકો, જૈનધર્મ જગમાં પ્રસરાવો,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંઘ ભક્તિ આચારે લાવો, માનવ ભવનો લેશો લ્હાવો, નિશ્ચય એવો લાવો; જૈનધર્મ-શત્રુઓ હઠાવો, સંઘની રક્ષામાં લય લાવો, તન મન ધનનો ભોગ ધરાવો, નિશ્ચય મુક્તિ પાવો, જૈનોમાં જિનમાં નહીં ભેદ, ભક્તિમાં નહીં ધારો એદ, પ્રભુ થવાની એહ ઉમેદ, નિર્મોહી થૈ વેદ. ૧ જૈનધર્મ જગમાંહી પ્રચારો, નામદર્દાઈ ભીતિ વારો, સંઘોન્નતિનો કરો સુધારો, શ્રદ્ધા ઉદ્યમ ધારો, આત્મરૂપ જૈન-ધર્મને પ્યારો, ધારી માનવભવ નહિ હારો, જૈનો માટે દેહને ધારો, તેથી મુક્તિ આરો; જૈનોના દોષ સામુ ન જોશો, તેથી પાપ મલીનતા ધોશો, વંશ પરંપર ઉન્નત રહેશો, નહિં તો દુઃખથી રોશો, માટે જાગી ઐકયથી રહેશો, સંપી સહાય પરસ્પર લેશો, પરસ્પર ઉપકારને વહેશો, સહુ જિનનો સંદેશો. ૨ સંઘની રક્ષા માટે જીવો, શ્રુતજ્ઞાન છે જગમાં દીવો, ધન્ય જૈન છે જે મરજીવો, પ્રભુ વચનામૃત પીવો,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન ધર્મ સમ કોઇ ન ધર્મ, બીજા સર્વે છંડો ભર્મ, જેથી પામો સાચું શર્મ, અધિકારે કરો કર્મ; જૈનો થૈ કર્મોને કરવાં, મહાજનનાં કર્મો અનુસરવાં, અનાસક્તિએ હોય ન પરવા, મિથ્યા બ્હેમો હરવા, એવું જિનની વાણી પ્રકાશે, મોહ રહે નહીં તેની પાસે, કાર્ય કરે પણ ફળ નહીં વાંછે, સ્વયં પ્રભુ એ વિલાસે. ૩ દ્રવ્યભાવ સહુ શક્તિ પ્રકાશો, બનો ન આસક્તિના દાસો, જીવન મંત્રોનો વિશ્વાસો, ધારી પ્રભુ થૈ જાશો, જૈનોનું જૈનોને આપો, સંઘની સેવાથી જગ વ્યાપો, અશક્તિ ટળશે સહુ પાપો, દુઃખીનાં દુઃખ કાપો; પદ્માવતી ધરણેંદ્રની ભક્તિ, પ્રગટે જૈનોમાં સહુ શક્તિ, ટાળંતાં દુર્મતિ આસક્તિ, આતમ ઇશ્વર વ્યક્તિ, સર્વ સ્વાર્પણે ભોગી થાશો, જડતા શુષ્કપણું નહિ પાશો, દેહાધ્યાસાદિક અધ્યાસો, ટાળી સુખિયા થાશો. ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ મહાવીર સ્તુતિ.

વીર પ્રભુમય જીવન ધારો, સર્વ જાતિ શક્તિથી, દોષો ટાળી સદ્‌ગુણ લેશો, બનશો મહાવીર વ્યક્તિથી; સ્વપ્નેને પણ હિમ્મત નહિ હારો, કાર્યોની સિદ્ધિ કરો, વીર પ્રભુ ઉપદેશે કાંઇ, અશકય નહિ નિશ્ચય ધરો. ૧ ભાવી-ભાવને માની લેઇ, ઉદ્યમ નહિ મૂકો જનો, કર્મ પ્રમાણે થાશે માની, આળસુ નહિ કયારે બનો; મૃત્યુ પાસે આવે તો પણ, ઉદ્યમ શ્રદ્ધા રાખશો, સર્વે તીર્થંકર ઉપદેશે, તેથી શિવફલ ચાખશો. ૨ શ્રુતજ્ઞાનીને ઉદ્યમથી, સિદ્ધ સહુ વાતે થતી, માટે કાર્યોદ્યમ નહિ ચૂકો, ભૂલો નહિ ઉદ્યમ ગતિ; કલિયુગમાંહી સંઘ ચતુર્વિધ, ઉદ્યમથી ચઢતી લહે, મહાવીરની વાણી સમ-જાતી, ભક્તોને શક્તિ વહે. ૩ શક્તિ અનંતી આતમમાંહી, ભૂલી કયાં ભૂલા ભમો, આત્મશ્રદ્ધા રાખો ભવ્યો, દુષ્ટવૃત્તિયો દમો; સત્ય શર્મ છે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

આતમમાંહી, જડમાં સુખ આશા તજો, સિદ્ધા-
યિકા સહાય કરંતી, ઉદ્યમથી મુક્તિ સજો. ૪

आंबिल तपनी चार स्तुतिनी एक स्तुति.

વીરપ્રભુએ આંબિલ તપને, ભાખ્યુ ભવિ
હિતકારીજી, અર્હન્ સિદ્ધ ને સૂરિ વાચક,
મુનિ સેવા સુખકારીજી; દર્શન જ્ઞાન અને
ચારિત્ર જ, તપ સેવો શ્રુતધારીજી, શાસનદેવો
સહાય કરે સહુ, દ્રવ્યભાવ સુખકારી જી. ૧

महावीरस्तोत्रम्.

ॐ अर्हँ ह्रीँ महावीर ! सर्पविषं हर द्रुतम्;
दुष्टरोगविनाशेन, रक्ष रक्ष महाविभो ! १
त्वन्नामजांगुलीमंत्र,–जापेन सर्वदेहिनाम्;
तक्षकादि महासर्प,–विषं नश्यतु तत्क्षणम्. २
ग्रन्थिकज्वरनाशोऽस्तु, भूतबाधां विनाशय;
वातपित्तकफोद्भूतान्, सर्वरोगान् क्षयं कुरु. ३
जले स्थले वने युद्धे, सभायां विजयं करु;
ॐ अर्हँ स्त्रौँ महावीर ! वर्धमान ! नमोऽस्तु ते. ४

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભજન-સજ્ઝાયો.

૧

માયામાં મનડું મોહ્યું રે, જાગીને જો તું; નરભવનું જીવન ખોયું રે, જાગીને જો તું—એ ટેક. માતાની કુખે આવી, નવ માસ ઉંધો રહીયો; ત્યાં દુઃખ અનન્તુ લહિયો રે, જાગીને જો તું. ૧ બાલપણામાં સમજ્યો, ન દેવ ગુરૂ સેવા, રમવું ને મીઠા મેવા રે, જાગીને જો તું. ૨ જુવાનીમાં જુવતીના સંગ બહુ ખેલ્યો, તેં ધર્મને પડતો મેલ્યો રે, જાગીને જો તું. ૩ પૈસાને માટે પાપો, કર્યાં તેં બહુ ભારી, તેં આતમને વિસારી રે, જાગીને જો તું. ૪ રાગ દ્વેષે વાહ્યો, અજ્ઞાને ભરમાયો, નાહક જ્યાં ત્યાં ધ્યાયો રે, જાગીને જો તું. ૫ સુખે દુઃખે પ્રાણીને એક દિન મરવું, પણ કામ વધાર્યું વરવું રે, જાગીને જો તું. ૬ કરીશ જેવું પામીશ ભાઈ તેવું, કાંઈ ન કોઇને દેવું રે, જાગીને જો તું. ૭ સ્વમાની જૂઠી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

ણાજી, રહ્યો શું તેમાં રાજી, કોઇને કાંઇ ન છાજી રે, જાગીને જો તું. ૮ "બુદ્ધિસાગર" ભવ્યો ચેતજો વિચારી, સમજો નરને નારી રે, જાગીને જો તું. ૯

वैराग्यनी सज्झाय.

૨

કાં નવી ચીંતે હો ચીતમે જીવડા,
આયુ ગળે દીનરાત;
વાત વિચારી રે પુરવભવ તણી,
કુણ કુણ તાહરી રે જાત. કાં નવી. ૧

તું મત જાણે રે એ સહુ માહરા,
કુણ માતા કુણ ભ્રાત;
આપ સ્વારથ એ સહુ મળ્યા,
મ કર પરાઇ રે વાત. કાં નવી. ૨

દોહીલો દીસે રે ભવ માણસ તણો,
શ્રાવકકુળ અવતાર;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાપ્તિ પૂરી રે ગુરૂ ગીરવા તણી,
નહીં તુજ વારો રે વાર. કાં નવી. ૩

પુણ્યવિહુણો રે દુઃખ પામે ઘણું,
દોષ દીયે કીરતાર;
આપ કમાઇ રે પુરવભવ તણી,
નવી સંભારે ગમાર. કાં નવી. ૪

કઠીણ કરમને રે અહનીશ તું કરે,
જેહના સળગ વિપાક;
હું નવી જાણું રે કુણ ગતી તાહરી,
તે જાણે વીતરાગ. કાં નવી. ૫

તુંજ દેખતાં રે જેને તે જીવડા,
કેઇ કેઇ ગયા નરનાર;
એમ જાણીને રે નીશ્ચે જાવવું,
ચેતન ચેતો ગમાર. કાં નવી. ૬

સુખ પામ્યા રે બહુ રમણી તણાં,
અનંત અનંતિ રે વાર;
લબ્ધિ કહે રે જે જિન શું રમે,
તો સુખ પામે અપાર. કાં નવી. ૭

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

अध्यात्म पद.

૩

અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર તહારૂં ઉપદેશ વૃષ્ટિધાર, આતમ ! હાંરે વીરા આજનેા દિન રળીયાત હે જી. ૧ ક્રિયાની કરી કેાદાળીને, વિવેક બાંધેા પાળ, આતમ ! હાંરે વીરા અલખનાં બીજ વવરાવ હે જી. અસંખ્ય. ૨ વાડ કરેા સમકિતની ત્યાં, સદ્‌ગુરૂ ટોયેા મેલ, આતમ ! હાંરે વીરા નગુરાં પંખી ઉડાડ હેજી. અસંખ્ય. ૩ અનુભવ રસની પુષ્ટિ થાતાં, પાકી ખેતી પૂર, આતમ ! હાંરે વીરા સઘળી ફળી તવ આશ હેજી. અસંખ્ય. ૪ આત્મધર્મની ખેતી પાકી, ભાગી ભવની ભૂખ, આતમ ! હાંરે વીરા ચુકવ્યાં દેવાં તેણી વાર હે જી. અસંખ્ય. ૫ આપ સ્વભાવે થઈ ગયેા, ત્યાં જીવ તે શિવ સ્વરૂપ, આતમ ! હાંરે વીરા "બુદ્ધિસાગર" ગુણ ગાય હે જી. અસંખ્ય. ૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪

(પદ્મપ્રભુ પ્રાણસે પ્યારા—એ રાગ.)

જગતના ખેલ છે ખોટા, કદી નહીં થાય મન મોટા. જગ૦ ૧ સદા છે દુઃખ માયામાં, સદા સુખ ધ્યાન છાયામાં; પ્રભુનું નામ સુખ આપે, પ્રભુનું નામ દુઃખ કાપે. જગ૦ ૨ પ્રભુ ભક્તિ ન જો થાશે, તદા દિનદિન દુઃખ થાશે; જીભલડી ગા જિનેશ્વરને, હૃદય તું દેવને સ્મરને. જગ૦ ૩ મુવા જે મોજમાં માતા, તર્યા જે દેવને ગાતા; જગતમાં જન્મ ધાર્યો તેં, ભજન વિણ જન્મ હાર્યો તેં. જગ૦ ૪ છેવટની આંખ મીંચાશે, તદા તું ખૂબ પસ્તાશે; હજી છે હાથમાં બાજી, કરી લે આત્મને રાજી. જગ૦ ૫ રમત ઘોડા ગમ્મત ગાડી, સુંદર સ્યામ અને લાડી; મળેલા ભોગ એ જાશે, પાછળથી કોઇ તે બાશે. જગ૦ ૬ ગણી તું ફોક દુનિયાને, પ્રભુના ભવ્ય ગુણ ગાને; " બુદ્ધિચરણબ્ધિ " સંતોના સંગી, ગ્રહે ત સુખ ગુણ રંગી. જગ૦ ૭

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫

(વાણિયારે મન માયા લગાડી મત જાજોરે વેપારી.)

આતમા રે મન પ્યારા લાગી રે તારી પ્રીતડી વૈરાગી. યોગી રે યતિજન તને શોધતા રે આતમા રે, ગુણેા અવિનાશી કેરા ગાય રે વૈરાગી. આતમા૦ ૧ સાત નયેાનું દુર્બીન કરીને આતમા રે, તેથી દેખું રે ગુણધામ રે વૈરાગી. આતમા૦ ૨ રત્નભરેલી પેટી પારખી રે આતમા રે, તાળાં ખેાલીને ધન દેખીયું વૈરાગી. આતમા૦ ૩ ઉગ્યેા રે સૂરજ જ્ઞાન દીપતેા રે આતમા રે, માયા અંધારૂં નાઠું દૂર રે વૈરાગી. આતમા૦ ૪ જાગેા રે, યેાગી-જન મુનિ ચિત્ત ધરી રે આતમા રે ત્યાગી સંન્યાસી ફકીર રે વૈરાગી. આતમા૦ ૫ માયાના સાગરને જાએા તરી રે આતમા રે; " બુદ્ધિ-સાગર " પેલે પાર રે વૈરાગી. આતમા૦ ૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬

અલખ લહેરો લાગી રે, અગમરૂપ દર્શાયું; માયાનાં તાળાં ખુલ્યાં રે, અંતર્ધ્યન પરખાયું. અલખ૦ ૧ નાભિકમલમાં નિરખી નયણે, ઝળહળ ઝગમગ જ્યોત; ચડી શિખર પર જોતાં જોતાં, થયો મહા ઉદ્યોત, અંધારે અજવાળું રે, બ્રહ્મ ગુફામાં જણાયું. અલખ૦ ૨ દૂધમાં દૂધ પાણીમાં પાણી, જોતાં જાણી જુદાઇ; પંચભૂતથી ન્યારો આતમ, જૂઠી દેહ સગાઇ. તલમાંથી તેલ કાઢયું રે, ઘાણીની સંગ કચરાયું. અલખ૦ ૩ ચાલે હાલે ખાવે પીવે, કબુ ન ભૂલે ભાન; વ્યવહારે વ્યવહાર તો દિસે, અંતરમાં ગુલ્તાન. અંધ ન દેખે આંખે રે, બહેરાની આગળ બહુ ગાયું. અલખ૦ ૪ ધૂકબાલને દિવ્ય દ્રષ્ટિ થઇ, દિવાકર દેખાય; કુટુમ્બ આગળ સત્ય કહે પણ, ગાંડું તેહ ગણાય. " બુદ્ધિસાગર " તેવું રે, મારા તો મન સમજાયું. અલખ૦ ૫.

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પજુસણની ગુહુંલી.

જીરે પરવ પજુસણ આવીઆં, તમે ધર્મ કરો નરનાર; ગુરૂ વાણી સુણો એક ચિત્તથી, જેથી પામો ભવજલપાર. જીરે૦ ૧ દેવદર્શન ટંક દો કીજીએ, પ્રભુ પૂજન કરીએ સાર; પાપારંભનાં કામો ટાળીએ, કરો ધર્મતણો વ્યાપાર. જીરે૦ ૨ આઠ દિવસ પુણ્યે પામતાં, કરો શક્તિપણે ઉપવાસ, શીલ પાળીએ શુભ ભાવથી, કદિ જૂઠું ન ભણું દો ટંકનું કરો, નહીં રમીએ મોહે જુગાર; વારંવાર પજુસણ નહીં મળે, લઈ માનવનો અવતાર. જીરે૦ ૪ જેવું કરશો તેવું પામશો, જાણો આ સંસાર અસાર; જીવ એકલો આવ્યો એકલો, જશે પરભવમાં નિર્ધાર. જીરે૦ ૫ પાપકર્મ કરી ધન મેળવ્યું, તે તો સાથ ન આવે લગાર; ચેત ! ચેત ! ચેતાવું જીવડા, તને સાન ન આવે લગાર. જીરે૦ ૬ ઘડી લાખ ટકાની વહી જશે, નહીં મળશે ટાણું ગમાર; રૂડું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરમ પજ્જુસણ સેવતાં, " બુદ્ધિસાગર " જગ જયકાર. જીરે૦ ૭

चोमासुं करवा गुरु पधारे ते वखते गावानी गहुंली.

(सांभळजो मुनि संयमरागे–એ રાગ.)

આજ નગરમાં ગુરૂજી પધાર્યા, ચોમાસુ શુભ કરવા રે; ભવ્ય જીવોના પાપ પંક સહુ મેઘવૃષ્ટિ પરે હરવા રે. આજ૦ ૧ ઘરઘર કુંકુમ સાથીઆ કીધા, ધવલ મંગલ વર્તાયાં રે; પુણ્યપનોતાં પગલાં દીઠાં, નરનારી હરખાયા રે. આજ૦ ૨ ગહુંલી કરતી ગોરીઓ ગાવે, લૂંછણાં કરતી ભાવે રે; મોતી તંદુલ મૂઠી ભરીને, ગુરૂને સંઘ વધાવે રે. આજ૦ ૩ ચાંદલિયા પેઠે ગુરૂ શોભે, ભાનુ પેઠે પ્રકાશે રે; મેઘ ધ્વનિ ઉપદેશ ધ્વનિએ, ભવ્ય ચકોર વિકાસે રે. આજ૦ ૪ મહાવીર પ્રભુની પાટે બેસી, જૈનધર્મ સમજાવે રે, જૈન જગત જય-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વંતુ કરતા, ભક્તિજ્ઞાન સ્ફુરાવે રે. આજ૦ ૫ આનન્દ મંગલ શાંન્તિ વર્તો, નવનવો બોધ સુણાવો રે; "બુદ્ધિસાગર" સાચા સદ્‌ગુરૂ, મહાવીર તત્ત્વો ભણાવો રે. આજ૦ ૬

ઓળીની ગુહુંલી.

(સિદ્ધ જગત શિર શોભતા—એ રાગ.)

ઓળી કરીએ રે ભાવથી, વિધિપૂર્વક સાર; મયણાં શ્રીપાલની પરે, પામો સુખ અપાર. ઓળી૦ ૧ સુદ સાતમથી પુનમ લગી, આસો ચૈતર બે માસ; આરાધન નવ પદ તણું, કરીએ ધરી વિશ્વાસ. ઓળી૦ ૨ અરિહંત નવપદ તણા, પ્રત્યેક દોય હજાર; જપીએ જાપ સુભાવથી, કાઉસગ્ગ જયકાર. ઓળી ૩ અરિહંતાદિક પૂજીએ, ભજીએ ગુરૂ ગુણવંત; લક્ષ્મીલીલા જય પામીએ, આવે દુઃખનો અંત. ઓળી૦ ૪ જેવી ભાવના જેહની, સિદ્ધિ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેહવી થાય; નવભવમાં જન શિવ લહે, કર્મ અનંત ખપાય. ઓળી૦ ૫ ઓળી તપ સમ તપ નહીં, મંત્ર વિષે નવકાર; સહાય કરે દેવ દેવીઓ, થાતી અણુધારી વ્હાર. ઓળી૦ ૬ રોગ ટળે બહુ જાતના, પદ પદ મંગલ થાય; પુત્ર મળે મન માનતા, ઇચ્છિત મેળા સુહાય. ઓળી૦ ૭ કર્મ નિકાચિત બાંધીઆં, તે પણ વિણશી રે જાય; આ ભવમાં તપ ફળ મળે, શ્રદ્ધાબળ મહિમાય. ઓળી૦ ૮ ઓળી તપને આરાધતાં, સુખિયાં નર અને નાર; "બુદ્ધિ-સાગર" સદ્‌ગુરૂ, આશીષથી નિરધાર. ઓળી૦ ૯

દીવાળીની ગહુંલી.

(મારો સુગુણ સલુણો સાહિબ ભેટિયો-એ રાગ.)

આજે રૂડી દિવાલી મહાવીર તણી, આખા ભારત દેશ મઝાર; મહાવીર નામ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

તણા જાપથી, કોટિ ગુણ ફલ લહેા નરનાર.
આજે રૂડી૦ ૧ છેલ્લા તીર્થંકર મહાવીર પ્રભુ,
દેહ છોડી થયા વિભુ સિદ્ધ; ચાલે શાસન
સંપ્રતિ તેમનું, જેનું નામ છે વિશ્વ પ્રસિદ્ધ.
આજે રૂડી૦ ૨ જેણે ભારત દેશ ઉજાળીયેા,
કીધેા ઉજ્વલ સ્વર્ગ સમાન; સત્ય તત્ત્વ જગ-
તમાં પ્રકાશીઆં, ભાવે ભજો વીર ભગવાન્.
આજે રૂડી૦ ૩ મહાવીર ચરિત્ર શ્રવણથકી,
નિજ આતમ પાવન થાય; ગરણું ગણીએ
ગુરૂગમ લહી, કીજે તપ જપ ને સ્વાધ્યાય.
આજે રૂડી૦ ૪ વીર પાછળ વીર સમા ઘણેા,
એવેા મહાવીરનેા ઉપદેશ; " બુદ્ધિસાગર "
મનમાંહિ ધારીને, વર્તો નરનારી હમેશ.
આજે રૂડી૦ ૫

श्रीसिद्धाचल दुहा.

રત્નત્રયી ધારક પ્રભુ, ઋષભદેવ અરિહંત;
નમિતસુરાસુરઈંદ્રચંદ, ભવભંજન ભગવંત. ૧

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

જય જય આદિજિણુંદ શ્રી, કેવલકમલાનાથ; સિદ્ધાચલગિરિમંડણો, સેવક કરો સનાથ. ૨ પૂર્વ નવાણુ વાર જ્યાં, આવ્યા ઋષભ જિણુંદ; તે સિદ્ધાચલ વંદીએ, કાપે ભવભય-ફંદ. ૩ પ્રાયઃ એ ગિરિ શાશ્વતો, મહિમા અપરંપાર; સમ્યગ્દૃષ્ટિજીવને, નિમિત્ત કારણ ધાર. ૪ ચાર હત્યારા પાતકી, તે પણ એ ગિરિ જાય; ભાવે જિનવર ભેટતાં, મુક્તિવધૂ સુખ પાય. ૫ દ્રવ્ય ભાવ એ ભેદથી, સેવો તીરથ એહ; ઉપાદાન નિમિત્ત યોગ, સમર્થાથી શિવગેહ. ૬ કર્મરોગને ટાળવા, ઉત્તમ છે આધાર; શ્રીસિદ્ધાચલ સમરીએ, શ્વાસ-માંહિ સો વાર. ૭ અજરામર પદ પામવા, લહી મનુષ્ય અવતાર; શ્રી સિદ્ધાચલ સમરીએ, શ્વાસમાંહિ સો વાર. ૮ એ સમ તીરથ કો નહિ, ભવજલ તારણહાર; શ્રી સિદ્ધાચલ સમરીએ, શ્વાસમાંહિ સો વાર.૯ દર્શન સ્પર્શન યોગથી, નિર્મળપદ નિરધાર; શ્રી સિદ્ધાચલ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમરીએ, શ્વાસમાંહિ સો વાર. ૧૦ પ્રેમભક્તિ ગહુ માનથી, હઠ કદાગ્રહ ત્યાગ; શ્રી સિદ્ધાચળ સમરીએ, શ્વાસમાંહિ સો વાર. ૧૧

શ્રી વીરકુમારનું હાલરડું.

(માતા ત્રિશલા ઝૂલાવે પુત્ર પારણે- એ રાગ.)

વારી જાઉ વ્હાલા વીરકુમરને વારણે, ગાઉ વીર પ્રભુનું હાલરડું હરખાઈ; મારી આંખો પાંખો વ્હાલો હૈયું હેતનું, મારી સઘળી આશા જીવંતી જગ થાઇ. વારી. ૧ ઝૂલો પારણિયામાં વર્ધમાન જિન બાલુડા, ગાઉં ગીત તમારાં મીઠાં રસ ભરપૂર; હાલો હાલો હાલો નંદન વીરને, રૂડું ઝળકે ત્રણ્ય ભુવનમાં સઘળે નૂર, વારી, ૨ કોટિ શશિ ને ભાનુ દેવ કરે તુજ આરતી, કરતા મંગલદીવા દેવીઓ નર નાર; દર્શન કરવા આવે સુરપતિ નરપતિ વ્હાલથી, વર્ષે આંગણિએ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મણિકંચનના ભંડાર. વારી. ૩ ધન ધન વૈદેહી જગજીવન રાજકુમારને, ઝળકે અંગોઅંગે પરબ્રહ્મનું તેજ; તહારી લીલા સઘળી પરમેશ્વર શકિત ભરી, મેં તો જાણ્યાં તીર્થંકરના લક્ષણ સહેજ. વારી. ૪ મારી કૂખે જન્મ્યો જગજીવન જગનો ધણી, તેથી ત્રણ્ય ભુવનમાં બની ઘણી પ્રખ્યાત; મારા હૈયામાં ઉછળતા સુખના સાગરો, હું તો કહે વાણી તીર્થંકરની જગ માત. વારી. ૫ કોટિ રવિ શશિ તારા તુજ આંખોમાં શોભતા, તારા હૈયામાંહિ પૃથ્વી સર્વ સમાઇ; અગ્નિ વાયુ નભ તુજ હૃદયે ગિરિવર પાદમાં, સાગર ઉરમાં તારી સ્તુતિ વેદે ગાઇ. વારી. ૬ સઘળી જ્ઞાનસૃષ્ટિ તવ આતમમાં વિલસી રહી, પ્રગટયા જગમાં કરવા જૈનધર્મ ઉદ્ધાર; લંછન સિંહતણું સમજાવે પૂર્ણ પરાક્રમી, હું તો પામું નહીં તુજ ગુણ કલાનો પાર. વારી. ૭ તારો મહિમા ગાવા વિશ્વ સકલ જીવી રહ્યું, લક્ષણ બાહ્ય અભ્યંતર સહસ્ર લક્ષ કરોડ;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંદન આનંદામૃત ઉંઘે ઘટમાં ઉંઘતાં, રૂપે તહારા જેવી મળે ન જગમાં જોડ. વારી. ૮
મારાં અનેક ભવનાં તપ કીધાં આ ભવ ફળ્યાં, પ્રભુની માતા થાવા મળિયેા શુભ અવતાર; મારા સર્વ મનેારથ પૂરા આ ભવમાં થયા, પ્રભુની માતા ભક્તાણી થૈ જગ જયકાર. વારી. ૯
આવે ઈન્દ્રાણીએા તુજને રમાડે હેતથી, દર્શન કરીને થાતાં તુજમાંહી લયલીન; મારા દિલડા-માંહી ઝગમગ જ્યેાતિ ઝળહળે, વ્હાલા નંદન તું છેા તીર્થંકર મહાજિન. વારી. ૧૦
ગાવે ત્રિશલા માતા વીરકુમરનું હાલરૂં, સુણતા વર્ધ-માનજી ત્રિશલા માતા બેાલ; ઉછળે પારણીયામાં પગ અંગુઠેા ધાવતાં, કરતા આનંદમય ચેષ્ટાના બહુ કલ્લેાલ. વારી. ૧૧
વ્હાલેા વ્હાલેા વ્હાલેા ત્રણ્ય ભુવનના નાથને, ભાષા વૈખરી વાણી વિશ્વગુરૂને ગાઉં; " બુદ્ધિસાગર " ભાસે પરા-પશ્યંતીમાં વિભુ, ઝાંખી પામી હાલરડું ગાઇ હરખાઉં. વારી. ૧૨

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

प्रार्थनामङ्गलम् .

पूर्णानन्दमयं महोदयमयं कैवल्यचिद्दृङ्मयं,
रूपातीतमयं स्वरूपरमणं स्वाभाविकीश्रीमयम् ।
ज्ञानोद्योतमयं कृपारसमयं स्याद्वादविद्यालयं,
श्रीसिद्धाचलतीर्थराजमनिशं वन्देऽहमादीश्वरम् ।१।

धन्या दृष्टिरियं यया विमलया दृष्टो भवान् प्रत्यहं,
धन्यासौ रसना यया स्तुतिपथं नीतो जगद्वत्सलः ।
धन्यं कर्णयुगं वचोऽमृतरसं पीतं मुदा येन ते,
धन्यं हृत्सततं च येन विशदस्त्वन्नाममन्त्रो धृतः।२।

श्लाघ्यः क्षणोऽयं दिवसः कृतार्थः,
श्लाघ्यः स पक्षः सफलश्च मासः ।
स हायनः पुण्यपदं जिनेन्द्र !
यस्मिन् भवेद्वन्दनमङ्गलं ते ॥ ३ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

हृद्वर्त्तिनि त्वयि विभो ! शिथिलीभवन्ति,
जन्तोः क्षणेन निबिडा अपि कर्मबन्धाः ।
सद्यो भुजंगममया इव मध्यभाग—
मभ्यागते वनशिखण्डिनि चन्दनस्य ॥ ४ ॥

धन्यास्त एव भुवनाधिप ! ये त्रिसन्ध्य—
माराधयन्ति विधिवद्विधुतान्यकृत्याः ।
भक्त्योल्लसत्पुलकपक्ष्मलदेहदेशाः,
पादद्वयं तव विभो ! भुवि जन्मभाजः ॥ ५ ॥

त्वामामनन्ति मुनयः परमं पुमांस—
मादित्यवर्णममलं तमसः पुरस्तात् ।
त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं,
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ॥६॥

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ !
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ।

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥ ७ ॥

असितगिरिसमं स्यात्कज्जलं सिन्धुपात्रे,
सुरतरुवरशाखा लेखिनी पत्रमूर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं,
तदपि तव गुणानां नाथ ! पारं न याति ॥८॥

पत्रं व्योम मषी महाम्बुधि–
सरित्कुल्यादिकानां जलम् ।
लेखिन्यः सुरभूसहाः सुरगणा–
स्ते लेखितारः समे ॥ ९ ॥

आयुः सागरकोटयो बहुतराः,
स्युश्चेत् तथाऽपि प्रभो ! ।
नैकस्याऽपि गुणस्य ते जिन,
भवेत् सामस्त्यतो लेखनम् ॥ १० ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं,
वदनकमलमंकः कामिनीसंगशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसम्बंधवन्ध्यं,
तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥११॥

सरसशान्तिसुधारससागरं,
शुचितरं गुणरत्नमहागरम् ।
भविकपङ्कजबोधदिवाकरं,
प्रतिदिनं प्रणमामि जिनेश्वरम् ॥ १२ ॥

विधीयमाना भगवन् ! गुणानां,
स्तुतिस्तवाल्पापि ददात्यभीष्टम् ।
सुधा यदल्पापि निपीयमाना,
नीरोगतां प्राणभृतां तनोति ॥ १३ ॥

प्रणौमि संमेतगिरीन्द्रतीर्था—
वतारचैत्येऽजितनाथमुख्यान् ।

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

जिनेश्वरान् ।विंशतिमक्षरश्री--
शृङ्गारहारान् सुरनायकार्च्यान् ॥१४॥

त्वत्समोऽस्ति न परोऽत्र कृपालु--
र्मत्समश्च न कृपास्पदमन्यः ।
द्वाविमौ च मिलितौ मम पुण्यै--
रम्रतो यदुचितं तदवेहि ॥ १५ ॥

अपारसंसारविकारभेदिने,
सदा परानन्दचिदेकयोगिने ।
समीहिताशेषसुखौघदायिने,
नमो नमो वीरजिनाय तायिने ॥ १६ ॥

मया प्रपन्नोऽसि समग्रवाञ्छित--
प्रदस्त्वमेव प्रभुराप्तशेखरः ।
स्वसेवकं चेदुररीकरोषि मां,
त्वमप्यवाप्नोमि तुलां तवैव तत् ॥ १७ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

भवन्तु नूनं सुकृतानि तानि मे,
सदा मनो मे भुवनैकबान्धव ! ।
इदं निलीनं तव पादपङ्कजे,
दृढानुबन्धं चलतां जहाति यैः ॥ १८ ॥

ध्यायन्ति ये नाथ ! परद्वयं ते,
पदद्वयं ते सुधियो लभन्ते ।
महोदयं वा सुमनोमनो वा,
सदेव दाता हि पदं ददाति ॥ १९ ॥

ज्ञाने जिनेन्द्र ! तव केवलनाम्नि जाते,
लोकेषु कोमलमनांसि भृश जहर्षुः ।
प्रद्योतने समुदिते हि भवन्ति किं नो,
पद्माकरेषु जलजानि विकासभाञ्जि ॥२०॥

त्वमेव देवो मम वीतराग !
धर्मो भवद्दर्शितधर्म एव ।

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

इति स्वरूपं परिभाव्य तस्मा--
न्नोपेक्षणीयो भवति स्वभृत्यः ॥ ॥ २१ ॥

वन्दे चतुर्विंशतिमर्हतोऽष्टा--
पदावतारे ऋषभेश्वरादीन् ।
जगत्त्रयाभीष्टसुखप्रदानैः,
सुरद्रुमा ये भरते बभूवुः ॥ २२ ॥

अनन्तविज्ञानमतीतदोष--
मबाध्यसिद्धान्तममर्त्यपूज्यम् ।
श्रीवर्धमानं जिनमाप्तमुख्यं,
स्वयंभुवं स्तोतुमहं यतिष्ये ॥ २३ ॥

यं शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो,
बौद्धा बुद्ध इति प्रमाणपटवः कर्त्तेति नैयायिकाः ।
अर्हन्नित्यथ जैनशासनरताः कर्मेति मीमांसकाः,
सोऽयं नो विदधातु वाञ्छितफलं श्रीवीतरागो
जिनः ॥ २४ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

वयं त्वां स्मरामो वयं त्वां भजामो,
वयं त्वां जगत्साक्षिरूपं नमामः ।
सदेकं निधानं निरालम्बमीशं,
भवाम्भोधिपोतं शरण्यं व्रजामः ॥ २५ ॥

यदि त्रिलोकी गणनापरा स्यात्,
तस्याः समाप्तिर्यदि नायुषः स्यात् ।
पारे परार्धं गणितं यदि स्याद्—
गणेयनिःशेषगुणो जिनः स्यात् ॥ २६ ॥

ॐकारं बिन्दुसंयुक्तं, नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव, ॐकाराय नमो नमः ॥२७॥

देहबुद्धया तु दासोऽहं, जीवबुद्धया त्वदंशकः
आत्मबुद्धया त्वमेवाह-मिति मे निश्चला मतिः।२८।

अज्ञाननिमिरान्धानां, ज्ञानाञ्जनशलाकया ।
नेत्रमुन्मीलितं येन, तस्मै सद्गुरवे नमः ॥२९॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

आनन्दमानन्दकरं प्रसन्नं,
ज्ञानस्वरुपं निजबोधरूपम् ।
योगीन्द्रमीड्यं भवरोगवैद्यं,
श्रीमद्गुरूं नित्यमहं नमामि ॥ ३० ॥

क्षमामि सर्वाञ्जीवान्, सर्वे जीवाः क्षमन्तु मे ।
मैत्री मे सर्वभूतेषु, वैरं मम न केनचित् ॥३१॥

न त्वहं कामये राज्यं, न स्वर्गं नापुनर्भवम् ।
कामये दुःखतप्तानां, प्राणिनामार्तिनाशनम् ॥३२॥

सुचिन्तितस्य सर्वस्या–खिलसद्भाषितस्य च ।
सुचेष्टितस्य सर्वस्य, सुकृतमनुमोदये ॥ ३३ ॥

दुश्चिन्तितस्य सर्वस्या–खिलदुर्भाषितस्य च ।
दुश्चेष्टितस्य सर्वस्य, मिथ्या दुष्कृतमस्तु मे ॥३४॥

मनो मे सर्वजन्तूनां, शुभं चिन्तयतु सदा ।
वचो ब्रूतां शुभं तद्व–दिति भावोऽभिवर्धताम्॥३५॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

शुभं मेऽखिलजन्तुभ्यो, गृह्णात्वक्षगणः सदा ।
अङ्गोपाङ्गानि मे तेषां, प्रति शुभ्रं चरन्तु च ॥३६॥

सर्वे सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद्दुःखमाप्नुयात् ॥३७॥

शिवमस्तु सर्वजगतः,
परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं,
सर्वत्र सुखीभवन्तु लोकाः ॥३८॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

www.kobatirth.org For Private And Personal Use Only